ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# BSWR-203
# સામાજિક વિજ્ઞાનનો પરિચય

વિભાગ

# 1

## સમાજકાર્ય : સમાજશાસ્ત્ર અને સામાજિક વિજ્ઞાન

એકમ-1 સમાજકાર્યનો અર્થ, વ્યાખ્યાઓ, સ્વરૂપ અને મહત્વ

એકમ-2 સમાજશાસ્ત્ર અને અન્ય સમાજવિજ્ઞાન સાથેનો સંબંધ

એકમ-3 સામાજિક સંરચનાની લાક્ષણિકતાઓ અને સંરચના સંબંધીત ખ્યાલો–1

એકમ-4 સામાજિક સંરચનાની લાક્ષણિકતાઓ અને સંરચના સંબંધીત ખ્યાલો–2

ISBN : 978-81-946447-4-3


| લેખક | |
|---|---|
| ડૉ. રાજેન્દ્ર જાની | મદદનીશ અધ્યાપક,<br>ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ (સાંજની),<br>અમદાવાદ. |

| પરામર્શક (વિષય) | |
|---|---|
| ડૉ. જીગ્નેશ પંડયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર<br>ગુજરાત કૉલેજ (સાંજની), અમદાવાદ. |

| પરામર્શક (ભાષા) | |
|---|---|
| ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી | રિટાયર્ડ પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,<br>મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management and Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## BSWR-203 સામાજિક વિજ્ઞાનનો પરિચય

**વિભાગ-1 : સમાજકાર્ય : સમાજશાસ્ત્ર અને સામાજિક વિજ્ઞાન**

એકમ-1 સમાજકાર્યનો અર્થ, વ્યાખ્યાઓ, સ્વરૂપ અને મહત્વ

એકમ-2 સમાજશાસ્ત્ર અને અન્ય સમાજવિજ્ઞાન સાથેનો સંબંધ

એકમ-3 સામાજિક સંરચનાની લાક્ષણિકતાઓ અને સંરચના સંબંધીત ખ્યાલો–1

એકમ-4 સામાજિક સંરચનાની લાક્ષણિકતાઓ અને સંરચના સંબંધીત ખ્યાલો–2

**વિભાગ-2 : સામાજિક વ્યવસ્થા**

એકમ-1 સામાજિક સ્તરીકરણ

એકમ-2 સામાજિક સંસ્થાના પ્રકારો ભાગ-1

એકમ-3 સામાજિક સંસ્થાના પ્રકારો ભાગ-2

એકમ-4 સામાજિક પરિવર્તન અને સામાજિક નિયંત્રણ

**વિભાગ-3 : ભારતની આર્થિક વ્યવસ્થા**

એકમ-1 આર્થિક પદ્ધતિઓ

એકમ-2 આર્થિક વિકાસ

એકમ-3 આર્થિક આયોજન

**વિભાગ-4 : ભારતીય રાજકીય વ્યવસ્થા**

એકમ-1 રાજકીય અને પ્રથાઓ અને પ્રક્રિયાઓની સમજણની પ્રસ્તુતા

એકમ-2 ભારતીય રાજ્યનો બંધારણીય આધાર

એકમ-3 લોકશાહીનો ખ્યાલ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઊચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

**દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.**

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

## પ્રસ્તાવના

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ-સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થીભોગ્ય બનાવે છે.

આશા છે કે, સ્વ-અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ-સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## ઘટક પરિચય :

સામાજિક વિજ્ઞાનોની શ્રેણીમાં આવતા સમાજશાસ્ત્રની એક ઓળખ એવી પણ છે કે, એ તમામ અન્ય સામાજિક વિજ્ઞાન સાથે સંકળાયેલું છે. આ સંદર્ભમાં જ કેટલાંક સમાજવિજ્ઞાનીઓ સમાજશાસ્ત્રને મધર ઑફ સોશિયલ સાયન્સ એટલે કે અન્ય તમામ સમાજિક વિજ્ઞાનની જનની તરીકે ઓળખાવે છે. સમાજશાસ્ત્રના ઉદ્‌ભવ અને વિકાસનો સમયગાળાને જોઈએ તો સમાજશાસ્ત્ર એક નવું અને મહત્વનું સામાજિક વિજ્ઞાન છે. પ્રાકૃતિક વિશ્વમાં મનુષ્ય જ એક એવું પ્રાણી છે જે પોતાના અને સમાજ વચ્ચેના સંબંધો, પ્રશ્નો, સમસ્યાઓ વિચારી શકે છે. સમાજ સાથેના સંબંધમાં ખુદ માનવી વિશે વિચારીએ તો કેટલાક પ્રશ્નો આપણા મનમાં ઉદ્‌ભવે જેમ કે સામાજિક જીવનનો પ્રારંભ કેવી રીતે થયો ? પરિવાર સગપણ સંબંધો, કુટુંબ, લગ્ન, ધર્મ, જ્ઞાતિ વગેરે જેવી સંસ્થાઓ કેવી રીતે બની ? કેટલીક વ્યક્તિઓ સમાજ વ્યવસ્થાને જોડવાનું તો કેટલીક આ વ્યવસ્થાને તોડવાનું કામ કરે છે ?- થોડા સમય પહેલા સુધી આવા માનવીને સહજ સ્ફૂરતા સવાલોના જવાબો વડીલોના અનુભવો, અનુમાનો, ધર્મ ગ્રંથો કે અંધવિશ્વાસના આધારે અપાતાં હતાં; પરંતુ, વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે ચકાસણી કરીને આવા પ્રશ્નોના ઉત્તર આપવાની શરૂઆત સમાજશાસ્ત્રના ઉદ્‌ભવ સાથે શરૂ થઈ એમ કહી શકાય. આમ,સામાજિક વિજ્ઞાનોના પરિચયના સંદર્ભમાં સમાજશાસ્ત્ર વિષયના વિદ્યાર્થી તરીકે સમાજકાર્યની સમજણ પ્રસ્તુત પુસ્તકમાં મેળવવાની થાય છે.આપણે જયારે સમાજકાર્યની સાથે સમાજશાસ્ત્રની સમજ કેળવવા જતા હોઈએ ત્યારે સર્વપ્રથમ સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય બન્નેની અલગ-અલગ રીતે ઓળખ મેળવવી તથા બંન્નેના પારસ્પરિક સંબંધોના આધારે સમજ મેળવવી જરૂરી છે.

સમાજકાર્ય : ભારતમાં સમાજકાર્યની એક વિષય તરીકે પ્રારંભિક અવસ્થાએ શરૂઆત ૧૯૩૬માં થઈ હતી.આ સર દોરાબજી ટાટા સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સ આજે વિશ્વ વિખ્યાત સંસ્થા તરીકે નામના પ્રાપ્ત કરી ચૂકી છે.આજથી લગભગ આઠ દાયકા પહેલાં ટાટા સ્કૂલથી ભારતમાં સમાજકાર્યના શિક્ષણના પગરણ મંડાયા એ પછી આજે સમાજકાર્ય વિષય સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ તરીકે સ્વીકૃત બન્યો છે. ગુજરાત સહિત સમગ્ર દેશની વિવિધ યુનિવર્સિટીઓમાં એક વિશિષ્ટ શાખા વિદ્યાર્થીઓને શિક્ષિત કરીને સમાજકાર્યના વ્યાવસાયિકો તૈયાર થઈ રહ્યાં છે.

**સમાજકાર્ય-વ્યાખ્યાઓ (Definition of Social Work) :**

નેશનલ એસોસિએશન ઑફ સોશિયલ વર્ક (National Association of Social Work) દ્વારા અપાયેલી વ્યાખ્યા :‘સમાજકાર્યે વ્યક્તિઓ, જૂથો, સમુદાયની સામાજિક ક્રિયાશીલતા સંબંધી ક્ષમતામાં વૃદ્ધિ તથાસામાજિક પરિસ્થિતિઓને અનુકૂળ બનાવવાના ધ્યેયમાં મદદ કરવાની એક વ્યાવસાયિક પ્રક્રિયા છે. સમાજકાર્યનો પ્રયત્ન વસ્તુગત સેવાઓની પ્રાપ્તિ માટે જનસમુદાયને મદદ કરવી, વ્યક્તિઓ, કુટુંબો અને જૂથોને કાઉન્સેલિંગ તથા મનોસારવાર (Psychotherapy) આપવી, સમુદાયો તથા સમૂહોને સામાજિક અને સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ ઉપલબ્ધ કરાવવી, સામાજિક અને સ્વાસ્થ્ય ઉપરાંત કાયદાકીય પ્રક્રિ યાઓમાં વંચિતોને ન્યાય અપાવવા અર્થે પ્રયાસો કરવા, સમાજકાર્યના વ્યવસાયીને સમગ્રતયા માનવવિકાસ, સામાજિક વિકાસ અર્થે સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક મૂલ્યોના તાણાવાણા સાથે સર્જાયેલી તેમની વચ્ચેની આંતરક્રિયાનું જ્ઞાન હોવું જરૂરી છે.’(વર્ષ ૧૯૭૩).

ઇન્ટરનેશનલ એસોસિએશન ઑફ સ્કૂલ્સ ઑફ સોશિયલ વર્ક અને ઇન્ટરનેશનલ ફેડરેશન ઑફ સોશિયલ વર્ક એ સ્વીકૃત વ્યાખ્યા આપી છે. તેમાં લખ્યા મુજબ, “સમાજકાર્ય વ્યવસાય

સામાજિક પરિવર્તનને, માનવસંબંધોમાં ઉદ્ભવતી સમસ્યાઓના ઉકેલ અને સમાજ સશક્તિકરણ, મુક્તિ અને સુખાકારીને ઉત્તેજન આપે છે.સમાજના સભ્યો તેમના પર્યાવરણ સાથે આંતરક્રિયા કરે છે. ત્યાં સમાજકાર્ય માનવ વર્તણૂંક અને સામાજિક તંત્રના સિદ્ધાંતના ઉપયોગ દ્વારા દરમ્યાનગીરી કરે છે. માનવઅધિકાર અને સામાજિક ન્યાયના સિદ્ધાંતો સમાજકાર્ય માટે મૂળભૂત છે."

ફ્રીડલેન્ડર (Friedlander) 1955: "સમાજકાર્ય એ વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવીય સંબંધોની કુશળતા પર આધારિત એક વ્યાવસાયિક સેવા છે. તે વ્યક્તિને વ્યક્તિગત કે જૂથગત સામાજિક સંતોષ, પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.સમાજકાર્ય મોટાભાગે સામાજિક સંસ્થા કે તેને સંબંધિત મંડળ દ્વારા થાય છે."

ઉપરોક્ત વ્યાખ્યાઓના આધારે સમાજકાર્ય સંબંધે આપણે જાણકારી મેળવી. આ માહિતીને આપણે વધુ વિસ્તૃત રીતે સરળ સમજ દ્વારા મેળવીએ.

સમાજકાર્યને સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકતું એક વિશિષ્ટ વ્યાવસાયિક ક્ષેત્ર તરીકે ઓળખાવી શકાય. સમાજશાસ્ત્ર અને માનશશાસ્ત્રના સિદ્ધાંતોના ઉપયોગ દ્વારા સમાજના વ્યક્તિ/સમૂહ/જૂથ કે સમુદાય(સમગ્ર સમાજ)ના વિવિધ સમયે ઉદ્ભવતા પ્રશ્નો કે સમસ્યાઓના ઉકેલ માટે પ્રયત્નો કરીને આ સમસ્યાઓ ઉકેલવામાં સફળતા મેળવીને લોકોની સ્થિઈત સુધારી શકાય એવો આદર્શ તેમાં જોવા મળે છે. સમાજકાર્યના વ્યવસાય સાથે જોડાયેલા સેવાકર્મીઓ(વ્યવસાયીઓ)કર્મશીલો સમાજની વિવિધ સમસ્યાઓ જેવી કે, ગરીબી, બેકારી, ગુનાખોરી, વેશ્યાવૃત્તિ, નશાખોરી, સમાયોજનના પ્રશ્નો, કૌટુંબિક વિઘટન, વિચલિત વર્તન, સ્વાસ્થ્ય સંબંધી વિવિધ પ્રશ્નો ઉકલવા પ્રયાસ કરે છે.

આ રીતે જોઈએ તો સમાજકાર્યનું મૂળ હાર્દ એકમ કાર્ય (કેસ વર્ક- વ્યક્તિગત કિસ્સામાં વ્યક્તિને મદદ) જૂથ કાર્ય (યુવાનો, ડ્રગ એડીકટસ) તથા સામુદાયિક કાર્ય (ઝૂંપડપટ્ટી) એમ ત્રણ ભાગમાં વહેંચાઇ જાય છે અને આ રીતે સમાજકાર્યમાં ત્રિસ્તરીય કામગીરી હાથ ધરવામાં આવે છે.(પ્રસ્તુત સમજ, પારિભાષિક કોશ સમાજશાસ્ત્રઃ સંપાદક.ડૉ.વિદ્યુત જોશી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ વર્ષ-૧૯૯૭ આધારે રજૂ કરી છે.)

સામાજિક વિજ્ઞાનનોમાં મહત્ત્વના શાસ્ત્ર તરીકે સ્થાન પામેલા સમાજશાસ્ત્રની એક શાસ્ત્ર તરીકેની મૂળભૂત બાબતો ચકાસવામાં આવે તો જણાય છે કે, અન્ય સામાજિક વિજ્ઞાનોની સરખામણીએ સમાજશાસ્ત્ર સમાજકાર્ય સાથે વધુ ઘનિષ્ઠતાથી જોડાયેલા છે. આ દૃષ્ટિએ સમાજકાર્યને એક વિષય તરીકે સમજવા માટે સમાજશાસ્ત્રના પાયાના ખ્યાલો તથા એક પદ્ધતિશાસ્ત્ર તરીકેના તેના મૂળભૂત તત્વો સમજવા જરૂરી છે. સમાજના વ્યક્તિથી લઈને સમષ્ટિ(જૂથ, સમુદાય) સુધીના તમામ પાસાંઓને ધ્યાનમાં લેતા સમાજકાર્ય વિષયને સમજવા માટે વ્યક્તિ, જેની સાથે અર્પિત દરજ્જો(જન્મથી મળતો) કે અર્જિત દરજ્જો(પ્રાપ્ત દરજ્જો) સાથે સંકળાયેલો છે તે તમામ બાબતો જેમકે, કુટુંબ, જ્ઞાતિ, જૂથ, સમુદાય વગેરેની સમજણ કેળવવા સાથે સમાજકાર્યના વ્યવસાયને આપણે આગળ સમજીએ. જે માટે સમાજવિજ્ઞાનના મહત્ત્વના વિષય સમાજશાસ્ત્રની સમજ મેળવવી જરૂરી બને છે, કારણ કે, વ્યક્તિત્વનો વિકાસ અને સમાજનું કલ્યાણ બન્ને તરફ એક સરખું લક્ષ આપવામાં આવે છે એવા સમાજકાર્ય વિષય અંગે સરળ સમજૂતી મેળવી શકાય.

**ઘટકના હેતુઓ :**

(1) આ ઘટકના અભ્યાસ બાદ આપણે સમાજકાર્ય અને સમાજશાસ્ત્ર વચ્ચેના પાયાગત તફાવતો ઉપરાંત બંને વચ્ચેના પારસ્પારિક સંબંધો સાથે અભ્યાસ વિષય સંદર્ભે શિક્ષણ અંગે માહિતી મેળવી શકીશું.

(2) સમાજકાર્યની વિષય સ્પષ્ટતા વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તથા ગણના પાત્ર સમાજવિજ્ઞાનીઓએ આપેલી વ્યાખ્યાઓ પરથી મળશે.

(3) સમાજકાર્ય એ મૂળતઃ સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્રના સંકલિત વિચાર સાથે કેવી રીતે પ્રયોજાય છે, એની વિશદ છણાવટ આ ઘટકમાં ઉપલબ્ધ થશે.

(4) સમાજકાર્ય કોઈપણ વ્યક્તિ જૂથ કે સમગ્રતયાવૈજ્ઞાનિક દ્દષ્ટિકોણથી કેવી રીતે કાર્યરત છે, તેનો નિચોડ આ ઘટકમાંથી પ્રાપ્ત થશે.

(5) આ ઘટકમાં સમાજકાર્ય-સમાજશાસ્ત્ર વિષયની વિભાવનાઓ સાથે સમાજવિજ્ઞાનના આ બંને શાસ્ત્રો અંગે સ્પષ્ટ માર્ગદર્શન મળશે.

(6) સામાજિક વિજ્ઞાનના એક અગત્યના અંગ તરીકે સમાજશાસ્ત્ર ઉપરાંત સમાજકાર્ય તથા અન્ય મહત્ત્વના સામાજિક વિજ્ઞાનો જેવા કે, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, માનસશાસ્ત્ર, માનવશાસ્ત્ર વગેરેની સમજ સાથે ચર્ચા પણ આ ઘટકમાં સમાવિષ્ટ કરવામાં આવી છે.

(7) સામાજિક વિજ્ઞાનોની સ્પષ્ટ સમજ સાથે વિજ્ઞાન અંગેની સમજ પણ સામેલ કરવામાં આવી છે.

(8) આ ઘટકનાં અભ્યાસ બાદ આપણે સામાજીકરણ કરનારી વિવિધ એજન્સીઓની સમજ પ્રાપ્ત કરનારી વિવિધ એજન્સીઓની સમજ પ્રાપ્ત કરી તેના વિશે વિસ્તૃત ખ્યાલ મેળવી શકીશું.

| એકમ–1 | સમાજકાર્યનો અર્થ, વ્યાખ્યાઓ, સ્વરૂપ અને મહત્વ |
|---|---|

: એકમનું માળખું :

**1.0** એકમના હેતુઓ

**1.1** પ્રસ્તાવના

**1.2** વિજ્ઞાન એટલે શું ?

**1.3** વિજ્ઞાનનું વર્ગીકરણ

**1.4** સમાજશાસ્ત્રનો એક સામાજિક વિવજ્ઞાન

**1.5** સમાજશાસ્ત્રનો અર્થ : સમજૂતી

**1.6** સમાજશાસ્ત્ર : કેટલીક વ્યાખ્યાઓ

**1.7** સમાજશાસ્ત્રનું વિષય ક્ષેત્ર : અભ્યાસક્ષેત્ર

**1.8** સમાજશાસ્ત્રનું મહત્ત્વ

**1.9** ઉપસંહાર

**1.10** તમારી પ્રગતિ ચકાસો

**1.11** તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**1.12** ચાવીરૂપ શબ્દો

**1.13** સ્વાધ્યાય લેખન

**1.14** પ્રવૃતિ

**1.15** કેસ સ્ટડી

**1.16** સંદર્ભગ્રંથ

## 1.0 એકમના હેતુઓ :

પ્રસ્તુત એકમોનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓને વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાનો કઈ રીતે વિજ્ઞાન તરીકેની ઓળખ અને સ્વીકૃતિ મેળવી શક્યા તથા સમાજશાસ્ત્રને સામાજિક વિજ્ઞાન કેમ ગણી શકાય ? એવા પ્રશ્નો અંગે માર્ગદર્શન મળશે. ઉપરાંત સમાજશાસ્ત્રની વિભાવના સ્પષ્ટ થશે તેના થકી સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે સમાજશાસ્ત્ર કેવી રીતે સમાજને જુએ છે અને સમસ્યાનું નિવારણ કરવા માટે પ્રયાસો કરે છે એ સમજવા મળશે.

## 1.1 પ્રસ્તાવના :

માનવીએ સ્વભાવે જીજ્ઞાસુ પ્રાણી છે. એકંદરે સમૂહ જીવન સાથે સંકળાયેલા અન્ય પ્રાણીઓ જીવોની સરખામણીએ મનુષ્ય સહેજ જુદો પડે છે. માનવી સમૂહ જીવન કે જૂથ જીવનનું પ્રાણી છે. તેવો અન્ય પ્રાણીઓ અને જીવજંતુઓ પણ જોવા મળે છે. જેમ કે વાનર, શ્વાન, માખી, મધમાખી, કીડી કે ઉધઈ પણ સમૂહ જીવન જીવે છે પણ મનુષ્ય તેમનાંથી સભ્યતા, સંસ્કૃતિ, લેખન, બોલી સાથે જુદો પડે છે. જ્યારે અન્ય પ્રાણી કે જીવોના સંદર્ભે મનુષ્ય અલગ છે એવું આપણે કહીએ ત્યારે આપણે એમ સમજવું

પડે કે મનુષ્યનું જૂથ જીવન એટલે એકબીજા માનવીઓ વચ્ચેની આંતરક્રિયા અથવા તો અન્ય રીતે એમ કહી શકાય કે એકબીજા માનવીઓ વચ્ચેના ખાસ પ્રકારના રસના વિષયો કે બાબતો.

પશ્ચિમી વિચારક એરિસ્ટોટલે તો તેમના પસ્તકુ 'એથિક્સ એન્ડ પોલિટીક્સ'માં મનુષ્યને સામાજિક પ્રાણી તરીકે ઓળખાવ્યો છે. આમ, મનુષ્ય અને તેના સમાજને તેની આસપાસના પર્યાવરણને સમજવું એ મહત્વનું છે. મનુષ્યના જૂથ જીવનનો સમગ્ર દષ્ટિએ અને વૈજ્ઞાનિક પધ્ધતિએ અભ્યાસ કરતાં સમાજશાસ્ત્રને સામાજિક વિજ્ઞાનની શ્રેણીમાં મૂકવામાં આવે છે. આ સંદર્ભે આપણે સહુથી પહેલા વિજ્ઞાનની સમજ મેળવીશું ત્યારબાદ સામાજિક વિજ્ઞાન અને સમાજ વિજ્ઞાનમાં એક શાસ્ત્ર તરીકે સ્થાન પામેલા સમાજશાસ્ત્રની માહિતી મેળવીશું.

સામાજિક વિજ્ઞાનમાં મોખરાનું સ્થાન ધરાવતા સમાજશાસ્ત્ર વિષયને એક વિજ્ઞાન તરીકે કેમ ગણવામાં આવે છે એ જાણવું જરૂરી છે. 'સમાજને સમજતું શાસ્ત્ર અને સમાજને સમજાવતું શાસ્ત્ર'- તરીકે ઓળખ મેળવેલા સમાજશાસ્ત્રએ રાજ્યશાસ્ત્ર, નાગરિકશાસ્ત્ર કે અર્થશાસ્ત્રની દષ્ટિએ સામાજિક વિજ્ઞાનમાં પ્રમાણમાં મોડી મોડી પોતાની ઓળખ પ્રાપ્ત કરી છે. પ્રારંભિક સમયે તો સમાજશાસ્ત્ર એ કોઈ યુનિવર્સિટી કે કોલેજોમાં અન્ય વિષયોની સાથે જ ગૌણ વિષય તરીકે ભણાવવામાં આવતો હતો. આ રીતે સમાજશાસ્ત્ર એક આગવા વિષય તરીકે યુનિવર્સિટી કે કોલેજોના વર્ગખંડોમાં મોડો મોડો પ્રવેશ્યો; પરંતુ, એ પછીના ગાળામાં એણે ઝડપભેર વિકાસ સાધ્યો અને એક આગવા વિષય તરીકે સામાજિક વિજ્ઞાનોમાં તેણે આગળનું સ્થાન હાંસલ કર્યું. ભારતમાં 1919માં પેટ્રિક ગિડીસે મુંબઈ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિષય શરૂ કર્યો એના બે વર્ષ પછી લખનૌ યુનિવર્સિટીએ પણ સમાજશાસ્ત્ર વિષય શરૂ કર્યો; પરંતુ, આટલી શરૂઆત પછી સમાજશાસ્ત્રના એક વિષય તરીકેના વિકાસની ગતિ મંદ રહીજેછેક આઝાદી સુધી રહી.આઝાદી મળ્યા બાદ સમાજશાસ્ત્રનો વિકાસ ઝડપી બન્યો.સમાજશાસ્ત્રને એક સામાજિક વિજ્ઞાન કેવી રીતે ગણી શકાય? તેની જાણકારી હવે આપણે મેળવીએ.

## 1.2 વિજ્ઞાન એટલે શું ? :

જાણીતા દાર્શનિક એરીસ્ટોટલે માનવીની ઓળખ આપતાં કહ્યું છે 'માનવી એક સામાજિક પ્રાણી છે.' માનવી આ રીતે સામાજિક પ્રાણી તો ખરો જ પણ સાથોસાથ તે સ્વભાવે જિજ્ઞાસુ પ્રાણી પણ છે. તે પોતાની આસપાસની પ્રકૃતિ વિશે કુતૂહલ ધરાવે છેઅને પોતાની જીજ્ઞાસા સંતોષવા માનવી તરંગ, તુક્કા, કલ્પના, માન્યતા, નિરીક્ષણ, ચકાસણી વગેરેનો સહારો લે છે. બહુ સ્વાભાવિક છે કે કોઈપણ ઘટના આપણે તપાસ અને તપાસમાં મળેલી માહિતીનું વિશ્લેષણ કરીને તેના મૂળ સુધી પહોંચી શકીએ.

કોઈ ઘટના, પદાર્થ કે પ્રક્રિયાનો અભ્યાસ કરીએ ત્યારે તેના વિવિધ પાસાંઓ જેમ કે, વ્યવસ્થિત નિરીક્ષણ, નિરીક્ષણ દ્વારા પ્રાપ્ત માહિતીવિગતોનું વર્ગીકરણ અને આ વર્ગીકરણ હેઠળ કરેલું નિરીક્ષણ સાથે જે તારણ મળે એ વિજ્ઞાન દ્વારા ચકાસયેલું એમ કહી શકાય. વિજ્ઞાન અનુમાનના આધારે ન ચાલી શકે. જેમ કે, એક પાત્રમાં પાણી ભરીને સગડી ઉપર મૂકીએ અને સગડીની આગથી પાણી ઉકળે છે. બીજા કોઈપણ તારણ કે ચકાસણી સિવાય એમ ન કહી શકાય કે, 'ગરમીના કારણે પાણી ઉકળે છે.' ચોક્કસાઈપૂર્વકના નિરીક્ષણો પછી જ આપણે કહી શકીએ. કોઈ અનુમાન ઉપર કહી શકાય નહીં એને વિજ્ઞાન કહેવાય.

શાબ્દિક અર્થમાં કહી શકાય કે 'વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન એટલે વિજ્ઞાન અને જ્ઞાન મેળવવાની પદ્ધતિ છે તેને વૈજ્ઞાનિક પદ્ધતિ તરીકે ઓળખી શકાય.જ્ઞાન મેળવનાર અથવા તો જ્ઞાનને પ્રતિપાદિત કરનારને

'વિજ્ઞાની'તરીકે ઓળખાવી શકાય.આનો અર્થ એમ પણ તારવી શકાય કે વિજ્ઞાનને માત્ર પ્રયોગશાળાસાથે જ સંબંધ નથી. પદ્ધતિ સાથે મેળવાયેલું જ્ઞાન એ વિજ્ઞાન.

## 1.3 વિજ્ઞાનોનું વર્ગીકરણ :

### 1.3.1 પ્રાકૃતિક વિજ્ઞાન (Natural or Physical Science) :

જેમાં રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્રનો સમાવેશ થાય છે.

### 1.3.1 માનવ વિજ્ઞાન (Humanities) :

(1) વ્યક્તિગત માનવ વિજ્ઞાનઃજેમાં વ્યક્તિગત મનોવિજ્ઞાન, શરીરશાસ્ત્રનો સમાવેશ થાય છે.

(2) સામાજિક વિજ્ઞાન (Social Sciences) : જેમાં સામાન્ય સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્ર, સમાજકાર્ય, અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન, નીતિશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, ઇતિહાસ વગેરેનો સમાવેશ થાય છે. આ શ્રેણી હેઠળના વિજ્ઞાનોમાનવીના વૈયક્તિક, જૂથ જીવન કે જૂથ જીવનના કોઇપણ એક પાસાંને તપાસે છે.

## 1.4 સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન :

સામાજિક વિજ્ઞાન તરીકે વિજ્ઞાનોની સ્પષ્ટતા ઉપર જોઈ તે મુજબ તપાસીએ તો, સમાજશાસ્ત્ર સ્પષ્ટ રીતે સામાજિક વિજ્ઞાન છે; કારણ કે, વ્યક્તિથી લઈને જૂથ જીવનના કોઇપણ પાસાંનો વૈજ્ઞાનિક પદ્ધતિએ અભ્યાસ કરે છે.સમાજ જીવનની ઉપલબ્ધ સામગ્રી કે જેની ચકાસણી કરવાની હોય તેનો તથ્યાતથ્યના આધારે નિરીક્ષક વિવેક સાથે ચકાસણી કર્યા બાદ તારણ પર સમાજશાસ્ત્ર આવે છે જે દર્શાવે છે કે સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન છે.ભારતમાં સામાજિક અભ્યાસની શરૂઆત લગભગ ચાર હજાર વર્ષ જૂની છે.સમાજશાસ્ત્ર શબ્દો નવો છે; પરંતુ, તેનો પાયો ઘણો પ્રાચીન છે. મનુ, યાજ્ઞવલ્ક્ય, ભૃગુ,ચાણક્યએ સમાજના વિવિધ જૂથ જીવનના માત્ર પાસાંઓ પર વાત જ નથી કરી; પરંતુ, પસ્તકો પણ આપ્યાં છે. મનુ દ્વારા લિખિત મનુસ્મૃતિ અને ચાણક્ય કૃત 'કૌટિલ્ય અર્થશાસ્ત્ર' તેનાં ઉદાહરણ છે. આ ગ્રંથોને આધારે/ આજે પણ સંયુક્ત પરિવાર, ગ્રામ પંચાયત, જ્ઞાતિ, આશ્રમ વ્યવસ્થા, ધર્મ વગેરે વિશે પ્રાચીન ભારતીય સમાજની પ્રમાણભૂતની માહિતી મળે છે. અલબત્ત, નવા દૃષ્ટિકોણ અનુસાર જ્યારે સમાજશાસ્ત્રને એક શાસ્ત્ર તરીકે સ્વીકારવામાં આવ્યો તેને ધ્યાને લઈએ તો નજીકના ભૂતકાળને આધારે એમ કહી શકાય કે; સમાજશાસ્ત્ર અને સામાજિક વિજ્ઞાનો જેવાં કે, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રની તુલનામાં એક નવો વિષય છે. આ વિષય લગભગ દોઢસો વર્ષ જૂનો તો છે; પરંતુ, આ વિષયનો ઝડપી વિકાસ છેલ્લા સાતથી આઠ દાયકામાં વધુ થયો છે. સમાજશાસ્ત્ર વિષયના પરિચયને લગતા આ એકમમાં સમાજશાસ્ત્રના અર્થની સમજ મેળવીને સમાજશાસ્ત્રનો ઉદ્ભવ કયારે, કયાં અને કેવા સંજોગોમાં થયો. અર્થાત્સમાજશાસ્ત્રના ઉદ્ભવમાં કયા સંજોગો કે પરિબળોએ ભાગ ભજવ્યો છે તેની સમજૂતી મેળવીશું. ત્યારબાદ એક સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રનું સ્વરૂપ કેવું છે તથા તેનું અભ્યાસક્ષેત્રે કે વિષયવસ્તુ શું છે; એટલે કે સમાજશાસ્ત્ર સમાજ જીવનની કઈ કઈ ઘટનાઓનો અભ્યાસ કરે છે અને તેમાં કઈ બાબતને અભ્યાસના કેન્દ્રબિંદુ તરીકે રાખે છે તેની સમજૂતી મેળવીશું અને ત્યારબાદ સમાજશાસ્ત્રની વિભિન્ન શાખાઓનો પરિચય મેળવીને અન્ય સામાજિક વિજ્ઞાનોથી સમાજશાસ્ત્ર તેના પરિપ્રેક્ષ્યની બાબતમાં કઈ રીતે જુદું પડે છે તેની સમજ મેળવીશું; એટલે, કે સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યની સમજ મેળવીશું. પરંતુ આમાંથી દરેક

વિષય અલગ અલગ પાસાંનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્રનો સંબંધ સામાન્ય રીતે સામાજિક સંબંધો, સામાજિક સમૂહો અને સંસ્થાઓ સાથે છે.

## 1.5 સમાજશાસ્ત્રનો અર્થ : સમજૂતી :

સમાજશાસ્ત્રને સામાજિક જીવન સમૂહોની આંતરક્રિયા અને સામાજિક વર્તણૂંકના અભ્યાસ તરીકે વ્યાખ્યાબદ્ધ કરવામાં આવે છે. સમાજશાસ્ત્રી સામાજિક વર્તનના સામાન્ય અભ્યાસમાં રસ ધરાવે છે, કારણ કે સામાજિક વર્તન નાના-મોટા બધા પ્રકારના સમૂહોમાં થતું હોય છે. તે સમકાલીન વિશ્વના સામાજિક જીવનને સમજવા પર વિશેષ ભાર મૂકે છે. અહીં સામાન્ય શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે, કારણ કે અન્ય સામાજિક વિજ્ઞાનો ચોક્કસ ક્ષેત્રો સાથે સંકળાયેલાં છે. ઉદાહરણ તરીકે, એક રાજનીતિશાસ્ત્રી સરકારી કાર્યો અને પ્રવૃત્તિઓનો અભ્યાસ કરે છે અને એક અર્થશાસ્ત્રી માલનાં ઉત્પાદન અને વિચરણનો અભ્યાસ કરે છે. આમ છતાં, આ બધા વિષયો વચ્ચે કોઈ સ્પષ્ટ ભેદરેખા દોરવાનું કાર્ય ખૂબ મુશ્કેલ છે. સામાજિક મનોવિજ્ઞાન, સામાજિક, નૃવંશશાસ્ત્ર, રાજનીતિ વિજ્ઞાન અને અર્થશાસ્ત્ર આ બધાનો સર્વ સામાન્ય વિષય એક રીતે જોતાં 'મનુષ્યનું સામાજિક જીવન છે. જોકે સમાજશાસ્ત્ર એક નવો વિષય છે, તેથી જ કેટલાંક લોકો તેને ભૂલમાં સામાજિક કાર્ય સમજી લે છે છે. જો કે સમાજશાસ્ત્રનો ઉપયોગ સામાજિક સમસ્યાઓને સમજવા અને તેમના વિશ્લેષણ માટે સામાજિક કાર્યના ક્ષેત્રમાં કરવામાં આવે છે; પરંતુ, સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વચ્ચે તફાવત છે. સામાજિક કાર્યનો સંબંધ સામાજિક સુવિધાઓથી વંચિત તથા શારીરિક રીતે અપંગ લોકોના વિકાસ સાથે છે. સમાજશાસ્ત્રનો સંબંધ સમાજ સુધારણા લાવવા સાથે નથી તેમ જ સામાજિક આયોજન કે અપેક્ષિત પરિવર્તન સાથે પણ તેનો સીધો કોઈ સંબંધ નથી. વધુ સારા આયોજનમાં સારી પ્રથાઓનો સ્વીકાર કરાવવા માટેના રસ્તા શોધવામાં તથા વિકાસ નીતિઓ અને કાર્યક્રમોને તૈયાર કરવામાં સમાજશાસ્ત્રીય સમજ અને સંશોધન મદદરૂપ થઈ શકે છે. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે, સમાજશાસ્ત્રીઓ સામાજિક પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરતા નથી, તેમને સામાજિક મૂલ્યો અંગે તટસ્થ ગણવામાં આવે છે.

અર્થાત્, એમના માટે એમ માનવામાં આવે છે કે, તેઓ સામાજિક વર્તનમાં વિશ્લેષણમાં કોઈ પૂર્વગ્રહ પક્ષપાત નહીં રાખે. આમ છતાં, આજે કેટલાક લોકો આ અંગે શંકા ધરાવે છે અને આપણે સમાજશાસ્ત્રની વ્યાખ્યા આ રીતે કરી છે. સમાજશાસ્ત્ર સામાજિક જીવન, સમૂહ આંતરક્રિયા અને સામાજિક વર્તનનો અભ્યાસ છે. સામાજિક જીવનને સમજવા માટે સમાજશાસ્ત્ર સમાજ કે સમૂહોના સંગઠન અને તેઓ કોઈ રીતે કાર્ય કરે છે તેનો અભ્યાસ કરે છે.

સમાજશાસ્ત્ર સામાજિક સંબંધોના સમગ્ર સ્વરૂપનો અભ્યાસ કરતો સમન્વયાત્મક અભિગમ છે.સમાજશાસ્ત્રને 'વિજ્ઞાનનું પણ વિજ્ઞાન' તરીકે આથી જ ઓળખવામાં આવે છે.

મ

સમાજશાસ્ત્રી પીટરીમ સોરોકનીના મંતવ્ય પ્રમાણે સમાજશાસ્ત્ર વિવિધ અને વિશિષ્ટ ક્ષેત્રો પૂરતો જ પોતાનો અભ્યાસ સીમિત રાખતા સામાજિક વિજ્ઞાનોને એકબીજાની નજીક લાવવાનું કાર્ય કરે છે.આથી, સમાજશાસ્ત્ર એ સામાજિક વિજ્ઞાનની સમન્વયાત્મક શાખા છે, એમ તેઓ દર્શાવે છે.

## 1.6 સમાજશાસ્ત્ર : કેટલીક વ્યાખ્યાઓ :

સમાજનો વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતા શાસ્ત્રને 'સમાજશાસ્ત્ર' નામ આપનાર સૌ પ્રથમ ઓગસ્ટ કોમ્ટ હતા. તેમણે સમાજશાસ્ત્રને સમાજના બધા ભાગો વચ્ચેના પારસ્પરિક સંબંધોનો અભ્યાસ કરતા વિજ્ઞાન તરીકે ઓળખાવ્યું છે. જે માનવસમાજનું પણ એક વિજ્ઞાન હોવું જોઈએ, જે માનવસમાજનો અભ્યાસ પ્રાકૃતિક ઘટનાઓના અભ્યાસની માફક કરી શકે. અન્ય સામાજિક વિજ્ઞાનોની

તુલનામાં સમાજશાસ્ત્રની એ વિશેષતા છે કે, આ વિજ્ઞાન સામાજિક જીવનનો અભ્યાસ સમગ્રના રૂપમાં કરે છે.અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર અથવા મનોવિજ્ઞાનની માફક સમાજના કોઈ પણ એક પાસાં અથવા સંસ્થા પર જ ધ્યાન કેન્દ્રિત કરતું નથી.સમાજશાસ્ત્ર, માનવીય સામાજિક વ્યવહારનો વૈજ્ઞાનિક અભ્યાસ છે. વ્યક્તિગત અને સામૂહિક આંતરક્રિયાઓની પ્રક્રિયાઓ, સામાજિક સમૂહ કે સંગઠનના સ્વરૂપ, પ્રકારો, પારસ્પરિક સંબંધો તથા વ્યક્તિગત વ્યવહારો પર સામૂહિક વ્યવહારોની અસરોનો અભ્યાસ કરે છે.સમાજશાસ્ત્રના પ્રારંભે સમાજના અભ્યાસ પર ભાર મૂકાતો હતો; પરંતુ; આધુનિક સમયમાં નવું સ્વરૂપ ધારણ કરતાં સમાજશાસ્ત્રએ નાનકડા સમૂહ અથવા સંગઠન કે સામાજિક વ્યવહારના કોઈ એક પાસાંથી શરૂ કરીને વિસ્તૃત સામાજિક વ્યવસ્થા પર સમાજશાસ્ત્રીય સંશોધનો પણ હાથ ધર્યા છે.

- સમ્નરના મતે 'સમાજશાસ્ત્ર સમાજનું વિજ્ઞાન છે'
- ગિડીઝના મતે 'સમાજશાસ્ત્ર સામાજિક ઘટનાઓનું વિજ્ઞાન છે'
- દુર્ખિમે સમાજશાસ્ત્રને 'સામાજિક તથ્યોનો અભ્યાસ કરતા વિજ્ઞાન' તરીકે ઓળખાવ્યું છે.
- મેકસ વેબરે સમાજશાસ્ત્રને 'સામાજિક ક્રિયાનું વિજ્ઞાન' કહયું છે અને સમાજશાસ્ત્રને 'સામૂહિક વર્તનોના વિજ્ઞાન' તરીકે વ્યાખ્યાબદ્ધ કર્યું છે.
- યંગ અને મેક સમાજશાસ્ત્રની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે. : 'સમાજશાસ્ત્ર માનવજીવનના સામાજિક પાસાંનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરે છે. વિભિન્ન જૂથો એકબીજા સાથે જે સંબંધ ધરાવે છે અને આ જૂથો જે રીતે કાર્ય કરે છે. તેને સામાજિક જીવન કહેવાય.' આમ સામાજિક જીવનનો અભ્યાસ એ જ સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ-અભ્યાસક્ષેત્ર હોવાનું યંગ અને મેકે નોંધ્યું છે.
- મેકાઈવર અને પેજ સમાજશાસ્ત્રને 'સામાજિક સંબંધોની પ્રસ્થાપિત વ્યવસ્થાનો અભ્યાસ કરતા વિજ્ઞાન' તરીકે ઓળખાવે છે.
- ગિન્સબર્ગના મતે, સમાજશાસ્ત્ર માનવ આંતરક્રિયાઓ અને આંતર સંબંધો, તેની પરિસ્થિતિ અને પરિણામોનો અભ્યાસ કરે છે.
- જહોહન્સન સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપતાં લખે છે તેમ, 'સમાજશાસ્ત્ર સામાજિક જૂથોનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્ર આ જૂથોના આંતરિક સંગઠનનાં સ્વરૂપો, તેને ટકાવી રાખતી તથા તેમાં પરિવર્તન લાવતી પ્રક્રિયાઓનો તેમજ આ જૂથો વચ્ચેના પારસ્પરિક સંબંધોનો અભ્યાસ કરે છે.'

વિભિન્ન સમાજશાસ્ત્રીઓએ સમાજશાસ્ત્રની આપેલ વ્યાખ્યાઓ પરથી તેનો અર્થ સ્પષ્ટ થાય છે તેમજ તેમાં સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રનો નિર્દેશ મળે છે. સમાજશાસ્ત્ર સમાજનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરતું શાસ્ત્ર અર્થાત્ વિજ્ઞાન છે. સમાજમાં સામાજિક જીવનના બધાં પાસાંનો સમાવેશ થાય છે. તેમાં સામાજિક જીવનના પ્રાથમિક એકમો, જૂથો અને સંસ્થાઓ તેમજ મૂળભૂત સામાજિક પ્રક્રિયાનો સમાવેશ થાય છે. આમ, સમાજશાસ્ત્ર સામાજિક જીવનના પ્રાથમિક એકમો સંસ્થાઓ અને સામાજિક પ્રક્રિયાઓનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરતું એક સામાજિક વિજ્ઞાન છે.

## 1.7 સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ-અભ્યાસક્ષેત્ર :

દરેક વિજ્ઞાનની ચોક્કસ હદ/સીમા હોય છે આ હદ/સીમામાં સમાયેલ ઘટનાઓનો ત્રણ પદ્ધતિથી

અભ્યાસ કરે છે. 'વિષયવસ્તુ'-એ શબ્દના પર્યાપ્ત તરીકે બીજા ઘણા સમાનાર્થી શબ્દો વપરાય છે. દા.ત. વિષયક્ષેત્ર, વિષયસામગ્રી, અભ્યાસક્ષેત્ર, કાર્યક્ષેત્ર, અભ્યાસવસ્તુ, અભ્યાસ-સામગ્રી વગેરે. આ બધા શબ્દો એક જ અર્થ સૂચવે છે. દરકે વિજ્ઞાન અમુક ચોકકસ ઘટનાઓને તે વિજ્ઞાનનું વિષયવસ્તુ કે અભ્યાસક્ષેત્ર કહેવાય.

અન્ય વિજ્ઞાનોની જેમ સમાજશાસ્ત્રનું પણ પોતાનું આગવું કહી શકાય એવું અભ્યાસક્ષેત્ર છે. સમાજશાસ્ત્ર માનવસમાજને લગતી જે કોઈ ઘટનાઓનો અભ્યાસ કરે છે તે બધી ઘટનાઓનો સમાવેશ સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં થાય છે. સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રની સમજણ સમાજશાસ્ત્રની વ્યાખ્યા કે અર્થ પરથી મળી શકે છે; કારણ કે, દરકે વિજ્ઞાનની વ્યાખ્યા પરથી તેનું અભ્યાસક્ષેત્ર સ્પષ્ટ થાય છે. સમાજશાસ્ત્રનો અર્થ અને વ્યાખ્યા આ એકમના પ્રારંભમાં તપાસી ગયા છીએ. આથી, તેનું પુનરાવર્તન કરવાની જરૂર નથી.

પ્રા. એલેક ઈન્કલેસ લખે છે કે, પ્રારંભિક સમાજશાસ્ત્રના પાઠયપુસ્તકો, અમેરિકન સમાજશાસ્ત્રીય મંડળના સામાન્ય સભ્યો અને સમાજશાસ્ત્રના શિક્ષણ વ્યવસાયમાં પડેલા આગેવાનો વગેરે બધા જ સમાજશાસ્ત્રના કેટલાંક અભ્યાસ મુદ્દાઓ વિશે સર્વ સંમતિ ધરાવે છે. આ સંદર્ભમાં એલેક ઈન્કલેસ સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્ર વિશે એક સામાન્ય રૂપરેખા રજૂ કરે છે. આ રૂપરેખા અનુસાર સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ અભ્યાસક્ષેત્ર નીચે મુજબ છે.

**(1)** **સામાજિક જીવનના પ્રાથઈમક એકમો :** માનવીના સામાજિક જીવનના પ્રાથઈમક એકમો જેવાં કે, સામાજિક ક્રિયા અને સામાજિક સંબંધો, વ્યકિતમત્તા, સામાજિક જૂથો, ગ્રામ અને શહેર સમુદાયો, સામાજિક મંડળો અને સંગઠનો વગેરેનો સમાજશાસ્ત્ર અભ્યાસક્રમ કરે છે. સમાજશાસ્ત્રના અભ્યાસનું કેન્દ્રવર્તી ક્ષેત્ર 'સામાજિક સંબંધો' છે. આવા સામાજિક સંબંધોના તાણાવાણાની રચનાથી વિભિન્ન જૂથો અને સમગ્ર સમાજનો ઉદ્દભવ થાય છે. સામાજિક સંબંધો કૌટુંબિક સંબંધો વગેરે બધા જ સ્વરૂપના સંબંધો, રાજકીય સંબંધો, ધાર્મિક સંબંધો વિવિધ સ્વરૂપે વિકસે છે. આર્થિક સંબંધો, રાજકીય સંબંધો, ધાર્મિક સંબંધો, કૌટુંબિક સંબંધો વગેરે બધા જ સ્વરૂપના સંબંધો સામાજિક સંબંધો છે. સામાજિક સંબંધની વધુ નાનું એકમ સામાજિક ક્રિયા છે, જેને સામાજિક જીવનના અણુ તરીકે ઓળખાવી શકાય. આવા વિભિન્નસામાજિક સંબંધો અને તેના પરિણામે ઉદ્દભવતા ઉપર જણાવેલા સમાજના મૂળભૂત એકમો સમાજશાસ્ત્રનું મહત્ત્વનું અભ્યાસક્ષેત્ર છે.

**(2)** **મૂળભૂત સામાજિક સંસ્થાઓ :** માનવી પોતાના જૂથ જીવન અને સમાજજીવનને વ્યવસ્થિતપણે કાર્યરત રાખવા માટે તેમ જ પોતાની કેટલીક સર્વ સામાન્ય જરૂરિયાતો સંતોષવા માટે વિવિધ સંસ્થાઓ રચે છે. જ્ઞાતિ, કુટુંબ, આર્થિક, રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક વગેરે સંસ્થાઓ માનવ-સમાજનના મૂળભૂત વિભાગો છે. સમાજની વિભિન્ન સંસ્થાઓની સામાન્ય લાક્ષણિકતાઓ કઈ છે ? કઈ બાબતોમાં આ સંસ્થાઓ પરસ્પરથી જુદી પડે છે ? જુદી જુદી સંસ્થાઓ સમાજવ્યવસ્થામાં કયાં કાર્યો કરે છે ? આ પ્રશ્નોના જવાબ સમાજશાસ્ત્ર પાસેથી મળી શકે. જીવનજીવન નોંધ્યું છે કે, સમાજશાસ્ત્રને સામાજિક સંસ્થાઓનો અભ્યાસ કરતા વિજ્ઞાન તરીકે ઓળખાણ કરી શકાય. તેમનું આ કથન વર્તમાન સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્ર ઉપર પણ યોગ્ય રીતે જ પ્રકાશ પાડે છે.

(3) **મૂળભૂત સામાજિક પ્રક્રિયાઓ :** સામાજિક તફાવતો અને સામાજિક સ્તરરચના, સહકાર, સમાયોજન, સંઘર્ષ (ક્રાંતિ અને યુદ્ધ સહિત), સંચાર સામાજિકરણ, સામાજિક નિયંત્રણ, સામાજિક વિચલન(ગુનો, આત્મહત્યા વગેરે)સામાજિક ઐકય તેમજ સામાજિક પરિવર્તન જેવી મૂળભૂત સામાજિક પ્રક્રિયાઓ પણ સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રની મહત્ત્વની સામગ્રી છે. માનવ સમાજમાં સામાજિક વાસ્તવિકતાઓ તરીકે આ બધી પ્રક્રિયાઓ ઉદ્દભવે છે અને સમાજશાસ્ત્ર તેનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે આમ, સમાજશાસ્ત્ર સમગ્ર માનવસમાજનું અને વિભિન્ન વિભાગો તથા આ બધા વિભાગો વચ્ચેના પારસ્પરિક સંબંધો અને તે પ્રત્યેક વિભાગના કાર્યો(જેને-રચના-કાર્યના અભ્યાસ તરીકે ઓળખવામાં આવે છે)નું વૈજ્ઞાનિક રીતે પૃથકકરણ કરે છે. ટૂંકમાં કહીએ તો, સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર અત્યંત વિશાળ અને વ્યાપક છે.

એલેક ઈન્કલેસ નોંધે છે તેમ, સમાજશાસ્ત્ર સમાજના કોઇ એક ભાગનો અભ્યાસ કરતું નથી; પરંતુ, સમગ્ર સમાજનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્ર એવું સામાજિક વિજ્ઞાન છે, જે તેના વિશ્લેષણના એકમ તરીકે સમાજને લક્ષમાં લે છે જેના દ્વારા સમાજ બનેલો છે તેવી સામાજિક સંસ્થાઓ વિભિન્ન સામાજિક વ્યવસ્થાઓમાં એકબીજા સાથે કઈ રીતે સંકળાયેલી છે, તે શોધી કાઢવાનો હેતુ સમાજશાસ્ત્ર ધરાવે છે. જોકે, જ્ઞાનની કોઈ શાખા તેના અભ્યાસક્ષેત્રનો અભ્યાસ એકસાથે કરી શકે નહીં. આથી, શ્રમ વિભાજન અને વિશેષીકરણ તરીકે તેના અભ્યાસક્ષેત્રના વિભિન્ન પાસાના અભ્યાસો કરતી તેની શાખાઓ વિકાસ પામે છે. સમાજશાસ્ત્રમાં પણ તેની વિભિન્ન શાખાઓ વિકાસ પામી છે.

## 1.8 સમાજશાસ્ત્રનું મહત્ત્વ :

આધુનિક વિશ્વમાં જટિલ અને સાદા એ બંને પ્રકારના સમાજોમાં સમાજશાસ્ત્રમાં અભ્યાસનું મહત્ત્વ ઉત્તરોત્તર વધી રહયું છે. જેમ જેમ સામાજિક વાતાવરણની જટિલતા વધી છે જેણે માનવ- સંબંધોને લગતી અનેક સમસ્યાઓ સર્જી છે. જે ઉકેલવાની જરૂરિયાતો દિનપ્રતિદિન વધતી જાય છે તેમ તેમ તેના વિશે પદ્ધતિસરનું જ્ઞાન આપતા એક વિજ્ઞાન તરીકે સામાજિક-સાંસ્કૃતિક જીવનના વિવિધ ક્ષેત્રે અને શિક્ષણક્ષેત્રે સમાજશાસ્ત્ર વધુને વધુ ઉપયોગી સાધન ગણાવા લાગ્યું છે. આ કારણથી હવે શાળાકક્ષાએ પણ તેના અભ્યાસને મહત્ત્વ અપાયું છે.

કિંગ્સ્લે ડેવીસ નામના લેખકે સામાજિક -સાંસ્કૃતિક જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં સમાજશાસ્ત્ર કઈ રીતે મહત્ત્વ ધરાવે છે. એનું વર્ણન કર્યું છે. તે જ રીતે મેરિલ નામના લેખકે પોતાના ગ્રંથમાં શૈક્ષણિક દૃષ્ટિએસમાજશાસ્ત્રના અભ્યાસનું ઘણું મહત્ત્વ હોવાનું નોધ્યું છે. આ બંને લેખકોએ કરેલી ચર્ચાના આધારે સમાજશાસ્ત્રનું મહત્ત્વ અહી નીચે મુજબ દર્શાવી શકાય.

(1) સામાજિક નીતિનું ઘડતર કરવામાં ઉપયોગી : જટિલ સમાજમાં સમાજશાસ્ત્રનું જ્ઞાન અનિવાર્ય આવશ્યકતા બનવા લાગ્યું છે. સમાજે નકકી કરેલાં ધ્યેયો પ્રાપ્ત કરવાનીઅસરકારક રીતો/સાધનો/માર્ગો સમાજશાસ્ત્ર પૂરાં પાડે છે. ખાસ કરીને જટિલ સમાજમાં કેવળ રિવાજ અને લોકલાગણીના આધારે સામાજિક નીતિ ઘડી શકાતી નથી. સામાજિક નીતિ ઘડવા માટે અને તેનો સફળ અમલ કરવા માટે સમાજ વિશેનું વ્યવસ્થિત વૈજ્ઞાનિક પ્રકારનું જ્ઞાન મેળવવું જરૂરી બને છે. ડેવીસ કહે છે તેમ, વિસ્તૃત અને વ્યાપક સામાજિક નીતિ ઘડવાના કાર્યમાં સમાજશાસ્ત્રીય જ્ઞાનની જરૂર પડે છે. તેમાં ફકત આર્થિક કે માત્ર રાજકીય જ્ઞાન અપૂરતું નીવડે છે. દા.ત. જન્મદર વધારવા માટેની નીતિ સ્વીકારી હોય તો આ નીતિનો સારી રીતે

અમલ કરવા માટે ફકત આર્થિક કે ફકત રાજકીય જ્ઞાન બહુ ઉપયોગી થશે નહીં. આવી નીતિના સફળ અમલ માટે કુટુંબ સંગઠન, વસ્તીના પરિવર્તનો, નમાઝ અંગેના રિવાજો વગેરે બાબતો અંગેનું જ્ઞાન જરૂરી બને છે. આવું જ્ઞાન સમાજશાસ્ત્ર પાસેથી મળી શકે. આમ, સામાજિક નીતિ ઘડવામાં અને તેનો સફળ અમલ કરવામાં સમાજશાસ્ત્ર ઘણું મહત્ત્વ ધરાવે છે.

(2) વિવિધતામાં એકતા ઊભી કરવામાં ઉપયોગી : વિશાળ સામાજિક-સાંસ્કૃતિક વૈવિધ વધ્યું છે. તેથી આપણો સંબંધ પોતાની સમાજ-સંસ્કૃતિ પરતો જ ન રહેતા અન્ય સમાજ સંસ્કૃતિ સુધી વિસરે તે જરૂરી છે; પરંતુ, વાસ્તવમાં આપણા સામાજિક જીવનના અનુભવો આખા સમાજ સુધી વ્યાપેલા હોતા નથી. સમાજના કોઈ એક ભાગનો જ આપણે અનુભવ કરીએ છીએ. આખા સમાજનો નહીં; પરંતુ, રાષ્ટ્રના એક નાગરીક તરીકે આપણે આખા સમાજનો અનુભવ કરીએ તે જરૂરી છે. આપણા સમાજના બીજા લોકો કોણ છે, તેમનું સામાજિક જીવન કેવું છે, તેમના રિવાજો, ધર્મ, ભાષા, સંસ્કૃતિ કેવાં છે તે જાણવું જરૂરી છે. આવો પરિચય આપણને વાર્તાઓ, દંતકથાઓ અને સાહિત્યમાંથી મળે છે. પણ તે પૂરો આધારભૂત નથી. સમાજશાસ્ત્ર આખા સમાજનાં સામાજિક લક્ષણોનો આપણને વ્યવસ્થિત, આધારભૂત, અને વૈજ્ઞાનિક પરિચય પૂરો પાડે છે. આપણા સમાજના અન્ય સભ્યો કોણ છે. આ કારણે સામાજિક એકતા વધે છે. આમ, સમાજશાસ્ત્ર પાસેથી મળતું જ્ઞાન વિવિધતામાં એકતા સિદ્ધ કરવામાં ફાળો આપે છે.

(3) ભાવિકથન કરવામાં ઉપયોગી : સમાજનાં વિવિધ જૂથો, વ્યકિતનું સામાજિક વર્તન, સંસ્કૃતિ અંગે સમાજશાસ્ત્ર વૈજ્ઞાનિક જ્ઞાન પૂરું પાડે છે. આવું જ્ઞાન સામાજિક ઘટનાઓ વિશે ભાવિ કથનનો કરવામાં ઉપયોગી બને છે. દા.ત. શહેરોમાં શાળાઓના બાંધકામમાં પુષ્કળ નાણાંકીય રોકાણ કરવું પડે છે. પણ આવું રોકાણ જરૂર કરતાં વધી ન જાય અને જરૂર કરતા ઓછું રહી ન જાય એવું આયોજન કરવા માટે ભવિષ્યમાં કેટલાં બાળકો શાળામાં ભણવા આવશે તેનું પ્રમાણ જાણવું જરૂરી બને. આવું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ગ્રામ-શહેર સ્થાળાંતરનું પ્રમાણ, જન્મદર, બાળમરણ વગેરે માહિતી જરૂરી બને. સમાજશાસ્ત્ર આ બધી માહિતી મેળવીને તેના આધારે અમુક શહેરમાં ભવિષ્યમાં કેટલાં બાળકો શાળામાં ભણવા આવશે તે અંગે ભાવિકથન કરી શકે. આમ, સમાજશાસ્ત્રનું જ્ઞાન સમાજમાં બનતી ઘટનાઓ વિશે અમુક પ્રમાણમાં ભાવિકથન કરવામાં ઉપયોગી બને છે. વ્યાપક સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભમાં સમાજશાસ્ત્રનું જ્ઞાન ઉપયોગી બને છે તે તો ખરું જ; પરંતુ, તે ઉપરાંત મેરિલ નોંધે છે તેમ, વ્યકિતગત શૈક્ષણિક દૃષ્ટિએ પણ સમાજશાસ્ત્ર ઘણું મહત્ત્વ ધરાવે છે.

(4) સમાજશાસ્ત્રના શબ્દો, પદ્ધતિઓ અને ખ્યાલોનો પરિચય પૂરો પાડવામાં ઉપયોગી : મેરિલ કહે છે તેમ, સમાજશાસ્ત્રના શબ્દો, પદ્ધતિઓ અને ખ્યાલોનો વિદ્યાર્થીઓને પરિચય પૂરો પાડવામાં સમાજશાસ્ત્ર દેખીતી રીતે જ મહત્ત્વ ધરાવે છે. સમાજશાસ્ત્રમાં વપરાતા ઘણા શબ્દો જેવા કે, સમાજ, સંસ્કૃતિ, જૂથ, રિવાજ, જાતિ, સંસ્થા વગેરે લોકોના રોજબરોજના વ્યવહારમાં પણ પ્રચલિત છે અને લોકો જુદા જુદા પ્રસંગ તેનો જુદા જુદા અર્થમાં ઉપયોગ કરે છે. આ શબ્દો, ચોકકસ અર્થ ધરાવે છે. સમાજશાસ્ત્રનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને આ શબ્દોના ચોકકસ અને વૈજ્ઞાનિક અર્થનો પરિચય મળે છે. આ ઉપરાંત, સમાજશાસ્ત્રના

અભ્યાસની ઉચ્ચતર કક્ષાએ પ્રચલિત વ્યવહારમાં ન વપરાતા હોય એવા શબ્દોનો પણ પરિચય મળે છે.

(5) માહિતી પૂરી પાડવામાં ઉપયોગી : સમાજશાસ્ત્રનો પ્રારંભિક અભ્યાસક્રમ સરેરાશ વિદ્યાર્થીને ઘણી નવી માહિતી પૂરી પાડે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, માનવજૂથનું સ્વરૂપ, વ્યકિતનું ઘડતર, માનવવર્તન ઉપર સંસ્કૃતિની અસર, વિભિન્ન જાતિઓ વચ્ચેના તફાવતો, કુટુંબ-ધર્મ-શાળા-રાજ્ય વગેરે સંસ્થાઓના સ્વરૂપો અને કાર્યો વસ્તીની રચના, સામૂહિક વર્તનનું સ્વરૂપ તેમજ સમાજ કેવી રીતે ટકી રહે છે અને કેવી રીતે પરિવર્તન પામે છે, વગેરે સમાજજીવનની અનેકવિધ બાબતો વિશે સમાજશાસ્ત્ર વ્યવસ્થિત માહિતી પૂરી પાડે છે. સમાજમાં વિદ્યાર્થીઓ પોતે જ આવા અનેક પ્રકારના સામાજિક સંબંધોથી બંધાયેલો છે. આથી આવા સંબધો વિશેની જાણકારી વિદ્યાર્થીને માટે રસનો વિષય બની રહે છે. વિદ્યાર્થી જયારે સમાજશાસ્ત્રનો પ્રારંભિક અભ્યાસક્રમ શીખી લે છે ત્યારે તે પોતાના જીવન વિશે, તેમજ બીજા લોકો વિશે વાસ્તવિક હકીકતો જાણી ચૂકયો હોય છે. આથી, તે પરિસ્થિઈત સામે વધુ સારી રીતે અનુકૂલન પણ સાધી શકે છે.

(6) બૌદ્ધિક વિકાસ સાધવામાં ઉપયોગી : સમાજશાસ્ત્રનો પ્રારંભિક અભ્યાસક્રમનું શિક્ષણ મેળવનાર વિદ્યાર્થી સમાજ અને સંસ્કૃત સાથે પોતાનો શું સંબંધ છે અને તે બંનેપોતાના વ્યકિતત્વના ઘડતરમાં શું ફાળો આપે છે તે સમજી શકે છે. મેરિલ આને સમાજશાસ્ત્રના સાંસ્કૃતિક મહત્ત્વ તરીકે ઓળખાવે છે, જયારે ડેવીસ તેને વ્યકિતના બૌદ્ધિક વિકાસમાં ફાળો આપતા વિજ્ઞાન તરીકે ઓળખાવે છે. માનવી કેટલીક જૈવિક શકિતઓ સાથે લઈને જન્મે છે અને જન્મ પછી તેને મળતા સામાજિક સાંસ્કૃતિક વાતાવરણમાં તેના વ્યકિતત્વ-લક્ષણો ઘડતા રહે છે. કુટુંબ શાળા, રાજ્ય વગેરે સંસ્થાઓ સ્થિર રહેતાં નથી પણ સતત બદલાતાં રહે છે. સમાજશાસ્ત્રના અભ્યાસ દ્વારા વિદ્યાર્થી પોતાના વ્યકિતત્વ સાથે સમાજની ગતિશીલ સંસ્થાઓ કઈ રીતે સંબંધિત છે તેનું જ્ઞાન મેળવીને પોતાનો બૌદ્ધિક વિકાસ સાધે છે. આમ, ડેવીસ કહે છે તેમ, શિક્ષિત માણસ તરીકે લાયકાત મેળવવા માટે સામાજશાસ્ત્રનું જ્ઞાન ઉપયોગી બને છે. આવા જ્ઞાનથી વ્યકિતનું જીવન વધુ સમૃદ્ધ અને વધુ સભર બને છે.

(7) સહિષ્ણુતાના વિકાસમાં ઉપયોગી : સમાજશાસ્ત્રનો પ્રારંભિક અભ્યાસક્રમ શીખીને વિદ્યાર્થીઓ પોતાના સમાજ વિશે તેમજ બીજા સમાજો વિશે વ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરે છે. આને લીધે વિદ્યાર્થીઓમાં બીજા લોકોના રિવાજો તરફ સહિષ્ણુતા કેળવાય છે. વિદ્યાર્થી એવું શીખે છે કે, જેમ પોતાના સમાજના રિવાજોને પોતે સાચા માને છે. તેમ બીજા સમાજના રિવાજો પણ બીજા લોકો માટે એટલા જ સાચા છે. વર્તમાન વિશ્વમાં જયારે વિભિન્ન રાષ્ટ્રો વચ્ચેના સંબંધમાં અસહિષ્ણુતાનું વલણ જોવા મળે છે. ત્યારે અન્ય સમાજોની જીવનપદ્ધતિનું યથાર્થ જ્ઞાન પૂરું પાડીને આવી અસહિષ્ણુંતા ઘટાડી શયકા તેમ છે. મેરિલ કહે છે તેમ, સમાજશાસ્ત્રનો પ્રારંભિક અભ્યાસક્રમ શીખનારો વિદ્યાર્થી એવું જ્ઞાન પ્રાપ્ત કરે છે કે, જેનાથી તે પોતાના દેશનો અને વિશ્વનો વધુ સારો નાગરિક બને છે.

(8) લોકશાહી મૂલ્યોની જાળવણીમાં ઉપયોગી : લોકશાહી સમાજવ્વસ્થાની એક મહત્ત્વની જરૂરિયાત એ છે કે, તેમાં દરેક વ્યકિતની શકિતઓને વિકસવા માટે પૂરતી તક મળવી જોઈએ. દરેક વ્યકિત કોઈ ને કોઈ જ્ઞાતિ, જાતિ, લિંગ, ધર્મ અને વર્ગનું સભ્યપદ ધરાવતી

હોય છે; પરંતુ, આવા જન્મગત સભ્યપદનાકારણે વ્યકિતને પોતાની શકિતઓ વિકસાવવાની તક ન મળે તો તે લોકશાહીથી વિરુદ્ધનું લક્ષણ છે. સમાજશાસ્ત્રનો અભ્યાસ કરનારો વિદ્યાર્થી જાણે છે કે કોઈપણ લઘુમતી જૂથમાં જન્મ થયો હોવાને લીધે વ્યકિતની શકિતઓ ઓછી હોતી નથી. યોગ્ય તક મળે તો સરેરાશ માણસ પોતાનો જન્મગત દરજ્જો સુધારવાની ગર્ભિત શકિત ધરાવે છે.સમાજશાસ્ત્ર વિદ્યાર્થીઓને આવા લોકશાહી મૂલ્યોનું શિક્ષણ આપીને સમાજમાં તેવાં મૂલ્યોની જાળવણી કરવામાં મદદરૂપ બને છે.

(9) માનવતાવાદી મૂલ્યોની જાળવણીમાં ઉપયોગી : સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર માનવી અને તેના સામાજિક સંબંધો છે. આમ, સમાજશાસ્ત્ર મુનષ્ય અંગે એક માનવી તરીકે જ્ઞાન અને સમજ પૂરી પાડે છે. બીજી રીતે કહીએ તો, સમાજમાં માનવી વિશેનું વાસ્તવિક જ્ઞાન પૂરું પાડવામાં સમાજશાસ્ત્ર મહત્ત્વનો ફાળો આપે છે.

(10) સમાજશાસ્ત્રીય કલ્પનાશીલતા વિકસાવવામાં ઉપયોગી : મિલ્સ જેને 'સમાજશાસ્ત્રીય કલ્પનાશીલતા' તરીકે ઓળખાવે છે. એવા માનસિક વલણના વિકાસમાં પણ સમાજશાસ્ત્રનો અભ્યાસ મહત્ત્વનો છે. વધુ સ્પષ્ટ રીતે કહીએ તો, સમાજશાસ્ત્રના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓનો દૃષ્ટિકોણ વિશાળ બને છે. વિશ્વને જોવાની તેની દૃષ્ટિ વિસ્તૃત અને વાસ્તવલક્ષી બને છે, વિશ્વમાં વ્યકિતના સ્થાન વિશે તેને સાચો ખ્યાલ મળે છે. જેમની સમાજશાસ્ત્રીય કલ્પનાશીલતા વિકસી હોય છે એવા વિદ્યાર્થીઓ પોતાના સમાજની સંસ્થાઓ અને પોતાના વ્યકિતત્વ વિશે વધુ સારી સમજ ધરાવતા હોય છે. આવા વિદ્યાર્થીઓ વર્તમાન સમાજના પ્રવાહો વિશે વધુ સારી અને ઊંડી સમજ ધરાવતા હોય છે.

સમકાલીન સમાજમાં જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી જાય છે. આધુનિક યુગ જ્ઞાનયુગ કહેવાય છે. તેમાં સમાજ અંગેના વૈજ્ઞાનિક જ્ઞાનનું મહત્ત્વ વધી રહયું છે. અર્થવ્યવસ્થાનું વૈશ્વિકરણ અને ઉદારીકરણ કારકિર્દી માટેની નવી તકોનું સર્જન કરે છે. તેમાં સમાજશાસ્ત્ર જેવા ઉદાર અને માનવતાલક્ષી સામાજિક વિજ્ઞાનોના અમુક વિશિષ્ટ પ્રકારના શિક્ષણ અને કૌશલ્યોની માંગ વ્યાપક બનતા સમાજશાસ્ત્રનું વિશિષ્ટ જ્ઞાન અને કૌશલ્યો ધરાવતા તજજ્ઞો અને વિદ્યાર્થીઓ માટે કારકિર્દી બનાવવાની તકો પણ વધતી જાય છે.

## 1.9 ઉપસંહાર :

આ એકમમાં તમને સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપી સામાજિક સમૂહનો ખ્યાલ પણ અત્રે સમજાવ્યો અને સમાજશાસ્ત્રને લગતાં પાયાનાં ક્ષેત્રો પણ સમજાવ્યાં અને સંસ્કૃતિના ખ્યાલ અંગે માહિતી આપી. તેમાં વિજ્ઞાનનો સમાજશાસ્ત્ર સાથેનો સમગ્રતયા સંબંધ પણ સમજાવ્યો.

## 1.10 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. પ્રકૃતિક વિજ્ઞાનનાં કોનો સમાવેશ થતો નથી ?

   (A) રસાયણશાસ્ત્ર (B) ભૌતિકશાસ્ત્ર

   (C) વનસ્પતિશાસ્ત્ર (D) શરીરશાસ્ત્ર

2. સમાજશાસ્ત્ર માનવ આંતરકિયાઓ અને આંતર સબંધો, તેની પરિણામોનો અભ્યાસ કરે છે ? આ વ્યાખ્યા કોને આપી છે ?

   (A) સમ્નર (B) ભૌતિકશાસ્ત્ર

   (C) વનસ્પતિશાસ્ત્ર (D) શરીરશાસ્ત્ર

3. સમાજશાસ્ત્ર માનવ અંતરક્રિસાઓ અને આંતરસબંધો તેની પરિસ્થિતિ અને પરિણામોનો અભ્યાસ કરે છે આ વ્યાખ્યા કોને આપી છે ?

(A) ગિડીઝ (B) ગિન્સબર્ગ

(C) જયાહેન્સન્ (D) મેકાઈયર અને પેજ

4. માનવ વિજ્ઞાનમાં કોનો સમાવેશ થાય છે ?

(A) નૃવંશશાસ્ત્ર (B) નીતિશાસ્ત્ર

(C) વનસ્પતિશાસ્ત્ર (D) ઉપરાકેત તમામ

5. કયાં લેખકે પોતાના ગ્રંથમાં શૈક્ષણિક દૃષ્ટિએ સમાજશાસ્ત્રના અભ્યાયનું ધણું મહત્ત્વ હોવાનું નોંધ્યુ છે ?

(A) કિંગ્સ્લે ડેવીસ (B) મેરિલ

(C) ઈન્કલેસ (D) ઉપરાકેત તમામ

## 1.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (4) શરીરશાસ્ત્ર
2. (1) સમ્નર
3. (2) ગિન્સબર્ગ
4. (4) ઉપરોકત તમામ
5. (2) મેરિલ

## 1.12 ચાવીરૂપ શબ્દો :

(1) વર્ગીકરણ : સામાજિક માહિતીને વિભિન્ન કક્ષાઓ અને સમૂહોમાં વહેંચવાની પધ્ધતિ.

(2) સંસ્કૃતઃ તેમાં લોકોના સમૂહના રીતિરિવાજો આચારો અને માન્યતાઓને આવરી લે છે.

(3) અર્પિત દરજ્જો : જન્મથી મળતો દરજ્જો.

(4) અર્જિત દરજ્જો : પ્રાપ્ત કરેલો દરજ્જો.

## 1.13 સ્વાધ્યાય લેખન :

1. ભારતમાં સમાજકાર્યના પ્રારંભ અંગે વિસ્તૃત નોંધ લખો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ સ્પષ્ટ કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

3. સમાજશાસ્ત્રનું મહત્વ દર્શાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

4. વિજ્ઞાનોનું વર્ગીકરણ દર્શાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

5. સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે, સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 1.14 પ્રવૃત્તિ (Activities)

1. માનવી એક સામાજીકપ્રણી છે તે તમારા વિચારોમાં વર્ણવો.
2. સમાજશાસ્ત્ર અને સામાદિકવિજ્ઞાન વચ્ચેનો તફાવત વર્ણવો.
3. સમાજશાસ્ત્રના પિતાનું સમાજશાસ્ત્રમાં આપેલ યોગદાન વર્ણવો.

## 1.15 કેસસ્ટડી (Case Study)

1. સમાજશાસ્ત્રના મહત્ત્વની સૂચિ બનાવો અને તેનાં તમારા વિચારો વર્ણવો.
2. સમાજશાસ્ત્રના મહત્ત્વના સંદર્ભમાં કોઈવણ બે ઉદાહરમ વિસ્તૃતણ વર્ણવો.
3. સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાનના સંદર્ભમાં કોઈપણ તમારા વિચારો વર્ણવો.

## 1.16 સંદર્ભગ્રંથ :


(1) Mc. Kee. Jamr B, 1981, Sociology : The Study of Society, New yourk, Holt, Rinehart and Wison :

(2) Ogburn and Nimkoff, 1972. A Handbook of Sociology. New Delhi : Eur-asian Publishing House.

(3) <http://www.yourarticlelibrary.com/man/essay-on-man-as-a-social-animal-1623-words/6260/>

(4) Registrar, Dr.BabaSaheb Ambedkar Open University, ;DFHGM VeIF;4 ESO-01

(5) Essentials of Sociology, Broom, Selzamik & Broom, F.E.Pecock Publisher's, USA 1984.

(6) પ્રો.જે.કે.દવે.,અનડા પ્રકાશન, અમદાવાદ સમાજશાસ્ત્ર પરિચય, 2011–12

(7) પારિભાષિક કોશઃ સમાજશાસ્ત્ર સંપાદકઃ વિદ્યુત જોષી, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિમાર્ણ બોર્ડ,અમદાવાદ, વર્ષઃ1997

(8) સમાજશાસ્ત્ર શું છે ? લેખકઃ ધૈર્યબાળા બહેનપી.વોરા, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, વર્ષઃ 1978

(9) સમાજશાસ્ત્ર પરિચય, ધો-11, લેખકઃ બી.કે.નાગલા, એસ.બી.સિંગ, વર્ષ 2002.

(10) સમાજ ખંડઃ 1-2 લેખકઃ મેકાઈવર અને પેઈજ, અનુવાદઃ અક્ષરકુમાર આર. દેસાઈ, ગુજરાત યુનિવર્સિટી, પ્રથમ આવૃત્તિ 1961.

(11) ભારતીય સમાજ (હિન્દી) : લે.આર.ડી.શર્મા, મોહિત બુક્સ, નવી દિલ્હી, 2010.

(12) વ્યાવસાયિક સમાજકાર્ય, લેખકઃ ગીતા ચાવડા, પ્રકાશક-લોકનિકેતન, રતનપુર તા.પાલનપુર, જિ.બનાસકાંઠા, વર્ષઃ 2008

(13) વ્યાવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો લેખક.ડૉ. આનંદી પટેલ, પ્રકાશકઃ વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ, વર્ષઃ 2009.

| એકમ–2 | સમાજશાસ્ત્ર અને અન્ય સમાજવિજ્ઞાન સાથેનો સંબંધ |
|---|---|

# એકમ–2 સમાજશાસ્ત્ર અને અન્ય સમાજવિજ્ઞાન સાથેનો સંબંધ

## : એકમનું માળખું :


2.0 એકમના હેતુઓ

2.1 પ્રસ્તાવના

2.2 સમાજશાસ્ત્ર : એક વિજ્ઞાન

2.3 સમાજશાસ્ત્ર તથા અન્ય સામાજિક વિજ્ઞાન

2.4 ઉપસંહાર (Let Us Sum UP)

2.5 તમારી પ્રગતિ ચકાસો

2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

2.7 ચાવીરૂપ શબ્દો (Glossary)

2.8 પ્રવૃત્તિ (Activities)

2.9 કેસસ્ટડી (Case Study)

2.10 સંદર્ભગ્રંથ


## 2.0 એકમના હેતુઓ :

આ એકમનો અભ્યાસ કર્યા બાદ,

– સમાજશાસ્ત્રને એક વિજ્ઞાન તરીકે સમજી શકાશે.

– સમાજશાસ્ત્રનો અન્ય સમાજવિજ્ઞાનોની સાથેનો સંબંધ સમજી શકાશે.

– સમાજશાસ્ત્રનો અને સમાજકાર્યનો પરસ્પર સંબંધ સમજવામાં મદદ મળશે.

## 2.1 પ્રસ્તાવના :

બધા જ સામાજિક વિજ્ઞાનો એક યા બીજી રીતે સમાજ/સમાજની ભૂલોનો અભ્યાસ કરે છે. સમાજ જીવનમાં સંબંધો, મૂલ્યો, ધોરણો, સંસ્કૃતિ, સંસ્થાઓ, સંજોગો, પરિસ્થિતિઓ, પ્રક્રિયાઓ સમાઇ જાય છે. બધા જ વિજ્ઞાનો આ ઉપરોક્ત બાબતનો અભ્યાસ કરે છે. આ વર્ણવેલ બાબતો એક બીજા સાથે સંકળાયેલ હોઇ સા.વિજ્ઞાનો પણ એકબીજા સાથે જોડાય છે. ક્યારેક તેમના વિષયવસ્તુઓ પોતાની સીમા/હદ પાર કરી બીજા વિજ્ઞાનની સીમા હદમાં જતા હોય તેવું લાગે પણ તે સાચું નથી.

દા.ત. ગરીબનો અભ્યાસ અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર બન્ને કરે છે. આમ, તેમનુ અભ્યાસક્ષેત્ર સમાન છે; પરંતુ, તેથી તેમની માની શકાય છે. બન્ને વિજ્ઞાનો સરખા છે. તે બન્ને વચ્ચે મહત્વનો તફાવત દૃષ્ટિબિંદુનો છે. બન્ને ગરીબો, અલગ દૃષ્ટિબિંદુથી અભ્યાસ કરે છે. ગરીબી માટે કયા આર્થિક કારણો જવાબદાર છે તે શોધે છે અને ગરીબી નિવારણ માટે કયા આર્થિક પગલાં લેવા તેની શોધ કરે છે. જ્યારે સમાજશાસ્ત્ર ગરીબીની વ્યાખ્યા આ સંદર્ભમાં શોધે છે. ગરીબી માટેના આ કારણો શોધે છે અને તેના નિવારણ માટે કયા સામાન્ય પગલાં લઇ શકાય તે તપાસે છે. આમ, બધા વિજ્ઞાનોનું વિષયવસ્તું એકબીજા પર ઓવરલેપ થતું હોવા છતાં બધા વિજ્ઞાનો જુદાં છે છતાં, તેમનું જ્ઞાન એકબીજાને ઉપયોગી બની શકે તેમ છે. પોતાના જ ચોક્કસ ક્ષેત્રનો અભ્યાસ કરતા હોવા છતાં તેમની વચ્ચે ઘનીષ્ઠ

પારસ્પરીક સંબંધ છે. આ વિજ્ઞાનોનું જ્ઞાન એકબીજાને તેમજ સમગ્ર સમાજને સમજવા તેના દબાણમાં, તેની સમસ્યાઓના નિવારણમાં ઉપયોગી બની શકે તેમ છે.

સમાજશાસ્ત્રનું દષ્ટિબિંદુ વિશાળ છે તેનો સબંધ સામાજિક જીવનનાં તે પાસાંઓ છે જે બધાં સ્વરૂપોમાં જોવા મળે છે. તેની અંદર બધી સામાજિક પરિસ્થિઈતઓ સમાઈ જાય છે. મોટા ભાગનાં સંબંધિત સમાજવિજ્ઞાનોમાં વિશેષીકરણની તેમની સીમા મર્યાદિત બને છે; પરંતુ, માનવ વર્તનને વિભિન્ન વિષયોમાં વહેંચી શકાતું નથી અને પ્રત્યેકને એક વિશેષ સમાજવિજ્ઞાનના વિષય સુધી મર્યાદિત રાખી શકાતું નથી. એટલા માટે વિજ્ઞાનો વચ્ચેની સીમાઓનું ઘણીવાર પુનરાવર્તન થાય છે. અલગ અલગ બધા સામાજિક વિજ્ઞાનો ઘણું ખરું પોતાના ક્ષેત્રની બહાર નીકળીને એકબીજાનાં ક્ષેત્રોની સાથે પોતાનો નાતો જોડે છે (અથવા સંશોધક જોડે છે).

## 2.2 સમાજશાસ્ત્ર : એક વિજ્ઞાન :

ઘણીવાર સમાજશાસ્ત્રની વ્યાખ્યા સમાજના વિજ્ઞાનના રૂપમાં આપવામાં આવે છે. એટલે પ્રશ્ન ઊભો થાય છે કે વિજ્ઞાન શું છે ? કેટલાક લોકો વિજ્ઞાનને એક અભિગમ માને છે. જયારે બીજા કેટલાક તેને વિષયસામગ્રી તરીકે જુએ છે. સરળ શબ્દોમાં આપણે કહી શકીએ કે, વૈજ્ઞાનિક અભિગમમાં કોઈ એક ચોક્કસ ધારણા હોય છે કે, જેમાં ઘટનાઓનો અભ્યાસ કરવામાં આવ્યો હોય છે. તેમાં નિયમિતતા હોય અને તેની તેમાં એક ખાસ ઢબ જોવા મળે છે. વૈજ્ઞાનિક અભિગમમાં ઘટનાઓનાં નિરીક્ષણ અને પરીક્ષણ પર ભાર મૂકવામાં આવે છે. સમાજશાસ્ત્રમાં પણ સામાજિક ઘટનાઓનાં નિરીક્ષણ તથા પરીક્ષણ પર ભાર મૂકવામાં આવે છે. તેમાં પદ્ધતિસર ઘટનાઓનો અભ્યાસ કરવામાં આવે છે.

આ પદ્ધતિમાં નીચે જણાવેલ બાબતો સમાવિષ્ટ થાય છે :

1. અભ્યાસ માટે પસંદ કરાયેલી સમસ્યાની વ્યાખ્યા આપવી.
2. પરિભાષિત સમસ્યા અંગે માહિતી એકઠી કરવી.
3. માહિતીનું પૃથક્કરણ કરવું, જેથી ધારણાઓ રચવામાં સરળતા રહે.
4. ધારણાને ચકાસવી અને તેના આધારે નવી વિભાવનાઓ અને સિદ્ધાંતો વિકસાવવાં.

સમાજશાસ્ત્ર સામાજિક જીવનના અભ્યાસ માટે પદ્ધતિસરનો અભિગમ ધરાવે છે. આ પદ્ધતિ દ્વારા પ્રાપ્ત માહિતીને આધારે વિશ્વસનીય કરવાનો પ્રયત્ન કરે છે. આ જ્ઞાન દ્વારા સમાજશાસ્ત્રે સંબંધોના સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કર્યો છે. જો આપણે સમાજશાસ્ત્રનો સમાજના અભ્યાસની પદ્ધતિની દષ્ટિએ વિચાર કરીએ તો સમાજશાસ્ત્રને એક વિજ્ઞાન જરૂર કહી શકાય.

## 2.3 સમાજશાસ્ત્ર તથા અન્ય સામાજિક વિજ્ઞાન :

એલેક ઈન્કલેસ નોંધે છે કે, તેમ સમાજમાં માનવીના અભ્યાસ સાથે સંકળાયેલાં સામાજિક વિજ્ઞાનો વચ્ચેના તફાવતો તેમના પરિપ્રેક્ષ્યોના તફાવતો છે. સમાજશાસ્ત્રનો અન્ય સામાજિક વિજ્ઞાનો વચ્ચેનો ભેદ અમુક અંશે કામચલાઉ અને અચોકકસ છે; કારણ કે જ્ઞાનનો વિકાસ થતો જાય છે અને સંશોધનના પ્રવાહો બદલાતા જાય છે. આથી, કેટલાંક સામાજિક સંશોધનો અપર્યાપ્ત, અચોકકસ અને અપૂર્ણ બની રહે આવા સંજોગોમાં બદલાતાં સમાજની જરૂરિયાતોના આધારે સામાજિક દષ્ટિકોણથી તેના તપાસ જરૂરી બની રહે છે.

તેઓ કહે છે કે, અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર અને ઈતિહાસ જેવા સામાજિક વિજ્ઞાન સમાજશાસ્ત્રથી સ્પષ્ટ રીતે સહેલાઈથી જુદાં પાડી શકાય તેવાં છે, જયારે મનોવિજ્ઞાન કે માનસશાસ્ત્ર જેવા સામાજિક

વિજ્ઞાનો, સમાજશાસ્ત્ર સાથે એટલાં ગાઢ રીતે સંકળાયેલા છે કે તે બંને સામાજિક વિજ્ઞાનોથી સમાજશાસ્ત્રને બહુ સરળતાથી જૂદું પાડી શકાતું નથી. તેઓ નોંધે છે તેમ, સમાજમાં માનવીના અભ્યાસ સાથે સંકળાયેલાં સામાજિક વિજ્ઞાનો વચ્ચેના તફાવતો તેમના પરિપ્રેક્ષ્યોના તફાવતો છે. એલેક ઈન્કલેસ સામાજિક વિજ્ઞાન વચ્ચેના પરિપ્રેક્ષ્યોનો તફાવત સ્પષ્ટ કરવા માટે વિભિન્ન સામાજિક વિજ્ઞાનોની સમાજશાસ્ત્રના સંદર્ભમાં સમજૂતી આપીને 'સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય'નો ખ્યાલ આપે છે. આથી સમાજશાસ્ત્ર અન્ય સામાજિક વિજ્ઞાનોથી કરી તે જુદું પડે છે તેની સંક્ષિપ્ત સમજ મેળવવી આવશ્યક છે.

### 2.3.1 સામાજિક મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર :

ઈન્કલેસ મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર વચ્ચેનો તફાવત દર્શાવતા નોંધે છે કે, મનોવિજ્ઞાન વ્યકિતના વ્યકિતત્વમાં સંગઠિત થયેલ વર્તન તેમજ તેના શારીરિક, માનસિક અને વ્યકિતગત અનુભવોની સંયુકત અસર દ્વારા ઘડાયેલા વર્તનનો અભ્યાસ કરે છે. જયારે સમાજશાસ્ત્ર સમાજમાં સંગઠિત થયેલા વર્તન તથા તેના જૂથ, સંસ્કૃતિ, પરિસ્થિઈત તેમજ તેના સામાજિક સંગઠનમાં સંગઠિત થયેલ વર્તનનો અભ્યાસ કરે છે. બંને સામાજિક વિજ્ઞાનો વચ્ચેનો સંબંધ દર્શાવતાં, ઈન્કલેસ નોંધે છે તેમ, સમાજલક્ષી મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં બંને સામાજિક વિજ્ઞાનો ગાઢ રીતે સંકળાયેલાં છે. સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યથી જોતાં સમાજલક્ષી મનોવિજ્ઞાન કોઈપણ સામાજિક પ્રક્રિયાને તેના અભ્યાસક્ષેત્રમાં આવરી લે છે. વાસ્તવિક સંશોધન પ્રક્રિયામાં બંનેના પરિપ્રેક્ષ્યો વચ્ચેનો ભેદ રહેતો નથી. માનસશાસ્ત્ર માનસિક પ્રક્રિયાઓનો અભ્યાસ કરે છે. પ્રત્યક્ષજ્ઞાન પ્રાપ્તિ ઉપરાંત વર્તમાન સમયના આધુનિક માનસશાસ્ત્રઓ સંવેદન, ઊર્મિ, હેતુઓ વગેરેનો પણ અભ્યાસ કરતાં થયાં છે. માનસશાસ્ત્ર શરીરશાસ્ત્ર અને જીવ સાથે ગાઠ રીત સંકળાયેલું છે.દશ્ય અને શ્રાવ્ય સંવેદન મનુષ્યની શરીર રચના સાથે ગાઢ રીતે સંકળાયેલાં છે. તો બીજી તરફ માનવીય સંવેદના, ઊર્જા-લાગણી, હેતુ વગેરે વ્યક્તિના સામાજિક સંબંધો સાથે સંકળાયેલા છે. આ બધાં વ્યક્તિત્વને ઘડનારા પરિબળો છે. માનવશાસ્ત્રમાં વ્યક્તિત્વે પાયાનો વિષય છે. માનસશાસ્ત્ર વ્યક્તિત્વ ઘડતરની પ્રક્રિયાઓને માનસિક શક્તિ, મનનું બંધારણ, માનસિકતા અને વ્યક્તિગત અનુભવના સંદર્ભમાં સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે.સમાજશાસ્ત્ર આ બાબતોને સામાજિક સંબંધો, સંસ્કૃતિ, સામાજિક સંરચના કે સામાજિકરણના સંદર્ભમાં મૂલવવાનો પ્રયાસ કરે છે.

સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના સહિયારા સંબંધનું ઉદાહરણરૂપે સમાજલક્ષી મનોવિજ્ઞાનને દર્શાવી શકાય.સમાજલક્ષી મનોવિજ્ઞાન વિશિષ્ટ સામાજિક સંદર્ભમાં મુકાયેલી વ્યક્તિની વર્તણૂંક ઉપર સામાજિક સંદર્ભ કેવી અસર પેદા કરે છે તે દર્શાવે છે. ચુંટણી સમયના જનમત સર્વેક્ષણ, ટોળાંનું વર્તન, સામૂહિક ચળવળો, લોક આંદોલનો વગેરે સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન બન્નેના અભ્યાસના સમન્વય સાથેના અને અલગ અલગ રીતના અભ્યાસ વિષયો છે.

આમ, સમાજશાસ્ત્ર સમાજજીવનનાં બધાં પાસાંનો અભ્યાસ કરે છે, જયારે અન્ય સામાજિક વિજ્ઞાનો સામાન્ય રીતે સમાજજીવનના કોઈને એક પાસાનો અભ્યાસ કરે છે. અર્થશાસ્ત્ર સમાજના આર્થિક પાસાંનો, રાજયશાસ્ત્ર સમાજના રાજકીય પાસાનો, ઇતિહાસ ઐતિહાસિક બનાવોનો, મનોવિજ્ઞાન વ્યકિતના વર્તન અને અનુભવોનો તથા સાંસ્કૃતિક માનવશાસ્ત્ર માનવસંસ્કૃતિનો અભ્યાસ કરે છે. આમ, બધાં સામાજિક વિજ્ઞાનો તેમના વિષયવસ્તુ અને પરિપ્રેક્ષ્યમાં એકબીજાથી જુદાં પડે છે. બધાં સામાજિક વિજ્ઞાનો તેમના આગવા દષ્ટિબિંદુથી તેમના વિષયવસ્તુનો અભ્યાસ કરે છે; પરંતુ, સમાજજીવનનાં વિભિન્ન પાસાં જેવાં કે આર્થિક, રાજકીય, ઐતિહાસિક, વાર્તનિક અને સાંસ્કૃતિક

વગેરે પરસ્પર સંકળાયેલાં છે. આથી સામાજિક વિજ્ઞાનોના કેટલાંક અભ્યાસ વસ્તુના અભ્યાસમાં તેમની વચ્ચેનો ભેદ પાડવો મુશ્કેલ બને છે.

**2.3.2 સમાજશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર :**

સમાજશાસ્ત્ર એ સમાજનું વિજ્ઞાન છે જયારે રાજયશાસ્ત્રએ રાજ્ય કે રાજકીય વ્યવસ્થાઓની સમજ આપતું સામાજિક વિજ્ઞાન છે. રાજયશાસ્ત્રમાં રાજયશાસ્ત્રીય સિદ્ધાંતો અને રાજયવ્યવસ્થા તથા સરકાર અંગે અભ્યાસ કરવામાં આવે છે. રાજ્યશાસ્ત્ર શાસક અને શાસિત(પ્રજા)વચ્ચેના સંબંધોની રીતે તપાસે છે.શાસક દ્વારા ચલાવતા સરકારી વહીવટ અને રાજકીય સિદ્ધાંતોનો વિચાર જેમાં મુખ્ય હોય છે. રાજયશાસ્ત્ર માનવીની રાજકીય પ્રવૃત્તિ, રાજકીય સંબંધો અને રાજકીય સંગઠનોનો અભ્યાસ કરે છે;પરંતુ, માનવીના રાજકીય વર્તન અંગે ઓછું ધ્યાન અપાય છે. જયારે સમાજશાસ્ત્ર રાજ્યના નાગરિકોના જીવનના(સમાજજીવન)તમામ પાસાંઓનો અભ્યાસ કરે છે. રાજ્યની તંત્ર વ્યવસ્થાનો પણ તેમાં સમાવેશ થાય છે. જયારે રાજયશાસ્ત્ર રાજતંત્રની મર્યાદાઓમાં સમાઈ જતી પ્રક્રિયાઓનો જ અભ્યાસ કરે છે. પ્રશિષ્ટ સમાજશાસ્ત્રી રોબર્ટ મર્ટન, મેક્સવેબર વગેરે એ સમાજશાસ્ત્રીય અભિગમના આધારે રાજકીય ઘટનાઓનો અભ્યાસ કર્યો છે. બન્ને શાસ્ત્રો વચ્ચે અભ્યાસના સંદર્ભે પાયાનો ભેદ પણ જોવા મળે છે. જેમ કે રાજ્યશાસ્ત્ર રાજ્યની બિનસાંપ્રદાયિક નીતિનો અભ્યાસ હાથ ધરે તો તેમાં રાજકીય નીતિ તથા વિભિન્ન ધાર્મિક જૂથો અને વ્યક્તિઓના રાજ્યની સાથેના સંબંધોને લક્ષમાં લે છે જયારે સમાજશાસ્ત્ર રાજ્યની બિનસાંપ્રદાયિક નીતિનો વિભિન્ન જૂથો/સંસ્થાઓ પર કેવી અસર પડશે તે બાબતેનો અભ્યાસ પ્રસ્થાપિત સામાજિક ધોરણો અને મૂલ્યોની એક ઢબ તરીકે કરે છે.

આ બંને શાસ્ત્રો વચ્ચે આ રીતનો ભેદ હોવા છતાં સમાજશાસ્ત્રીઓ દ્વારા બન્ને શાસ્ત્રોના શાસ્ત્રીય સિદ્ધાંતોને આધારે અભ્યાસો થયાં છે. જેના આધારે રાજકીય બાબતોના અભ્યાસને જોડતી એક નવી શાખા રાજકીય સમાજશાસ્ત્ર (Political Sociologoy) પણ વિકાસ પામી છે.

રાજ્ય, રાજકીય સંસ્થાઓ, સરકાર, જાહેર વહીવટ વગેરે અંગેના રાજયશાસ્ત્રના અભ્યાસો સમાજશાસ્ત્રને ઉપયોગી બને છે તો રાજ્ય સરકાર, રાજ્ય સરકાર વગેરે અંગેના સમાજશાસ્ત્રીય અભ્યાસો રાજ્યશાસ્ત્રને ઉપયોગી નીવડે છે.

રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના સૈદ્ધાંતિક સમન્વય સાથેના અભ્યાસોના આધારે જાણીતા સમાજશાસ્ત્રી પ્રા.લીપ્સેટ એમ દર્શાવે છે કે, ‘રાજ્યશાસ્ત્ર વહીવટી તંત્રનું વિશ્લેષણ કરે છે, વહીવટીતંત્રને કઈ રીતે કાર્યક્ષમ બનાવવું એના અભ્યાસ તરફ વધુ ઝોક ધરાવે છે. જયારે રાજકીય સમાજશાસ્ત્રનો નોકરશાહી (બ્યુરોકસી)અને નોકરશાહીમાં પ્રવર્તતા પરસ્પર આંતરસંબંધો અંગે વધુ અભ્યાસ કરે છે.

તાજેતરના વર્ષોમાં રાજ્યશાસ્ત્રમાં માનવીની રાજકીય વર્તણૂંક ઉપર વધુને વધુ લક્ષ અપાતું જાય છે. ખાસ રીતે ગેબ્રિઅલ, આલપોન્ડ, ડાહલ જેવાં રાજ્યશાસ્ત્રીઓના નોંધપાત્ર વૈજ્ઞાનિક અભ્યાસોના કારણે સમાજશાસ્ત્ર અને રાજયશાસ્ત્ર વચ્ચેના ભેદ બહુ ઝડપથી અદશ્ય થતાં જાય છે.જેના પરિણામે રાજકીય પ્રક્રિયાઓના અભ્યાસનું એક નવું વાર્તનીક વિજ્ઞાન વિકસી રહ્યું છે.

**2.3.3 સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર :**

આર્થિક પ્રવૃત્તિઓ માનવીના સમાજજીવન પર વ્યાપક અસર પાડે છે. વિવિધ સમાજશાસ્ત્રીઓ જેવા કે વિલ્ફ્રેડ પેર્રટો, મેક્સવેબર વગેરેએ સામાજિક પરિવર્તનમાં ભાગ ભજવતી આર્થિક બાબતો વિશે સંશોધનો પણ રજૂ કર્યા છે. આપણી બહુ જાણીતી ગુજરાતી કહેવત ‘નાણાં વગરનો નાથિયો,

નાણેં નાથાલાલ' સામાજિક જીવનમાં આર્થિક બાબતનો પ્રભાવ દર્શાવે છે, ચાલો, આપણે અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની સમજ મેળવીએ.

અર્થશાસ્ત્ર વસ્તુઓ અને શ્રમના ઉત્પાદન અને વિતરણનો અભ્યાસ કરે છે. અર્થશાસ્ત્ર આ અભ્યાસ માત્ર આર્થિક દૃષ્ટિબિંદુથી જ કામ કરે છે. આ ઉપરાંત ઓછાંમાં ઓછાં વળતરે વધુમાં વધુ લાભ લેતા એક 'આર્થિક માનવી (Economic Man) ની સંકલ્પના અર્થશાસ્ત્રએ સ્વીકારી છે. જ્યારે સમાજશાસ્ત્રએ માનવીને સામાજિકપ્રાણી (Social Animal) તરીકે સ્વીકાર્યા છે.

જાણીતા કવિ રમેશ પારેખની સરળ મજાની રચનાથી આર્થિક બાબતો સમાજજીવનમાં કેટલી ઉપયોગી છે, એ સમજાવી શકાય. રમેશ પારેખ લખે છે :

"ડુંડે ઉગ્યા છે રુડા દાણા

પટલાણી, ચાલોને કરીએ દિકરીઓના આણાં"

અર્થશાસ્ત્ર માલ અને ઉત્પાદન સાથે સંબંધ ધરાવે છે પણ સમાજશાસ્ત્ર આર્થિક બાબતો જે સમાજના તાણાંવાણાં જેમ વણાયું છે તેનો અભ્યાસ કરે છે.

એન્કલેસના જણાવ્યા અનુસાર, અર્થશાસ્ત્ર ઉત્પાદન અને માલ તથા સેવાની વહેંચણીનો અભ્યાસ કરે છે. તે આર્થિક પરિબળો વચ્ચેના આંતર સંબંધો તપાસે છે. એટલે કે અર્થશાસ્ત્ર આર્થિક ક્રિયા અને તેમાંથી ઉદ્દભવતા આર્થિક પ્રશ્નોને કેન્દ્ર સ્થાને રાખે છે.

સમાજશાસ્ત્ર માનવીની બધી સામાજિક ક્રિયાનો અભ્યાસ કરે છે. આર્થિક ક્રિયા પણ સામાજિક ક્રિયા છે. તે સામાજિક ક્રિયા અને તેમાંથી ઉદ્દભવતા સંબંધો, જૂથો, સ્તરરચના, તે સર્વમાં થતાં પરિવર્તનો અને તેમાંથી ઉદ્દભવતી સમસ્યાઓનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્ર આર્થિક ક્રિયાનો અભ્યાસ સમાજના સંદર્ભમાં કરે છે. સમાન અભ્યાસ વિષયોમાં બંને એકબીજાના પરિપ્રેક્ષ્ય અને દૃષ્ટિબિંદુની બાબતમાં જુદાં પડે છે. અર્થશાસ્ત્ર માનવવર્તનને એક જ દૃષ્ટિબિંદુથી તપાસે છે. પ્રત્યેક માનવી ઓછામાં ઓછા કામ સાથે વધુમાં વધુ વળતર મેળવવા માંગે છે. આ વર્તનને અર્થશાસ્ત્ર આર્થિક વર્તન તરીકે ઓળખાવે છે; પરંતુ, વાસ્તવિક દૃષ્ટિએ જોઈએ તો સમાજજીવનમાં હંમેશા આમ હોતું નથી. વગર વળતરે- મળતરની અપેક્ષા સિવાય લાગણીના સંબંધે પણ માનવી કાર્ય કરતો હોય છે, જે અર્થશાસ્ત્રની વિચારસરણીમાં આવતું જ નથી. તેમ છતાં, સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રની અભ્યાસ પદ્ધતિ અને વિચારસરણીમાં ઘણી સમાનતા પણ છે. બંને શાસ્ત્રો અભ્યાસ વિષયની વિગતો સંખ્યાત્મક પદ્ધતિથી ચકાસે છે. તથા બન્ને શાસ્ત્રો સામાજિક સંબંધોનો અભ્યાસ વિવિધ વ્યવસ્થાઓનાઆધારે થતાં ગૂંફનમાંથી પણ કરે છે.બેકારી, હડતાળ, મજૂરોનો અભ્યાસ, મજુરસંઘોનો અભ્યાસ વગેરે બન્ને શાસ્ત્રોના સંમિશ્રણ સાથેના અભ્યાસો છે તેમ દર્શાવી શકાય.

### 2.3.4 સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર :

માનવશાસ્ત્ર માનવીનો અભ્યાસ કરે છે.તે માનવીની ઉત્પત્તિ, વિકાસ અને તેના સર્વે સર્જનોનો અભ્યાસ કરે છે. માનવશાસ્ત્ર સંસ્કૃતિને અભ્યાસના મુખ્ય વિષય તરીકે સ્વીકારે છે. જ્યારે સમાજશાસ્ત્ર સંસ્કૃતિના એક જ પાયાને સામાજિક સંરચનાને જ અભ્યાસના વિષય તરીકે સ્વીકારે છે.

સમાજશાસ્ત્ર સમાજ કલ્યાણ, સમાજસુધારણા અને સામાજિક પરિવર્તનને ધ્યાને લે છે ત્યારે માનવશાસ્ત્ર આ વિષયોને સ્પર્શતું નથી. પ્રારંભથી જ માનવશાસ્ત્રનું લક્ષ પ્રાગૌદ્યોગિક સમાજરચના અને સંસ્કૃતિના અભ્યાસ ઉપર વધુ પ્રમાણમાં કેન્દ્રિત હતું જ્યારે સમાજશાસ્ત્ર મુખ્યત્વે આધુનિક સમાજરચનાનો અભ્યાસ કરે છે.

માનવશાસ્ત્ર માનવી અને તેની સંસ્કૃતિના અભ્યાસ કરે છે. જ્યારે સમાજશાસ્ત્ર સમાજ રચના અને કાર્યો, સામાજિક સંબંધોની વ્યવસ્થા સહિતના સમાજના વિવિધ ભાગોનો અભ્યાસ કરે છે. અલબત્ત સમાજશાસ્ત્ર સંસ્કૃતિના અભ્યાસ પણ કરે છે. સમાજશાસ્ત્ર વ્યક્તિ અને વ્યક્તિ કે વ્યક્તિ જૂથ કે જૂથ-જૂથ વચ્ચેના સંબંધો સંસ્કૃતિ દ્વારા ઉપજ્યા હોય તેનો અભ્યાસ કરે છે. આમ, માનવશાસ્ત્રના કેન્દ્રમાં સંસ્કૃતિ હોય છે તો સમાજશાસ્ત્ર સંસ્કૃતિને સામાજિક સંબંધોના સંદર્ભે ચકાસે છે. બન્ને શાસ્ત્રો એકબીજાથી આમ ભલે અલગ હોય; પરંતુ, એકબીજાની સાથે સંકલિત પણ છે. બન્નેની અભ્યાસ પદ્ધતિઓ અને સંગ્રહિત વિગતોની વિશ્લેષણ પદ્ધતિ એટલા તો સમાન છે કે ઘણીવાર બન્નેને એકબીજાથી અલગ તારવવામાં મુશ્કેલ આથી જ ક્રોબર નામના સમાજવિજ્ઞાની માનવશાસ્ત્ર અને સમાજશાસ્ત્રને ‘જોડિયા બહેનો’ તરીકે ઓળખાવે છે.બન્ને વચ્ચેનો જો તફાવત જોઈએ તો એ છે કે માનવશાસ્ત્ર જ્યારે સંશોધન સંદર્ભે પથ્થકરણ કરે ત્યારે ગુણાત્મક રીતે કરે છે જ્યારે સમાજશાસ્ત્ર ગુણાતિક અને સંખ્યાત્મક બન્ને રીતે કરે છે.

### 2.3.5 સમાજશાસ્ત્ર અને ઇતિહાસ :

ઇતિહાસ ઘટનાઓને કાલાનુક્રમમાં ગોઠવવાનો પ્રયત્ન કરે છે એટલા પરતું ઇતિહાસને સમયના સંદર્ભમાં માનવવર્તનનો અભ્યાસ કરતાં શાસ્ત્ર તરીકે ઓળખાવી શકાય. જ્યારે સમાજશાસ્ત્ર સમકાલીન ઘટનાઓ વચ્ચેના સંબંધો શોધવાનો પ્રયત્ન કરે છે.જ્યારે ઇતિહાસ ભૂતકાલીન ઘટનાઓમાં વધુ રસ ધરાવે છે.

સમાજશાસ્ત્ર અદ્યતન ભૂતકાળમાં રસ તો ધરાવે છે; પરંતુ, તેનો વધુ રસનો વિષય કે સમય તત્કાલીન અથવા તો નજીકનો ભૂતકાળ વધુ હોય છે.

અત્યાર સુધીના ઇતિહાસકારોના લખાણો જોઈએતોતેમાંઘણાં ભાગે રાજકીય ઉથલપાથલ, રાજાઓ અને તેમણે કરેલા યુદ્ધોની વાતો વધુ જોવા મળે છે. સમયની સાથે સમાજમાં આવતા પરિવર્તનોની વાત ઝીલવામાં ઇતિહાસે રસ બતાવ્યો નથી.ટૂંકમાં સમાજમાં આવતા પરિવર્તનોની નોંધ ઇતિહાસમાં બહુ ઓછી આવે છે, જયારે સમાજશાસ્ત્ર માટે આ પરિવર્તન અને તેના અભ્યાસો જ મહત્ત્વના છે. આ બન્ને શાસ્ત્રોને આપણે વધુ સમજીએ.

ઈન્કલેસના જણાવે છે કે ઇતિહાસ ભૂતકાલીન બનાવોને કાળક્રમમાં ગોઠવીને અભ્યાસ કરે છે. જયારે સમાજશાસ્ત્ર એક જ સમયે બનતા બનાવો વચ્ચેનો સંબંધ તપાસે છે ઇતિહાસ ભૂતકાલીન બનાવો સાથે સંકળાયેલું છે. ઇતિહાસ મહત્ત્વના બનાવો સાથે સંબંધ ધરાવે છે, જયારે સમાજશાસ્ત્ર સર્વ સામાજિક બનાવો સાથે સંબંધ ધરાવે છે. સમાજશાસ્ત્ર બનાવો વચચેના આંતરસંબંધો તપાસે છે અને કાર્યકરણ ક્રમ ધરાવે છે. ઇતિહાસ વિભિન્ન વિશિષ્ટ લોકોના ઇતિહાસનું આલેખન કરે છે અને તે વિશિષ્ટિકરણ કરતું સામાજિક વિજ્ઞાન છે. જયારે સમાજશાસ્ત્ર સામાજિક જીવનના બધાં પાસાંનો અભ્યાસ કરી સામાન્યીકરણ કરતું હોવાથી તે સામાન્યીકરણ કરતું સામાજિક વિજ્ઞાન છે. ઈન્કીલીસ નોંધે છે તેમ, ઓછી મહત્ત્વની ઘટનાઓમાં જુદા જુદા સમયની સંસ્થાઓના અભ્યાસમાં ઇતિહાસે બહુ ઓછો રસ દાખવ્યો છે. જયારે આવી સંસ્થાઓનો અભ્યાસ સમાજશાસ્ત્રના રસનું કેન્દ્રીય બિંદુ છે. આમ, ઇતિહાસ અને સમાજશાસ્ત્ર તેમના વિષયવસ્તુ અને પરિપ્રેક્ષ્યની બાબતમાં એકબીજાની જુદા પડે છે. સમાન અભ્યાસવસ્તુમાં બંનેના પરિપ્રેક્ષ્યો ભિન્ન છે. તેમ છતાં બન્નેમાં સામ્ય પણ છે. ઘણાં ઇતિહાસકારો બર્ક હાર્ટ, ક્રાઉસ્ટન વગેરે સામાજિક સંબંધો, ધોરણોને ધ્યાનમાં લઈને રાજ્ય કે યુદ્ધનો ઉલ્લેખ કર્યા સિવાય પણ સંશોધન અભ્યાસો આપ્યા છે. તો મેક્સવેબર જેવા સમાજશાસ્ત્રીએ ઐતિહાસિક સમસ્યાઓનું સમાજશાસ્ત્રીય પદ્ધતિએ વિશ્લેષણ કર્યું છે. ઇતિહાસ અને સમાજશાસ્ત્રના શાસ્ત્રીય સામંજસ્યના પરિણામે સમાજશાસ્ત્રની અભ્યાસ પદ્ધતિઓમાં ‘ઐતિહાસીક પદ્ધતિ’ને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે.

**2.3.6 સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય :**

સમાજશાસ્ત્રલેટીન ભાષામાં 'SOCIUS' નો અર્થ 'COMPANION' એટલે કે સાથે જીવનારા અને ગ્રીક ભાષામાં logos એટલે કે શાસ્ત્ર. આમ આ બન્ને શબ્દોના સમન્યય થકી સમાજશાસ્ત્ર શબ્દ અસ્તિત્વમાં આવ્યો છે. જેનો અર્થ માનવ સમાજનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ તેવો થાય છે. તમામ સામાજિક વિજ્ઞાનો માનવ વર્તનનો અભ્યાસ કરે છે; પરંતુ, સમાજશાસ્ત્રનો અભિગમ, વિષયવસ્તુ અને સંદર્ભ એ તમામ અન્ય શાખાઓનું ભિન્ન છે.

ઈન્ડેક્ષ (1999) સમાજશાસ્ત્રને ત્રણ વિભિન્ન વિષયવસ્તુ છે.

પ્રથમ તો સમાજશાસ્ત્રએ સમાજનો અભ્યાસ છે. જેમાં સમાજનો એક એકમ તરીકે પૃથ્થકરણ થાય છે.

અહીં તે આંતરિક વિભિન્નનાઓનો અભ્યાસ કરે છે. તેમજ તે કેવી રીતે આંતરક્રિયા કરે છે અને કેવી રીતે એકબીજાને પ્રભાવિત કરે છે.તેનો અભ્યાસ કરે છે. વ્યાવસાયિક સમાજકાર્ય અને સમાજશાસ્ત્ર બંનેનો ઉદ્દ્ભવ યુરોપના સમાજમાં 18મી સદીમાં થયો કે જેને સમાજમાં ધરખમ ફેરફારોના સમયગાળો હતો. તેમણે તેમના કાર્યાને પ્રતિપાદીત કરવા વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કર્યો, સ્વીકૃતી મેળવી અને લોકોનો ટેકો પ્રાપ્ત કર્યો. તે સમયે ખૂબ જ ઉચ્ચ કક્ષાનો જાહેર ચર્ચાઓ ગોઠવાની અને સમસ્યાનું સમાધાન મેળવાતું. દા.ત. સમાજકાર્યમાં અભિગમ અને સેન્ટમેન્ટ અભિગમોના સમાજકાર્યની દિશાને પ્રભાવિત કરી.

પરંતુ, સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય ઘણી બધી રીતે એકબીજાથી જુદા પણ પાડે છે. સમાજશાસ્ત્રમાં સૈદ્ધાંતિક છે અને સિદ્ધાંતોને પ્રતિવાદીની કરવાની બાબતને પ્રાધાન્ય અપાય છે. જયાં સમાજકાર્ય વ્યવહારું છે અને તે સમસ્યાને ઉકેલવાનું કાર્ય કરે છે. તેથી સમાજકાર્યકર ફકત પુસ્તકાલય અને પુસ્તકો કરતા વધારે સમય ક્ષેત્રમાં લોકો સાથે ગાળે છે. સમાજશાસ્ત્રના સિદ્ધાંતોએ સમાજની વાસ્તવિકતામાં આધારે બને છે. તેઓ સામાજિક ઘટનાનું વર્ણન કરવા કે સમજાવવા ચોક્કસ કારણ શું દર્શાવે છે. જયારે સમાજકાર્યની વાત કરી તેનો આ સિદ્ધાંતોઓ વ્યવહારકર્તા વ્યાવસાયિક સામાજિક કાર્યકર માટે ઓછું મહત્ત્વ ધરાવે છે. કારણ કે, તેમને વાસ્તવિક નિરાકરણ પર પહોંચવા માટે આ ઉપરાંત પણ અન્ય ઘણી બધી અન્ય બાબતોને ધ્યાનમાં રાખવી પડે છે. જયારે બીજી બાજુ સમાજશાસ્ત્રીઓ સમાજ કાર્યકરને સમસ્યા નિવારણલક્ષી વ્યકિત તરીકે જ જુએ છે. આ ઉપરાંત સમાજકાર્ય અને સમાજશાસ્ત્રમાં મહત્ત્વનો તફાવતએ સમાજશાસ્ત્રને મૂલ્યરીતની વિદ્યાશાખામાં ગણવામાં આવે છે. હેતુલક્ષીપણું અને તટસ્થતાને ગુણ ગણવામાં બને છે. જયારે સમાજકાર્યએ મૂલ્યો આધારીત વ્યવસાય છે. જેનો માનવીય સિદ્ધાંતોને આધારે કાર્ય કરે છે. સમાજશાસ્ત્રનો સમાજકાર્ય પર મહત્ત્વનો પ્રભાવ છે. ચોર્લ્સબુથ (Charles Booth) નો ગરીબી પરના કાર્યોએ સમાજને નવો માર્ગ ચીંધ્યો. સામાજિક પૃથ્થકરણ વડે સૈદ્ધાંતિક પરિપેક્ષ્ય પ્રાપ્ત થાય છે. જેના આધારે નિતિઓ અને કાર્યો ઘડાય છે. જે સમાજકાર્યકરો (ractitioners) સુનિયોજીત સુચારૂ પૃથ્થકરણ માટે ઉપયોગમાં લે છે. જેથી આપણી સમજમાં કયારે શું કરવું અને શા માટે કરવું તે અંગેનો વધારો થાય છે. (Dominelli,1997) સમાજકાર્યના નીચે દર્શાવેલા વિસ્તારોમાં સમાજશાસ્ત્રનું મહત્ત્વનું યોગદાન છે.

(1) સમાજશાસ્ત્રમાં પર્યાવરણતંત્ર સિદ્ધાંતનો ઉપયોગ સામાજિક હસ્તક્ષેપનાં મોડેલમાં થાય છે, જેનાં સેવાર્થી તંત્રોને પર્યાવરણનાં ભાગ તરીકે ગણના થાય છે તેમજ પર્યાવરણથી પ્રભાવિત થાય છે. (જમેઈન, કેરલઈન રીઈમર 1944, 103)

(2) સમાજશાસ્ત્રના મહત્ત્વના ત્રણ અભિગમો જેવા કે, માળખાગત કાર્યાભિકતાં વાદીમાં કેસીયન,

અને આંતરક્રિયાવાદી એ સમાજકાર્યને પ્રભાવિત કરેલું છે. માર્કસીયન સિદ્ધાંત વડે સમાજકાર્ય કરને સમાજના વિવિધ ભાગોનાં થતાં સુધારોને સમજી શકવામાં મદદરૂપ થાય છે અને તે સમજી શકાય છે. સમાજના વિવિધ ભાગોમાંથી વચ્ચે હિતોનો ટકરાવ રહેલો હોય છે. આ પરિપેક્ષોએ સમાજિક કાર્યકરને પોતાનો વ્યાવસાયિકોના હિતોની સેવા પૂરી પાડે છે. તે વિવેચનાત્મક રીતે સમજવામાં મદદ પૂરી પાડે છે. વધુમાં તેનાથી વ્યાવસાયિક સમાજકાર્યકરોને સામાજીક નિતિઓને પ્રભાવિત કરવા કાયદાઓના વકીલાત કરવા તેમજ કાર્યકરો આયોજન કરવાનું મોડેલ પુરું પાડે છે. ઈન્ટીગ્રેટીઓનીસ્ટ પેથએ ઉપસરકૃતિ અને વિથલીનની સમજ પૂરી પાડવામાં યોગદાન આપે છે. એમાનાં કેટલાંક મુખ્ય સિદ્ધાંત આપનારા અને તેમનાં ખ્યાલોનો સમાજકાર્ય આ ઉપયોગ થતો હોય તેની યાદીમાં સત્તાનો ફોકોલ્ટ ખ્યાલ (foucault concept) માર્ક્સ, ગોફનો (goff) માનવીનાં સંદર્ભનો ખ્યાલ મહત્ત્વનો છે.(ડોમીનેલી, 1997, 82) (Dominelli, 1997, 82)

(3) સામાજિક ખ્યાલો જેવા કે ભૂમિકા, દરજ્જો, સત્તા, અધિકાર, સામર્થ્ય, અધિકારો, જવાબદારી, જૂથો, સમુદાયોને શબ્દોનો ઉપયોગ વૈયકિત સેવાકાર્ય, જૂથકાર્ય અને સમુદાયિક સંગઠનમાં થાય છે. જેનાથી સમાજકાર્ય વ્યવહાર સમૃદ્ધ બને છે.

(4) કુટુંબનો અભ્યાસ, કુટુંબોનાં પ્રકારો, કુટુંબના સભ્યોની બદલાતી ભૂમિકાઓ, કુટુંબના અને તેના સભ્યોના કાર્યોમાં આવતા પરિવર્તનો અને તેના પ્રશ્નો અને સમસ્યાં નિવારણનાં રસ્તાઓ અને સાધનો.

(5) વૃદ્ધોની સમસ્યાઓ અને તેનાં નિવારવાના સમાધાનો.

## 2.4 ઉપસંહાર :

આ એકમમાં આપણે સમાજશાસ્ત્રને એક વિજ્ઞાન તરીકે સમજયા તેમજ તેનો સમાજવિજ્ઞાનો જેવા કે મનોવિજ્ઞાન, માનવશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, સમાજકાર્ય વગેરે સાથેના સંબંધો સમાજકાર્ય કરવામાં આગળ સમાજશાસ્ત્ર કેવી રીતે ઉપયોગી નીવડશે, તેની પણ ટૂંકમાં સમજ આપી છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. અથિર્ક માનવિની સંકલ્પના કોને સ્વીકારી છે ?

   (A) અર્થશાસ્ત્ર  (B) સમાજશાસ્ત્ર

   (C) રસાયણશાસ્ત્ર  (D) ભૌતિકશાસ્ત્ર

2. કોને માનવીને સામાજિકપ્રણી તરીકે સ્વીકાર્યા છે ?

   (A) અર્થશાસ્ત્ર  (B) સમાજશાસ્ત્ર

   (C) રસાયણશાસ્ત્ર  (D) જીવશાસ્ત્ર

3. ''ડુંડે ઉગ્યા છે રુડા દાણા પટલાણી ચાલોને કરીએ દિકરીઓના આણાં'' આ કોને લખ્યુ છે ?

   (A) રમેશ પારેખ  (B) એન્કલેસ

   (C) માર્ક્સ  (D) ડોમનેલી

4. ઇ.સ. 1999 સમાજશાસ્ત્ર ત્તણ વિભિન્ન વિષયવસ્તું કોને દર્શાવ્યા છે ?

   (A) ઇન્ડેક્ષ  (B) એન્કલેસ

   (C) માકર્સ  (D) ડોમનેસી

5. અર્થશાસ્ત્ર ઉત્ત્પાદન અને માત તથા સેવાની વહેંચણી નો અભ્યાસ કરે છે કોને જણાત્યું છે ?

(A) એન્ડલેસ (B) ઈન્ડેક્ષ

(C) જમેઈન (D) કેરલઈન રીઈમર

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (1) અર્થશાસ્ત્ર
2. (2) સમાજશાસ્ત્ર
3. (1) રમેશ પારેખ
4. (1) ઈન્ડેક્ષ
5. (1) એન્કલેસ

## 2.7 ચાવીરૂપ શબ્દો :

1 **સમાજકાર્ય :** સમાજકાર્ય એક વ્યવસાય છે જેનો વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા અભ્યાસ કરવામાં આવે છે જેમાં વ્યકિત, જૂય અને સમુદાયના સભ્યોને એવી રીતે મદદકરવામાં આવે છે કે વ્યકિત પોતે-પોતાની રીતે સક્ષમ બની શકે.

2 **નૃવંશશાસ્ત્ર :** માનવજાકિત ઉત્પતિથી લઈ થયેલા વિકાસની વિચારણા આપતી વિદ્યા ‘‘એટનોલોજી’’ ‘‘એન્થોપોલોજી’’ લ્યોનગોન.

## 2.8 સ્વાધ્યાય લેખન

1. ‘સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે.’

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

2. સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્રઃ જોડિયા બહેનો

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

3. સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

4. સમાજશાસ્ત્ર અન્ય સામાજિક વિજ્ઞાનો જેવા કે ઇતિહાસ, સમાજશાસ્ત્ર, માનવશાસ્ત્ર, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર કેવી રીતે અલગ પડે છે? સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

5. સમાજકાર્ય અને સમાજશાસ્ત્ર વચ્ચેની સામ્યતા અને તફાવત દર્શાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

6. સમાજશાસ્ત્રનો અર્થ અને સવિસ્તર સમજ આપો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

7. 'માનવશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર બે જોડિયા બહેન છે'.- સમાજ વિજ્ઞાની ક્રોબરનું વિધાન સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

8. સમાજશાસ્ત્રની અભ્યાસ પદ્ધતિ અને ઇતિહાસ- સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

9. સમાજકાર્યના અભ્યાસની કઇ બાબતોમાં સમાજશાસ્ત્રનું યોગદાન મહત્વનું છે- તેની ચર્ચા કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 2.9 પ્રવૃત્તિ (Activities)

1. તમે વાંચેલ માલ અને ઉત્પાદન સાથે સબંધ તમારા વિચારો અનુસાર વર્ણવો.
2. માનવશાસ્ત્ર માનવીનો અભ્યાસ કરે છે તે વિગતે વર્ણવો.
3. વૃધ્ધોની સમસ્યાઓ અને તેના નિવારણના પગલાઓ વર્ણવો.

## 2.10 કેસસ્ટડી (Case Study)

1. કોઇપણ એક વૃધ્ધની સમસ્યા જણાવી તે સમસ્યાનું સમાધાન રેવી રીતે લાવી શકાય તે વર્ણવો.
2. સંયુકત કુટુંબના પ્રશ્ન કેવા-કેવા હોય છે તે વર્ણવો.

## 2.11 સંદર્ભગ્રંથ :


(1) Mc. Kee. Jamr B, 1981, Sociology : The Study of Society, New yourk, Holt, Rinehart and Wison :

(2) Ogburn and Nimkoff, 1972. A Handbook of Sociology. New Delhi : Eurasian Publishing House.

(3) <http://www.yourarticlelibrary.com/man/essay-on-man-as-a-social-animal-1623-words/6260/>

(4) Registrar,Dr.BabaSaheb Ambedkar Open University, ;DFHGM VeIF;4 ESO-01

(5) Essential of Sociology- Broom, Selzavik, Broom, F.E.PEACOCK Publication, U.S.A., 1984

(6) પ્રો.જે.કે.દવે., અનડા પ્રકાશન, અમદાવાદ સમાજશાસ્ત્ર પરિચય, 2011–12

(7) પારિભાષિક કોશઃ સમાજશાસ્ત્ર સંપાદકઃ વિદ્યુત જોષી, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિમાર્ણ બોર્ડ,અમદાવાદ, વર્ષ : 1997

(8) સમાજશાસ્ત્ર શું છે? લેખકઃ ધૈર્યબાળાબહેન પી. વોરા, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, વર્ષ:1978

(9) સમાજ ખંડઃ 1-2 લેખકઃ મેકાઈવર અને પેઈજ, અનુવાદઃ અક્ષરકુમાર આર. દેસાઈ, ગુજરાત યુનિવર્સિટી, પ્રથમ આવૃત્તિ 1961.

(10) વ્યાવસાયિક સમાજકાર્ય, લેખકઃ ગીતા ચાવડા, પ્રકાશક-લોકનિકેતન, રતનપુર તા.પાલનપુર, જિ.બનાસકાંઠા, વર્ષઃ 2008

(11) વ્યાવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો લેખક.ડૉ. આનંદી પટેલ, પ્રકાશકઃ વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ, વર્ષઃ 2009.

(12) સમાજશાસ્ત્રીય પરિચય, લેખક બી.કે. નાગલા, શિવ બહાલસિંહ, NCERT, New Delhi, 2002.

# એકમ–3 સામાજિક સંરચનાની લાક્ષણિકતાઓ અને સંરચના સંબંધીત ખ્યાલો–1

## : એકમનું માળખું :


3.0 એકમના હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 સમાજ-સામાજિક સંબંધોની વ્યવસ્થા

3.3 સમાંજક સંરચના

3.4 સમાંજક સંરચના અર્થ

3.5 સમાંજક સંરચનાતી વિશેષતાઓ

3.6 સમાંજક દરજ્જો અને સામાજિક ભૂમિકા

3.7 સમાંજક દરજ્જાનો અર્થ અને પ્રમરો

3.8 સમાંજક દરજ્જાનો અર્થ અને તેની વિશેષતાઓ

3.9 ઉપસંહાર

3.10 તમારી પ્રગતિ ચકાસો

3.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

3.12 ચાવીરૂપ શબ્દો (Glossary)

3.13 સ્વાધ્યાય લેખન (Assignment)

3.14 પ્રવૃત્તિ (Activities)

3.15 કેસસ્ટડી (Case Study)

3.16 સંદર્ભગ્રંથ


## 3.0 એકમના હેતુઓ

સમાજની સમજૂતી મેળવવા માટે સામાજિક સંરચના સામાજિક વ્યવસ્થાની સમજ મેળવવી જરૂરી છે. સામાજિક સંરચના અને સામાજિક વ્યવસ્થાના અભાવમાં સામાજિક ધ્યેયોનો સંતોષ મેળવી શમતો નથી વિદ્યાર્થી મિત્રો, એકમમાં તમે

– સામાજિક સંરચના અને સામાજિક વ્યવસ્થાની સમજૂતી મેળવી શકશો.

– સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિમ વિશે જાણ શમ્શો.

## 3.1 પ્રસ્તાવના

ભારત દેસ અન્ય દેશોની સરખામણીમાં ઘણોજ વિવિધતા સભર દેશ છે ભારત દેશની સંસ્કૃતિ, ધર્મ, ભાષા, આ બધામાંજ વિવિધતા જોવા મળે છે. ઉપરાંત દેશમાં સામાજિક સંરચના અને સામાજિક વ્યવસ્થામાં પણ વૈવિધ્ય જોવા મળે છે. સામાજિક સંરચના સંદર્ભ તેને જુદા-જુદા સમાજ શાસ્ત્રીઓને તેની સંજૂતી આપેલ છે જેમા હર્બટ સ્પેંસર જૈવકીય અનુરૂપતાથી એટલા બધા પ્રભાન્યત હતા કે તેમણે સામાજિક સંરચનાની તુલના માનવ શરીરથી રકી છે. તેમણે કહેવું કતું કે જે રીતે શારીરિના વિવિધ અંગો-વપવો હોય છે અને તેનાથી શારીરિક બંધારણ ઘડાય છે તેવી જ રીતે સમાજના પણ વિવિધ અંગો-વપવો હોય છે જે સામાજિક સંરચનાથી એક ઉત્કૃષ્ટ સમાજનું ઘડતર કેર છે. સામાજિક સંરચની

એટલે એક એવી વ્યવસ્થા કે જેમાં તે વ્યવસ્થા અને સંરચનાના વિભિન્ન ધટમે એક બીજા સાથે જોડાયેલા હોય. સામાજિક સંરચનામાં ઘટમે જોડાયાલા હોય છે જેમાં માનવસમૂહ સંસ્થાઓ જેવી કે કુંટુંબ, લગ્ન વ્યવસ્થા, સમાજ, આબધાજ ઘટકોમાં વ્યક્તિઓ પરસ્પર પ્રેમ, હસરની ભાવનાથી જોડાયઇને એક સામાજિક વ્યવસ્થાને મૂર્તરૂધ આપે છે. જેથી આ એકમમાં વિષપને વધુ સમજવા માટે સામાજિક સંરચના તથા સાંજિક દરજજો ને જ્ઞામાજિક ભૂમિમનો પણ વધું સ્પષ્ટ ખ્યાલ આપેલ છે.

## 3.2 સમાજ – સામાજિક સંબંધોની વ્યવસ્થા :

સમાજશાસ્ત્ર કે સમાજ કાર્યના અભ્યાસનું કેન્દ્રબિંદુ સમાજ છે. રોજિંદા જીવનવ્યવહારમાં પ્રયોજાતા 'સમાજ' શબ્દથી આપણે સૌ કોઈ પરિચિત છીએ. આપણી રોજિંદી બોલચાલની ભાષામાં પણ આ શબ્દનો વારંવાર ઉપયોગ આપણે કરીએ છીએ; પરંતુ, અહીં એક બાબત વિશેષ ઉલ્લેખનીય છે કે, જુદા જુદા અર્થોમાં પ્રયોજાતા આ શબ્દની સમાજવિજ્ઞાનમાં એક ચોક્કસ પ્રકારની અર્થછાયા છે.

મેક આઈવર અને પેજ નામના સમાજશાસ્ત્રીઓ સમાજની વિભાવનાને સ્પષ્ટ કરતા જણાવે છે કે,, સમાજ એટલે સામાજિક સંબંધોનું ગુંફન. મેકઆઈવર અને પેજે આપેલી આ વ્યાખ્યાના આધારે આપણે એમ કહી શકીએ કે જુદી જુદી વ્યક્તિઓ વચ્ચેના સામાજિક સંબંધોની ગૂંથણીમાંથી જે રચના નિર્માણ પામે છે તેને જ આપણે સમાજ તરીકે ઓળખીએ છીએ. જુદી જુદી વ્યક્તિઓ વચ્ચેના સામાજિક સંબંધોના ગુંફનમાં સામાજિક સભાનતાનું તત્ત્વ અનિવાર્ય છે. સામાજિક સભાનતા વિના સામાજિક સંબંધોનું નિર્માણ થઈ શકતું નથી. દા.ત. કૉફી ટેબલ પર મૂકવામાં આવેલા કૉફીના કપ અને કૉફી ટેબલ વચ્ચે ભૌતિક નિકટતા હોવા છતાં બંને એકબીજાના અસ્તિત્વથી અજાણ છે. આથી, બંને વચ્ચેનો સંબંધ ભૌતિક સંબંધ કહેવાય; પરંતુ, તેને આપણે સામાજિક સંબંધ કહી શકીએ નહીં. સામાજિક સંબંધ ભૌતિક સંબંધ કરતા અલગ છે. સામાજિક સંબંધમાં વ્યક્તિ એકબીજાના અસ્તિત્વથી સભાન હોય છે. આ માટે ભૌતિક અંતર મહત્ત્વનું નથી. માતા-પિતા અને સંતાનો વચ્ચેના સંબંધો કે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના સંબંધોને આપણે સામાજિક સંબંધો તરીકે ઓળખાવી શકીએ.

સામાજિક સભાનતાની જેમ જ સામાજિક સંબંધોમાં બે કે બેથી વધુ પક્ષો અને તેમની વચ્ચે થતી સામાજિક આંતરક્રિ યાનું તત્ત્વ પણ એટલું જ અનિવાર્ય બને છે. આ બેથી વધુ પક્ષોમાં બે કે તેથી વધુ વ્યક્તિઓ પણ હોઈ શકે કે જૂથો પણ હોઈ શકે; પરંતુ, તેમાં શરત એટલી જ છે કે, તેમની વચ્ચે સામાજિક આંતરક્રિયા થતી હોવી જોઈએ. વ્યક્તિ પોતાની જુદી જુદી આવશ્યક્તાઓને પરિપૂર્ણ કરવા માટે અનેક લોકો સાથે સંપર્કમાં આવે છે અને આ રીતે જોઈએ તો તેના સામાજિક સંબંધોનું એક વૈવિધ્યપૂર્ણ જાળું તૈયાર થાય છે. આમ, આપણે કહી શકીએ કે, સમાજ એ સામાજિક સંબંધોના તાણાવાણાથી નિર્માણ પામેલી એક સંરચના છે.

## 3.3 સામાજિક સંરચના :

અમદાવાદ શહેરના સરખેજ-ગાંધીનગર માર્ગ પર ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું વિશાળ પરિસર આવેલું છે. આ પરિસરમાં તાજેતરમાં જ નિર્માણ પામેલાં યુનિવર્સિટીના આકર્ષક ભવનો વિશેષ સુવિધાઓથી સજ્જ છે. આ પરિસરમાં જ કુલપતિશ્રીનું કાર્યાલય તેમજ પરીક્ષા વિભાગનું ભવન, સેમિનાર હૉલ, ઑડિટોરિયમ, વર્ચ્યુઅલ ક્લાસરૂમ જેવા વિવિધ ભવનો આવેલા છે. યુનિવર્સિટીના ભાગરૂપ આ ભવનોનું કાર્ય અલગ અલગ હોવા છતાં તેઓ પારસ્પરિક રીતે

એકબીજા સાથે સંકળાયેલા છે. વળી, પ્રત્યેક ભવન યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરે છે. આમ, પારસ્પરિક રીતે જોડાયેલા વિવિધ ભવનોના આ સમગ્રને આપણે 'ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી' તરીકે ઓળખીએ છીએ. બીજા શબ્દોમાં પરિસરમાં આવેલા આ વિવિધ ભવનોનો સમગ્ર એટલે જ 'યુનિવર્સિટી'ની સંરચના.

સંરચનાનો સરળ અર્થ 'માળખું' એવો થાય છે. 16 મી સદીમાં આ શબ્દનું પ્રયોજન કોઈ પણ સંપૂર્ણ વ્યવસ્થાના વિવિધ એકમો વચ્ચેના પારસ્પરિક સંબંધોને સમજવા માટે કરવામાં આવતો હતો. જો કે સંરચના શબ્દનું સૌથી વધુ પ્રયોજન શરીર વિજ્ઞાનના ક્ષેત્રમાં કરવામાં આવ્યું છે. ત્યારબાદ રાજકીય તત્ત્વચિંતકોએ આ શબ્દને જૈવકીય રૂપમાં પ્રયોજ્યો છે.

સમાજશાસ્ત્ર અને સામાજિક માનવશાસ્ત્ર એમ બંને સમાજવિજ્ઞાનોમાં 'સામાજિક સંરચના' શબ્દનું પ્રયોજન હંમેશાં થતું રહ્યું છે. સામાજિક સંરચના અને સામાજિક વ્યવસ્થા – આ બંને ખ્યાલો વચ્ચે આંશિક તફાવત હોવા છતાં બંને પરસ્પર એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. સામાજિક વ્યવસ્થા સમાજના કાર્યાત્મક પાસાંને વ્યક્ત કરે છે, જ્યારે સામાજિક સંરચના સામાજિક માળખાંને વ્યક્ત કરે છે. વળી, આમ જુઓ તો સમાજ પણ જુદા જુદા ભાગોમાં વહેંચાયેલો હોવાથી જ્યાં સુધી આ ભાગો કોઈ વ્યવસ્થિત રૂપરેખા તૈયાર ન કરે ત્યાં સુધી તેને અખંડ વ્યવસ્થા કહી શકાય નહીં. જ્યારે સમાજના આ જુદા જુદા ભાગો એક વ્યવસ્થિત રૂપરેખા તૈયાર કરે છે, ત્યારે તેને આપણે સામાજિક સંરચના તરીકે ઓળખીએ છીએ.

મોટેભાગે સન 1910માં માનવશાસ્ત્રી રેડક્લિફ બ્રાઉને જાણીતા સમાજશાસ્ત્રી ઈમાઈલ દુર્ખિમના પ્રદાન પર જે વ્યાખ્યાનો આપ્યાં હતાં એ વ્યાખ્યાન શ્રેણીનું શીર્ષક 'સામાજિક સંરચના' એવું રાખી સૌ પ્રથમ વખત 'સંરચના' શબ્દનો ઉપયોગ કર્યો હતો. તો, સમાજશાસ્ત્રમાં હર્બર્ટ સ્પેન્સરે સન 1958માં 'સંરચના' અને 'કાર્ય'ની સમજ આપતી વખતે 'સંરચના' શબ્દ પ્રયોજ્યો હતો. આ જ પેઢીના અન્ય લેખકોએ પણ 'સંરચના' શબ્દનો ઉપયોગ જૈવિક અર્થમાં કર્યો હતો. ઉદાહરણ તરીકે, શરીરની જ્યારે સંરચના તરીકે ઓળખ આપીએ તો હાથ, પગ, આંખ, નાક વગેરે જુદા જુદા અવયવો તેના એકમો છે. એવી જ રીતે સામાજિક સંરચના પણ વિવિધ ભાગોની બનેલી છે.

## 3.4 સામાજિક સંરચનાનો અર્થ :

વિદ્યાર્થી મિત્રો, સામાજિક સંરચનાની ઉપયુક્ત સમજૂતી પરથી તેના સામાન્ય અર્થ વિશે આપ માહિતગાર થયા હશો. હવે આપણે જુદા જુદા વિદ્વાનોએ આપેલા સામાજિક સંરચનાના અર્થની સૈદ્ધાંતિક સમજૂતી કેળવીએ.

**રેડક્લિફ બ્રાઉન** 'African System of Kinship and Marriage'માં સામાજિક સંરચનાનો અર્થ સમજાવતા લખે છે કે,, 'સામાજિક સંરચનાનું અંગ અથવા તો ભાગ મનુષ્ય છે અને સ્વયં સંરચના, સંસ્થા દ્વારા પરિભાષિત અને નિયમિત સંબંધોથી જોડાયેલી વ્યક્તિઓની એક પ્રકારની ગોઠવણ છે.' **ટાલ્કોટ પાર્સન્સ** 'Essays in Sociological Theory'માં સામાજિક સંરચનાની પરિભાષા સ્પષ્ટ કરતા લખે છે : 'સામાજિક સંરચના પરસ્પર સંબંધિત સંસ્થાઓ, એજન્સીઓ અને સામાજિક તરાહો તથા સમૂહમાં પ્રત્યેક વ્યક્તિ દ્વારા ગ્રહણ કરવામાં આવતા પદો તથા કાર્યોની ગોઠવણ છે.' પાર્સન્સ અહીં સામાજિક સંરચનાને એક આયોજનબદ્ધ ગોઠવણના રૂપમાં જુએ છે અને

તેથી તેઓ સામાજિક સંરચનાની જુદા જુદા ભાગોની ગોઠવણના સંદર્ભમાં સમજૂતી આપે છે. આ જુદા જુદા ભાગો જ પરસ્પર સંયોજિત થઈને સામાજિક સંરચનાનું નિર્માણ કરે છે.

મજૂમદાર અને મદન નામના વિદ્વાનો સંરચનાનું નિર્માણ કેવી રીતે થાય છે તે અંગે 'An Introduction to Social Anthropology'માં લખે છે કે, 'પુનરાવર્તન પામતા સામાજિક સંબંધોના તુલનાત્મક સ્થાયી પાસાંઓથી સામાજિક સંરચનાનું નિર્માણ થાય છે.' એચ.એમ. જહોન્સન 'Socioloy: A Systematic Introduction'માં લખે છે : 'કોઈ પણ વસ્તુની સંરચના તેના અંગો (ભાગો) ના અપેક્ષિત સ્થાયી આંતરસંબંધો દ્વારા નિર્માણ પામે છે. સામાજિક વ્યવસ્થા લોકો વચ્ચેની આંતરસંબંધિત ક્રિયાઓ દ્વારા નિર્માણ પામે છે.' જહોન્સન જણાવે છે કે, 'સામાજિક વ્યવસ્થામાં જોવા મળતી લોકો વચ્ચેની આ આંતરસંબંધિત ક્રિયાઓમાં નિયમિતતા અને પુનરાવર્તનની માત્રા કેટલી છે તેના પર સામાજિક સંરચનાનો આધાર રહેલો છે.'

જહોન્સને આપેલી સંરચનાની ઉપયુક્ત સમજૂતી પરથી એ સ્પષ્ટ થાય છે કે, તેઓ સામાજિક સંરચનાને અખંડ કે અતૂટ રચના નથી માનતા. જહોન્સનના મતે સામાજિક સંરચનાના નિર્માણમાં એકથી વધારે ભાગો કે એકમોના પરસ્પર જોડાણનું વિશેષ મહત્ત્વ છે. આભાગો વચ્ચે પરસ્પર સ્થાયી સંબંધ હોય છે. આ રીતે જોઈએ તો સામાજિક સંરચનાનું નિર્માણ લોકો દ્વારા પરસ્પર સંબંધિત ક્રિયાઓ કે કાર્યો દ્વારા થાય છે. જહોન્સનના મતાનુસાર આ ક્રિયાઓ અને કાર્યોનું પુનરાવર્તન અને તેમની વચ્ચેની નિયમિતતા સંરચના માટે આવશ્યક છે. તેના અભાવમાં સામાજિક સંરચના સંભવી શકે નહીં.

આમ, જુદા જુદા વિદ્વાનોએ આપેલી સામાજિક સંરચનાની પરિભાષામાં તફાવત હોવા છતાં તેમાં જોવા મળતા સર્વસામાન્ય મુદ્દાઓને આપણે નીચે મુજબ તારવી શકીએ.

1. સામાજિક સંરચના અનેક ભાગો કે એકમોના જોડાણથી રચાય છે.
2. સામાજિક સંરચનામાં આ ભાગો કે એકમો પરસ્પર આંતરસંબંધિત હોય છે.
3. સામાજિક સંરચના શબ્દ સામાજિક સંગઠન, સામાજિક વ્યવસ્થા કે સામાજિક સ્વરૂપના વ્યાપક અર્થમાં પ્રયોજાય છે અને સામાજિક સમૂહો, સંસ્થાઓ વગેરે તેના મુખ્ય ભાગો કે એકમો છે.

## 3.5 સામાજિક સંરચનાની વિશેષતાઓ :

સામાજિક સંરચનાની ઉપર્યુક્ત પરિભાષાઓ પરથી આપણે તેની વિશેષતાઓને વિસ્તૃત રીતે નીચે મુજબ સમજી શકીએ.

### 1. સામાજિક સંરચનાનું બાહ્ય સ્વરૂપ :

સામાજિક સંરચનાનું નિર્માણ જુદા જુદા ભાગો કે એકમોના સંયોજનથી થાય છે. આ ભાગો કે એકમો જ્યારે આંતરસંબંધિત વ્યવસ્થાના રૂપમાં વ્યવસ્થિત રીતે ગોઠવાય છે ત્યારે એક માળખું રચાય છે. ઉદાહરણ તરીકે આ પ્રકરણના આરંભમાં આપણે યુનિવર્સિટીના વિવિધ ભવનોની વાત કરી. આ ભવનોના બાહ્ય સ્વરૂપ પરથી જ આપણને યુનિવર્સિટીનો ખ્યાલ આવે છે. એવી જ રીતે સામાજિક સંરચના પણ આપણને બાહ્યસ્વરૂપનું જ્ઞાન કરાવે છે.

**2. એકથી વધારે ભાગો કે એકમો :**

જુદા જુદા વિદ્વાનોએ આપેલી સામાજિક સંરચનાની પરિભાષા પરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે, સામાજિક સંરચના એ કોઈ અખંડ રચના નથી; પરંતુ, જુદા જુદા ભાગો કે એકમોની બનેલી એક વ્યવસ્થા છે. વળી, સામાજિક સંરચનાની સૌથી વિશેષ બાબત તો એ છે કે, તેનો ઉદ્ભવ માત્ર એક જ ભાગ કે એકમના આધારે શક્ય બનતો નથી; પરંતુ, એકથી વધારે ભાગો કે એકમો પરસ્પર જોડાય છે ત્યારે જ તે સામાજિક સંરચના શક્ય બને છે. જુદા જુદા સામાજિક સમૂહો, સામાજિક સંસ્થાઓ, સામાજિક સમિતિઓ વગેરે સામાજિક સંરચનાના વિવિધ ભાગો છે અને તેના દ્વારા જ સામાજિક સંરચના શક્ય બને છે.

**3. જુદા જુદા ભાગો વચ્ચે ક્રમબદ્ધતા અને આંતરસંબંધિતતા :**

સામાજિક સંરચનાના વિવિધ ભાગો વચ્ચે એક પ્રકારની વ્યવસ્થિત ગોઠવણ જોવા મળે છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે માત્ર જુદા જુદા ભાગો કે એકમોના એકત્રીકરણ માત્રથી સંરચનાનું નિર્માણ થઈ જતું નથી; પરંતુ, આ ભાગો વચ્ચે એક પ્રકારની ક્રમબદ્ધતા અનિવાર્ય છે. ઉદાહરણ તરીકે માત્ર ઈંટ, સિમેન્ટ, લોખંડ, પથ્થર વગેરેના એકત્રીકરણથી ભવનનું નિર્માણ થઈ શકતું નથી, પરંતુ, તેના વ્યવસ્થિત સંયોજન અને ક્રમબદ્ધતાથી જ ભવનનું નિર્માણકાર્ય શક્ય બને છે.

વળી, જેમ જુદા જુદા ભાગો વચ્ચે ક્રમબદ્ધ ગોઠવણ જરૂરી છે એવી જ રીતે આ ભાગો વચ્ચેનો આંતરસંબંધ પણ એટલો જ અનિવાર્ય છે. જો જુદા જુદા ભાગો વચ્ચે આંતરસંબંધ ન હોય તો સંરચનાનું અસ્તિત્વ ટકી શકતું નથી.

આ રીતે સામાજિક સંરચનાના નિર્માણમાં જુદા જુદા ભાગો વચ્ચે ક્રમબદ્ધતા અને આંતરસંબંધ બંને ખૂબ જ મહત્ત્વના છે.

**4. સામાજિક સંરચના સ્થિર અને લાંબા સમય સુધી ટકી રહે છે :**

સામાજિક સંરચના મોટેભાગે સ્થિર અને લાંબા સમય સુધી ટકી રહે છે. જહોન્સના મતે સામાજિક સંરચનાનું નિર્માણ સમૂહો અને ઉપસમૂહો દ્વારા થાય છે, જે પ્રમાણમાં વધુ સ્થિર અને લાંબા સમય સુધી ટકી રહેનારા હોય છે.

**5. સામાજિક સંરચનાનું અમૂર્તપણું :**

મેકાઈવર અને પેજ તથા ટાલ્કોટ પાર્સન્સે સામાજિક સંરચનાની સમજૂતી આપતા તેની આ વિશેષતા સ્પષ્ટ કરી હતી. આ વિદ્વાનોનું માનવું છે કે, સામાજિક સંરચનાનું નિર્માણ કરનારા વિવિધ એકમો જેવા કે સામાજિક સમૂહો, સંસ્થાઓ, એજન્સીઓ વગેરે અમૂર્ત છે. તેમનું કોઈ ભૌતિક વસ્તુઓની માફક મૂર્ત સ્વરૂપ કે આકાર હોતો નથી. આ રીતે અમૂર્તપણું પણ સામાજિક સંરચનાની એક વિશેષતા છે.

**6. સામાજિક સંરચનાની પેટા સંરચનાઓ :**

અગાઉ જોયું તેમ સામાજિક સંરચના કોઈ અખંડ વ્યવસ્થા નથી; પરંતુ, તેની પણ અનેક પેટા સંરચનાઓ છે. કુટુંબ, જ્ઞાતિ, વર્ગ, શિક્ષણ, ધર્મ, આર્થિક સંસ્થા જેવી જુદી જુદી સંસ્થાઓની પણ પોતાની સંરચનાઓ હોય છે. અને આ રીતે અનેક પેટા સંરચનાઓ પણ સામાજિક સંરચનાના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**7. વિઘટનની શક્યતા :**

સામાજિક સંરચનામાં વિઘટનની સ્થિતિ પણ નિર્માણ પામી શકે છે. ઈમાઈલ દુર્ખિમ અને

રોબર્ટ મર્ટનેએનોમી અને ધોરણવિહિનતાના સિદ્ધાંતો દ્વારા જણાવ્યું છે કે,, અનેકવાર એવું પણ બને છે કે, સામાજિક સંરચના જસ્વયં સમાજમાં વિઘટનની સ્થિતિનું નિર્માણ કરે છે.

**8. સામાજિક સંરચનામાં સામાજિક પ્રક્રિયાઓનું મહત્ત્વપૂર્ણ યોગદાન :**

સામાજિક સંરચનાના નિર્માણમાં વિવિધ સામાજિક પ્રક્રિયાઓનું યોગદાન પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ પ્રક્રિયાઓમાં સામાજિક સંરચનાના નિર્માણમાં સહકાર આપનારી અને સહકાર નહીં આપનારી બંને પ્રકારની પ્રક્રિ યાઓ મહત્ત્વની છે. આ પ્રક્રિયાઓમાં સહકાર, અનુકૂલન, વ્યવસ્થાપન, સાત્મીકરણ, સંઘર્ષ, સ્પર્ધા વગેરેની ભૂમિકા મહત્ત્વની હોય છે. સામાજિક સંરચનાનું સ્વરૂપ નિર્ધારિત કરવામાં આ બધી સામાજિક પ્રક્રિયાઓના પ્રદાનને અવગણી શકાય નહીં.

## 3.6 સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા :

દરજ્જો અને ભૂમિકા એ સામાજિક સંરચનાના મહત્ત્વપૂર્ણ ઘટકો છે. અહીં બંનેના અર્થ અને તેની વિશેષતાઓનો પરિચય મેળવીએ.

સમાજમાં જ્યારે વ્યક્તિ એકબીજા સાથે આંતરક્રિયા કરે છે ત્યારે તેનો અન્ય વ્યક્તિ સાથેનો સામાજિક વ્યવહાર અને તેનું વર્તન કેટલાક સામાજિક ધોરણો મુજબ થાય છે. વ્યક્તિ રોજબરોજ જુદી જુદી અનેક વ્યક્તિઓના સંપર્કમાં આવે છે; પરંતુ, આ તમામ લોકો સાથે તેનો વર્તન-વ્યવહાર સમાન હોતો નથી. વ્યક્તિ પોતાના માતા-પિતા, ભાઈ-બહેન, શિક્ષક, પાડોશી, દુકાનદાર, મિત્રો એવા અનેક વ્યક્તિઓ સાથે સંપર્કમાં આવે છે; પરંતુ, તે તમામ સાથે તેનું વર્તન સમાન હોતું નથી. માતા-પિતા સાથે જેવું વર્તન હોય છે એવું વર્તન મિત્ર સાથે હોતું નથી, તો ઓફિસમાં જેવું વર્તન અન્ય કર્મચારીઓ સાથે હોય છે એવું વર્તન પરિવારના સભ્યો સાથેનું હોતું નથી. આમ, વ્યક્તિના અન્ય વ્યક્તિ સાથે વર્તન અંગેના કેટલાક પૂર્વનિર્ધારિત માપદંડ હોય છે, જે મુજબ વ્યક્તિનો વર્તનવ્યવહાર થાય છે. વળી, સમાજમાં વ્યવસ્થાનું નિર્માણ પણ ત્યારે જ શક્ય બને કે જ્યારે સમાજની અપેક્ષા મુજબ જુદી જુદી લાયકાત અને યોગ્યતા ધરાવતા વ્યક્તિઓ પોતાના સ્થાનને આધારે કાર્ય કરે અને પોતાની સામાજિક જવાબદારી અદા કરે. આમ, સમાજમાં પ્રત્યેક વ્યક્તિનું એક ચોક્કસ સ્થાન હોય છે અને તે મુજબ જે તે વ્યક્તિ પોતાની ફરજ અદા કરતી હોય છે. સમાજશાસ્ત્રીય પરિભાષામાં સમાજમાં વ્યક્તિના આવા ચોક્કસ સ્થાનને 'સામાજિક દરજ્જો' અને એ સામાજિક દરજ્જાને આધારે વ્યક્તિ જે ફરજ અદા કરે છે તેને 'સામાજિક ભૂમિકા' તરીકે ઓળખવામાં આવે છે.

## 3.7 સામાજિક દરજ્જાનો અર્થ અને તેના પ્રકારો :

રાલ્ફ લિંટન 'The Culutrual Background of Personality'નામના પુસ્તકમાં દરજ્જાનો અર્થ સ્પષ્ટ કરતા લખે છે કે,, 'કોઈ વ્યવસ્થા વિશેષમાં કે કોઈ સમય વિશેષમાં એક વ્યક્તિને જે સ્થાન પ્રાપ્ત થાય છે તે જ તે વ્યવસ્થા કે સમયના સંદર્ભમાં તે વ્યક્તિનો દરજ્જો છે.'

ઓગબર્ન અને નિમ્કોફ 'A Handbook of Sociology'માં દરજ્જાની સમજૂતી આપતા લખે છે કે,, 'દરજ્જાની સૌથી સરળ પરિભાષા એ છે કે, તે સમૂહમાં વ્યક્તિના સ્થાનનું પ્રતિનિધિત્વ કરે છે.'

કિમ્બોલ યંગ 'A Handbook of Psychology'માં દરજ્જાને સમજાવતા લખે છે કે, 'Status means relative poison rank, or Standing of a person in a group, or of a group in reference to Some other group or group'.

આમ, સામાજિક દરજ્જો એટલે વ્યક્તિનું સમૂહમાં કે સમાજમાં સ્થાન. માનવી પોતાના જીવન દરમ્યાન અનેક સમૂહોનો સભ્ય હોય છે એટલે કે તે એક સાથે અનેક સ્થાન ધરાવતો હોય છે.

દા.ત. એક જ વ્યક્તિ પરિવારમાં પતિ, પિતા, પુત્રનો કે ઓફિસમાં અધિકારી કે કર્મચારી તરીકેના દરજ્જા ધરાવતો હોય છે.

સમાજશાસ્ત્રી જહોન્સનના મતે દરજ્જામાં ચાર બાબતો મહત્ત્વની છે.

1. વ્યક્તિ અન્ય વ્યક્તિઓ પર અમુક પ્રકારે અમુક કક્ષાની સત્તા ભોગવે છે.
2. વ્યક્તિને તેણે અદા કરેલ ભૂમિકાનું વળતર મેળવવાનો અધિકાર છે.
3. વ્યક્તિને અમુક દરજ્જા પ્રમાણે વિશેષાધિકારો મળે છે.
4. વ્યક્તિને દરજ્જા પ્રમાણે પ્રતિષ્ઠા અને માન-સન્માન મળે છે.

**સામાજિક દરજ્જાના પ્રકાર :**

રાલ્ફ લિંટન દરજ્જાના બે પ્રકાર વર્ણવે છે-એક સમાજે વ્યક્તિને જ દરજ્જો આપ્યો છે તે અને બીજો વ્યક્તિ પ્રયત્નપૂર્વક જે દરજ્જો પ્રાપ્ત કરે છે તે. આ દરજ્જાઓને આપણે અનુક્રમે અર્પિત દરજ્જો અને પ્રાપ્ત દરજ્જો એ રીતે ઓળખી શકીએ. અહીં સવાલ એ ઉપસ્થિત થાય કે જો દરજ્જાના પ્રકાર છે તો ભૂમિકાના પ્રકાર કેમ નહીંહોય ? આ સવાલના જવાબમાં એમ કહી શકાય કે દરજ્જાના પ્રકારમાં જ ભૂમિકાના પ્રકાર ગર્ભિત રીતે સમાવિષ્ટ થઈ જાય છે તેથી ભૂમિકાના અલગ પ્રકારની કોઈ ચર્ચા કરવામાં આવી નથી. અહીં લિંટને આપેલા વર્ગીકરણ પરથી સામાજિક દરજ્જાના પ્રકારને સમજીએ.

સામાજિક દરજ્જો

અર્પિત દરજ્જો | પ્રાપ્ત દરજ્જો

**1. અર્પિત દરજ્જો :**

અર્પિત દરજ્જો એટલે એવો દરજ્જો કે જે મેળવવા માટે વ્યક્તિએ ખાસ પ્રયત્ન કે મહેનત કરવી પડતી નથી. આ દરજ્જો વ્યક્તિને જન્મથી જ પ્રાપ્ત થાય છે. દા.ત. બ્રાહ્મણ પરિવારમાં જન્મેલું બાળક જન્મથી જ બ્રાહ્મણ હોય છે, તેને બ્રાહ્મણ બનવા માટે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. આમ, વ્યક્તિની જ્ઞાતિ, જાતિ, રાષ્ટ્રીયતા, ઉંમર, ધર્મ વગેરે તેના અર્પિત દરજ્જા છે. અહીં અર્પિત દરજ્જો નક્કી કરનારા કેટલાક પરિબળોને સમજીએ.

**(અ) લિંગ :**

વ્યક્તિની જાતિ એટલે કે તે સ્ત્રી છે કે, પુરુષ તે બાબત જન્મથી નિશ્ચિત હોય છે. જાતિની પસંદગી કરવાનું કાર્ય વ્યક્તિના હાથમાં નથી. વળી, સમાજમાં લિંગભેદને આધારે જ સામાજિક દરજ્જો નિર્ધારિત થવાની પ્રક્રિયા માનવજીવનના આરંભકાળથી જ જોવા મળે છે. જો કે આધુનિક સમાજમાં લિંગપરિવર્તનના ઘણા બનાવો પ્રકાશમાં આવ્યાં છે; પરંતુ, બહુધા વ્યક્તિની લિંગ જન્મથી જ નક્કી થઈ જતી હોય છે અને તેના આધારે તેનો સામાજિક દરજ્જો નિર્ધારિત થાય છે જે અર્પિત દરજ્જાનું નિર્ણાયક અને મહત્ત્વનું પરિબળ છે.

**(બ) ઉંમર :**

અર્પિત દરજ્જાનું બીજું નિર્ણાયક પરિબળ છે - ઉંમર. લિંગના પ્રમાણમાં ઉંમરનું પરિબળ

પરિવર્તનશીલ છે અને એટલા માટે જ ઉંમરના જુદા જુદા પડાવ પર વ્યક્તિને જુદા જુદા દરજ્જા પ્રાપ્ત થાય છે. ઉંમરનો પ્રત્યેક પડાવે વ્યક્તિએ જુદી જુદી જવાબદારીઓ નિભાવવાની હોય છે. દા.ત. બાળક કરતા યુવાન અવસ્થામાં જવાબદારી વધુ હોય છે. એવી જ રીતે લગ્ન માટે યુવાનો અને યુવતીઓ માટે જુદી જુદી લગ્નવય નક્કી કરવામાં આવી છે. લુન્ડબર્ગ નામના વિદ્વાનના મતે ઉંમરના આધારે સામાજિક દરજ્જો નક્કી કરવામાં જૈવિક કારણો કરતા સાંસ્કૃતિક કારણો વધુ મહત્ત્વના છે. જેમ કે પિતૃસત્તાક કુટુંબમાં મોટા ભાઈનો દરજ્જો નાના ભાઈ કરતા ઊંચો ગણાય છે અને એટલા માટે જ નાના ભાઈની પત્ની મોટા ભાઈની પત્ની કરતાં ઉંમરમાં મોટી હોવા છતાં તેનો દરજ્જો નીચો ગણાય છે. આની પાછળનું કારણ એ છે કે, આપણી સાંસ્કૃતિક વ્યવસ્થામાં પરિવારમાં સ્ત્રીઓનો દરજ્જો તેની ઉંમરના આધારે નહીં પરંતુ, એના પતિની ઉંમરના આધારે નક્કી થતો હોય છે.

**(ક) રક્ત સંબંધ :**

લિંગ અને ઉંમર ઉપરાંત રક્તસંબંધો એ અર્પિત દરજ્જાનું ત્રીજું નિર્ણાયક પરિબળ છે. દા.ત. રાજાના કુંવરને કે પ્રધાનના પુત્રને મળતો દરજ્જો રક્તસંબંધ દ્વારા મળતો દરજ્જો છે. આવો દરજ્જો મેળવવા માટે વ્યક્તિએ પ્રયત્ન કરવો પડતો નથી. હા, આ દરજ્જાને અનુસાર ભૂમિકા ભજવવા માટે તેણે તાલીમ અવશ્ય લેવી પડે છે; પરંતુ, એક તબક્કે તે પોતાની ભૂમિકા ભજવવામાં નિષ્ફળ જાય તો તેને દરજ્જો ગુમાવવો પડતો નથી. આમ, રક્તસંબંધો પણ અર્પિત દરજ્જાનું નિર્ણાયક પરિબળ છે.

**પ્રાપ્ત દરજ્જો :**

જે દરજ્જો મેળવવા માટે વ્યક્તિએ પ્રયત્ન કરવો પડે છે તે દરજ્જો પ્રાપ્ત દરજ્જો છે. આ દરજ્જો અર્પિત દરજ્જાની જેમ જન્મથી આપમેળે મળી જતો નથી. ભારતના રાષ્ટ્રપ્રમુખ, વડાપ્રધાન, ન્યાયાધીશ, શાળા-કૉલેજના આચાર્ય, પંચાયતના પ્રમુખ - આ બધા દરજ્જા પ્રાપ્ત દરજ્જાના ઉદાહરણો છે. હોર્ટન અને હન્ટ નામના વિદ્વાન વ્યક્તિગત પસંદગી અને સ્પર્ધા દ્વારા મેળવેલ સામાજિક સ્થાનને પ્રાપ્ત દરજ્જા તરીકે ઓળખાવે છે.

પ્રાપ્ત દરજ્જા સાથે સંકળાયેલી પરિસ્થિતિનો વિચાર કરીએ તો જણાય છે કે,, સામાજિક વ્યવસ્થામાં કેટલીક બાબતો એવી હોય છે કે, એ દરજ્જો મેળવવા માટે કઠોર તપશ્ચર્યા કરવી પડતી હોય છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, કોઈ વ્યક્તિ વિના પ્રયત્ને કે તાલીમ મેળવ્યા વિના મહાન સંગીતકાર કે ગણિતશાસ્ત્રી બની શકતો નથી. આ માટે તેણે અભ્યાસની સતત સાધના કરવી પડે છે. વળી, એક બાબત ખાસ ધ્યાનમાં રાખવા જેવી એ છે કે, પ્રાપ્ત દરજ્જો ક્યારેય સંપૂર્ણ સ્વતંત્ર હોતો નથી. તે ચોક્કસ કેટલાક સામાજિક મૂલ્યો અને વ્યવહારના નિયમોને ધ્યાનમાં રાખીને જ પ્રાપ્ત કરી શકાય છે. આ રીતે જોઈએ તો, અર્પિત દરજ્જો કે પ્રાપ્ત દરજ્જો-એ બંને ખ્યાલો જે સમાજની સામાજિક-સાંસ્કૃતિક વ્યવસ્થાના સંદર્ભમાં જ સમજી શકાય તેમ છે.

## 3.8 સામાજિક ભૂમિકાનો અર્થ અને તેની વિશેષતાઓ :

જાણીતા અંગ્રેજી સાહિત્યકાર શેક્સપિયરનું એક વિધાન છે કે, આ વિશ્વ એક રંગભૂમિ છે અને આપણે સૌ તેના પાત્રો છીએ. શેક્સપિયરનું આ વિધાન ભૂમિકાની વિભાવનાને સમજાવવા માટે પર્યાપ્ત છે. સામાજિક વ્યવસ્થામાં જે રીતે દરજ્જાઓ મહત્ત્વના છે એવી જ રીતે ભૂમિકાઓ પણ એટલી જ મહત્ત્વની છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે સામાજિક ભૂમિકા વિના સામાજિક વ્યવસ્થા કાર્યરત થઈ શકે નહીં.

ઈ.સ. 1920ની આસપાસ સર્વપ્રથમ વખત જી. એચ. મીડ અને અન્ય સમાજશાસ્ત્રીઓએ ભૂમિકાના અભ્યાસમાં રસ દાખવ્યો અને ધીમે ધીમે ભૂમિકાના અભ્યાસનું મહત્ત્વ વધ્યું.

રાલ્ફ લિંટન 'The Culutrual Background of Personality'નામના પુસ્તકમાં ભૂમિકાનો અર્થ સમજાવતા લખે છે કે, 'કોઈ પણ ભૂમિકા એ દરજ્જાનું ગત્યાત્મક પાસું છે.' લિંટન આ જ બાબતને વધુ સ્પષ્ટ કરતા લખે છે કે, 'ભૂમિકાની અંતર્ગત આપણે એ તમામ વલણો, સામાજિક

મૂલ્યો અને વ્યવહારોનો સમાવેશ કરી શકીએ જે વિશેષ સામાજિક દરજ્જા સાથે સંબંધિત વ્યક્તિ કે વ્યક્તિઓને સમાજ દ્વારા આપવામાં આવતી હોય છે.'

ડૉ. વિદ્યુત જોશી 'પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર'માં સામાજિક ભૂમિકાનો અર્થ સ્પષ્ટ કરતા લખે છે કે, 'સામાજિક રચનાતંત્રમાં દરજ્જા સાથે ભૂમિકા સંકળાયેલ હોય છે. સામાજિક ભૂમિકા એ દરજ્જાનું વર્તનાત્મક પાસું છે. દરજ્જાના સંદર્ભમાં સામાજિક ધોરણો પ્રમાણે વ્યક્તિએ જે કાર્ય કરવાનું છે તેને તેની ભૂમિકા કહેવામાં આવે છે. વ્યક્તિ પોતાના દરજ્જા પ્રમાણેની જરૂરિયાતોને જે રીતે અમલમાં મૂકે છે તેને ભૂમિકા કહેવામાં આવે છે.'

**સામાજિક ભૂમિકાની વિશેષતાઓ :**

સામાજિક ભૂમિકાની ઉપર્યુક્ત વ્યાખ્યાઓના આધારે આપણે તેની લાક્ષણિક્તાઓ નીચે મુજબ દર્શાવી શકીએ.

1. ભૂમિકા એ દરજ્જા સાથે સંકળાયેલી હોવાથી વ્યક્તિ પાસેથી એ દરજ્જાને અનુરૂપ ભૂમિકા ભજવવાની અપેક્ષા રાખવામાં આવે છે.
2. ભૂમિકાની અપેક્ષાઓ સંસ્કૃતિના નિયમો દ્વારા નક્કી થાય છે. અર્થાત્ ભૂમિકાની સ્વીકૃતિ સમાજ દ્વારા કરવામાં આવે છે.
3. પ્રત્યેક વ્યક્તિ પોતાની ભૂમિકા બરાબર અદા કરે તેવી અપેક્ષા પાછળ બે કારણો જવાબદાર છે - એક તો પ્રત્યેક વ્યક્તિનું વર્તન સામાજિક મૂલ્યો મુજબનું હોય તે અને બીજું સમાજમાં વ્યવસ્થા જળવાઈ રહે તે છે.
4. અર્પિત અને પ્રાપ્ત દરજ્જાની માફક ભૂમિકા પણ અર્પિત અને પ્રાપ્ત હોય છે. એક જ દરજ્જો ધરાવનાર બધા જ વ્યક્તિઓની અર્પિત ભૂમિકા તો સમાન હોય છે; પરંતુ, પ્રાપ્ત ભૂમિકામાં તફાવત હોવાનું સ્વાભાવિક છે અને એટલા માટે જ આપણને લોકોના વ્યક્તિત્વ એકબીજાથી અલગ અલગ જોવા મળે છે.
5. સમયની સાથે સાથે ભૂમિકાઓ બદલાતી રહે છે.
6. વ્યક્તિની પ્રત્યેક પ્રકારની ભૂમિકામાં એક વિશેષ પ્રકારના વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે. એટલા માટે જ સમાજમાં એક વ્યક્તિ જુદી જુદી વ્યક્તિઓ સાથે જુદા જુદા પ્રકારનું વર્તન કરે છે.
7. આપણે સામાજિક અપેક્ષાઓ મુજબ ભૂમિકા અદા કરવાનો પ્રયત્ન કરીએ છીએ પરંતુ, વ્યાવહારિક રૂપમાં બધી જ ભૂમિકાઓને યોગ્ય રીતે અદા કરવાનું કાર્ય કઠણ છે. અને એટલા માટે જ જે કાર્ય કરવામાં આપણને વધુ રસ પડે તે કાર્ય આપણે વધુ સારી રીતે કરી શકીએ છીએ. આ રીતે વ્યક્તિની ભૂમિકાનો તેના રસ-રુચિ, મનોવૃત્તિ અને યોગ્યતા સાથે વિશેષ સંબંધ છે.
8. બધી જ ભૂમિકાઓ સમાન પ્રકૃતિની નથી હોતી. કેટલી ભૂમિકાઓ ચાવીરૂપ ભૂમિકાઓ હોય છે, જેમાં વધારે જવાબદારી હોય છે જ્યારે કેટલી ભૂમિકાઓ સામાન્ય હોય છે જે બહુ જ સરળતાથી નિભાવી શકાય છે.

## 3.9 ઉપસંહાર

વિદ્યાર્થી મિત્રો સામાજિક સંરચના એ સામાજિક વ્યવસ્થા જળવાય તે માટે એક મહત્ત્વનું પરિબળ ગણાય છે. ઉપરાંતસામાજિક સંરચનામાં વ્યક્તિવ્વિશેષનું ખૂબજ મહત્ત્વ છે. આ સેકમમાં આપણે સામાજિક સંરચના અને તેની વિશેષતાઓ વિશે સમજયા. તથા સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિમ, તથા સામાજિક દરજ્જાના પ્રમરોની પણ વિગતવાર સમજૂતી મેળવી સકાય છીએ.

## 3.10 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. ''સમાજ એટલે સામાજિક સંબધોનું ગૂંફન'' આ વિભાવના આપેલ સમાજસ્ત્રીનું નામ ?

(A) મેક આઈવર અને પેજ (B) રેડકિલફ બ્રાન્ન

(C) ટાલ્કાટે વ્યવસ્થા (D) મજૂમદાર

2. સામાજિક સંરચના દ્વારા શું જાણી શકાય છે ?

(A) સામાજિક માળનું (B) સામાજિક કાર્યો

(C) સામાજિક વ્યવસ્થા (D) સામાજિક સંબંધો

3. સામાજિક સંરચનાની વિશેષતા કઈ છે ?

(A) એકથી વધારેભાગો કે એકમો (B) વિઘટનની શકયતા

(C) સામાજિક સંરચનાનું (D) ઉપરોકત તમામ

4. ''સામાજિક દરજ્જો એટલે વ્યક્તિનું સમૂહમાં કે સમાજમાં સ્થાન'' આ વિધાન કેવું છે ?

(A) સત્ય (B) અર્ધસત્ય

(C) ખોટું (D) ઉપરોકત એકપણ નહી

5. વ્યક્તિને જન્મથી જ મળતો દરજ્જો રયો દરજ્જો છે.

(A) અર્પિત દરજ્જો (B) પ્રાપ્ત દરજ્જો

(C) અર્પિત-પ્રાપ્ત દરજ્જો (D) ઉપરોરત એકપણ નહી

## 3.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (1) મેક આઈવર અને પેજ
2. (1) સામાજિક માળનું
3. (4)ઉપરોકત તમામ
4. (1) સત્ય
5. (1)અર્પિત દરજ્જો

## 3.12 ચાવીરૂપ શબ્દો :

- **સામાજિક સંરચના :** એટલે પરસ્પર સંબંધિત સંસ્થાઓ, એજનસીઓ અને સામાજિક તારાહો તથા સમૂહમાં પ્રત્યેક વ્યક્તિ પુરા ગ્રહણ કરવામાં આવતા પદો તથા મર્પોની ગોઠવણ છે.
- **સામાજિક દરજ્જો :** એટલે વ્યક્તિનું સમૂહમાં કે સમાજમાં સ્થાન.

## 3.13 સ્વાધ્યાય લેખન (Assignment)

1. સામાજિક સંરચનાનો અર્થ આપી, સામાજિક સંરતનાની વિશેષતાઓ વર્ણવો ?

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

2. સામાજિક દરજ્જાનો અર્થ આપી, તેના પ્રકારોની સમજૂતી આપો ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. સામાજિક ભૂમિકા એટલે શું સમજાવી, તેની વિશેષતાઓ વર્ણવો ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 3.14 પ્રવૃત્તિ (Activities)

૧. સામાજિક સંરચનાને સમજીને કોઈપણ બે સામાજિક સંરચનાના ઉદાહરણ લખો.

૨. પ્રવર્તમાન સમયમાં સામાજિક વ્યવસ્થામાં કોઈ પરિવર્તન આવવું જોઈએ કે નહી તે સંદર્ભે તમારા કોઈ બે સૂચનો આપો.

## 3.15 કેસસ્ટડી (Case Study)

૧. ભારતીય સામાજિક વ્યવસ્થામાં વ્યક્તિનું મૂલ્ય કેવી રીતે જળવાય છે તેના વિશે તમારા વિચારો ઉદાહરણસહ સમજાવો.

૨. સામાજિક દરજ્જામાં સર્પિત દરજ્જા અંતર્ગત નિમ્ન વર્ગની સમસ્યાઓના નિવારણ માટેના પ્રયત્નોની સંક્ષેપમાં ચર્ચા કરો.

## 3.16 સંદર્ભસૂચિ :

1. ડૉ. એ. આર. દેસાઈ, 'સમાજખંડ' ભાગ – 1 થી 4, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ
2. H. M. Johnson, 'Sociology, A Systematic Introduction' Allied Publishers Pvt. Ltd, Delhi 1966
3. Kingsley Davis, 'Human Society', Published by : Macmillan, 1965
4. Kimbal Young,'A Handbook of Social Psychology', Published by : Routledge & K. Paul, 1889
5. Kimbal Young, 'Personality and Problems of Adjustment', Published by : F.S. Crofts, New York, 1940
6. Ogburn & Nimkoff, 'A Handbook of Sociology', Published by :Routledge & K. Paul, 1868

# એકમ–4 સામાજિક સંરચનાની લાક્ષણિકતાઓ અને સંરચના સંબંધીત ખ્યાલો–2

**: એકમનું માળખું :**

4.0 એકમના હેતુઓ

4.1 પ્રસ્તાવના

4.2 સંસ્કૃતિ

4.3 સંસ્કૃતિનો અર્થ અને લક્ષણો

4.4 સમાજિક ધોરણો

4.5 સમાજિક ધોરણોનો અર્થ અને તેની વિશેષતાઓ

4.6 સમાજિક ધોરણોનું મહત્ત્વ

4.7 સામાજીકરણ

4.8 સમાજીકરણનો અર્થ

4.9 સામાજીકરણની એજન્સીઓ

4.10 ઉપસંહાર

4.11 તમારી પ્રગતિ ચકાસો

4.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

4.13 ચાવીરૂપ શબ્દો (Glossary)

4.14 સ્વાધ્યાય લેખન

4.15 પ્રવૃત્તિ (Activities)

4.16 કેસસ્ટડી (Case Study)

4.17 સંદર્ભગ્રંથ

## 4.0 એકમના હેતુઓ

સામાજિક વ્યવસ્થાને સમજવા માટે સંસ્કૃતિની સમજ તથા સામાજિક ધોરણોની સમજ મેળવવી ખૂબ જ જરૂરી છે. વિદ્યાર્થી મિત્રો, આ એકમમાં તમે

– સંસ્કૃતિનો અર્થ અને તનું વિષપવસ્તું સમજી શકશો.

– સામાજિક ધોરણોનો અર્થ, વિશેષતાઓ, અને મહત્ત્વ સમજી શકશો.

– સામાજીકરણનો અર્થ, તેની એજન્સીઓ વિશે સમજી શકશો.

## 4.1 પ્રસ્તાવના

સંસ્કૃતિ કોઈ પણ સમાજમાં ઉંડાઈ સુધી વિસ્તરેલ ગુણોના સંપૂર્ણ સ્વરૂપનું નામ છે. જે તે સમાજના વિચારો, કાર્યોમાં તેની ઝલક દેખાય છે. સંસ્કૃતિ શબ્દની વ્યુત્પત્તિ 'કૃ' ધાતુથી બનેલી છે. આ 'કૃ' ધાતુથી ત્રણ શબ્દો બને છે. જેમાં 'પ્રકૃતિ' અથવા 'સંસ્કૃતિ' આ બે શબ્દો બને છે. જયારે તેમાં કોઈ દોષ ઊભો થાય છે. તો તે 'વિકૃત' બની જાય છે. અંગેજીમાં સંસ્કૃતિ માટે કલ્ચર (Culture) શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. જે લેટિન ભાષાના કલ્ટ (Cult) શબ્દ પરથી લેવામાં આવેલ છે. જેનો અર્થ

થાય છે 'વિકસિત કરવું'. સંસ્કૃતિનો શબ્દાર્થ જોઈએ તો 'ખૂબ જ ઉચ્ચત્તમ અથવા સુધરેલી સ્થિતિ' માણસ સ્વભાવગત પ્રગતિશીલ અને સામાજિક પ્રાણી છે. જે પોતાની બુદ્ધિથી પોતાની આસપાસની દરેક પ્રાકૃતિક પરિસ્થિતિને નિરંતર સુધારતો રહે છે. એવી દરેક જીવનશૈલી, રીતરિવાજ, રહેણીકરણી, આચાર-વિચાર અને નવા આવિષ્કારોથી તે હંમેશા પ્રાણીઓ અને જંગલીઓના દરજ્જાથી હંમેશા ઊંચો દરજ્જો પ્રાપ્ત કરી સભ્ય સમાજનો હિસ્સો બને છે. સભ્યતા સંસ્કૃતિનું અવિભાજ્ય અંગ છે. સભ્યતાના ગુણોથી સામાજિક વ્યવસ્થા જળવાઈ રહે છે. દરેક મનુષ્ય પોતાની સંસ્કૃતિ અને સભ્યતાથી એક ઉત્કૃષ્ટ સામાજિક વ્યવસ્થા જાળવવામાં પોતાનું યોગદાન આપે છે. જેથી દરેક સમાજમાં તેમની આગવી સંસ્કૃતિના આપણને દર્શન થાય છે. પ્રસ્તુત એકમમમાં સંસ્કૃતિ, તેના લક્ષણો, સામાજિક ધોરણો તથા સામાજીકરણ વિશે ઊંડાણપૂર્વક સમજૂતી આપવામાં આવેલ છે.

## 4.2 સંસ્કૃતિ

સામાજિક વ્યવસ્થા સાથે સંકળાયેલું ત્રીજું ઘટક છે-સંસ્કૃતિ. સામાજિક વ્યવસ્થાને સમજ મેળવવા માટે સંસ્કૃતિની સમજ મેળવવી પણ એટલી જ આવશ્યક છે.

માનવીને ખરા અર્થમાં માનવ બનાવનારું જો કોઈ તત્ત્વ હોય તો તે સંસ્કૃતિ છે. જાણીતા ગુજરાતી કવિ સુંદરમ્ રચેલી કાવ્યપંક્તિ 'હું માનવી માનવ થાઉં તો ઘણું' આ બાબતની સાક્ષી પૂરે છે. સાહિત્યકારોએ સંસ્કૃતિને સમજાવવા ઘણું સાહિત્ય રચ્યું છે તો સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર જેવા સમાજવિજ્ઞાનોમાં સંસ્કૃતિની વૈજ્ઞાનિક સમજ મેળવવા માટે ઘણા અભ્યાસો થયા છે. સર્વનો સાર એક જ છે કે, માનવી, માનવ છે કારણ કે તેની પાસે સંસ્કૃતિ છે. કિંગ્સલે ડેવિસ 'Human Society' ગ્રંથમાં લખે છે કે,'જો કોઈ એક જ કારણ માનવીને અનોખો સાબિત કરતું હોય તો એ કારણ છે સંસ્કૃતિ.' , તો એમ. હરલોમ્બસ નામના વિદ્વાન 'Sociology, Themes and Perspectives' નામના ગ્રંથમાં લખે છે કે,, 'સંસ્કૃતિ વિના માનવસમાજનું નિર્માણ અસંભવિત હતું.' માનવીનું જીવન, તેની રહેણીકરણી અને વિચારધારા તેની સંસ્કૃતિનું જ પરિણામ છે. જેવી સંસ્કૃતિ એવો માનવસમાજ. સંસ્કૃતિ માનવસમાજની જ પેદાશ છે. માનવસમાજ પોતાની આ સાંસ્કૃતિક વિશેષતાને કારણે જ પ્રાણી સમાજ કરતા અલગ તરી આવે છે. સંસ્કૃતિનો સંબંધ માનવજીવનના અનેકવિધ પાસાંઓ સાથે છે એટલે તેનેકોઈ એક વ્યાખ્યા દ્વારા તેના અર્થને સમજાવી શકાય નહીં. એમ છતાં અહીં સંસ્કૃતિની કેટલીક વ્યાખ્યાઓ દ્વારા સંસ્કૃતિના અર્થને સમજીએ.

## 4.3 સંસ્કૃતિનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ :

'સંસ્કૃતિ' શબ્દની વ્યુત્પત્તિ 'સંસ્કૃત' શબ્દ પરથી થઈ છે. 'સંસ્કૃતિ' અને 'સંસ્કૃત' બંને શબ્દ 'સંસ્કાર' શબ્દ પરથી રચાયા છે. અહીં સંસ્કૃતિ વિશે કેટલાક વિદ્વાનોએ આપેલી વ્યાખ્યા પરથી તેના અર્થને સમજીએ.

ઈ. બી. ટાયલર 'Primitive Culture' માં સંસ્કૃતિનો અર્થ સમજાવતા લખે છે કે, 'સંસ્કૃતિ એ એવો જટિલ સમગ્ર છે કે, જેમાં જ્ઞાન, વિશ્વાસ, કળા, નીતિ, કાયદો, રિવાજ અને આવી જ અન્ય ક્ષમતાઓ અને આદતોનો સમાવેશ થાય છે જેને મનુષ્ય સમાજના એક સભ્ય હોવાના કારણે પ્રાપ્ત કરે છે.'

પ્રખ્યાત માનવશાસ્ત્રી મેલિનોવસ્કી 'A Scientific Theory of Culture'માં સંસ્કૃતિનો અર્થ સ્પષ્ટ કરતા લખે છે કે,, 'સંસ્કૃતિ એ માનવસર્જિત રચના છે અને તે એવું સાધન છે કે, જેના

દ્વારા માનવી પોતાની સાધ્ય વસ્તુઓ મેળવે છે. દુનિયાની જે ભૌતિક અને અભૌતિક વસ્તુઓ છે તે બધી જ માનવસર્જિત છે અને આ ભૌતિક અને અભૌતિક બાબતોનો જથ્થો એટલે જ સંસ્કૃતિ.'

હર્સકોવિટ્સ 'Man and His Works'માં લખે છે કે, 'સંસ્કૃતિ પર્યાવરણનો માનવનિર્મિત ભાગ છે.'

માનવશાસ્ત્રીઓના મતે સંસ્કૃતિ એટલે સામાજિક માનવીએ કરેલું સમગ્ર સર્જન. આ સર્જન જન્મજાત નથી હોતું કે આનુવંશિક તત્ત્વ દ્વારા વારસામાં પણ નથી મળતું, પરંતુ, આ સર્જન સામાજિક જીવન જીવતા મનુષ્ય દ્વારા થયું હોય છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે સંસ્કૃતિ એટલે માનવીને મળેલો સામાજિક વારસો. માનવશાસ્ત્રીઓ સામાજિક વારસામાં ત્રણ તત્ત્વોનો સમાવેશ કરે છે - (1) ભૌતિક સર્જન (2) સંસ્થાકીય સર્જન અને (3) બૌદ્ધિક સર્જન. જ્યારે સમાજશાસ્ત્રીઓ સામાજિક વારસાને બે ભાગમાં વિભાજિત કરે છે - ભૌતિક સર્જન અને અભૌતિક સર્જન. ભૌતિક સર્જનમાં વાહનવ્યવહારના સાધનો, મકાનો, નહેરો, રસ્તાઓ વગેરેનો સમાવેશ થાય છે જ્યારે અભૌતિક સર્જનમાં ભાષા, વિચાર, રિવાજ, માન્યતા, ટેવો વગેરેનો સમાવેશ થાય છે.

સંસ્કૃતિની ઉપરોક્ત વ્યાખ્યાઓના આધારે આપણે સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ નીચે મુજબ દર્શાવી શકીએ.

**સંસ્કૃતિના લક્ષણો :**

**1. સામાજિક વારસો :**

સંસ્કૃતિની સૌ પ્રથમ અને મહત્ત્વની લાક્ષણિક્તા એ છે કે, તે સામાજિક વારસાના સ્વરૂપમાં ટકે છે. સામાજિક વારસામાં ભૌતિક અને અભૌતિક બંને બાબતોનો સમાવેશ થાય છે અને આ વારસો એક પેઢીમાંથી બીજી પેઢીમાં હસ્તાંતરિત થાય છે. સમાજના સભ્ય તરીકે આજે આપણી પાસે જે છે અને જેનો આપણે રોજિંદા જીવનવ્યવહારમાં ઉપયોગ કરીએ છીએ તે તમામ બાબતો સંસ્કૃતિ સાથે સંકળાયેલી છે. ઉદાહરણ તરીકે સાહિત્ય, ભાષા, લગ્નપ્રથા, કુટુંબપ્રથા વગેરે આપણને આપણી અગાઉની પેઢી તરફથી વારસામાં પ્રાપ્ત થયેલ છે. વળી, સંસ્કૃતિનો પ્રવાહ સતત વહ્યાં જ કરે છે. આપણે જે સામાજિક વારસો પ્રાપ્ત કરીએ છીએ તેમાં ઉમેરો પણ કરી શકાય છે. આ સામાજિક વારસો આપણી રાષ્ટ્રીય મૂડી છે. અત્રે એક બાબત ખાસ નોંધવી જોઈએ કે ગમે તેવા સામાજિક પરિવર્તનના વાવાઝોડામાં પણ સંસ્કૃતિના અમુક લક્ષણો તો ટકી રહે છે.

**2. શીખેલી વર્તણૂંક :**

સમાજના સભ્ય તરીકે માનવીને બે વારસા પ્રાપ્ત થાય છે - જૈવિક વારસો અને સામાજિક વારસો. જૈવિક વારસો જન્મજાત અને આનુવંશિક છે. તેમાં ફેરફારને બહુ અવકાશ રહેતો નથી. જ્યારે સામાજિક વારસો જૈવિક વારસાની જેમ આપોઆપ મળતો નથી. તે સમાજના વાતાવરણમાંથી જ વ્યક્તિને મળે છે. સમાજના સભ્ય તરીકે અન્ય વ્યક્તિ સાથે કેવી રીતે વર્તવું, કેવી રીતે બોલવું વગેરે બાબતો તેણે શીખવી પડે છે. સમાજના સભ્યોને સામાજીકરણની પ્રક્રિયા દ્વારા આ બધી બાબતો શીખવાની તાલીમ પ્રાપ્ત થાય છે. આમ, આપણે કહી શકીએ કે સંસ્કૃતિ શીખેલી વર્તણૂંક છે, તે જૈવિક વારસાની જેમ સીધેસીધી જ પ્રાપ્ત થતી નથી.

**3. સંસ્કૃતિની પ્રેષણા :** વિશ્વનો દરેક સમાજ આગવી અને વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવે છે. આમ છતાં ભાગ્યે જ કોઈ સંસ્કૃતિ સંપૂર્ણપણે માત્ર પોતાના જ તત્ત્વોથી સભર હોય છે. એક સંસ્કૃતિ પર અનેક સંસ્કૃતિની અસર કે તેનો પ્રભાવ જોઈ શકાય છે અને આ અસર કે પ્રભાવના તત્ત્વને જ સંસ્કૃતિની પ્રેષણા કહેવામાં આવે છે.

**4. સંસ્કૃતિ માનવજરૂરિયાતોને સંતોષે છે :**

સમાજના સભ્ય તરીકે માનવીની અનેક શારીરિક,માનસિક અને સામાજિક જરૂરિયાતો હોય છે. મૂળભૂત રીતે જોઈએ તો સંસ્કૃતિનું નિર્માણ જ માનવીએ પોતાની જરૂરિયાતોના સંતોષ માટે કર્યું છે. રેડક્લિફ બ્રાઉન અને મેલિનોવસ્કી જેવા માનવશાસ્ત્રીઓના મતે સંસ્કૃતિનું કોઈ તત્ત્વ નકામું હોતું નથી; પરંતુ, તે કોઈને કોઈ જરૂરિયાતોના સંતોષ માટે અવશ્ય મહત્ત્વનું છે.

**5. સંસ્કૃતિ સમૂહના સભ્યો માટે આદર્શ હોય છે :**

કોઈ પણ સમૂહના સભ્યો માટે તેની સંસ્કૃતિ આદર્શ સંસ્કૃતિ હોય છે. જુદા જુદા રાષ્ટ્રોની બે વ્યક્તિઓ વચ્ચેની આંતરક્રિયામાં આ તથ્યને જાણી શકાય છે. જ્યારે જુદી જુદી બે સંસ્કૃતિઓની તુલના કરવામાં આવે ત્યારે પણ વ્યક્તિ પોતાની સંસ્કૃતિ અને સંસ્કૃતિના તત્ત્વોને અન્ય સંસ્કૃતિ કરતા ચઢિયાતી અને આદર્શ છે એવું દર્શાવવાનો પ્રયાસ કરે છે. આમ, સંસ્કૃતિના તત્ત્વો સમૂહના સભ્યો માટે આદર્શ હોય છે.

## 4.4 સામાજિક ધોરણો :

સામાજિક ધોરણો એ સામાજિક વ્યવસ્થાનું બીજું મહત્ત્વનું ઘટક છે. માનવસમાજમાં સામાજિક ધોરણોનું તત્ત્વ માનવજાત જેટલું જ જૂનું છે. સામાજિક ધોરણોના અભાવમાં સામાજિક વ્યવસ્થા સંભવી શકે નહીં. સામાજિક ધોરણોને સરળ શબ્દોમાં સામાજિક નિયમો તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે, સામાજિક સંદર્ભમાં વ્યક્તિએ કેવા પ્રકારની વર્તનપદ્ધતિ અપનાવવી તે નક્કી કરતા નિયમો એટલે જ સામાજિક ધોરણો. આ નિયમોને જ્યારે સમૂહ માન્ય કરે ત્યારે તે સામાજિક ધોરણોનું સ્વરૂપ ધારણ કરે છે અને સામાજીકરણની પ્રક્રિયા દ્વારા આ સમૂહમાન્ય ધોરણો વ્યક્તિના જીવનનો એક ભાગ બની જાય છે. પ્રત્યેક સામાજિક વ્યવસ્થા આ ધોરણોના આધાર પર ઘડાતી હોય છે. વળી, સામાજિક ધોરણોમાં આદર્શ અને નિયમનું સંયુક્તપણું ભાસે છે. ટૂંકમાં, સામાજિક ધોરણો એટલે સમાજમાં પ્રવર્તતા સમાજમાન્ય વ્યવહારના નિયમો.

## 4.5 સામાજિક ધોરણોનો અર્થ અને તેની વિશેષતાઓ :

ફેરચાઈલ્ડના મતે 'સામાજિક ધોરણો એ કોઈ પણ સામાજિક કાર્ય અથવા વ્યક્તિના વર્તન અને ચારિત્ર્યને માપી જોવાનું પ્રમાણ અથવા માપદંડ છે.'

શેરિફ અને શેરિફ જણાવે છે કે,, 'સામાજિક ધોરણો એ સમૂહની આંતરક્રિયાઓમાંથી પેદા થયેલા અનુભવો કે વર્તનના માપદંડ છે કે, જે સંબંધિત ઉત્તેજક પરિસ્થિતિમાં એ સમૂહના સભ્યોના વર્તનનું નિયંત્રણ કરે છે.'

યુકોમ્બના મતે 'સામાજિક ધોરણો સમૂહના સભ્યો માટે સમૂહનિર્મિત સર્વસ્વીકૃત સંદર્ભ-મર્યાદા છે કે, જે સામાજિક વ્યવહારમાંથી જન્મે છે અને સામાજિક વ્યવહારને શક્ય બનાવે છે.'

**સામાજિક ધોરણોની વિશેષતાઓ :**

કોઈ પણ સમાજમાં સામાજિક ધોરણોની નીચે દર્શાવેલી વિશેષતાઓ અવશ્ય જોવા મળે છે.

1. દરેક સમાજમાં ધોરણો હોય છે. ધોરણો સાર્વત્રિક છે.

2. ધોરણો વ્યક્તિની વ્યક્તિ સાથે, વ્યક્તિની સમૂહ સાથે અને સમૂહની સમૂહ સાથેની વર્તણૂક નક્કી કરે છે.

3. ધોરણોને આધારે સમાજ તથા સમૂહનો વ્યવહાર ચાલે છે. સામાજિક આંતરક્રિયા સામાજિક ધોરણો પર આધારિત હોય છે.

4. સામાજિક ધોરણો સમાજ દ્વારા નિશ્ચિત થયેલા હોય છે. સામાજિક ધોરણો સમાજમાન્ય કે સમાજસ્વીકૃત હોવા જોઈએ. સમાજને સ્વીકાર્ય ન હોય તેવા ધોરણો અર્થહીન છે.

5. ધોરણોને સમાજનું પીઠબળ કે અંકુશ હોય છે. વ્યક્તિ ધોરણ આત્મસાત્ કરે તે માટે આગ્રહ રાખવામાં આવે છે અને જો તે ધોરણનો ભંગ કરે તો તે માટે સજાની જોગવાઈ હોય છે.

આમ, આ વિશેષતાઓ પરથી આપણે એમ કહી શકીએ કે, સામાજિક વ્યવસ્થાની જાળવણીમાં સામાજિક ધોરણોનું અનન્ય મહત્ત્વ છે. સામાજિક નિયંત્રણ માટે સામાજિક ધોરણો અનિવાર્ય છે. સામાજિક નિયંત્રણને કારણે જ સમાજમાં વ્યવસ્થા, સુગ્રથન અને સાતત્ય જળવાય છે.

બીજા શબ્દોમાં એમ કહી શકાય કે, સામાજિક ધોરણો એ સમૂહની અપેક્ષિત અપેક્ષાઓ છે. સમૂહ પોતાના સભ્યોનું વર્તન કેવું હોવું જોઈએ તે નક્કી કરે છે. વર્તનના આ માપદંડ નક્કી કરવામાં સમાજ કે સમૂહનું હિત કેન્દ્રસ્થાને હોય છે. સમાજમાં વિવિધ સામાજિક પરિસ્થિતિ માટે વિવિધ અપેક્ષાઓ વ્યક્તિ પાસે રાખવામાં આવે છે અને તેથી અપેક્ષિત વર્તણૂંકને સામાજિક પરિસ્થિતિ સાથે જોડી દેવામાં આવે છે. દા.ત. સ્મશાનયાત્રામાં જોડાતી વ્યક્તિઓ પાસે અમુક પ્રકારની શિસ્ત તથા ગંભીરતાની અપેક્ષા રાખવામાં આવે છે.

ડેવિસના મતે દરેક સમાજમાં બે પ્રકારની સ્થિતિ જોવા મળે છે. એકબાજુ ધોરણાત્મક વ્યવસ્થા અને બીજી બાજુ વાસ્તવિક વ્યવસ્થા હોય છે. ધોરણાત્મક વ્યવસ્થા સમાજ શું ઈચ્છે છે, શું અપેક્ષા રાખે છે તે દર્શાવે છે. સમાજનો આદર્શ કે ધ્યેય શું છે અને સમાજમાં કેવી વ્યવસ્થા હોવી જોઈએ તેનો ખ્યાલ આ ધોરણાત્મક વ્યવસ્થામાંથી પ્રાપ્ત થાય છે. જ્યારે વાસ્તવિક વ્યવસ્થા સમાજની વાસ્તવિક્તાનું ચિત્ર રજૂ કરે છે. સમાજમાં વર્તમાન સંજોગોમાં કેવી રીતે વ્યવહાર ચાલે છે તેનું યથાતથ વર્ણન તેમા જોવા મળે છે. આ બંને વ્યવસ્થાનું સ્વરૂપ જેમ એકસરખું હોતું નથી તેમ તદ્દન ભિન્ન પણ હોતું નથી. ઘણીવાર એવું બને છે કે, ધોરણાત્મક વ્યવસ્થા જ વાસ્તવિક વ્યવસ્થા નક્કી કરી આપે છે તો વાસ્તવિક વ્યવસ્થા ધોરણાત્મક રચનાને અસર કરે છે. આમ બંને પ્રકારની વ્યવસ્થા એકબીજા પર અસર નિપજાવતી હોવા છતાં એમ કહી શકાય કે ધોરણાત્મક વ્યવસ્થા જ માનવસમાજની વાસ્તવિક વ્યવસ્થાને શક્ય બનાવે છે.

વળી, સામાજિક ધોરણો સાથે વ્યક્તિની ફરજનું તત્ત્વ પણ જોડાયેલું છે. વિવિધ પરિસ્થિતિમાં સમૂહના સભ્યો સામાજિક ધોરણો અનુરૂપ વર્તનને પોતાની ફરજનો ભાગ સમજતા હોય છે. દા.ત.

માતા-પિતાને પગે લાગવાના ધોરણને સંતાનો પોતાની ફરજ સમજે છે. સામાજિક ધોરણોને લોકો અનુમિત આપે છે તેનું મુખ્ય કારણ એ છે કે, તેમાં ફરજનું તત્ત્વ સમાયેલું છે.

સામાજિક ધોરણમાં પ્રતિકારનું તત્ત્વ પણ રહેલું છે. જો વ્યક્તિને યોગ્ય ન લાગે તો તે સામાજિક ધોરણોનો વિરોધ પણ કરી શકે છે. ખાસ કરીને લોકશાહી સમાજરચનામાં આમ શક્ય બને છે. ઘણીવાર વ્યક્તિ સમાજના ધોરણોને મૂંગે મોઢે સ્વીકારી લે એ તેને તેના વ્યક્તિસ્વાતંત્ર્યને ગળે ટૂંપો દેવા જેવું લાગે છે. કેટલાક કિસ્સાઓમાં તો એવું પણ બને કે વ્યક્તિનો અંતરાત્મા ન સ્વીકારે ત્યાં સુધી તે ધોરણોને ન પણ અનુસરે. આવી પરિસ્થિતિમાં સમાજમાં સામાજિક ધોરણોના વિકલ્પ પણ હોય છે. દરેક સંસ્કૃતિ સામાજિક ધોરણોના વિકલ્પો રજૂ કરે છે અને તેમાંથી ધોરણોની પસંદગી કરીને વર્તન કરવાની સમાજના સભ્યોને સ્વતંત્રતા પણ હોય છે.

વળી, બધા જ સામાજિક ધોરણો સમાન મહત્ત્વ ધરાવતા હોતા નથી. સમાજમાં કેટલાક ધોરણો ખૂબ જ મહત્ત્વના તો કેટલાક ધોરણ ઓછા મહત્ત્વના હોય છે. જો કે વ્યક્તિ તમામ પ્રકારના ધોરણો મુજબ વર્તન કરે તેવી અપેક્ષા રાખે છે અને ધોરણભંગ બદલ દંડની જોગવાઈ પણ કરે છે. આમ, છતાં સમૂહના તમામ સભ્યો ધોરણ અનુરૂપ વર્તન કરશે જ તેની ખાતરી આપી શકાય નહીં. સામાજિક ધોરણો એ સામાજિક સ્થિરતા અને સુવ્યવસ્થાનો આધાર હોવા છતાં ઘણીવાર સમાજમાં ધોરણભંગ વર્તન જોવા મળતા હોય છે.

સામાજિક ધોરણોના સંદર્ભમાં એક બાબત મહત્ત્વની એ છે કે, જે ધોરણોનું હંમેશાં પાલન થાય એ ધોરણો સારા અને જે ધોરણોનું પાલન ન થાય એ ધોરણો ખરાબ એવું માની લેવાની જરૂર નથી. ઘણીવાર તો એવું પણ બને કે સમાજમાં વર્ષોથી રૂઢ થઈ ગયેલા જડ ખ્યાલો કે અંધશ્રદ્ધા દૂર કરવા અને નવા મૂલ્યોને પ્રસ્થાપિત કરવા માટે ધોરણભંગ વર્તન અનિવાર્ય બની જાય છે. આવું ધોરણભંગ વર્તન સમાજમાં પરિવર્તન નિપજાવે છે.

## 4.6 સામાજિક ધોરણોનું મહત્ત્વ

**1. સામાજિક વ્યવસ્થાની સમજ મેળવવા માટે સામાજિક ધોરણો મહત્ત્વના છે :**

કોઈ પણ સમાજવ્યવસ્થાના અભ્યાસમાં સામાજિક ધોરણોની ભૂમિકા મહત્ત્વની હોય છે. સમાજ કે સમાજવ્યવસ્થા અંગેની માહિતી જે તે સમાજની ધોરણાત્મક વ્યવસ્થા પરથી જ પ્રાપ્ત થાય છે. વળી, આ ધોરણાત્મક વ્યવસ્થામાં જે તે સમાજની સંસ્કૃતિનું પ્રતિબિંબ પડે છે. દા.ત. પાશ્ચાત્ય સમાજ અને ભારતીય સમાજમાં છૂટાછેડાના ધોરણો પરથી બંનેની સંસ્કૃતિનો પરિચય પ્રાપ્ત થાય છે.

**2. સામાજિક ધોરણો વ્યક્તિ, સમૂહ અને સમાજ માટે અનિવાર્ય છે :**

સામાજિક ધોરણો નાના નાના સમૂહોથી માંડીને સમગ્ર સમાજ માટે અનિવાર્ય છે. સમાજના સભ્યો તરીકે વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના સંબંધો આ ધોરણોને આધારે ગોઠવાય છે. સામાજિક ધોરણોને આધારે જ વ્યક્તિની વર્તણૂક માટેની આગાહી કરી શકાય છે. ધોરણો સભ્યોને આદર્શ પૂરા પાડે છે, જેથી વ્યક્તિ અપેક્ષિત વર્તણૂક કરે છે. તેવી જ રીતે સમૂહ સમૂહ વચ્ચેના સંબંધો ચોક્કસ સ્વરૂપના રહે તે માટે ધોરણો અનિવાર્ય છે.

### 3. સમાજમાં સુગ્રથનની સ્થિતિ જાણવા માટે સામાજિક ધોરણોનો અભ્યાસ જરૂરી છે :

સમાજની સ્થિરતા અને વ્યવસ્થાનો આધાર ધોરણ અનુરૂપ વર્તન પર છે. સામાજિક ધોરણો વિનાના સમાજની કલ્પના કરવી મુશ્કેલ છે. જો સમાજમાં ધોરણો જ ન હોય તો અરાજકતા અને અંધાધૂંધીની સ્થિતિ ઊભી થાય. આથી એમ કહી શકાય કે, સમાજમાં એકતા અને સંવાદિતા ટકી રહે, સુગ્રથન જળવાય તે માટે સામાજિક ધોરણોનો અભ્યાસ મહત્ત્વનો છે.

## 4.7 સામાજીકરણ

સામાજિક સંરચનાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે જે કેટલીક પ્રક્રિયાઓ મહત્ત્વની છે, તેમાંની એક પ્રક્રિયા એટલે સામાજીકરણની પ્રક્રિયા.

સદીઓથી વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંબંધને સમજવા માટેનો પ્રયાસ થતો રહ્યો છે. સામાજિક કરારનો સિદ્ધાંત હોય કે સમાજનો સાવયવી સિદ્ધાંત - આ તમામ સિદ્ધાંતો વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંબંધની સમજૂતી આપવા પ્રયત્નશીલ રહ્યાં છે; પરંતુ, આજે પણ આ સિદ્ધાંતોનો સાર એવો રહ્યો છે કે, વ્યક્તિ અને સમાજ એ બંને એક સિક્કાની બે બાજુઓ છે અને પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા છે. સામાજિક સંરચનાના અસ્તિત્વ માટે આ બંને પાસાં વચ્ચે સંતુલન હોવું અનિવાર્ય છે. સાંપ્રત સમયમાં સમાજશાસ્ત્રીઓ અને મનોવૈજ્ઞાનિકો પણ વ્યક્તિ અને સમાજ વચ્ચેના પારસ્પરિક સંબંધોને સ્વીકારે છે.

વ્યક્તિ અને સમાજ વચ્ચેના પારસ્પરિક સંબંધને સમજવા માટે સામાજીકરણની પ્રક્રિયા સમજવી આવશ્યક છે. સરળ શબ્દોમાં એમ કહી શકાય કે સામાજીકરણની પ્રક્રિયા એટલે માનવીને જૈવિક પ્રાણીમાંથી સામાજિક પ્રાણી બનાવતી પ્રક્રિયા.કિંગ્સલે ડેવિસ 'ઉૅદ્બક્રહ જીજ્રૈઅ'માં લખે છે કે,, 'સામાજીકરણ અર્થાત્ 'જીષ્ઠૈટ્ઠઙ્મૈડટ્ઠૈહ' શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ આશરે ઈ.સ. 1828ના આરંભમાં થયો, જેનો અર્થ થાય છે – નવજાત શિશુને સામાજિક વ્યક્તિ બનાવવાની પ્રક્રિયા.'

## 4.8 સામાજીકરણનો અર્થ

કિમ્બોલ યંગ નામના વિદ્વાને 'Personality and Problems of Adjustment' માં સામાજીકરણ શબ્દના જુદા જુદા ત્રણ અર્થનો ઉલ્લેખ કર્યો છે.

1. સમાજસુધારકો અને ઉપદેશકો સામાજીકરણ શબ્દનો ઉપયોગ બાળકો અને યુવાનોને આપવામાં આવતા નૈતિક શિક્ષણના અર્થમાં કરે છે.

2. બાળ મનોવિજ્ઞાનીઓ આ શબ્દનો ઉપયોગ બાળકોને આપવામાં આવતી સામાજિક તાલીમના અર્થમાં કરે છે.

3. સમાજશાસ્ત્રમાં આ શબ્દનો ઉપયોગ એવી પ્રક્રિયાઓ માટે કરવામાં આવે છે કે, જેના દ્વારા વ્યક્તિને સામાજિક-સાંસ્કૃતિક વિશ્વથી પરિચિત કરાવવામાં આવે છે. આ અર્થમાં સામાજીકરણ એક એવી પ્રક્રિયા છે કે, જેના દ્વારા સાંસ્કૃતિક વારસાને એક પેઢીથી બીજી પેઢીમાં હસ્તાંતરિત કરવામાં આવે છે. સામાજીકરણ દ્વારા જ વ્યક્તિ પોતાના સમૂહ કે સમાજના મૂલ્યો, લોકરીતિઓ, લોકનીતિઓ આદર્શો અને સામાજિક હેતુઓ અંગે જ્ઞાન પ્રાપ્ત કરે છે.

એચ. એમ. જહોન્સન 'Sociology, A Systematic Introduction'માં સામાજીકરણની વ્યાખ્યા આપતા નોંધે છે કે, 'સામાજીકરણ એ શીખવાની એવી પ્રક્રિયા છે કે, જે શીખનારને સામાજિક ભૂમિકાઓ અદા કરવા યોગ્ય બનાવે છે.' આ રીતે જોઈએ તો જહોન્સન સામાજીકરણને શીખવાની પ્રક્રિયા તરીકે ઓળખાવે છે કે, જેના દ્વારા વ્યક્તિ સમાજમાં પોતાની ભૂમિકાઓ અદા કરવાનું શીખે છે.

બ્રૂમ અને સેલ્ઝનિક 'Sociology'માં લખે છે કે,, 'સામાજીકરણના બે પૂરક અર્થ છે – સંસ્કૃતિનું હસ્તાંતરણ અને વ્યક્તિત્વનો વિકાસ.'

## 4.9 સામાજીકરણની એજન્સીઓ

વિદ્યાર્થીમિત્રો, ઉપર્યુક્ત વ્યાખ્યાઓ પરથી આપને સમજાયું હશે કે, સામાજીકરણ એ જીવનપર્યંત સતત ચાલતી પ્રક્રિયા છે. જન્મથી જૈવિક માનવીને સામાજિક માનવી બનાવવાની આ પ્રક્રિયામાં અનેક સંસ્થાઓ કે સમૂહો મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ સંસ્થાઓ કે સમૂહોને આપણે સામાજીકરણ કરનારી એજન્સીઓ તરીકે ઓળખાવી શકીએ. અહીં આપણે સામાજીકરણની અનેક એજન્સીઓમાંથી કુટુંબ, મિત્રજૂથ અને શાળા જેવી ત્રણ પાયાની એજન્સીઓ વિશે માહિતી મેળવીશું.

### 1. કુટુંબ:

સામાજીકરણ કરનારી અનેક એજન્સીઓ પૈકી કુટુંબ સંસ્થા એ સૌથી પાયાની અને મહત્ત્વની એજન્સી છે. અમલા-કમલા, કાસ્પર હાઉઝર વગેરેના ઉદાહરણો દર્શાવે છે કે,, જો જન્મ બાદ તુરત જ વ્યક્તિને તેના કુટુંબથી અલગ કરી દેવામાં આવે તો તેનો માનસિક અને સામાજિક વિકાસ યોગ્ય રીતે થઈ શકતો નથી. કિમ્બોલ યંગના મત મુજબ કુટુંબમાં થતું પ્રારંભિક સામાજીકરણ જ મૌલિક અને મૂળભૂત હોય છે.

કુટુંબમાં માતા-પિતા અને સંતાનો વચ્ચેનો સંબંધ બાળકના બૌદ્ધિક અને ભાવાત્મક ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સામાજીકરણની સમગ્ર પ્રક્રિયામાં બાળકના માનસપટ પર માતા-પિતાનો સૌથી વધુ પ્રભાવ હોય છે. જીવનના પ્રથમ બે વર્ષ સુધી તો બાળક પોતાના અસ્તિત્વને માતાના અસ્તિત્વથી સ્વતંત્ર હોવાનું માનતો નથી. માતાનો પ્રેમ અને કાળજી જ તેના વિકાસનો પાયો બને છે. માતાની જેમ જ પિતાનો પ્રભાવ પણ બાળકના વર્તનને ઘાટ આપે છે. કૌટુંબિક પરંપરાઓને આત્મસાત્ કરવી તથા શિસ્ત અંગેની કેળવણી બાળકને પોતાના માતા-પિતા પાસેથી જ પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત કુટુંબમાં પોતાનાથી મોટી કે નાની ઉંમરના ભાઈ- બહેનોનો પ્રભાવ પણ બાળકના મન પર પડે છે. ડેવિસ લખે છે કે,, કુટુંબમાં પિતા અને સંતાનો વચ્ચે અસમાનતા હોય છે અને ભાઈઓ વચ્ચે સમાનતા હોય છે. આવી સમાનતા અને અસમાનતાની પરિસ્થિતિમાં બાળકના સામાજીકરણ માટે પ્રેમ, સત્તા, ઉદારતા અને મિલકતભાવના એ ચાર તત્ત્વો મહત્ત્વનાં છે. કુટુંબમાં આ ચારેય તત્ત્વોનું મિશ્રણ જોવા મળે છે, જે બાળકના સામાજીકરણમાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.

વળી, કુટુંબમાંથી જ બાળક પોતાના ભાવિ જીવનમાં ભજવવાની થતી વિવિધ ભૂમિકાઓ અંગેની તાલીમ પ્રાપ્ત કરે છે. માતા-પિતાના ધાર્મિક, નૈતિક અને રાજકીય વિચારોનો પ્રભાવ બાળકના ધાર્મિક, નૈતિક અને રાજકીય વિચારોને ઘડવામાં મહત્ત્વના પુરવાર થાય છે.

આમ, બાળકના સર્વાંગી વિકાસમાં કુટુંબ એ સૌથી મહત્ત્વનું પ્રથમ ચરણ છે.

**2. મિત્રજૂથ :**

સામાજીકરણ કરનારી દ્વિતીય એજન્સી છે - મિત્રજૂથ. મિત્રજૂથ સમાન વયના લોકોનું બનેલું જૂથ હોવાથી તેને સમવયસ્ક કે સમકક્ષ જૂથ તરીકે પણ ઓળખવામાં આવે છે. માતા-પિતા કે પરિવારના અન્ય સભ્યો બાદ બાળકનો સૌથી વધુ ગાઢ સંબંધ પોતાના મિત્રો સાથે હોય છે. ઘરની બહાર મિત્રો તેના રમતગમતના સાથી હોય છે. મિત્રો સાથેની રમતગમતમાંથી જ તે નિયમો અનુસાર વર્તન કરવાનું, જુદી જુદી ભૂમિકાઓ ભજવવાનું અને સમાયોજન સાધવાનું શિક્ષણ મેળવે છે. આ રીતે જોઈએ તો, બાલ્યાવસ્થા કે કિશોરાવસ્થામાં મિત્રો સાથે વીતાવેલો સમય બાળક કે કિશોરના વર્તન, ભાષા અને વિચારો પર ગહન અસર નિપજાવે છે. કુટુંબમાંથી બાળકોએ સમાજના જે ધોરણો અને મૂલ્યો આત્મસાત્ કર્યા હોય તેને ટકાવી રાખવામાં મિત્રજૂથનું સમર્થન વિશેષ ભૂમિકા પૂરી પાડે છે.

મૈકેન્ડલેસ નામના વિદ્વાન સામાજીકરણની પ્રક્રિયામાં મિત્રજૂથનું મહત્ત્વ નીચે મુજબ દર્શાવે છે.

1. સામાજીકરણમાં મિત્ર સમૂહનું સ્થાન કુટુંબ પછી તરત જ આવે છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે આ જૂથ શિક્ષકો કરતા પણ વધારે શક્તિશાળી છે.
2. ઉંમર વધવાની સાથે સાથે સામાજીકરણના બાહ્ય કે પ્રગટ રૂપમાં મિત્રજૂથનું મહત્ત્વ પણ વધે છે.
3. કિશોરાવસ્થા સુધી કુટુંબ અને મિત્રજૂથ જીવનના મહત્ત્વપૂર્ણ નિર્ણયોને સમાનરૂપે પ્રભાવિત કરે છે.
4. મિત્રજૂથ કુટુંબ અને સમાજની વચ્ચે એક બંધ સમાન છે. કુટુંબમાં સામાજીકરણ દ્વારા પ્રાપ્ત કરેલી કુશળતાનું મૂલ્યાંકન કરવામાં મિત્રજૂથ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
5. આત્મ મૂલ્યાંકન માટે મિત્રજૂથ એક સંદર્ભજૂથ બને છે, કારણ કે આ જૂથમાં જ બાળકને એકબીજાના વિકાસની તુલના કરવાનો અવસર પ્રાપ્ત થાય છે.

**3. શાળા :**

સામાજીકરણ કરનારી તૃતીય એજન્સી છે - શાળા. સામાજીકરણની પ્રથમ બે એજન્સીઓ અનૌપચારિક એજન્સીઓ છે, જ્યારે શાળાને આપણે સામાજીકરણ કરનારી ઔપચારિક એજન્સી તરીકે ઓળખી શકીએ. બાલક-પાલક-શિક્ષક અને સંચાલક એ ચાર તત્ત્વો શાળારૂપી એજન્સીના પાયાના તત્ત્વો છે. જન્મ બાદ શાળા જ એક એવું સ્થાન છે કે, જેમાં બાળક પરિવાર કરતા વધુ સમય પસાર કરે છે. આથી બાળકના વર્તન ઘડતરમાં શાળાનું વાતાવરણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. શાળામાં પોતાના મિત્રો સાથેની આંતરક્રિયામાંથી તે સહકાર અને સમાયોજનની તાલીમ મેળવે છે. તો ક્યારેક મિત્રો સાથે સંઘર્ષ અને સ્પર્ધામાં પણ ઊતરે છે.

શાળામાં બાળકોના વર્તન ઘડતરનું સૌથી મહત્ત્વનું પરિબળ છે - શિક્ષકો. બાળકો શિક્ષકોના વર્તનના ખરા નિરીક્ષકો છે. આથી જ્યારે શિક્ષકોના શબ્દો અને વર્તન વચ્ચે જ્યારે તફાવત જણાય ત્યારે તેની અસર બાળકોના માનસપટ પર અવશ્ય થાય છે. શાળામાંથી જ બાળકો ઔપચારિક શિક્ષણની સાથે સાથે સાંસ્કૃતિક મૂલ્યો અને ધોરણો શીખે છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે શાળા નવી પેઢીને સાંસ્કૃતિક વારસાનું હસ્તાંતરણ કરે છે. વળી, બાળકના રાજકીય વલણો અને નૈતિક

શિક્ષણના વિકાસમાં શાળાનું વાતાવરણ સવિશેષ મહત્ત્વનો ભાગ ભજવે છે. આમ, બાલ્યાવસ્થા અને કિશોરાવસ્થા જેવા જીવનના બે મહત્ત્વપૂર્ણ તબક્કાઓ શાળામાં પસાર થતા હોવાથી બાળકના સામાજીકરણમાં શાળાની ભૂમિકા સૌથી વિશેષ મહત્ત્વની બને છે.

## 4.10 ઉપસંહાર

વિદ્યાર્થીમિત્રો, સંસ્કૃતિ એ સમાજનો પાયો છે. કોઈપણ સમાજની સામાજિક વ્યવસ્થાનો પરિચય મેળવવો હોય તો તે સમાજની સંસ્કૃતિને સમજવી ખૂબ જ જરૂરી છે. જેથી અહીં આપણે સામાજિક વ્યવસ્થાના અવિભાજ્ય અંગ તરીકે સંસ્કૃતિ વિશે સમજ મેળવી તેમજ સામાજિક વ્યવસ્થા જળવાય તે માટે સામાજિક ધોરણો તથા મૂલ્યોને સમજ્યા અને સામાજીકરણ તથા સામાજીકરણની એજન્સીઓ વિશેની વિસ્તૃત સમજ પ્રાપ્ત કરી શક્યા છીએ.

## 4.11 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. સામાજિક વ્યવસ્થાનું ઘટક કયું છે ?

   (A) સંસ્કૃતિ (B) સમાજ

   (C) સામાજિક ધોરણો (D) 1 અને 3

2. ‘સંસ્કૃતિ વિના માનવ સમાજનું નિર્માણ અસંભવિત હતુ’ આ વિધાન કયા સમાજશાસ્ત્રીનું છે ?

   (A) શેક્સપિયર (B) મજૂમદાર

   (C) એમ. હરલોમ્બસ (D) મેકાઈવર

3. સામાજિક ધોરણો શું છે ?

   (A) સામાજિક નિયમો (B) સામાજિક સિદ્ધાંતો

   (C) સામાજિક મૂલ્યો (D) સામાજિક પદ્ધતિઓ

4. સામાજીકરણ (Socialization) શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ ક્યારે થયો ?

   (A) ઈ.સ. 1828 (B) ઈ.સ. 1829

   (C) ઈ.સ. 1830 (D) ઈ.સ. 1831

5. સામાજીકરણની એજન્સીઓ કઈ છે ?

   (A) કુટુંબ (B) મિત્રજૂથ

   (C) શાળા (D) ઉપરોક્ત તમામ

## 4.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (D) 1 અને 3
2. (C) એમ. હરલોમ્બસ
3. (A) સામાજિક નિયમો
4. (A) ઈ.સ. 1828
5. (D) ઉપરોક્ત તમામ

## 4.13 ચાવીરૂપ શબ્દો :

- **સામાજિક ધોરણો :** કોઈ પણ સામાજિક કાર્ય અથવા વ્યક્તિના વર્તન અને ચારિત્ર્યને માપી જોવાનું પ્રમાણ અથવા માપદંડ છે.
- **સામાજીકરણ :** એક એવી પ્રક્રિયા કે જે માનવીને જૈવિક પ્રાણીમાંથી સામાજિક પ્રાણી બનાવે છે.
- **સંસ્કૃતિ :** એટલે માનવીને મળેલો સામાજિક વારસો.

## 4.14 સ્વાધ્યાય લેખન (Assignment)

1. સંસ્કૃતિનો ખ્યાલ સ્પષ્ટ કરી તેની લાક્ષણિકતાઓનું વર્ણન કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. સામાજિક ધોરણોના કાર્યોની વિગતવાર સમજૂતી આપો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. સામાજીકરણનો અર્થ સમજાવી, સામાજીકરણની વિવિધ એજન્સીઓની સમજૂતી આપો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 4.15 પ્રવૃત્તિ (Activities)

1. સંસ્કૃતિની સામાજિક વ્યવસ્થા પર કેવી અસર થાય છે તે વિશે તમારા કોઈ બે મંતવ્યો રજૂ કરો.
2. સામાજીકરણની એજન્સીઓમાંથી 'કુટુંબ' ની સામાજિક વ્યવસ્થા જાળવવામાં શું ભૂમિકા છે તે વિશે તમારા વિચારો રજૂ કરો.

## 4.16 કેસ સ્ટડી (Case Study)

1. સામાજીકરણ વ્યક્તિ વિશેષ પર કેવી અસર કરે છે તેના બે ઉદાહરણ આપો.
2. સંસ્કૃતિ વ્યક્તિ વિશેષ પર કેવી અસર કરે છે તેના બે ઉદાહરણ આપો.

## 4.17 સંદર્ભસૂચિ :


1. ડૉ. એ. આર. દેસાઈ, 'સમાજખંડ' ભાગ – 1 થી 4, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ
2. H. M. Johnson, 'Sociology, A Systematic Introduction' Allied Publishers Pvt. Ltd, Delhi 1966
3. Kingsley Davis, 'Human Society', Published by : Macmillan, 1965
4. Kimbal Young,'A Handbook of Social Psychology', Published by : Routledge & K. Paul, 1889
5. Kimbal Young, 'Personality and Problems of Adjustment', Published by : F.S. Crofts, New York, 1940
6. Ogburn & Nimkoff, 'A Handbook of Sociology', Published by :Routledge & K. Paul, 1868

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# BSWR-203
# સામાજિક વિજ્ઞાનનો પરિચય

વિભાગ

# 2

## સામાજિક વ્યવસ્થા

એકમ-1 સામાજિક સ્તરીકરણ

એકમ-2 સામાજિક સંસ્થાના પ્રકારો ભાગ-1

એકમ-3 સામાજિક સંસ્થાના પ્રકારો ભાગ-2

એકમ-4 સામાજિક પરિવર્તન અને સામાજિક નિયંત્રણ

ISBN : 978-81-946447-4-3


**લેખક**

| | |
|---|---|
| **ડૉ. આનંદ કે. આચાર્ય** | કા. આચાર્ય, સરકારી વિનયન કૉલેજ, સાંતલપુર, જિ.પાટણ |
| **પ્રા. પંકજ સોલંકી** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, ગુજરાત આર્ટસ્ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ |

**પરામર્શક (વિષય)**

| | |
|---|---|
| **ડૉ. નયનેશ એ. ગઢવી** | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાત વિનયન અને વિજ્ઞાન કોલેજ, અમદાવાદ. |

**પરામર્શક (ભાષા)**

| | |
|---|---|
| **ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી** | રિટાયર્ડ પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management and Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

સૃષ્ટિનું સમગ્ર તંત્ર જુદા જુદા કોઈ નિયમો મુજબ ગતિમાન છે. કુદરતના જુદા જુદા પરિબળો સમગ્ર સૃષ્ટિનું સંચાલન કરી રહ્યા છે. સૂર્યનું ઊગવું અને અસ્ત થવું, પૃથ્વીનું સૂર્યની આસપાસ પરિભ્રમણ, ઠંડી-ગરમી, વરસાદ વગેરે કુદરતી ઘટનાઓ કંઈ એમ ને એમ જ નથી બની રહી, પરંતુ, તેની પાછળ કોઈ ચોક્કસ પરિબળો કાર્ય કરી રહ્યા હોય છે. કુદરતના આ પરિબળો પર જ માનવસમાજનો વ્યવહાર ગોઠવાયેલો છે. જો કુદરતના આ પરિબળો વ્યવસ્થિત રીતે પોતાના કાર્યો ન કરે તો સૃષ્ટિનું સમગ્ર તંત્ર ખોરવાઈ જાય અને અવ્યવસ્થા ઊભી થાય.

માનવસમાજની સામાજિક વ્યવસ્થા પણ કુદરતના આ વ્યવસ્થાતંત્ર જેવી જ છે. કુદરતમાં જેમ ચોક્કસ નિયમો સમગ્ર સૃષ્ટિને નિયંત્રિત કરી રહ્યા છે, તેમ માનવસમાજમાં પણ કોઈ ચોક્કસ નિયમો સમગ્ર સમાજને સુગ્રથિત કરી રહ્યા છે. જો કે અહીં એક બાબત નોંધવી જોઈએ કે કુદરતના નિયમો પ્રમાણમાં સ્થિર છે અને તેના પર માનવીનો કોઈ અંકુશ નથી, પરંતુ, કુદરતની તુલનાએ માનવસમાજ જટિલ અને પરિવર્તનશીલ છે અને તેના પર માનવીનો અંકુશ હોય છે. જેવી રીતે કુદરતમાં નિયમબદ્ધતાની આવશ્યક્તા છે એવી જ રીતે સમાજમાં પણ નિયમબદ્ધતા અત્યંત જરૂરી છે. સામાજિક નિયમોનું માળખું જ સમાજમાં સામાજિક વ્યવસ્થા રચે છે, જેના દ્વારા વ્યક્તિનું વર્તન નિયંત્રિત થાય છે અને તેની આવશ્યક્તાઓ સંતોષાય છે. સામાજિક વ્યવસ્થા દ્વારા સંતોષાતી આ આવશ્યક્તાઓ જ સમાજના વિકાસની કેડી કંડારે છે. આ રીતે સમાજવિજ્ઞાનમાં સામાજિક વ્યવસ્થાની પાયાની સમજ મેળવવી જરૂરી છે.

સામાજિક વ્યવસ્થા અંગેનું આ પુસ્તક મુખ્યત્વે ચાર એકમોમાં વહેંચાયેલું છે. જે નીચે મુજબ છે. (1) સામાજિક સ્તરીકરણ (2) સામાજિક સંસ્થાના પ્રકારો ભાગ-1 (3) સામાજિક સંસ્થાના પ્રકારો ભાગ-2 (4) સામાજિક પરિવર્તન અને સામાજિક નિયંત્રણ.

આમ આ ચારેય એકમાનો અભ્યાસ વિદ્યાર્થીઓને સામાજિક વ્યવસ્થાની પાયાની સમજ મેળવવામાં વિશેષ ઉપયોગી નીવડશે.

**ઘટકના એકમના હેતુઓ :**

(1) સામાજિક સ્તરીકરણો અર્થ, લાક્ષણિકતાઓ, સામાજિક સ્તરીકરણનાં સ્વરૂપ તરીકે જ્ઞાતિ સંસ્થા વિશે વિસ્તૃત ખ્યાલ મેળવી શકાશે.

(2) સામાજિક સંસ્થાનાં પ્રકારો વિશે વિસ્તૃત ખ્યાલ મેળવી શકીશું.

(3) સામાજિક પરિવર્તન લાવનારા પરિબળો અને સામાજિક નિયંત્રણો વિશે માહિતી મેળવી શકાશે.

# એકમ–1 સામાજિક સ્તરીકરણ

## : એકમનું માળખું :

**1.0** એકમના હેતુઓ

**1.1** પ્રસ્તાવના

**1.2** સામાજિક સ્તરીકરણ

**1.3** સામાજિક સ્તરીકરણનો અર્થ

**1.4** સામાજિક સ્તરીકરણની લાક્ષણિક્તાઓ

**1.5** સામાજિક સ્તરીકરણના સ્વરૂપ તરીકે જ્ઞાતિ સંસ્થા

**1.6** જ્ઞાતિનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ

**1.7** જ્ઞાતિ સંસ્થાના કાર્યો

**1.8** સામાજિક સ્તરીકરણના સ્વરૂપ તરીકે સામાજિક વર્ગ વ્યવસ્થા

**1.9** સામાજિક વર્ગનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ

**1.10** ઉપસંહાર

**1.11** તમારી પ્રગતિ ચકાસો (MCQs)

**1.12** તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**1.13** ચાવીરૂપ શબ્દો

**1.14** સ્વાધ્યાય લેખન (Assignment)

**1.15** પ્રવૃત્તિ (Activities)

**1.16** કેસસ્ટડી (Case Study)

**1.17** સંદર્ભસૂચિ

### 1.0 એકમના હેતુઓ :

- આ એકમમાં ભારતીય સમાજની એક રચના તરીકે સમજૂતી પ્રાપ્ત થશે.
- સામાજિક સ્તરીકરણની વિસ્તૃત સમજ કેળવાશે.
- ભારતીય સમાજમાં સામાજિક સ્તરીકરણના ભાગરૂપ જ્ઞાતિ અને વર્ગનો પરિચય પ્રાપ્ત થશે.

### 1.1 પ્રસ્તાવના :

સામાજિક સંરચનામાં સામાજિક સ્તરીકરણની પ્રક્રિયાનું આગવું મહત્ત્વ છે. સામાજિક સંરચના જુદા જુદા અનેક સ્તરોમાં વહેંચાયેલી છે. આ વિવિધ સ્તરો સમાજની એવી વાસ્તવિક ભૂમિ છે કે,, જે માનવીની સામાજિક ઓળખને વધુ સ્પષ્ટ બનાવે છે. આથી જો સામાજિક સંરચનાને વ્યવસ્થિત રીતે સમજવી હોય તો સામાજિક સ્તરીકરણની પ્રક્રિયા સમજવી પડે. એમાં પણ બહુવિધતા ધરાવતા ભારતીય સમાજની સંરચનામાં તો સ્તરીકરણના અનેક પ્રવાહો જોવા મળે છે. આ પ્રવાહોમાં જ્ઞાતિસંસ્થા અને સામાજિક વર્ગ એ બે મુખ્ય પ્રવાહો છે. તેને સમજ્યા વિના ભારતીય સમાજની

સંરચનાને સમજી શકાય નહીં. આ પ્રકરણમાં સામાજિક સ્તરીકરણના અર્થ અને લાક્ષણિક્તાની સમજૂતી મેળવ્યા બાદ જ્ઞાતિ અને સામાજિક વર્ગની વિશેષતાઓ અંગેનો પ્રાથમિક પરિચય પ્રાપ્ત થશે.

## 1.2 સામાજિક સ્તરીકરણ :

સામાજિક સ્તરીકરણનો ઉદ્‌ભવ કેવી રીતે થયો હશે તે અંગે ગૂમ પ્લાવિઝ, ઓપન મેયર તથા અન્ય સમાજશાસ્ત્રીઓનો મત છે કે, તેનો ઉદ્‌ભવ એક સમૂહ દ્વારા બીજા સમૂહ પર વિજય પ્રાપ્ત કરવાની પરંપરામાંથી થયો હશે. સંઘર્ષની સ્થિતિમાં જે જૂથ વિજેતા બને છે તે હારેલા જૂથ પર પોતાનો અધિકાર પ્રસ્થાપિત કરી પોતાના જૂથને હારેલા જૂથ કરતાં ઉચ્ચ ગણાવે છે. બીજી બાજુ હારેલું જૂથ આધીન અથવા નિમ્ન વર્ગની સ્થિતિમાં આવી જાય છે. જો કે આધુનિક સમાજશાસ્ત્રીઓ ગૂમ પ્લાવિઝ અને અન્ય સમાજશાસ્ત્રીઓએ રજૂ કરેલા આ મત સાથે સંપૂર્ણપણે સંમત થતા નથી; પરંતુ, તેઓ એટલું તો અવશ્ય સ્વીકારે છે કે, વિજય પ્રાપ્ત કરવાની ઇચ્છાએ જ વર્ગોના ઉદ્‌ભવમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. સિસિલ નોર્થ પોતાના પુસ્તક ‘જીષ્ઠૈટ્ઠઙ્મ ઙ્ઘકીહિષ્ઠૈટ્ઠૈહ’ માં એક સમૂહ દ્વારા અન્ય સમૂહ પર વિજય મેળવવાની ઘટનાને મહત્ત્વની ગણતા; ત્યાં સુધી કહ્યું છે કે,, જ્યાં સુધી માનવી શાંતિપૂર્વક રહે છે ત્યાં સુધી સમાજમાં કોઈ પણ પ્રકારની સ્થાયી અને વિશાળ વર્ગવ્યવસ્થા ઉદ્‌ભવતી નથી.

સોરોકિનના મત મુજબ વિજય અથવા સંઘર્ષને સામાજિક સ્તરીકરણનું એકમાત્ર સહાયક પરિબળ માનવું જોઈએ.

આ રીતે એમ કહી શકાય કે, સામાજિક સ્તરીકરણની વ્યવસ્થા વિશ્વના પ્રત્યેક સમાજમાં જોવા મળે છે. સ્તર વિનાના સમાજની કલ્પના કરવી એ તો ઊંઘમાં સ્વપ્ન જોવા જેવું છે. અરે, જે સમાજોમાં સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃત્વના વિચારોનું પ્રાધાન્ય હોય છે તથા તમામ મનુષ્યોને સ્વતંત્ર અને સમાન સમજવામાં આવે છે એવા સમાજોમાં પણ કોઈને કોઈ પ્રકારે ઊર્ધ્વગામી કે નિમ્નગામી સામાજિક સ્તરીરકરણ અવશ્ય જોવા મળે છે.

## 1.3 સામાજિક સ્તરીકરણનો અર્થ :

અંગ્રેજીમાં ‘Stratification’ શબ્દ ‘Strata’પરથી બન્યો છે, જેનો અર્થ થાય છે - સ્તર અથવા પડ. જે રીતે જમીનમાં જુદા જુદા પડ હોય છે એવી જ રીતે સમાજમાં પણ જુદા જુદા સામાજિક સમૂહરૂપી પડ જોવા મળે છે. સમાજમાં જોવા મળતા આવા સામાજિક પડ કે સ્તરોને સમાજશાસ્ત્રીય પરિભાષામાં સામાજિક સ્તરીકરણ તરીકે ઓળખવામાં આવે છે.

સધરલૅન્ડ અને વુડવર્ડ ‘Introductory Sociology’માં સામાજિક સ્તરીકરણનો અર્થ સ્પષ્ટ કરતા લખે છે કે,, ‘સ્તરીકરણ સામાન્ય રીતે આંતરક્રિયાઓ અથવા વિભેદીકરણની એક પ્રક્રિયા છે કે, જેના દ્વારા કેટલાક વ્યક્તિ અન્ય વ્યક્તિઓની તુલનામાં ઉચ્ચ શ્રેણીમાં ગણાવા લાગે છે.’

સોરોકિનના મતે સામાજિક સ્તરીકરણ એટલે જે તે સમાજના લોકોનું ચઢતા-ઊતરતા ક્રમવાળાં સ્તરોમાં વિભાજન. સમાજનું આવું વિભાજન ઊંચા અને નીચા દરજ્જાવાળાં સ્તરોના અસ્તિત્વમાં વ્યક્ત થાય છે. સ્તરીકરણનો પાયો અને હાર્દ સમાજના સભ્યોના વિશેષાધિકારો, ફરજો, જવાબદારીઓ, સત્તા વગેરેની અસમાન વહેંચણીમાં રહેલો છે.

જહોન્સનના મત મુજબ સામાજિક સ્તરીકરણ એવી પ્રક્રિ યા છે કે, જેમાં વ્યક્તિઓ કે જૂથોનાં સ્તરોને વિભિન્ન દરજ્જાઓ મળેલા હોય છે અને કોઈ પણ એક સ્તરની બધી વ્યક્તિઓ કે જૂથોનો સામાજિક દરજ્જો લગભગ સમાન હોય છે.

આમ, ઉપર્યુક્ત વ્યાખ્યાઓ પરથી એમ કહી શકાય કે, સામાજિક સ્તરીકરણ સમાજમાં અસમાનતાની સ્થિતિ સૂચવે છે. બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કે, ઊંચનીચના ભેદભાવના આધારે સમાજમાં જે જુદા જુદા સ્તરો રચાય છે તે સ્તરોનું ઝુમખું એટલે સામાજિક સ્તરીકરણ. સામાજિક સ્તરીકરણમાં પ્રત્યેક સ્તરના સભ્યોની સત્તા, જવાબદારીઓ, અધિકારો, ફરજો વગેરે અન્ય સ્તરના સભ્યોની સાથે સમાનતા ધરાવતી નથી. ઉચ્ચ સ્તરના સભ્યો નિમ્ન સ્તરની તુલનાએ પ્રમાણમાં વધુ સત્તા, જવાબદારીઓ, અધિકારો ભોગવે છે, જ્યારે નિમ્ન સ્તરના સભ્યોમાં તે પ્રમાણમાં ઓછાં હોય છે.

## 1.4 સામાજિક સ્તરીકરણની લાક્ષણિક્તાઓ :

સોરોકિન સ્તરીકરણને સાર્વત્રિક ઘટના તરીકે ઓળખાવે છે, તો બ્રુમ અને સેલ્ઝનિક સ્તરીકરણને એક પ્રક્રિયા તરીકે સમજાવે છે. સાથે સાથે એ પણ સ્પષ્ટ થાય છે કે, બદલાની અસમાન વહેંચણી એ સ્તરીકરણનું હાર્દ છે અને તેથી જ હક્કો અને ફરજોની અસમાન વહેંચણીમાંથી સમાજના જુદા જુદા સ્તરો ઉદ્‌ભવે છે. દરેક સ્તરની વ્યક્તિના વર્તન-વ્યવહારની તરાહ જુદી જુદી જોવા મળે છે. બ્રુમ અને સેલ્ઝનિક જણાવે છે કે, જો સ્તરીકરણની પદ્ધતિ સમાજમાં બરાબર સ્થિર થઈ ચૂકી હોય તો દરેક સ્તરના સભ્યોમાં આંતરિક એકતાની લાગણી વિકસે છે. આવી એકતાની લાગણી અન્ય સ્તરના સભ્યો સાથેના સંબંધોમાં વ્યક્ત થવા લાગે છે. આમ, સામાજિક સ્તરરચનામાં વર્તનની વિભિન્ન વર્તનઢબો જોવા મળે છે. સામાજિક સ્તરીકરણમાં વ્યક્તિના સામાજિક દરજ્જાનો કોટિક્રમ પણ તેની નોંધપાત્ર ખાસિયત છે. સામાજિક સ્તરીકરણને લગતી આ તમામ બાબતો નીચે દર્શાવેલી તેની લાક્ષણિક્તાઓ પરથી વધુ સ્પષ્ટ થશે.

### 1. સામાજિક સ્તરીકરણ એક સાર્વત્રિક પ્રક્રિયા છે :

પ્રક્રિયા શબ્દ જ કાર્ય સતત ચાલુ હોવાનો નિર્દેશ કરે છે. આ અર્થમાં જોઈએ તો સામાજિક સ્તરીકરણ એક પ્રક્રિયા છે. જહોન્સન, સોરોકિન, બ્રુમ અને સેલ્ઝનિક જેવા વિદ્વાનો પણ સામાજિક સ્તરીકરણને એક પ્રક્રિયા તરીકે ઓળખાવે છે. સમાજના ઉદ્‌ભવથી માંડીને આજદિન સુધી કોઈને કોઈ સ્વરૂપે સ્તરીકરણની આ પ્રક્રિયા અવિરત ચાલુ રહી છે. વળી, વિશ્વના તમામ સમાજોમાં તે પ્રવર્તતી હોવા છતાં તેમાં સમયે સમયે પરિવર્તન પણ આવ્યું છે. આમ, આપણે કહી શકીએ કે સામાજિક સ્તરીકરણ એક સાર્વત્રિક પ્રક્રિયા છે.

### 2. સામાજિક અસમાનતા :

સામાજિક સ્તરીકરણનું બીજું મહત્ત્વનું લક્ષણ છે - સામાજિક અસમાનતા. પ્રત્યેક સમાજ ઊંચ-નીચના સામાજિક એકમોમાં વિભાજીત થયેલો છે. ભારતીય સમાજની જ્ઞાતિસંસ્થાને આપણે તેના ઉદાહરણ તરીકે દર્શાવી શકીએ. સામાજિક અસમાનતાને કારણે સમાજના સભ્યો વચ્ચે એકબીજાથી ચઢિયાતાપણાની કે ઉતરતાપણાની લાગણી ઉદ્‌ભવે છે. સામાજિક અસમાનતાને કારણે જ સમાજમાં

ગરીબ-અમીર, મજૂર-માલિક, શાસક-શાસિત જેવા ઊંચ-નીચના દરજ્જાઓ ધરાવતા જુદા જુદા સ્તરો જોવા મળેછે.

**3. સ્થિરતા :**

સામાજિક સ્તરીકરણ એક પ્રક્રિયા હોવા છતાં તે પ્રમાણમાં સ્થિર છે. સ્તરરચનામાં ગોઠવાયેલા સ્થાનો, દરજ્જાઓ અલ્પજીવી નહીં; પરંતુ, કાયમી હોય છે. આ જ બાબતને વધુ સ્પષ્ટ રીતે એમ સમજાવી શકાય કે સમાજમાં જોવા મળતા વિવિધ દરજ્જાઓ સ્થિર અને કાયમી હોય છે; પરંતુ, એ દરજ્જા સાથે સંકળાયેલી વ્યક્તિઓ બદલાતી રહે છે. દા.ત. કોઈ શૈક્ષણિક સંસ્થાના આચાર્યનો દરજ્જો. શૈક્ષણિક સંસ્થાના આચાર્ય બદલાતા રહે છે; પરંતુ, આચાર્યનો દરજ્જો તો દીર્ઘકાલીન છે. આ રીતે જોઈએ તો સામાજિક સ્તરીકરણમાં પ્રમાણમાં સ્થિરતા જોવા મળે છે.

**4. સમાજનું જુદા જુદા સ્તરોમાં વિભાજન :**

સામાજિક સ્તરીકરણ સમાજનું જુદાં જુદાં સ્તરોમાં વિભાજન સૂચવે છે. વળી, વ્યક્તિ અને સમાજની વિવિધ જરૂરિયાતોના સંતોષ માટે આવું સ્તરવિભાજન અનિવાર્ય પણ છે. સમાજમાં જોવા મળતા આ વિવિધ સામાજિક સ્તરોને પણ પોતાની આગવી સંસ્કૃતિ, ધોરણો અને મૂલ્યો હોય છે અને આ રીતે સમાન સ્તરના સભ્યોમાં એક જૂથના હોવાની લાગણી વિકસે છે.

**5. સામાજિક દરજ્જાઓની કોટિક્રમિક ગોઠવણ :**

સમાજમાં વિવિધ સ્તરોમાં સામાજિક દરજ્જાઓની કોટિક્રમિક ગોઠવણ સામાજિક સ્તરીકરણની એક વિશેષ ખાસિયત છે. વિવિધ સ્તરોમાં જોવા મળતો ઊંચ-નીચના દરજ્જાઓનો આ કોટિક્રમ જ સામાજિક સ્તરીકરણ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. વળી, સત્તા, અધિકારો, હક્કો, ફરજો વગેરેની અસમાન વહેંચણીને કારણે દરજ્જાઓના કોટિક્રમ રચાય છે. અને આ રીતે જુદા જુદા સ્તરોમાં ચઢિયાતાપણા કે ઊતરતાપણાની લાગણી વિકસે છે.

સામાજિક સ્તરીકરણના અર્થ અને લાક્ષણિક્તાઓ વિશે સમજ મેળવ્યા બાદ હવે આપણે ભારતીય સમાજમાં સામાજિક સ્તરીકરણના સ્વરૂપ તરીકે જ્ઞાતિ સંસ્થા અને વર્ગવ્યવસ્થાની સમજૂતી મેળવીશું.

## 1.5 સામાજિક સ્તરીકરણના સ્વરૂપ તરીકે જ્ઞાતિ સંસ્થા :

જ્ઞાતિ એ ભારતની વિશિષ્ટ સામાજિક સંસ્થા છે. જાણીતા સાહિત્યકાર શ્રી કાકાસાહેબ કાલેલકર ભારતને જ્ઞાતિઓનું પિયર ગણે છે. કાકાસાહેબ કાલેલકરનું આ વિધાન ભલે સાહિત્યિક હોય; પરંતુ, રિઝલે નામના વિદ્વાને કરેલો જ્ઞાતિ અંગેનો અભ્યાસ કાકાસાહેબના વિધાનને સમર્થન આપે છે. રિઝલેના મતે ભારતમાં 3000થી વધુ જ્ઞાતિઓ છે અને દરેક જ્ઞાતિનું આગવું સામાજિક જીવન છે. ભારતમાં સદીઓથી પ્રવર્તતી આ જ્ઞાતિસંસ્થા હજુ પણ એટલી જ પ્રભાવી છે. વ્યક્તિગત પરિચયની વાત હોય કે રાજકારણમાં ચૂંટણી અંગેના સમીકરણોની વાત, ધાર્મિક કે નાગરિક અધિકારો અંગેની વાત હોય કે સમાજના કોટિક્રમિક માળખાંની વાત – આ પ્રત્યેક ક્ષેત્રમાં જ્ઞાતિનું પરિબળ હંમેશાં મહત્ત્વનું રહ્યું છે. અલબત્ત, સમાજવ્યવસ્થામાં પરિવર્તન આવવાની સાથે જ્ઞાતિસંસ્થામાં પણ પરિવર્તન આવ્યાં છે ખરા; પરંતુ, જ્ઞાતિ સંસ્થાનું અસ્તિત્વ જોખમાયું હોય તેવા કોઈ અણસાર હજુ સુધી પ્રાપ્ત થયા નથી.

ભારતની સામાજિક વ્યવસ્થાના હાર્દ સમી જ્ઞાતિ સંસ્થાની સમજૂતી મેળવ્યા વિના સામાજિક વ્યવસ્થાનો પરિચય અધૂરો છે. ભારતની જ્ઞાતિ સંસ્થા અંગે ઘણા અભ્યાસો થયા છે, ગ્રંથો લખાયા છે પરંતુ, અહીં અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને માત્ર જ્ઞાતિ સંસ્થાનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ અંગેની પાયાની સમજ રજૂ કરી છે.

## 1.6 જ્ઞાતિનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ :

'જ્ઞાતિ' (Caste) શબ્દ 'ઓલાદ', 'વંશ' જેવા શબ્દો કે જે જાતિના સૂચક છે એવા પોર્ટુગીઝ શબ્દ 'ઝફ્રજંફ્ર' પરથી ઉતરી આવ્યો છે. સૌ પ્રથમ 1523માં 'જ્ઞાતિ' શબ્દ પ્રયોજાયો હોય તેવું અભ્યાસ નોંધે છે. સેનાર્ટના મત પ્રમાણે પોર્ટુગીઝો મલબાર કાંઠાના લોકોના સંબંધમાં સંપર્કમાં આવ્યાં ત્યારે તેઓએ હિંદુઓને અનેક સમૂહોમાં વિભાજિત થયેલા જોયા. આવા જુદા જુદા સમૂહોને ઓળખવા માટે તેઓએ 'જ્ઞાતિ' નામ આપ્યું. જી. કે પિલ્લાઈના મતે 'જ્ઞાતિ' શબ્દ ફ્રેંચ ભાષામાંથી લેવામાં આવ્યો છે અને તેનો અર્થ 'ઉછેર કરવો' એવો થાય છે. 'જ્ઞાતિ' શબ્દની વ્યત્પુત્તિને સમજવા કરતા પણ તેની કોઈ એક જ વ્યાખ્યા આપવાનું કાર્ય ઘણું કઠિન છે. જ્ઞાતિ વિષયક ઘણા સંશોધનો થયા છે, ઘણાપુસ્તકો લખાયા છે, એમ છતાં જ્ઞાતિની તમામ લાક્ષણિક્તાઓને આવરી લે તેવી કોઈ સર્વસામાન્ય વ્યાખ્યા આપવાનું કાર્ય કઠિન છે. અહીં જુદા જુદા સમાજશાસ્ત્રીઓએ જ્ઞાતિની જે વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો છે તેમાંથી કેટલીક વ્યાખ્યાઓ પ્રસ્તુત છે.

વિન્ટસના મતે,'જ્ઞાતિ એ કુટુંબોનો એવો સમૂહ છે કે, જેના સભ્યો એકબીજા સાથે પરણી શકે છે. એમાં ઉમેરવું જોઈએ કે, આવા દરેક સમૂહને સામાજિક કોટિક્રમમાં સ્થાન હોય છે. દરેક એકબીજાથી ઉચ્ચ હોય કે નિમ્ન હોય કે પછી સમાન હોય પરંતુ, વાસ્તવમાં પોતાના સમૂહનું સ્થાન ક્યાં છે તે સર્વને વિદિત છે.'

રિઝલેના મતે 'જ્ઞાતિ એ કેટલાક કુટુંબોનો અથવા કુટુંબોના જૂથોનો સમૂહ છે કે, જે માનવ કે દૈવી એવા કોઈ એક પૌરાણિક પૂર્વજમાંથી ઉતરી આવ્યો હોવાનો દાવો કરે છે. જ્ઞાતિને પેઢી દર પેઢી ચાલ્યો આવતો એક જ વ્યવસાય છે અને જ્ઞાતિ અંગે અભિપ્રાય આપનારાઓના મત મુજબ જ્ઞાતિ એક સ્વતંત્ર અને એક જાતીય જમાત ગણાય છે.'

કેતકરના મતે 'જ્ઞાતિ એ સામાજિક જૂથ છે અને તેના બે લક્ષણો છે - (1) તેનું સભ્યપદ તેના સભ્યો પૂરતું જ મર્યાદિત હોય છે તેમજ એક જ જ્ઞાતિમાં જન્મેલા બધા વ્યક્તિઓ આપોઆપ તેમાં સમાઈ જાય છે અને (2) તેમાં એક એવો કડક સામાજિક નિયમ હોય છે કે, તેના સભ્યો એ જૂથની બહાર પરણી શકતા નથી.'

ભારતમાં સમાજશાસ્ત્રના આદ્યપિતા ડૉ. જી. એસ. ઘૂર્યેનો જ્ઞાતિ સંસ્થા અંગેનો અભ્યાસ ખૂબ જ પ્રચલિત છે. ડૉ. ઘૂર્યે ભારતની પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થાનું સ્વરૂપ સમજાવવા માટે તેના છ લક્ષણો દર્શાવે છે.

**જ્ઞાતિની લાક્ષણિકતાઓ :**

**(1) હિન્દુ સમાજનું જુદા જુદા ખંડોમાં વિભાજન :**

અગાઉ જોયું તેમ, રિઝલેના અભ્યાસ મુજબ ભારતમાં 3000 કરતા વધુ જ્ઞાતિઓ છે. આનો

અર્થ એ થયો કે ભારતીય સમાજ જ્ઞાતિરૂપી વાડામાં વિભાજિત થયેલો છે. હિંદુ સમાજની પ્રત્યેક જ્ઞાતિ એક અલગ અને સ્વતંત્ર સામાજિક એકમ તરીકે અસ્તિત્વ ધરાવે છે. જ્ઞાતિના આ પ્રથમ લક્ષણને આપણે નીચે મુજબ ત્રણ પેટા વિભાગોમાં દર્શાવી શકીએ :

**(અ) જ્ઞાતિનું સભ્યપદ અને દરજ્જો જન્મગત (વંશપરંપરાગત) હોય છે :**

દરેક જ્ઞાતિસમૂહનું સભ્યપદ જન્મ પર આધારિત છે. એટલે કે જે જ્ઞાતિમાં વ્યક્તિનો જન્મ થાય તે જ્ઞાતિમાં પરંપરાગત ધોરણો મુજબ વ્યક્તિનો દરજ્જો જન્મની સાથે જ નક્કી થઈ જાય છે. વ્યક્તિ સ્વપ્રયત્નથી જ્ઞાતિનું સભ્યપદ કે દરજ્જો બદલી શકતી નથી. મહારાષ્ટ્રનો દાખલો ટાંકીને ઘૂર્યે નોંધે છે કે,, મરાઠા જ્ઞાતિઓની વ્યક્તિઓએ પોતાના બાપદાદાનો ધંધો બદલવા છતાં તેમનો જ્ઞાતિનો દરજ્જો બદલાયો નથી.

**(બ) જ્ઞાતિ પંચાયત :**

ઘણીખરી જ્ઞાતિઓને પોતાની કાયમી પંચાયતો હોય છે. આવી પંચાયતો જ્ઞાતિના અનેક વર્તનો પર નિયંત્રણો મૂકે છે અને આ રીતે પોતાના સભ્યો પર અંકુશ ધરાવે છે. જ્ઞાતિનો કોઈ પણ સભ્ય જ્ઞાતિના રિવાજો કે નિયમોનું ઉલ્લંઘન કરે તો તેને જ્ઞાતિપંચાયત શિક્ષા કરે છે.

**(ક) દરેક જ્ઞાતિને પોતાની આગવી સંસ્કૃતિ હોય છે :**

વિવિધ જ્ઞાતિઓના રીતિરિવાજો અને ધારાધોરણોની બાબતમાં તફાવતો જોવા મળે છે. જુદી જુદી જ્ઞાતિઓના લગ્ન, મૃત્યુ જેવા રિવાજોમાં ઘણા તફાવતો હોય છે. જ્ઞાતિ સમાજના અંગરૂપ હોવા છતાં પ્રત્યેક જ્ઞાતિને પોતાનું આગવું વિશ્વ હોય છે.

**(2) કોટિક્રમ :**

ભારતીય સામાજિક માળખાંમાં જ્ઞાતિઓ અંગેનો એક ચોક્કસ કોટિક્રમ જોવા મળે છે. કોટિક્રમની આ વ્યવસ્થામાં સૌથી ઉચ્ચ સ્થાન પર બ્રાહ્મણો છે. જો કે જુદી જુદી જ્ઞાતિઓનું એક ચોક્કસ સામાજિક સ્થાન નક્કી કરવું મુશ્કેલ છે. ઈ.સ. 1901ના મૈસૂરના સેન્સસ અહેવાલને ટાંકીને ઘૂર્યે નોંધે છે કે, ‘સમાજની આજની સ્થિતિમાં પ્રત્યેક સમુદાયનું સ્થાન ઓળખી શકાય તેવું રહ્યું નથી. તે જ રીતે જ્ઞાતિઓના કોટિક્રમ માટે લોકોએ પોતે સ્વીકાર્ય ગણ્યો હોય તેવો કોઈ સર્વમાન્ય સિદ્ધાંત દેખાતો નથી.’ વિશેષમાંઘૂર્યે નોંધે છે કે,, ‘ટૂંકમાં જ્ઞાતિવ્યવસ્થામાં જ્ઞાતિઓના દરજ્જાની અસમાનતા અથવા કોટિક્રમ હોય છે ખરો પણ આ કોટિક્રમમાં કઈ જ્ઞાતિ ક્યા સ્થાને છે તે નક્કી કરવું મુશ્કેલ છે.’

**(3) ખાનપાન અને સામાજિક વ્યવહાર અંગેના પ્રતિબંધો :**

ખાનપાન અને બીજા સામાજિક વ્યવહારો કઈ જ્ઞાતિ સાથે રાખી શકાય અને કઈ જ્ઞાતિ સાથે ન રાખી શકાય તે અંગેના ઘણા ઝીણવટભર્યા સામાજિક ધોરણો દરેક જ્ઞાતિમાં હોવાનું ઘૂર્યેએ નોંધ્યું છે. ખાનપાનના સંબંધો અને સામાજિક વ્યવહારોની બાબતમાં ભારતના જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી જ્ઞાતિઓના રિવાજોમાં ઘણા તફાવતો જોવા મળે છે. બ્રાહ્મણોના હાથનો બનાવેલો કાચો ખોરાક બધી જ જ્ઞાતિઓ ખાઈ શકે છે જ્યારે બ્રાહ્મણો પોતે અમુક જ જ્ઞાતિઓના ઘરનું અને તે પણ માત્ર પાકું ભોજન જ લઈ શકે છે. ઉચ્ચ જ્ઞાતિની વ્યક્તિ પોતાનાથી ઉતરતી જ્ઞાતિની વ્યક્તિના ઘરનું કાચું ભોજન લઈ શકે નહીં, પરંતુ, નિમ્ન જ્ઞાતિની વ્યક્તિ પોતાનાથી ચઢિયાતી જ્ઞાતિની વ્યક્તિના

ઘરનું કાચું ભોજન લઈ શકે છે. આમ, ખાનપાનના વ્યવહારોમાં ઘણા સૂક્ષ્મ અને ચુસ્ત ધોરણો જોવા મળે છે.

**(4) નાગરિક અને ધાર્મિક અસમાનતાઓ :**

ભારતની વિવિધ જ્ઞાતિઓમાં ચઢિયાતાપણા અને ઉતરતાપણાના ખ્યાલોએ નિમ્ન અને ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓમાં નાગરિક અને ધાર્મિક અધિકારો વિશે અસમાનતા સર્જી છે. નિમ્ન ગણાતી જ્ઞાતિઓ અનેક પ્રકારના નાગરિક અને ધાર્મિક અધિકારોથી વંચિત રહે છે, જ્યારે ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ આ બાબતમાં અનેક વિશેષાધિકારો ભોગવે છે.

વસવાટના સંદર્ભમાં આવી અસમાનતા જોઈએ તો ઉત્તર ભારત અને મહારાષ્ટ્રમાં અમુક જ્ઞાતિઓ ગામની બહાર નિવાસ કરે છે. ગામની અંદરના ભાગમાં પણ જુદી જુદી જ્ઞાતિઓના વસવાટના વિસ્તારો જુદા જુદા હોય છે. ગુજરાતના ઘણા ગામડાંઓમાં આજે પણ અમુક જ્ઞાતિના નિવાસ ગામની બહાર કે ભાગોળે જોવા મળે છે. તો ગામમાં કૂવાના ઉપયોગના સંદર્ભમાં પણ આવી અસમાનતા વિશેષ ધ્યાન ખેંચે તેવી હોય છે. ઉચ્ચ જ્ઞાતિઓ જે કૂવેથી પાણી ભરતી હોય તે કૂવેથી અમુક જ્ઞાતિઓ પાણી ભરી શકતી નહીં. જો નિમ્ન જ્ઞાતિની વ્યક્તિ ઉચ્ચ જ્ઞાતિના કૂવેથી પાણી ભરે તો કૂવા અને ઉચ્ચ જ્ઞાતિની વ્યક્તિને આભડછેટ લાગે તેવી માન્યતા પણ ખૂબ પ્રચલિત હતી.

વળી, જાહેરમાર્ગોના સંદર્ભમાં પણ આવી અસમાનતાને કારણે ઘણા ભેદભાવો જોવા મળતા. મહારાષ્ટ્રમાં મહાર જ્ઞાતિના વ્યક્તિઓને ગામના જાહેરમાર્ગ પર થુંકવાની પણ મનાઈ હતી. આથી મહાર જ્ઞાતિના લોકો જ્યારે ગામમાં નીકળતા ત્યારે થુંકવા માટે કોડિયું ગળે લટકાવીને બહાર નીકળતા, કારણ કે જો રસ્તા પર તેમનું થુંક પડે અને ઉચ્ચ જ્ઞાતિના વ્યક્તિનો તેના પર પગ પડે તો તેઓ અભડાઈ જાય તેવી પરંપરાગત માન્યતા પ્રચલિત હતી.

શાળાના પ્રવેશની બાબતમાં પણ આવી અસમાનતા અને ભેદભાવો જોવા મળતા. ગામની સરકારી શાળામાં અમુક જ્ઞાતિના બાળકોને પ્રવેશ અપાતો નહીં. કાયદાની રુષ્ટિએ તેમને અભ્યાસ કરવાનો હક્ક હોવા છતાં શાળાપ્રવેશથી તેઓ વંચિત રહેતા.

મંદિર પ્રવેશ અંગે પણ આવી અસમાનતાઓને લીધે નિમ્ન જ્ઞાતિઓ મંદિરમાં પ્રવેશ કરી શકતી નહીં.

આમ, નાગરિક અને ધાર્મિક અસમાનતાઓ જ્ઞાતિની એક આગવી વિશેષતા છે.

**(5) ધંધાની પસંદગી પરના અંકુશો :**

જ્ઞાતિના વ્યવસાયો વંશપરંપરાગત ચાલ્યા આવતા હતા. પ્રત્યેક જ્ઞાતિએ પોતાનો નક્કી થયેલો ધંધો કરવો તે ફરજ ગણાતી. પોતાની જ્ઞાતિ સિવાયનો અન્ય ધંધો કે વ્યવસાય ફાયદાકારક જણાતો હોય તો પણ વ્યક્તિ જ્ઞાતિનો ધંધો કે વ્યવસાય છોડીને અન્ય ધંધો કે વ્યવસાય કરી શકતી નહીં. જો કે ખેતી, ખેતમજૂરી અને લશ્કરી નોકરી જેવા કેટલાક વ્યવસાયો કોઈ પણ જ્ઞાતિની વ્યક્તિ કરી શકતી. એ જ રીતે કારીગરોના વ્યવસાયો સ્વીકારવાની બાબતમાં પણ આવી છૂટછાટો જોવા મળતી. આમ છતાં, વ્યવસાયની પસંદગીમાં જ્ઞાતિનું નૈતિક નિયંત્રણ રહેતું એટલું જ નહીં; પરંતુ, બીજી જ્ઞાતિઓનું નિયંત્રણ પણ તેમાં અસરકારક ભાગ ભજવતું.

**(6) લગ્ન પરના પ્રતિબંધો :**

દરેક જ્ઞાતિ એક રીતે જોઈએ તો, નાની નાની અનેક પેટા જ્ઞાતિઓમાં વહેંચાયેલી છે. એક પેટા જ્ઞાતિની વ્યક્તિ અન્ય પેટા જ્ઞાતિની વ્યક્તિ સાથે લગ્ન કરી શકતી નથી. આમ, પેટા જ્ઞાતિ તરીકે ઓળખાતા આ બધા જૂથો આંતર્લગ્ન પ્રથા ધરાવે છે. આંતર્લગ્નની આ પ્રથા જ્ઞાતિ સમાજનું એવું નોંધપાત્ર પાસું છે કે, વેસ્ટરમાર્કે તો તેને જ જ્ઞાતિવ્યવસ્થાના હાર્દ તરીકે ઓળખાવ્યું છે. જ્ઞાતિ કે પેટા જ્ઞાતિમાં જ લગ્ન કરવાનું વ્યક્તિને માટે અનિવાર્ય ગણાયું છે. આ નિયમનો ભંગ કરનાર વ્યક્તિને જ્ઞાતિમાંથી કાઢી મૂકવા સુધીની સજાઓ કરવામાં આવે છે.

## 1.7 જ્ઞાતિ સંસ્થાના કાર્યો :

જ્ઞાતિ સંસ્થા ભારતીય સમાજ વ્યવસ્થાનું એક મહત્ત્વપૂર્ણ ઘટક છે. જ્ઞાતિ પોતાના અંગભૂત વ્યક્તિઓની રુષ્ટિએ સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક એમ સમાજજીવનના તમામ પાસાંઓમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જ્ઞાતિ લગ્નસંસ્થામાં જીવનસાથીની પસંદગી, આર્થિક બાબતોમાં વ્યવસાયની પસંદગી, રાજકીય બાબતોમાં પક્ષોની પસંદગી, ધાર્મિક કાર્યોમાં ધાર્મિક ક્રિયા, કર્મકાંડ વગેરેની પસંદગીના સંદર્ભમાં મહત્ત્વના કાર્યો કરે છે. સાથે સાથે જ્ઞાતિ ખાનપાન, પહેરવેશ, રીતિરિવાજો, અસ્પૃશ્યતા, સ્ત્રીઓ સાથેનો વ્યવહાર, લગ્ન અને છૂટાછેડા, પુર્નવિવાહ, જન્મ અને મૃત્યુની વિધિ આ તમામા સામાજિક બાબતોમાં પોતાના અભિગમને સ્પષ્ટ કરવાનું કાર્ય કરે છે. વળી, ધાર્મિક ક્ષેત્રમાં જ્ઞાતિ એવી રીતે કાર્ય કરે છે કે, તે બદલાતા જમાનાના નૈતિક ધોરણો અથવા લોકમતના વલણ અનુસાર પોતાના સામાજિક અને ધાર્મિક આચારોને બદલી કે સુધારી શકે છે.

વ્યક્તિને સમાજમાં કેવી રીતે વર્તવું તેની તરાહ પણ જ્ઞાતિ નક્કી કરે છે. જ્ઞાતિએ નિયત કરેલા માપદંડથી વિરુદ્ધ વર્તન કરનારને જ્ઞાતિ પંચ જેવી પેટા સંસ્થા દ્વારા દંડ અને સજાની પણ જોગવાઈ છે. આમ, વ્યક્તિ અને કુટુંબ પર નૈતિક અને સામાજિક નિયંત્રણ કરવાનું કાર્ય જ્ઞાતિ સંસ્થા કરે છે.

જ્ઞાતિ પોતાનો વ્યવસાય, ધર્મ, જીવનપદ્ધતિના લાક્ષણિક રૂપને જાળવીને સમગ્ર સમાજના એક અંગ તરીકે જોડાઈ રહેવાનું કાર્ય કરે છે. સાથે સાથે જુદી જુદી જ્ઞાતિઓને કારણે સમાજનું પણ જુદા જુદા ખંડોમાં વિભાજન થાય છે. જ્ઞાતિ એ વ્યક્તિને જ્ઞાતિમાં સભ્યપદ આપવાનું, સામાજિક દરજ્જો આપવાનું, લગ્નની પદ્ધતિઓ નક્કી કરવાનું, જન્મ અને મૃત્યુ સમયની વિધિ નક્કી કરવાનું, સામાજિક સ્તરરચનામાં ચડતા-ઉતરતા ક્રમમાં ગોઠવાઈ જવાનું, શું ખાવું, ક્યાં ખાવું જેવી નાનામાં નાની વિગતોને નક્કી કરવાનું, અન્ય જ્ઞાતિ સાથેના વ્યવહારો નક્કી કરવાનું, જીવનનિર્વાહની પદ્ધતિ નક્કી કરવાનું જેવા કાર્યો કરે છે. દરેક જ્ઞાતિ આવા જુદા જુદા કાર્યો દ્વારા સામાજિક વ્યવસ્થાને જાળવવાનું કાર્ય કરે છે.

એ. બે. દુબ્વા નોંધે છે કે, 'હિન્દુસ્તાનને પૂરેપૂરી જંગલી અવસ્થામાંથી બચાવવાનું શ્રેય જ્ઞાતિસંસ્થાને આપવું ઘટે. જ્ઞાતિ એ વ્યવસ્થિત રાજ્યતંત્રનો નક્કર આધાર છે, જે સમાજને રાજકીય સ્થિરતાનું બળ પૂરું પાડે છે.'

## 1.8 સામાજિક સ્તરીકરણના સ્વરૂપ તરીકે સામાજિક વર્ગ વ્યવસ્થા :

ભારતીય સમાજની સંરચનાને સમજવા માટે જે રીતે જ્ઞાતિ સંસ્થાને સમજવી અનિવાર્ય છે એવી જ રીતે સામાજિક વર્ગ વ્યવસ્થાની સમજૂતી મેળવવી પણ એટલી જ અનિવાર્ય છે.

ભારતમાં સ્તરીકરણની જે તરાહ જોવા મળે છે તેમાં વર્ણ અને જ્ઞાતિ આધારિત સ્તરીકરણ સૌથી વધુ મહત્ત્વનું છે. આથી, જ્યારે વર્ગ આધારિત સ્તરીકરણની વાત કરીએ છીએ ત્યારે વિશેષ મહત્ત્વની બાબત તો એ છે કે, ભારતમાં સામાજિક વર્ગો મુખ્યત્વે જ્ઞાતિ સંસ્થાની અંદર જ રહેલા છે. આથી ભારતમાં સ્તરીકરણની તરાહમાં જ્ઞાતિ સંસ્થાની તુલનામાં સામાજિક વર્ગનું મહત્ત્વ ઓછું આંકવામાં આવે છે. ભારતમાં મુખ્યત્વે ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન એમ ત્રણ પ્રકારના વર્ગો જોવા મળે છે. વળી, સામાજિક વર્ગો પર જ્ઞાતિ સંસ્થાનો પ્રભાવ પણ અકબંધ છે. ઊંચ-નીચના ભેદભાવ પર આધારિત જ્ઞાતિ સંસ્થા મધ્યમ વર્ગના વ્યક્તિને અમુક વ્યવસાય કરવાની પરવાનગી આપતી નથી, તો નિમ્ન જ્ઞાતિની વ્યક્તિએ પોતાની કાબેલિયતના જોરે અનેક વ્યક્તિગત સિદ્ધિઓ મેળવેલી હોવા છતાં તેનું સામાજિક સ્થાન બ્રાહ્મણોની તુલનાએ નીચું ગણવામાં આવે છે.

આમ છતાં, વિજ્ઞાન અને ટેક્નોલોજીના આ યુગમાં જેમ જેમ સામાજિક ગતિશીલતાની વૃદ્ધિ થઈ રહી છે તેમ તેમ સામાજિક વર્ગોનું મહત્ત્વ પણ વધી રહ્યું છે. જ્ઞાતિ સંસ્થાની સામાજિક વર્ગો પરની પક્કડ હવે ધીમે ધીમે નબળી પડી રહી છે. બંધારણ અનુસાર નોકરી કે અન્ય લાભો જ્ઞાતિને મહત્ત્વ આપ્યા વિના વ્યક્તિગત લાયકાતોના આધારે આપવામાં આવી રહ્યા છે. બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કે, હવે જન્મગત દરજ્જા કરતા પ્રાપ્ત દરજ્જો વધુ મહત્ત્વનો બન્યો છે. વ્યક્તિ પોતાની વ્યક્તિગત લાયકાતને આધારે ઉચ્ચ, મધ્યમ કે નિમ્ન વર્ગમાં પ્રવેશી શકે છે.

ભારતીય સમાજમાં સામાજિક વર્ગની આટલી પ્રાથમિક સમજૂતી મેળવ્યા બાદ હવે આપણે સામાજિક વર્ગના અર્થને સ્પષ્ટ કરી તેની લાક્ષણિક્તઓનો પરિચય કેળવીએ.

## 1.9 સામાજિક વર્ગનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ :

**સામાજિક વર્ગનો અર્થ :**

સામાજિક વર્ગ સામાજિક સ્તરીકરણનો એક મુખ્ય આધાર છે. સામાજિક વર્ગ એ સમાજનો એક એવો વિભાગ છે કે, જેમાં સમાન સામાજિક દરજ્જા ધરાવનારા લોકો સામેલ હોય. જ્યારે સમાન સામાજિક દરજ્જાવાળા લોકો પોતીકા સંબંધોની સ્થાપના કરે છે ત્યારે વર્ગનું નિર્માણ થાય છે. આ રીતે જોઈએ તો વર્ગનું સભ્યપદ અર્પિત નથી; પરંતુ, પ્રાપ્ત કરવામાં આવે છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે, જ્યાં જ્યાં દરજ્જાના પાયા ઉપર અથવા તો ઊંચ અને નીચના ભેદભાવ પર એકબીજા સાથેનો સામાજિક વ્યવહાર મર્યાદિત બને છે, ત્યાં ત્યાં સામાજિક વર્ગો અસ્તિત્વમાં આવે છે.

ડૉ. તારાબહેન પટેલ 'સમાજશાસ્ત્રનાં મૂળતત્ત્વો'માં સામાજિક વર્ગનો અર્થ સ્પષ્ટ કરતા લખે છે કે, 'સમાજશાસ્ત્રીય રીતે તો ચડતા-ઊતરતા ક્રમમાં સ્તર વિભાજન થઈને બનેલા આડા સામાજિક સમૂહને વર્ગ કહેવામાં આવે છે. સામાજિક વર્ગોને સમાજના અગત્યના ભાગ તરીકે વર્ણવવામાં આવે છે. આ વર્ગો એટલે વ્યક્તિઓના સમૂહ કે જથ્થા, જે એકબીજા સાથે સમાનતાના

સંબંધો ધરાવતા હોય અને કોમ્યુનિટીના બીજા ભાગોથી ચડતા અથવા ઊતરતા ક્રમમાં નિયત અથવા તો માન્ય ધોરણો અનુસાર જુદા પડતા હોય.'

ડૉ. વિદ્યુત જોષી 'પારિભાષિક કોશ - સમાજશાસ્ત્ર'માં સામાજિક વર્ગનો અર્થ સ્પષ્ટ કરતા લખે છે કે, 'સમાજનો અમુક ચોક્કસ સમુદાય કે જેઓનો સામાજિક, આર્થિક દરજ્જો તેમજ સંબંધો એકસરખા છે અને સમાજની અન્ય જાતિ સાથે સંબંધ ધરાવે છે. સામાજિક વર્ગની ગણતરીમાં સામાજિક મરતબો (પ્રેસ્ટિજ) મહત્ત્વનું નિર્ણાયક પરિબળ છે.'

સામાજિક વર્ગની ઉપર્યુક્ત સમજૂતી પરથી આપણે તેની લાક્ષણિક્તાઓને નીચે મુજબ વર્ણવી શકીએ.

**1. વર્ગ-ચેતના :**

જાણીતા જર્મન સમાજશાસ્ત્રી કાર્લ માર્ક્સે રજૂ કરેલા વર્ગ સિદ્ધાંતમાં શ્રમિકો પોતાના વર્ગસ્થાનથી જાગૃત બને છે ત્યારે તેમનામાં વર્ગ-ચેતના કે વર્ગ સભાનતાનો વિકાસ થાય છે એમ કહ્યું હતું. વર્ગચેતના કે વર્ગ-સભાનતા શબ્દ વર્ગના આત્મલક્ષી પાસાં તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરે છે. વર્ગના સર્વ સભ્યોને વર્ગના સમાન હિતનો ખ્યાલ હોય છે આથી કેટલાક વિશિષ્ટ સંજોગોમાં તેમની આ વર્ગ-ચેતના કે વર્ગ-સભાનતાનું પ્રગટીકરણ થતું જોવા મળે છે. પોતે અમુક જૂથનો કે સમૂહનો છે એવી સભાનતા સામાજિક વર્ગનું પ્રથમ અને મહત્ત્વનું લક્ષણ છે એમ કહી શકાય.

**2. સામાજિક દરજ્જામાં સમાનતા :**

સામાજિક દરજ્જામાં સમાનતા એ સામાજિક વર્ગનું બીજું મહત્ત્વનું લક્ષણ છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે, સામાજિક વર્ગમાં વ્યક્તિઓના દરજ્જા સમાન હોય છે. વળી, એક જૂથના સભ્યો તરીકે સમાન દરજ્જો ધરાવતા હોવાને કારણે તેઓ એકબીજા સાથે સમાન વર્તણૂક રાખે છે. જુદા જુદા ક્ષેત્રોના સંબંધમાં તેઓ વચ્ચે નિકટનો સંબંધ જોવા મળે છે. વળી, એક જ વર્ગમાં સભ્યોની આવક, મિલકત, શિક્ષણ વગેરે જેવી બાબતોમાં પણ મહદ્ અંશે સમાનતા જોવા મળતી હોય છે.

**3. ઊંચ-નીચનો ભેદભાવ :**

સમાજવ્યવસ્થામાં જોવા મળતા અમીર-ગરીબ, માલિક-ગુલામ, શાસક-શાસિત જેવા તફાવતો ઊંચ-નીચનો ભેદભાવ દર્શાવે છે. આમાંય વિશેષ મહત્ત્વની બાબત તો એ છે કે, જે તે વર્ગના સભ્યો આવા ભેદભાવથી પરિચિત હોય છે. પોતે અમુક વર્ગ કરતા ઊંચા છે કે, અમુક વર્ગ કરતા નીચા છે એ બાબતને તેઓએ સહજ રીતે સ્વીકારી લીધી હોય છે અને આમ ઊંચ-નીચનો ભેદભાવ સામાજિક વર્ગની મહત્ત્વની લાક્ષણિક્તા છે.

**4. જીવનશૈલીમાં સમાનતા :**

પ્રત્યેક સામાજિક વર્ગ અન્ય સામાજિક વર્ગ કરતા જીવનશૈલી સંદર્ભમાં જુદો તરી આવે છે. આથી એમ કહી શકાય કે, પ્રત્યેક સામાજિક વર્ગને પોતાની આગવી જીવનશૈલી હોય છે. એક જ વર્ગના લોકોના વ્યવસાય અને આવકમાં સમાનતા હોવાને કારણે તેઓના મકાનની ડિઝાઈન, ફર્નિચર, પરિવારના નિર્વાહની પદ્ધતિ, બાળકો માટે શાળા-કૉલેજોની પસંદગી, લગ્ન સમારંભો, ધાર્મિક ક્રિયાઓ જેવી અનેક જીવનલક્ષી બાબતોમાં સમાનતા જોવા મળે છે. વળી આ બધી બાબતોમાં તેઓ બીજા વર્ગથી જુદા પડે છે તેનો તેમને ખ્યાલ હોય છે.

### 5. સામાજિક વર્ગ આપમેળે ઉદ્‌ભવે છે :

સામાજિક વર્ગ આપમેળે ઉદ્‌ભવે છે, તેના માટે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. સામાજિક વાતાવરણના તફાવતો, જન્મજાત તફાવતો, શ્રમવિભાજન જેવી સમાજજીવનની બાબતોમાંથી જ સામાજિક વર્ગનો ઉદ્‌ભવ થાય છે. માનવસમાજમાંથી આ બધા તફાવતો દૂર કરવા અશક્ય છે અને તેથી જ કાર્લ માર્ક્સે સેવેલું વર્ગવિહિન સમાજનું ધ્યેય આપણને વાસ્તવિક કરતા કાલ્પનિક અને આદર્શલક્ષી વધુ લાગે છે.

આમ, સામાજિક વર્ગની ઉપર્યુક્ત લાક્ષણિક્તાઓ પરથી એમ કહી શકાય કે સામાજિક વર્ગ એ સમાન દરજ્જો ધરાવતું જૂથ છે. આ જૂથનો ઉદ્‌ભવ આપમેળે થાય છે અને તેના સભ્યોમાં અન્ય વર્ગોની તુલનામાં પોતે ઊંચા કે નીચા હોવાની ભાવના પ્રગટ થાય છે.

## 1.10 ઉપસંહાર :

વિદ્યાર્થી મિત્રો, આ એકમમાં આપણે જોયું કે સામાજિક સંરચનામાં સામાજિક સ્તરીકરણનું ખુબ મહત્વ છે. સ્તરીકરણનો ઉદ્ભવ સંઘર્ષ અને જીતેલા સમૂહના આધિપત્યમાંથી થયેલો હોવાનું માનવામાં આવે છે. આ રીતે, સમાજમાં માનવજૂથ અનેક સ્તરમાં વહેચાયેલો છે. મુખ્યત્વે જ્ઞાતિ વર્ગ અને સામાજિક વર્ગ એમ બે શ્રેણીમાં વહેચાયેલો જોવા મળે છે. આપણે આ એકમમાં સામાજિક સ્તરીકરણનો અર્થ, વિદ્વાનો દ્વારા અપાયેલી તેની વ્યાખ્યાઓ અને લાક્ષણિકતા જોઈ. સામાજિક સ્તરીકરણના એક સ્વરૂપ તરીકે જ્ઞાતિ સંસ્થાઓની વિસ્તૃત સમજ, તેની લાક્ષણિકતા, તેમાં રહેલી સમાનતા કે અસમાનતા તથા જ્ઞાતિ સંસ્થાના કાર્યો વિશે જાણકારી મેળવી. સામાજિક સ્તરીકરણના અન્ય એક સ્વરૂપ તરીકે સામાજિક વર્ગ વ્યવસ્થા અને તેની લાક્ષણિકતા સમજ્યા. આમ, સામાજિક સ્તરીકરણનો વિસ્તૃત ખ્યાલ અને સામાજિક સંરચનામાં રહેલ તેનો ફાળો સમજ્યા.

## 1.11 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. ભારતીય સામાજિક સંરચનામાં સ્તરીકરણના પ્રવાહો કયા છે ?
   (A) જ્ઞાતિ સંસ્થા (B) સામાજિક વર્ગ
   (C) જ્ઞાતિ સંસ્થા અને સામાજિક વર્ગ (D) એકપણ નહીં
2. 'વિજય અથવા સંઘર્ષ સામાજિક સ્તરીકરણનું એકમાત્ર સહાયક છે' — આ મત કયા સમાજશાસ્ત્રીનો છે.
   (A) સોરોકિન (B) ગૂમ પ્લાવિઝ
   (C) ઓપન મેયર (D) વુડવર્ડ
3. નીચેનામાંથી 'જ્ઞાતિ' ની લાક્ષણિકતા છે ?
   (A) કોટિક્રમ (B) જ્ઞાતિ પંચાયત
   (C) લગ્ન પરના પ્રતિબંધ (D) ઉપરોક્ત તમામ
4. સામાજિક સ્તરીકરણ કેવી પ્રક્રિયા છે ?
   (A) સાર્વત્રિક પ્રક્રિયા (B) આંશિક પ્રક્રિયા
   (C) પરંપરાવાદી પ્રક્રિયા (D) સામાજિક પ્રક્રિયા

5. સામાજિક વર્ગનું ઉદ્ભવ સ્થાન કયું છે ?

(A) સામાજિક વાતાવરણના તફાવતો (B) જન્મજાત તફાવતો

(C) શ્રમવિભાજન (D) ઉપરાકેત તમામ

## 1.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (C) જ્ઞાતિ સંસ્થા અને સામાજિક વર્ગ
2. (A) સોરોકિન
3. (D) સામાજિક પ્રક્રિયા
4. (A) સાર્વત્રિક પ્રક્રિયા
5. (D) ઉપરાકેત તમામ

## 1.13 ચાવીરૂપ શબ્દો :

- **સામાજિક સ્તરીકરણ :** જે તે સમાજના લોકોનું ચઢતા-ઉતરતા ક્રમવાળાં સ્તરોમાં વિભાજન
- **જ્ઞાતિ :** એક સમાજિક જૂથ છે.
- **સામાજિક વર્ગ :** સમાજનો એક એવો વિભાગ કે જેમાં સમાન સામાજિક દરજ્જા ધરાવનારા લોકો સામેલ હોય.

## 1.14 સ્વાધ્યાય લેખન (Assignment)

1. સામાજિક સ્તરીકરણ એટલે શું ? તેની લાક્ષણિકતાઓ સ્પષ્ટ કરો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

2. જ્ઞાતિનો અર્થ સ્પષ્ટ કરી તેની વિશેષતાઓનું વર્ણન કરો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

3. જ્ઞાતિ સંસ્થાના કાર્યો વિશે નોંધ લખો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

..................................................................

..................................................................

..................................................................

4. સામાજિક વર્ગની વ્યાખ્યા સમજાવી તેના લક્ષણોની ચર્ચા કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 1.15 પ્રવૃત્તિ (Activities)

1. સામાજિક સ્તરીકરણની લાક્ષણિકઓને એક ચાર્ટ પેપરમાં રજૂ કરો.
2. સામાજિક વર્ગ વ્યવસ્થાનું વર્ણન ચાર્ટ પેપરમાં રજૂ કરો.

## 1.16 કેસસ્ટડી (Case Study)

1. ભારતમાં કોઈપણ વર્ગ વિગ્રહ આંદોલન થાય છે તેના કારણો જણાવી તેના નિવારણ માટે શું કરવું જોઈએ તે પાંચ વાક્યોમાં જણાવો.

## 1.17 સંદર્ભસૂચિ :

1. ડૉ. એ. આર. દેસાઈ, 'સમાજખંડ' ભાગ – 1 થી 4, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ
2. ડૉ. તારાબેન પટેલ, 'સમાજશાસ્ત્રના મૂળતત્ત્વો' ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ, 1962
3. Cecil Clare North, 'Social Difrenciation', University of North Carolina Press, 1926
4. J. H. Hutton 'Caste in India', By, Macmillan & Co., 1947
5. Sutherland & Woodword, 'Introductory Sociology', Published by Lippincott, 1956

# એકમ–2 સામાજિક સંસ્થાના પ્રકારો ભાગ-1

: એકમનું માળખું :

2.0 એકમના હેતુઓ

2.1 પ્રસ્તાવના

2.2 લગ્ન સંસ્થા

2.3 લગ્નના પ્રકારો

2.4 લગ્ન સંસ્થાના કાર્યો

2.5 કુટુંબ સંસ્થા

2.6 કુટુંબનો અર્થ અને લક્ષણો

2.7 કુટુંબના કાર્યો

2.8 ઉપસંહાર

2.9 તમારી પ્રગતિ ચકાસો

2.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

2.11 ચાવીરૂપ શબ્દો

2.12 સ્વાધ્યાય લેખન (Assignment)

2.13 પ્રવૃત્તિ (Activities)

2.14 કેસસ્ટડી (Case Study)

2.15 સંદર્ભગ્રંથ

## 2.0 એકમના હેતુઓ :

- સામાજિક વ્યવસ્થાના ભાગરૂપ જુદી જુદા સામાજિક સંસ્થાઓનો પરિચય મળશે.
- લગ્નનો એક સંસ્થા તરીકે પરિચય મળશે અને તેના વિવિધ પ્રકારો વિશ સમજૂતી પ્રાપ્ત થશે.
- સામાજિક સંસ્થા તરીકે લગ્નના કાર્યોને જાણી શકશો.
- કુટુંબ સંસ્થાની લાક્ષણિક્તાઓ અને કાર્યો વિશે જાણકારી મળશે.
- ધર્મના અર્થ અને લાક્ષણિક્તાઓ અંગે પરિચય પ્રાપ્ત થશે.
- ધર્મના સામાજિક કાર્યો જાણી શકશો.
- રાજ્ય સંસ્થાનો અર્થ અને રાજ્યના વિવિધ કાર્યોની સમજૂતી પ્રાપ્ત થશે.

## 2.1 પ્રસ્તાવના :

કોઈ પણ સામાજિક વ્યવસ્થામાં જુદા જુદા સમૂહો અને જુદી જુદી સામાજિક સંસ્થાઓનું વિશેષ મહત્ત્વ રહેલું છે. સમાજની આ જુદી જુદી સામાજિક સંસ્થાઓ માનવીની અનેકવિધ જરૂરિયાતોના સંતોષમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કાર્યાત્મકવાદી અભિગમ મુજબ પ્રત્યેક સામાજિક સંસ્થા અન્ય સંસ્થા સાથે સંકળાયેલી છે. એક સંસ્થામાં આવતું પરિવર્તન બીજી સંસ્થામાં પણ પરિવર્તન નિપજાવે છે. આના પરિણામે સમાજમાં સામાજિક પરિવર્તન આવવા છતાં સામાજિક સંતુલન જળવાઈ રહે છે. પ્રત્યેક સામાજિક સંસ્થાની આગવી વિશેષતાઓ છે અને આ પ્રત્યેક સંસ્થા સામાજિક ધ્યેયો સિદ્ધ કરવામાં વિશિષ્ટ યોગદાન આપે છે. આ રુષ્ટિએ સામાજિક વ્યવસ્થાના અભ્યાસમાં સામાજિક સંસ્થાઓની સમજ મેળવવી અત્યંત આવશ્યક છે.

પુસ્તકના આ એકમમાં ભારતીય સામાજિક વ્યવસ્થાના સંદર્ભમાં લગ્ન, કુટુંબ, સંસ્થાનો અર્થ અને તેની વિશેષતાઓનો પરિચય મેળવીએ.

## 2.2 લગ્ન સંસ્થા :

પ્રત્યેક વ્યક્તિ પોતાના જીવન દરમ્યાન અનેક ભૂમિકાઓ ભજવે છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે, જીવન એ અનેક ભૂમિકાઓ ભજવવા માટેનું પ્લેટફોર્મ છે અને આ ભૂમિકાઓ વિવિધ સામાજિક સંસ્થાઓના માધ્યમથી ભજવવામાં આવે છે. માનવીની જુદી જુદી ભૂમિકાઓમાં બે ભૂમિકાઓ ખૂબ મહત્ત્વની છે - (1) આર્થિક ભૂમિકા અને (2) લગ્ન સંબંધી કે પરિવાર સંબંધી ભૂમિકા. માનવીની આર્થિક ભૂમિકા એટલા માટે મહત્ત્વની છે કે, તેના જીવનનો મોટો ભાગ આ ભૂમિકા અદા કરવામાં પસાર થાય છે. જો તે 22 કે 25 વર્ષની ઉંમરે નોકરી કે વ્યવસાય ચાલુ કરે તો લગભગ 58 કે 62 વર્ષની ઉંમર સુધી રોજના 6 થી 8 કલાક લેખે જીવનનો મોટો ભાગ આ ભૂમિકા અદા કરવામાં પસાર કરે છે. બીજી બાજુ લગ્ન અંગેની ભૂમિકા વિશે વિચારીએ તો માનવીના જીવનના 40 થી 50 વર્ષ લગ્નજીવનમાં વીતે છે. આ રીતે આર્થિક અને લગ્ન વિષયક ભૂમિકામાં માનવજીવનના મહત્ત્વપૂર્ણ વર્ષો પસાર થાય છે એટલા માટે તેની સમજૂતી મેળવવી આવશ્યક છે. અહીં,સામાજિક વ્યવસ્થાના ભાગરૂપે લગ્નસંસ્થાનો અર્થ સમજી લગ્નના વિવિધ પ્રકારોની પ્રાથમિક સમજૂતી મેળવીએ.

દરેક સમાજમાં લગ્ન સંસ્થા જોવા મળે છે. લગ્નના અર્થની ભાગ્યે જ કોઈ વ્યક્તિને ખબર ન હોય એમ બને, કારણ કે સામાન્ય રીતે માનવજીવનમાં જન્મ, લગ્ન અને મૃત્યુ એ ત્રણ પ્રસંગો વિશેષ મહત્ત્વ ધરાવે છે. લગ્ન એ સ્ત્રી અને પુરુષના જાતીય સંબંધોને સામાજિક સ્વીકૃતિ આપે છે; પરંતુ, લગ્નનો આટલો સંકુચિત અર્થ લગ્ન અંગેના જુદા જુદા સામાજિક ચિંતનને પર્યાપ્ત રીતે વ્યક્ત કરી શકતો નથી. કોઈ પણ સમાજમાં લગ્ન એ માત્ર સ્ત્રી-પુરુષ વચ્ચેનું દૈહિક જોડાણ એટલો અર્થ પર્યાપ્ત નથી; પરંતુ, તેના કરતા પણ કંઈક વિશેષ છે. લગ્નમાં સ્ત્રી-પુરુષ વચ્ચે બંધાતા જાતીય સંબંધને પરિણામે થતી સંતતિ અને તેના ઉછેર તેમજવિકાસની જવાબદારીઓનો સમાવેશ થઈ જતો હોય છે અને એટલે જ લગ્નસંબંધ દ્વારા ઉત્પન્ન થયેલ બાળકો એ સમાજમાન્ય સંતતિ ગણાય છે. આ રીતે જોઈએ તો, કુટુંબ સંસ્થાના ઉદ્ભવનું પ્રથમ પગથિયું પણ લગ્ન સંસ્થા છે એમ કહી શકાય.

સમાજશાસ્ત્રી વેસ્ટર માર્ક લગ્નની વ્યાખ્યા આપતા જણાવે છે કે, ‘લગ્ન એ એક અથવા વધારે સ્ત્રીઓનો એક અથવા વધારે પુરુષો સાથેનો એવો જાતીય સંબંધ છે કે, જે રાજ્ય કે સમાજ દ્વારા માન્ય હોય છે અને જેમાં ભાવિ સંતાનોના ઉછેર અને વિકાસની જવાબદારીના અને પરસ્પરના ફરજ-હક્કોના ખ્યાલો અભિપ્રતે હોય છે.’

હિન્દુ શાસ્ત્રકારોએ પણ લગ્નના જે મુખ્ય એકમના હેતુઓ જણાવ્યા છે તેમાં ધર્મ (ફરજ)ને પ્રથમ સ્થાન આપ્યું છે અને રતિ(કામસુખ)ને ગૌણ સ્થાન આપ્યું છે. કામસુખ એ લગ્નનું આવશ્ય કાર્ય છે; પરંતુ, એને ધર્મ એટલે કે ફરજ જેટલું મહત્ત્વ આપવામાં આવ્યું નથી. હિન્દુ ધર્મમાં લગ્ન એ 16 સંસ્કારોમાનો એક પવિત્ર સંસ્કાર છે અને લગ્નને ભવોભવનું બંધન માનવામાં આવે છે.

લગ્નનો આ સામાન્ય અર્થ સમજ્યા બાદ હવે આપણે લગ્નના પ્રકારો વિશે સમજૂતી મેળવીશું.

## 2.3 લગ્નના પ્રકારો :

સમાજશાસ્ત્રમાં લગ્નના જે પ્રકારો છે તે હિંદુ શાસ્ત્રકારોએ દર્શાવેલા લગ્નના પ્રકારો કરતા જુદા છે. હિંદુ શાસ્ત્રકારોએ લગ્નના જે આઠ પ્રકારો જણાવ્યા છે, તે જીવનસાથી મેળવવાની જુદી જુદી પદ્ધતિઓ પર આધારિત છે, જ્યારે સામાન્ય સમાજશાસ્ત્રમાં લગ્નના જે પ્રકારો દર્શાવ્યા છે તે જીવનસાથીની સંખ્યા પર આધારિત છે. આ રીતે લગ્નના પ્રકારોને મુખ્ય બે વિભાગોમાં વહેંચી શકાય.

1. એકસાથી લગ્ન
2. બહુસાથી લગ્ન

એકસાથી લગ્ન અને બહુસાથી લગ્નને આપણે તેના પેટાપ્રકારો સાથે નીચે મુજબ દર્શાવી શકીએ.

### (અ) એકસાથી લગ્ન :

એકસાથી લગ્ન માટે બીજો શબ્દ એક પતિ-પત્ની લગ્ન પણ પ્રયોજાય છે. જે લગ્નમાં પતિને એક સમયે એક જ પત્ની અને પત્નીને એક સમયે એક જ પતિ હોય એવા લગ્નને એકસાથી લગ્ન કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે, એક સમયે જીવનસાથીની સંખ્યા એક જ હોય હોય એવા પ્રકારના લગ્નને એકસાથી લગ્ન કહેવાય. સમાજમાં એકસાથી લગ્નપ્રથાને આદર્શ લગ્નપ્રથા ગણવામાં આવે છે. વેસ્ટરમાર્ક લગ્નના આ પ્રકારના ઉદ્‌ભવ વિશે નોંધે છે કે, પુરુષમાં રહેલ જાતીય ઈર્ષ્યા અને માલિકી હક્કના ખ્યાલને લીધે સ્ત્રી ઉપર પુરુષનું આધિપત્ય સ્થપાયું હશે અને એકપતિ-પત્ની લગ્ન પ્રકાર ઉદ્‌ભવ્યો હશે. બાળકોના ઉચિત ઉછેર અને પતિ-પત્ની વચ્ચે તંદુરસ્ત સંબંધો માટે એકસાથી લગ્નનો આ પ્રકાર સહજ અને આદર્શ છે એમ ઘણા સમાજશાસ્ત્રીઓનું માનવું છે. મેલિનોવસ્કીના મતે એકસાથી લગ્નનો આ પ્રકાર જ ભવિષ્યમાં ટકી રહે તેવો એકમાત્ર લગ્ન પ્રકાર છે.

**(બ) બહુસાથી લગ્ન :**

એક કરતા વધારે પુરુષોનો એક કરતા વધારે સ્ત્રીઓ સાથેનો કે એક કરતા વધારે સ્ત્રીઓનો એક કરતા વધારે પુરુષો સાથેનો લગ્ન સંબંધ એટલે બહુસાથી લગ્ન. આ પ્રકારના લગ્નમાં પુરુષને કે સ્ત્રીને એક કરતા વધારે પત્ની કે પતિ હોય છે. બહુસાથી લગ્નના પેટાપ્રકારોની સમજૂતી નીચે મુજબ છે.

**(1) બહુપતિ લગ્ન :**

બહુપતિ લગ્ન એટલે એવા લગ્ન કે જેમાં એક સ્ત્રીને એક જ સમયે એક કરતા વધુ પતિ હોય. લગ્નનો આ પ્રકાર આદિવાસીઓમાં વ્યાપક રીતે પ્રચલિત જોવા મળે છે. ભારતમાં ટોડા, કોટા અને ખાસા આદિવાસી સમાજોમાં બહુપતિ લગ્નપ્રથા જોવા મળે છે. તો ત્રાવણકોર-કોચીનના નાયરોમાં પણ લગ્નનો આ પ્રકાર પ્રચલિત હતો તેના પુરાવાઓ આજે પણ મળે છે. બહુપતિ લગ્ન પાછળ ગરીબી, મિલકત અને જમીનના વધુ ભાગ ન પડવા દેવાનું વલણ, કન્યાવિક્રયનો ઊંચો દર, અલગ વસવાટ કરવાથી પરિવાર પર ઊભો થતો બોજો, પુરુષોનું વધુ પડતું પ્રમાણ અને કન્યાહત્યાનો રિવાજ જેવા પરિબળો વધુ મહત્ત્વના છે.

**લગ્નના આ પ્રકારના પણ બે પેટા પ્રકાર છે :**

**(અ) ભ્રાતૃકીય બહુપતિ લગ્ન :**

જેમાં સ્ત્રીના એક કરતા વધુ પતિઓ સગા ભાઈઓ હોય એવા લગ્નને ભ્રાતૃકીય બહુપતિ લગ્ન કહેવામાં આવે છે. આ પ્રકારના લગ્નમાં સંતાનોનો જૈવિક પિતા જે હોય તે પરંતુ, તેનો સામાજિક પિતા વડીલ ભાઈ ગણાય છે.

**(બ) અભ્રાતૃકીય બહુપતિ લગ્ન :**

જેમાં સ્ત્રીના એક કરતા વધુ પતિઓ સગા ભાઈઓ ન હોય; પરંતુ, જુદા જુદા પરિવારમાંથી આવતા હોય ત્યારે તેવા લગ્નને અભ્રાતૃકીય બહુપતિ લગ્ન કહેવામાં આવે છે. આ પ્રકારના લગ્નમાં સંતાનોનું જૈવિક પિતૃત્વ ગમે તે હોય; પરંતુ, સંતાનોનું સામાજિક પિતૃત્વ અમુક પતિનું જ નિશ્ચિત કરવામાં આવે છે.

**(2) બહુપત્ની લગ્ન :**

બહુપત્ની લગ્ન એટલે એવું લગ્ન કે જેમાં એક જ પુરુષને એક સમયે એક કરતા વધુ પત્નીઓ હોય. બહુસાથી લગ્નમાં 'એક સમયે' શબ્દ ખૂબ મહત્ત્વનો છે, કારણ કે પતિ કે પત્ની બેમાંથી કોઈ એકનું અવસાન થાય કે બંનેના છૂટાછેડા થાય અને પછી તેઓ લગ્ન કરે તો તેને બહુસાથી લગ્ન કહી શકાય નહીં. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે, એક જ સમયે એક કરતા વધુ પુરુષોનો એક કરતા વધારે સ્ત્રીઓ સાથે કે એક કરતા વધુ સ્ત્રીઓનો એક કરતા વધુ પુરુષો સાથેનો લગ્નસંબંધ જ બહુસાથી લગ્ન તરીકે ઓળખાય છે.

બહુપત્ની લગ્નપ્રથા લગભગ દરેક સમાજમાં જોવા મળે છે. ભારમતાં નાગા, ગોંડ, બૈગા

વગેરે આદિવાસી સમાજોમાં બહુપત્ની લગ્નપ્રથા પ્રચલિત છે. અહીં એક બાબત વિશેષ ઉલ્લેખનીય છે કે, પુરુષને પોતાની પત્ની ઉપરાંત ઉપપત્નીઓ હોય તો તેનો પણ બહુપત્ની લગ્નપ્રથામાં સમાવેશ થતો નથી કારણ કે આ સંબંધ લગ્નની વિધિ કે કરાર દ્વારા બંધાયેલો સંબંધ નથી. બહુપત્ની લગ્ન માટે વેસ્ટરમાર્ક સુંદર સ્ત્રી પ્રત્યેનું આકર્ષણ, પુરુષોને નવીનતા માટેનો મોહ, સંપત્તિ અને સત્તાનું પ્રદર્શન, પત્નીનું વંધ્યત્વ જેવા કારણો જવાબદાર ગણે છે. આ ઉપરાંત સ્ત્રીની સરખામણીએ પુરુષોનું ઓછું પ્રમાણ, કુલીનશાહી લગ્નપ્રથા, પરાજિત રાજાઓની સ્ત્રીઓને પત્ની તરીકે રાખવાનો રિવાજ જેવા કારણો પણ જવાબદાર છે.

બહુપતિ લગ્નની જેમ બહુપત્ની લગ્નના પણ બે પેટાપ્રકાર છે.

**(અ) ભગીની બહુપત્નીત્વ :**

જેમાં પુરુષની એક કરતા વધુ પત્નીઓ સગી બહેનો હોય એવા લગ્નને ભગીની બહુપત્નીત્વ કહેવામાં આવે છે.

**(બ) અભગિની બહુપત્નીત્વ :**

જેમાં પુરુષની એક કરતા વધુ પત્નીઓ સગી બહેનો ન હોય પરંતુ, જુદા જુદા પરિવારોમાંથી આવતી હોય તેને અભગિની બહુપત્નીત્વ કહેવામાં આવે છે.

## 2.4 લગ્ન સંસ્થાના કાર્યો :

માનવસમાજમાં કુટુંબના ઉદ્‌ભવમાં સૌથી મહત્ત્વનું પરિબળ એટલે લગ્ન સંસ્થા. સમગ્ર વિશ્વમાં કોઈને કોઈ સ્વરૂપે લગ્ન સંસ્થા જોવા મળે છે. આધુનિક સમયમાં બદલાતા પ્રવાહોની સાથે લગ્ન સંસ્થાએ કેટલીક બાંધછોડ કરવી પડી છે, છતાં એક સંસ્થા તરીકે તે બદલાતા સ્વરૂપ સાથે સામાજિક વ્યવસ્થાનું અભિન્ન અંગ બની રહી છે. લગ્ન સાથે તેના સંસ્થાકીય સ્વરૂપમાં તેના કાર્યોને નીચે મુજબ સમજી શકાય.

**(1) ધર્મ :**

હિન્દુ શાસ્ત્ર પ્રમાણે હિન્દુ લગ્નનું મુખ્ય કાર્ય છે - ધર્મ. અહીં 'ધર્મ' શબ્દનો અર્થ ફરજ સાથે સંકળાયેલો છે. આપણા ધર્મશાસ્ત્રોમાં પિતૃ, દેવ, પ્રાણી, બ્રાહ્મણ અને માનવ માટે પાંચ યજ્ઞો સૂચવવામાં આવ્યા છે. આ પાંચ ધર્મકાર્ય માત્ર દંપતી દ્વારા જ થઈ શકે તેવા કાર્યો છે. વળી, પિતૃઋણ, દેવઋણ અને ઋષિઋણ એ ત્રણ પ્રકારના ઋણમાંથી મુક્ત થવા માટે પણ લગ્ન કરવા અનિવાર્ય છે. આમ, સામાજિક વ્યવસ્થામાં રૂઢ થઈ ગયેલી આ પરંપરાઓના વહન માટે લગ્નસંસ્થામાં ધર્મનું કાર્ય મહત્ત્વનું પુરવાર થાય છે.

**(2) લગ્ન - સ્ત્રીઓ માટે અનિવાર્ય :**

સોળ સંસ્કારોમાં લગ્ન સંસ્કારનું આગવું મહત્ત્વ છે. એમાંય સ્ત્રીઓ માટે તો લગ્ન સંસ્કારને એક આવશ્યક ફરજ માનવામાં આવી છે. વળી, 'ડોશો કુંવારો મરે, પણ ડોશી કુંવારી ન મરે' જેવી પ્રચલિત કહેવતો પણ સ્ત્રીઓ માટે લગ્નની આવશ્યક્તા દર્શાવે છે. તો એક માન્યતા અનુસાર લગ્ન

કરનાર સ્ત્રીને જ મુક્તિ મળે છે એટલે સ્ત્રીઓ માટે લગ્નને અનિવાર્ય માનવામાં આવ્યું છે.

**(3) પ્રજોત્પતિ :**

સમાજમાન્ય સંબંધોથી જન્મતા બાળકોનું સામાજિક સ્થાન પણ લગ્ન દ્વારા નક્કી થાય છે. આ રીતે જોઈએ તો, લગ્ન સંસ્થા સંતાનોને સામાજિક સ્વીકૃતિ માટે મહત્ત્વની છે. વળી, પિતાને 'પુ' નામના નર્કમાંથી માત્ર પુત્ર જ ઉગારી શકે કે પિતાનું તર્પણ પણ માત્ર પુત્ર જ કરી શકે જેવી માન્યતાઓ માટે પણ લગ્ન જરૂરી છે અને માત્ર લગ્ન સંસ્થા દ્વારા જ આ કાર્ય સંતોષી શકાય છે.

**(4) આર્થિક - ભરણપોષણ :**

લગ્ન દ્વારા ઉત્પન્ન થયેલ બાળકોના ઉછેરની અને ભરણપોષણની જવાબદારી પણ પતિ-પત્નીની છે. આ અર્થમાં લગ્નને કેટલાક વિદ્વાનો આર્થિક સંસ્થા તરીકે પણ ઓળખાવે છે.

**(5) જાતીય કામનાનો સંતોષ :**

જાતીય કામનાનો સંતોષ એ માનવીની મનૌવૈજ્ઞાનિક આવશ્યક્તા છે. જો માનવીની આ વૃત્તિ પર કોઈ નિયંત્રણ ન હોય તે માનવસમાજ અને પ્રાણીસમાજ વચ્ચે કોઈ ભેદ ન રહે; પરંતુ, માનવીની આ જરૂરિયાત લગ્ન સંસ્થા દ્વારા સંતોષાય છે. લગ્ન દ્વારા જોડાયેલા સ્ત્રી-પુરુષના જાતીય સંબંધને સમાજસ્વીકૃત માનવામાં આવે છે અને આ રીતે જાતીયવૃત્તિનો સંતોષ લગ્નસંસ્થાનું એક મહત્ત્વનું કાર્ય છે.

**(6) માનસિક હુંફ આપવાનું કાર્ય :**

લગ્ન એ સ્ત્રી અનેપુરુષ વચ્ચેનો અંગત અને નિકટતમ સંબંધ છે. તે બે અપરિચિત વ્યક્તિઓને ગાઢ સંબંધમાં બાંધે છે અને આ રીતે જોઈએ તો લગ્ન પતિ-પત્ની બંનેની પરસ્પર લાગણી, સ્નેહ, સુરક્ષા જેવી માનસિક જરૂરિયાત સંતોષે છે.

## 2.5 કુટુંબ સંસ્થા :

લગ્ન સંસ્થાની જેમ કુટુંબ સંસ્થા પણ એક સાર્વત્રિક સંસ્થા છે. વિશ્વના વિકસિત કે અવિકસિત એવા તમામ સમાજોમાં કુટુંબ સંસ્થા જોવા મળે છે. વિશાળ સમાજવ્યવસ્થાની એક પેટાવ્યવસ્થા તરીકે કુટુંબ સંસ્થાનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ સમજવી આવશ્યક છે.

## 2.6 કુટુંબનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ :

**કુટુંબનો અર્થ :**

બર્ગેસ અને લોક કુટુંબની વ્યાખ્યા આપતા જણાવે છે કે,, 'કુટુંબ એ એવી વ્યક્તિઓનો સમૂહ છે કે, જેઓ લગ્નગ્રંથિથી, લોહીના સંબંધથી કે દત્તક લેવાથી પરસ્પર જોડાયેલી હોય છે અને જેઓ પતિ-પત્ની, માતા-પિતા, પુત્ર-પુત્રી, કે ભાઈ-બહેન જેવા સામાજિક દરજ્જાઓના આધારે એકબીજા સાથે આંતરક્રિયા કરતી હોય, એકબીજા સાથે આંતરસંબંધિત હોય અને તેઓ સૌ સર્વસામાન્ય સંસ્કૃતિનું સર્જન અને જાળવણી કરતા હોય.'

ઓગબર્ન અને નિમ્કોફ કુટુંબની વ્યાખ્યા આપતા જણાવે છે કે,,‘કુટુંબ એ એવો અલ્પ કે દીર્ઘકાલીન સંબંધોવાળો સમૂહ છે કે, જેમાં સંતાનોવાળા કે સંતાનો વિનાના પતિ-પત્નીનો સમાવેશ થાય છે.’

મેકાઈવર કુટુંબની વ્યાખ્યા આપતા લખે છે કે,, ‘કુટુંબ એ એક એવો સમૂહ છે કે, જેમાં સભ્યો વચ્ચે જાતીય સંબંધ પર્યાપ્ત રીતે સ્પષ્ટ અને નિશ્ચિત હોય છે અને સંતાનોત્પત્તિ તેમ જ તેમના ભરણપોષણ માટે આ સંબંધ લાંબાકાળ સુધી ટકી રહે એવા સ્વરૂપનો હોય છે.’

આ વ્યાખ્યાઓ ઉપરાંત કુટુંબની કેટલીક એવી લાક્ષણિક્તાઓ છે દરેક સમાજમાં જોવા મળતી હોય. આ લાક્ષણિક્તાઓને કુટુંબના આવશ્યક તત્ત્વો તરીકે પણ ઓળખાવી શકાય. આ તત્ત્વો એકસાથે એક જ સ્વરૂપે દરેક સમાજમાં કદાચ વ્યક્ત ન પણ થતા હોય પરંતુ, તેમ છતા એક યા બીજા સ્વરૂપે તો તે અવશ્ય જોવા મળે જ છે. મેકાઈવર આવી પાંચ લાક્ષણિક્તાઓ દર્શાવે છે.

1. કુટુંબના સભ્યો વચ્ચે એક યા બીજા સ્વરૂપનો સ્પષ્ટ અને નિશ્ચિત જાતીય સંબંધ.
2. કુટુંબના સભ્યો વચ્ચેના જાતીય સંબંધ અને તેને ટકાવી રાખવા માટે લગ્ન કે એવી બીજી કોઈ સમાજસ્વીકૃત વ્યવસ્થા.
3. કુટુંબના જુદા જુદા સભ્યોના સગપણસંબંધોને દર્શાવતી વંશાવળી.
4. કુટુંબના સભ્યોની એકબીજા સાથે સંબંધ ધરાવતી એવી કોઈ પ્રવૃત્તિ કે જેને સંતાનના જન્મ કે સંતાનોના ઉછેર અંગેની આર્થિક જરૂરિયાત સાથે ખાસ સંબંધ હોય.
5. કુટુંબના સભ્યો સાથે ઊઠવા-બેસવા માટે એક નિવાસસ્થાન હોય છે. જો કે આ નિવાસસ્થાનમાં કુટુંબનાસભ્યો ઉપરાંત બીજા સગાસ્નેહીઓનો સમાવેશ થઈ શકતો હોય છે.

**કુટુંબના લક્ષણો :**

મેકાઈવરે દર્શાવેલા આ કુટુંબના આ પાંચ સાર્વત્રિક લક્ષણો ઉપરાંત હવે કુટુંબના કેટલાંક વિશિષ્ટ લક્ષણોની સમજૂતી મેળવીએ કે જે કુટુંબને અન્ય સામાજિક સંસ્થાઓથી અલગ તારવતા હોય.

**(1) સર્વવ્યાપક્તા :**

વિશ્વના કોઈ પણ સમાજમાં પાંચ સંસ્થાઓ સાર્વત્રિક રીતે જોવા મળે છે. આ સંસ્થાઓ એટલે કુટંબ સંસ્થા, શિક્ષણ સંસ્થા, ધર્મ સંસ્થા, રાજ્ય સંસ્થા અને આર્થિક સંસ્થા. આ હકીકત દર્શાવે છે કે, અન્ય સામાજિક સંસ્થાઓની જેમ કુટુંબ સંસ્થા પણ સર્વવ્યાપક છે. વિશ્વના કોઈ પણ સમાજમાં કુટુંબ સંસ્થાનું અસ્તિત્વ ન હોય એવો પુરાવો હજુ સુધી મળ્યો નથી. જુદા જુદા સમાજોમાં અલગ અલગ સ્વરૂપે જોવા મળતી કુટુંબ સંસ્થાના સ્વરૂપમાં સ્થળ અને કાળ અનુસાર ભિન્નતા હોવા છતાં તેનું અસ્તિત્વ આજપર્યંત ટકી રહ્યું છે. વળી, આધુનિક સમયમાં કુટુંબ સંસ્થાના ઘણા પરંપરાગત કાર્યો ઘટ્યા છે. તેમાં ક્રાંતિકારી પરિવર્તનો પણ આવ્યા છે તેમ છતાં કુટુંબ સંસ્થાનું સ્થાન અન્ય કોઈ સંસ્થા કે સંગઠન લઈ શકે તેવી વૈકલ્પિક વ્યવસ્થા હજુ સુધી ઉદ્‌ભવી નથી.

**(2) નિકટવર્તી સમૂહ :**

કુટુંબ એ નિકટવર્તી સમૂહનું ઉત્તમ ઉદાહરણ છે. અમેરિકન સમાજશાસ્ત્રી ચાર્લ્સ હોટન કૂલેના મતે કુટુંબ એ નિકટવર્તી સમૂહ હોવાને કારણે સભ્યોની મૂળભૂત વ્યક્તિમત્તાનું ઘડતર કરે છે. કુટુંબના સભ્યો વચ્ચે મોઢામોઢની અને અનૌપચારિક સંબંધ વ્યવસ્થા હોય છે અને સર્વ સભ્યોમાં 'અમેપણા'ની ભાવના અને આત્મીયતાની લાગણી પ્રવર્તે છે. આવી અનૌપચારિક વ્યવસ્થા હોવાના કારણે જ કુટુંબના સભ્યો એકબીજાના દુઃખે દુઃખી અને સુખે સુખી હોય છે. આ રીતે કુટુંબ એ નિકટવર્તી સમૂહ છે.

**(3) મર્યાદિત કદ :**

સમાજમાં અન્ય કુટુંબ સિવાયની અન્ય જે સામાજિક સંસ્થાઓ છે તેના કરતા કુટુંબનું હંમેશાં નિશ્ચિત અને મર્યાદિત હોય છે. તેનું એક કારણ એ છે કે, અન્ય સમૂહો કે સામાજિક સંસ્થાઓ કરતા કુટુંબના સભ્યો વચ્ચેનો સંબંધ લગ્ન સંબંધ કે રક્તસંબંધ દ્વારા રચાતો હોય છે. આના કારણે કુટુંબના સભ્યોની સંખ્યા આપોઆપ નિશ્ચિત અને મર્યાદિત બની જાય છે.

**(4) સમાજમાં કેન્દ્રીય સ્થાન :**

સમગ્ર સામાજિક વ્યવસ્થામાં કુટુંબનું કેન્દ્રીય સ્થાન હોય છે. કેટલાક આદિવાસી સમાજોમાં તો કુટુંબ એ જ એકમાત્ર આધારસ્તંભ હોય છે. આદિવાસી સમાજોમાં તો ક્લાન તથા ટ્રાઈબ કુટુંબથી જ બને છે. માનવીના જન્મ તથા જીવન પણ કુટુંબ સંસ્થાને લીધે જ શક્ય બને છે એમ કહેવું અતિશયોક્તિભર્યું નથી. આ રીતે સમગ્ર સામાજિક વ્યવસ્થામાં કુટુંબનું કેન્દ્રીય સ્થાન જોવા મળે છે.

**(5) સભ્યોમાં ફરજ અને હક્ક અંગેના ખ્યાલો :**

કુટુંબના દરેક સભ્યો વચ્ચે સંબંધોની જે ઢબ હોય છે તે પરસ્પરના ફરજ અને હક્કોના ખ્યાલો પર રચાયેલી હોય છે. આ ફરજ કે હક્કો એ માત્ર ઔપચારિક સ્વરૂપના જ નથી હોતા; પરંતુ, કુટુંબના સભ્યોનું શરૂઆતથી જ એ રીતે સામાજીકરણ થયું હોય છે કે, સભ્યોને એકબીજા પ્રત્યે માન, પ્રેમ, આદર અને સહકારની લાગણી જન્મે છે. સભ્યો વચ્ચેના આવા સહજ સંબંધોને લીધે કુટુંબ સરળતાથી પોતાના કાર્યો કરી શકે છે અને તેનું સંચાલન યોગ્ય રીતે થઈ શકે છે.

**(6) સામાજિક નિયંત્રણ :**

સમાજમાં રહેતી વ્યક્તિઓનો પ્રારંભિક ઉછેર અને વિકાસ કુટુંબમાં થતો હોય છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે કુટુંબ પોતાના સભ્યોને વિચાર અને વર્તનની સમાજસ્વીકૃત શૈલી શીખવતું હોય છે. વ્યક્તિના શરૂઆતના ઘડતરકાળમાં કુટુંબે એનું જે રીતે સામાજીકરણ કર્યું હોય છે તે મુજબ વ્યક્તિને સમૂહના રીતિરિવાજ, માન્યતા અને મૂલ્યોનું જ્ઞાન પ્રાપ્ત થતું હોય છે. જેમ જેમ સમાજ વધુ પ્રાથમિક અને ઓછો પરિવર્તનશીલ તેમ તેમ વ્યક્તિ પર કુટુંબનું નિયંત્રણ વધુ હોય છે. આમ, સામાજિક નિયંત્રણના પાયાના એકમ તરીકે કુટુંબની પાયાની ભૂમિકા છે.

**(7) સ્થિર અને પરિવર્તનશીલ :**

કુટુંબ એ પ્રમાણમાં સ્થિર અને પરિવર્તનશીલ સંગઠન છે. કોઈ એક વ્યક્તિના કુટુંબને લાગેવળગે છે ત્યાં સુધી એના તમામ સભ્યોના અવસાન પછી કદાચ તેના કુટુંબનું અસ્તિત્વ સમાપ્ત થઈ જતું હશે, પરંતુ, એક સામાજિક સંસ્થા તરીકે સમાજમાં કુટુંબનું સાતત્ય સતત જળવાઈ રહેતું હોય છે. કુટુંબ અંગે રચનાત્મક રીતે વિચાર કરીએ તો તેના પ્રકાર અને કદમાં પરિવર્તન આવે છે તેની સાથે સાથે કુટુંબના કાર્યો પણ બદલાય છે. કુટુંબના કાર્યોમાં થતા ફેરફારની અસર સામાજિક રચનાતંત્ર પર પણ થાય છે. અને આમ, એક સંસ્થા તરીકે કુટુંબમાં સ્થિરતા જોવા મળે છે; પરંતુ, એક મંડળ તરીકે તેમાં પરિવર્તનનો દોર ચાલુ રહે છે.

## 2.7 કુટુંબના કાર્યો :

સામાજિક વ્યવસ્થાના એક એકમ તરીકે કુટુંબની ઉપરોક્ત લાક્ષણિક્તાઓ જાણ્યા પછી હવે આપણે કુટુંબના કાર્યોને સમજીએ. વળી, કોઈ પણ સામાજિક સંસ્થા તેના કાર્યો દ્વારા સામાજિક વ્યવસ્થાને ગતિશીલ રાખે છે. આથી સામાજિક સંસ્થાના કાર્યોને સમજ્યા વિના સામાજિક વ્યવસ્થાની સમજ અપર્યાપ્ત છે. અહીં કુટુંબના મુખ્ય કાર્યો અને પૂરક કાર્યોને સમજીએ.

**કુટુંબના મુખ્ય કાર્યો :**

**(1) પ્રજોત્પાદન :**

સામાજિક વ્યવસ્થાની જાળવણીમાં જન્મ અને મૃત્યુ એ બંને ઘટનાઓ અત્યંત આવશ્યક છે. જન્મ દ્વારા સમાજમાં નવા સભ્યો ઉમેરાતા જાય છે અને મૃત્યુ દ્વારા જૂના સભ્યો સમાજમાંથી વિદાય લે છે. આ રીતે ધીમું છતાં સતત પરિવર્તન એ સામાજિક વ્યવસ્થાની ખાસિયત રહી છે. કુટુંબ સંસ્થા પ્રજોત્પાદનના કાર્ય દ્વારા સમાજમાં નવા સભ્યોને ઉમેરવાનું કાર્ય કરે છે. જ્યારે સ્ત્રી અને પુરુષ લગ્નગ્રંથિથી જોડાય છે ત્યારે તેમનો જાતીય સંબંધ અને તેના દ્વારા થતા સંતાનો સમાજમાન્ય ગણાય છે. આથી જ લગ્ન એ કુટુંબ સંસ્થાના ઉદ્‌ભવનું પ્રથમ પગથિયું છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આ રીતે જોઈએ તો, બાળકનો જન્મ, ઉછેર અને વિકાસ કુટુંબમાં જ થાય છે.જો કુટુંબ સંસ્થા પ્રજોત્પાદનનું કાર્ય ન કરતી હોય તો સમાજ કે સામાજિક વ્યવસ્થા સંભવી શકે નહીં. આમ, પ્રજોત્પાદનનું કાર્ય એ કુટુંબ સંસ્થાનું મહત્ત્વનું કાર્ય છે.

**(2) સામાજીકરણનું કાર્ય :**

માત્રને માત્ર પ્રજોત્પતિ અને વ્યક્તિઓના અનિયંત્રિત ટોળા એ સમાજ કે કુટુંબ નથી; પરંતુ, પોતાના સમાજ અને કુટુંબના સામાજિક, ધાર્મિક, આર્થિક મૂલ્યોનું એક પેઢી તરફથી બીજી પેઢીને હસ્તાંતરણ કરવાનું કાર્ય સામાજીકરણની પ્રક્રિયા દ્વારા કુટુંબ સંસ્થા કરે છે. સામાજીકરણની આ પ્રક્રિયા વ્યક્તિના વ્યક્તિત્વ ઘડતરમાં પણ સવિશેષ મહત્ત્વની છે.

**(3) કુટુંબ વ્યક્તિને સામાજિક દરજ્જો પ્રદાન કરે છે :**

વ્યક્તિને સૌ પ્રથમ સામાજિક દરજ્જો આપવાનું કાર્ય કુટુંબ સંસ્થા કરે છે. જન્મની સાથે જ

મળતો આ અર્પિત દરજ્જો જે તે વ્યક્તિને તેના સામાજીકરણ દરમ્યાન તેના અધિકાર અને ફરજોથી અવગત કરાવે છે. કુટુંબ દ્વારા મળતો આ સામાજિક દરજ્જો વ્યક્તિને તેની સામાજિક ઓળખ પૂરી પાડે છે.

**(4) સામાજિક વારસાની જાળવણીનું કાર્ય :**

સમાજમાં જ્ઞાન, કુશળતા, કળા વગેરેનું પેઢી દર પેઢી હસ્તાંતરણ થતું હોય છે. સમાજના આ કાર્યમાં કુટુંબ સંસ્થાનું યોગદાન અનન્ય છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે, કુટુંબ અભૌતિક સંસ્કૃતિના વહનનું કાર્ય કરે છે. જીવન દરમ્યાન મોટાભાગના આદર્શો, આચાર-વિચાર વ્યક્તિ કુટુંબમાંથી જ મેળવે છે અને આ રીતે સામાજિક વારસાની જાળવણીના કાર્યમાં કુટુંબની ભૂમિકા મહત્ત્વની છે.

**કુટુંબ સંસ્થાના પૂરક કાર્યો :**

કુટુંબ સંસ્થાના મુખ્ય કાર્યોની સમાંતરપણે સામાજિક વ્યવસ્થાને વધુ સુરુઢ કરવા માટે કુટુંબ કેટલાક પૂરક કાર્યો પણ સતત કરે છે. સંસ્કૃતિના ભાગરૂપ દરેક કુટુંબ ધાર્મિક કાર્ય દ્વારા તેના સભ્યોને ધર્મ અને કર્મકાંડને લગતી કાર્યવિધિનું જ્ઞાન આપે છે, તો આર્થિક કાર્ય દ્વારૃ સભ્યોને પરંપરાગત વ્યવસાય શીખવવાનું અને નવા કાર્યો માટે પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે. આ સાથે કુટુંબ તેના આશ્રિતોને રક્ષણ આપવાનું તથા તેના જીવનનિર્વાહની જવાબદારીઓના વહનનું કાર્ય પણ કરે છે. કુટુંબ સંસ્થાનો જયારે એક સામાજિક વ્યવસ્થા તરીકે અભ્યાસ કરતા હોઈએ ત્યારે ઉપર દર્શાવેલા તેના મુખ્ય કાર્યો ઉપરાંત આ ગૌણ કાર્યોની સમજ પણ અત્યંત આવશ્યક બની જાય છે.

## 2.8 ઉપસંહાર :

વિદ્યાર્થી મિત્રો, આ એકમમાં આપણે સમાજ વ્યવસ્થામાં રહેલી વિવિધ સંસ્થાઓનો પરિચય સામાજિક વિજ્ઞાનની દ્રષ્ટીએ મેળવ્યો. લગ્ન સંસ્થાની વિભાવના, લગ્નના વિવિધ પ્રકાર, તેના કાર્યો અને સમાજ વ્યવસ્થામાં તેના મહત્વ વિષે જાણકારી મેળવી. કુટુંબ સંસ્થા શું છે, તેની વ્યાખ્યા, તેના લક્ષણો અને સામાજિક વ્યવસ્થામાં કુટુંબ સંસ્થા શું ભાગ ભજવે છે તેની વિસ્તૃત માહિતી મેળવી. ધર્મ સંસ્થાનો અર્થ, તેની લાક્ષણિકતા અને તેના કર્યો જોયા. રાજય સંસ્થા શું છે, તેના લક્ષણો અને કાર્યો વિષે સમાજ મેળવી. આ સામાજિક સંસ્થાઓ કેવી રીતે રચાય છે અને કોઈ પણ સમાજને ટકાવી રાખવામાં આ સંસ્થાનું કેટલું મહત્વ છે તે વિશે વિસ્તૃત સમજ મેળવી. આમ, માનવીના સામાજિક વિકાસ અને સમાજની યોગ્ય વ્યવસ્થામાં આ દરેક સંસ્થાઓનું ખુબ મહત્વ રહેલું છે તે આપણે અહી જોયું.

## 2.9 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. એકસાથી લગ્ન - બહુસાથી લગ્ન શું છે ?

   (A) લગ્નના પ્રકાર (B) લગ્નજીવનના મૂલ્યો

   (C) લગ્ન સંસ્થાના કાર્યો (D) લગ્ન સંસ્થાના ઘટકો

2. નીચેનામાંથી કુટુંબનું લક્ષણ કયું છે ?

(A) ધર્મ (B) સભ્યોમાં ફરજ અને હક્ક અંગેના ખ્યાલો

(C) પ્રજોત્પત્તિ (D) ધાર્મિક પ્રતિકો

3. બહુપત્ની લગ્નના કેટલા પેટા પ્રકાર છે ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

4. બહુપતિ લગ્નના કેટલા પેટા પ્રકાર છે ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

5. ભ્રાંતુકીય બહુપતિ લગ્ન કોને કહેવાય ?

(A) જેમાં સ્ત્રીના 1 પતિ હોય

(B) જેમાં સ્ત્રીના 2 પતિ હોય

(C) જેમાં સ્ત્રીના 1 કરતાં વધુ પતિઓ સગા ભાઈઓ હોય

(D) જેમાં સ્ત્રીના 1 કરતાં વધુ પતિઓ સગા ભાઈઓ ના હોય

## 2.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) લગ્નના પ્રકાર
2. (B) સભ્યોમાં ફરજ અને હક્ક અંગેના ખ્યાલો
3. (B) 2
4. (B) 2
5. (C) જેમાં સ્ત્રીના 1 કરતાં વધુ પતિઓ સગા ભાઈઓ હોય

## 2.11 ચાવીરૂપ શબ્દો :

- **સામાજિક સંસ્થા :** સામાજિક સંતુલન જળવાઈ રહે તથા સામાજિક ધ્યેયો સિદ્ધ કરતી સંસ્થા.
- **એકસાથી લગ્ન :** જે લગ્નમાં પતિને એક સમયે એક જ પત્ની અને પત્નીને એક સમયે એક જ પતિ હોય એવા લગ્નને એકસાથી લગ્ન કહે છે.
- **બહુસાથી લગ્ન :** એક કરતાં વધારે પુરુષોનો એક કરતાં વધારે સ્ત્રીઓ સાથેનો કે એક કરતાં વધારે સ્ત્રીઓનો એક કરતાં વધારે પુરુષો સાથેનો લગ્ન સંબંધ એટલે બહુસાથી લગ્ન
- **કુટુંબ :** એ એક એવો સમૂહ છે કે જેમાં સભ્યો વચ્ચે જાતીય સંબંધ પર્યાપ્ત રીતે સ્પષ્ટ અને નિશ્ચિત હોય છે અને સંતાનોત્પત્તિ તેમ જ તેમના ભરણપોષણ માટે આ સંબંધ લાંબાકાળ સુધી ટકી રહે તેવા સ્વરૂપનો હોય.

- **ધર્મ સંસ્થા :** તે એક સામાજિક સંસ્થા છે જેની અસર સામાજિક વ્યવસ્થા, સામાજિક સંરચના, સામાજિક સંબંધો, સામાજિક વ્યવહારો અને ક્રિયાઓ પર થાય છે.
- **રાજ્ય સંસ્થા :** જેના ચોક્કસ પ્રદેશમાં ઠીક સંસ્થામાં લોકો રહેતાં હોય છે.

## 2.12 સ્વાધ્યાય લેખન (Assignment)

1. લગ્નના વિવિધ પ્રકારોનું વર્ણન કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. કુટુંબની વ્યાખ્યા આપી તેની વિશેષતાઓ ચર્ચો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. કુટુંબ સંસ્થાના મુખ્ય કાર્યો અને પૂરક કાર્યોની સમજૂતી આપો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 2.13 પ્રવૃત્તિ (Activities)

1. સામાજિક સંસ્થાઓને મુદ્દાસર ચાર્ટ પેપરમાં વર્ણવો.
2. ભારતીય સામાજિક સંસ્થાઓની સૂચિ તૈયાર કરો.

## 2.14 કેસસ્ટડી (Case Study)

1. તમારા વિસ્તારમાં ઉપલબ્ધ ધાર્મિક સંસ્થાઓ લોકો પર કેવી અસર ઉપજાવે છે તેનો અભ્યાસ કરી તેનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

2. સામાજિક વ્યવસ્થા જળવાય તે માટે સામાજિક સંસ્થાઓનું શું યોગદાન છે તે તમારા શબ્દોમાં વર્ણવો.

## 2.15 સંદર્ભસૂચિ :


1. ડૉ. એ. આર. દેસાઈ, 'સમાજખંડ' ભાગ – 1 થી 4, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ.
2. ડૉ. તારાબેન પટેલ, 'સમાજશાસ્ત્રના મૂળતત્ત્વો' ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ, 1962
3. ડૉ. ધૈર્યબાળાબહેન પી. વોરા, 'સમાજશાસ્ત્ર શું છે ?' ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ, 1978
4. Bronislaw Malinowski 'Magic, Science and Religion and other Essays', By, Glencoe, 1948
5. Milton Yinger, 'Religion, Society and the Individual', Published by : Macmillan, 1957
6. Ogburn & Nimkoff, 'A Handbook of Sociology', Published by :Routledge & K. Paul, 1868

# એકમ–3 સામાજિક સંસ્થાના પ્રકારો ભાગ-2

: એકમનું માળખું :

3.0 એકમના હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 ધર્મ સંસ્થા

3.3 ધર્મનો અર્થ અને લક્ષણો

3.4 ધર્મના સામાજિક કાર્યો

3.5 રાજ્ય સંસ્થા

3.6 રાજ્યના કાર્યો

3.7 ઉપસંહાર

3.8 તમારી પ્રગતિ ચકાસો

3.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

3.10 ચાવીરૂપ શબ્દો

3.11 સ્વાધ્યાય લેખન (Assignment)

3.12 પ્રવૃત્તિ (Activities)

3.13 કેસસ્ટડી (Case Study)

3.14 સંદર્ભગ્રંથ

## 3.0 એકમના હેતુઓ :

- ધર્મના અર્થ અને લાક્ષણિક્તાઓ અંગે પરિચય પ્રાપ્ત થશે.
- ધર્મના સામાજિક કાર્યો જાણી શકશો.
- રાજ્ય સંસ્થાનો અર્થ અને રાજ્યના વિવિધ કાર્યોની સમજૂતી પ્રાપ્ત થશે.

## 3.1 પ્રસ્તાવના :

સામાજિક સંસ્થાઓ એવી સંસ્થા છે જે સમાજના કેટલાક આવશ્યક કાર્યો કરે છે. સામાન્ય રીતે એવું જોવા મળે છે કે સાંસ્કૃતિક મૂલ્યો અને ધારધોરણો મજબૂત રીતે સામાજિક સંસ્થાઓને ટેકો આપે છે.

સમાજની કેટલીક મહત્ત્વપૂર્ણ સંસ્થાઓ છે. કુટુંબ, લગ્ન, ધર્મ અને રાજ્ય. આ એકમમાં આપણે ધર્મ અને રાજ્ય વિશે ચર્ચા કરીશું.

## 3.2 ધર્મ સંસ્થા :

સમાજશાસ્ત્રી ધર્મને એક સામાજિક ઘટના ગણે છે. ધર્મના જે પાસાંઓ વિશે ફિલસૂફો અને મીમાંસકો સામાન્ય રીતે વિચારતા નથી તેનો વિચાર સમાજશાસ્ત્રીઓ કરે છે. સમાજશાસ્ત્રી ધર્મનો સંબંધ સમાજના પાસાં સાથે જોડે છે. દરેક સમાજમાં ધાર્મિક માન્યતાઓ, ધાર્મિક વિધિઓ અને ધાર્મિક સંસ્થાઓનું અસ્તિત્વ હોય છે. રોજિંદા જીવનની સમજ પર તથા એકબીજા સાથેના સંબંધો પર પણ ધર્મનો પ્રભાવ પડે છે. યિંગર નામના વિદ્વાને 'Religion, Society and the Individuals' માં લખ્યું છે કે, ધર્મ એક સામાજિક ઘટના છે - કેમ કે તે સામાજિક જીવનના વણાટમાં ગૂંથાઈ ચૂકેલ છે. વળી, ધર્મ સંસ્થા સામાજિક વ્યવસ્થા, સામાજિક સંરચના, સામાજિક સંસ્થાઓ, સામાજિક સંબંધો, સામાજિક વ્યવહાર અને ક્રિયાઓને પણ પ્રભાવિત કરે છે. આ રીતે જોઈએ તો, એક સામાજિક સંસ્થા તરીકે ધર્મનો અર્થ સમજી તેની વિશેષતાઓનો પરિચય કેળવવાથી ધર્મ સંસ્થાની વ્યવસ્થિત સમજૂતી પ્રાપ્ત થશે.

## 3.3 ધર્મનો અર્થ અને તેની લાક્ષણિકતાઓ :

મેલિનોવસ્કી જણાવે છે : 'Religion is a mode of action as well as system of belief, and a sociological phenomenon as well as personal experience.' મેલિનોવસ્કીએ ધર્મમાં સમાજશાસ્ત્રીય અને મનોવૈજ્ઞાનિક એમ બંને પાસાંનો ઉપયોગ કરીને લખ્યું છે કે,, 'ધર્મ ક્રિયાની એક વિધિ છે અને સાથે સાથે વિશ્વાસોની પણ એક વ્યવસ્થા છે. ધર્મ એક સમાજશાસ્ત્રીય ઘટનાની સાથે સાથે એક વ્યક્તિગત અનુભવ પણ છે.'

જેમ્સ ફ્રેઝર જણાવે છે કે, 'By Religion... I understand a Propitiation or conciliation of powers superior to man which are believed to direct and control the course of nature and of human life.' અર્થાત્ ધર્મ એટલે પ્રકૃતિ અને માનવજીવનનું નિયમન અને નિયંત્રણ કરતી માનવીથી વધુ શક્તિશાળી અલૌકિક શક્તિઓ અસ્તિત્વ ધરાવે છે એવી માનવીની માન્યતાના આધારે તેની થતી પૂજા-આરાધના.

આમ, ધર્મની આ વ્યાખ્યાઓમાં સર્વસામાન્ય મુદ્દો એ છે કે, ધર્મને માનવીથી પર એવી દિવ્યશક્તિ સાથે સંબંધ છે. આ દિવ્ય શક્તિ માનવીના લૌકિક અને અલૌકિક જીવનને અસર કરતી હોય છે. આ દિવ્ય શક્તિનું પૂજાપાઠ દ્વારા અનુષ્ઠાન કરવામાં આવતું હોય છે. જો કે દુર્ખિમ, પરેટો, મેલિનોવસ્કી અને પાર્સન્સ જેવા વિચારકોમાં ધર્મના પાયાના સ્વરૂપ અંગે એકમતી નથી; પરંતુ, વિજ્ઞાન જેનો ખુલાસો કરી શકતું નથી એવા જટિલ પ્રશ્નનો ધર્મ તાર્કિક ખુલાસો આપવાનો પ્રયત્ન કરે છે એવા મત અંગે આ વિદ્વાનોમાં એકમતી પ્રવર્તે છે.

ધર્મના સર્વસામાન્ય લક્ષણો નીચે મુજબ દર્શાવી શકાય :

### (1) ધાર્મિક ગ્રંથો :

દરેક ધર્મના જે મુખ્ય સિદ્ધાંતો, આદર્શો, આજ્ઞાઓ અને તત્ત્વજ્ઞાન હોય તે તેના ગ્રંથમાં સંગ્રહાયેલા હોય છે. આ ગ્રંથો જે ધર્મના હોય તે ધર્મના અનુયાયીઓ તેને પવિત્ર માનતા હોય છે. ઘરે કે જે તે ધર્મના ધાર્મિક સ્થાનમાં તેનું નિયમિત કે પ્રંસોપાત વાંચન થતું હોય છે. ધાર્મિક ગ્રંથોમાં

લખાયેલી વાણી દિવ્ય ગણાય છે અને દરેક ધર્મના અનુયાયીઓના વિચારો પર ધાર્મિક ગ્રંથોમાં દર્શાવેલા નિયમોનો પ્રભાવ હોય છે. વળી, દરેક અનુયાયી પોતાના ધર્મગ્રંથમાં દર્શાવેલા નિયમો અને આદર્શને અનુરૂપ વર્તન કરવા પ્રયત્નશીલ હોય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા, બાઈબલ, કુરાન વગેરે જુદા જુદા ધર્મના ધાર્મિક ગ્રંથો છે.

**(2) ધાર્મિક પ્રતીકો :**

એક ધર્મના અનુયાયીઓ અન્ય ધર્મના અનુયાયીઓ કરતા જુદા છે તેની પ્રતીતિ જે તે ધર્મના પ્રતીકો પરથી ખબર પડે છે. આ પ્રતીકો જે તે ધર્મસંસ્થાના દ્યોતક હોય છે. આવા ધાર્મિક પ્રતીકોની વ્યવસ્થાને પરિણામે વ્યક્તિની ધાર્મિક ઓળખ શક્ય બને છે. વળી, ધર્મના સમાન પ્રતીકોને કારણે અજાણી વ્યક્તિઓ વચ્ચેની આંતરક્રિયામાં પણ જે તે ધર્મની અસરનું તત્ત્વ મહત્ત્વનું પુરવાર થાય છે. જેમ કે કપાળમાં તિલક-ચાંદલા સાથેની બે અજાણી વ્યક્તિઓ બસમાં કે ટ્રેનમાં મળે તો પરસ્પર 'જય સ્વામિનારાયણ' કહે છે.

વળી, ધર્મના પ્રતીતો પ્રત્યે જે તે ધર્મના અનુયાયીઓમાં પ્રતિષ્ઠા, ગર્વ અને સમર્પણની લાગણીઓ પ્રવર્તતી હોય છે.

**(3) ધાર્મિક મધ્યસ્થીઓ :**

પ્રત્યેક ધર્મના અનુયાયીઓ દિવ્યશક્તિ સાથે સંબંધ જોડી તેને રીઝવવા ઉત્સુક હોય છે. આ માટે તેઓ વ્રત, ઉત્સવ, જપ-તપ, હોમહવન જેવી ધાર્મિક ક્રિયાઓ કરતા હોય છે. પરંતુ, દિવ્ય શક્તિ સાથે સંબંધ સ્થાપવાના દુષ્કર કાર્યમાં મદદ કરવા માટે પ્રત્યેક ધર્મમાં અમુક વ્યક્તિઓ હોય છે. ઉપાસક અને ઈશ્વર વચ્ચે આવા મધ્યસ્થીના સહયોગને તેઓ આવકારતા હોય છે. એટલે દરેક ધર્મમાં મધ્યસ્થીઓ પ્રત્યે અનુયાયીઓને આદર અને સન્માનની લાગણી હોય છે. ભારતમાં તો આ માટે એક જુદો વર્ણ અને વખત જતા સ્વતંત્ર જ્ઞાતિને ધાર્મિક મધ્યસ્થીનો દરજ્જો મળ્યો છે. પૂજારી, આમિલ, સાધુ, પાદરી એ સૌ જુદા જુદા ધર્મના ધાર્મિક મધ્યસ્થીઓ છે.

**(4) ધાર્મિક કેન્દ્રો :**

દરેક ધર્મના અનુયાયીઓને ધાર્મિક અનુષ્ઠાન કરવા તથા અર્ઘ્ય અર્પવા અમુક ધાર્મિક સ્થાનો હોય છે. આ કેન્દ્રોની અનુયાયીઓ પ્રસંગોપાત કે નિયમિત મુલાકાત લેતા હોય છે. આમ, ધાર્મિક કેન્દ્રો એ માત્ર પૂજાપાઠની જગ્યા ન રહેતા સામાજિક આંતરક્રિયાનું કેન્દ્ર પણ બને છે. મંદિર, હવેલી, અપાશ્રયો, અગિયારી, મસ્જિદ, ગુરુદ્વારા, ચર્ચ એ બધા જુદા જુદા ધર્મના ધાર્મિક કેન્દ્રો છે.

**(5) દૈવી સંદેશાવાહકો :**

પ્રત્યેક ધર્મને એના ઈશ્વરી ફિરસ્તાઓ હોય છે. ધર્મના સિદ્ધાંતો અને આજ્ઞાઓનો આ સંદેશાવાહકો દ્વારા પ્રચાર અને પ્રસાર થતો હોય છે. અનુયાયીઓને દૈવી શક્તિના સંદેશાવાહકોના ચમત્કારો અને વચનોમાં અખૂટ શ્રદ્ધા હોય છે. બુદ્ધ, ઈસુ ખ્રિસ્ત, મહંમદ પયંગબર વગેરે જુદા જુદા ધર્મના મુખ્ય સંદેશાવાહકો છે.

**(6) ધાર્મિક ખ્યાલો અને શક્તિમાં વિશ્વાસ :**

દરેક ધર્મના અનુયાયીઓને પોતાના ધર્મની જે દૈવી શક્તિ અને પ્રચલિત ખ્યાલોમાં અખૂટ

શ્રદ્ધા હોય છે. દૈવી શક્તિ અનુયાયીઓને કટોકટીની પરિસ્થિતિમાં સહાય કરે છે. અનુયાયીઓ દૈવી શક્તિના કોપથી બચવા અને અને તેને પ્રસન્ન કરવા ઉપવાસ, એકટાણા, અઠ્ઠાઈ, રોજા જેવા વ્રતો તથા અનુષ્ઠાન કરતા હોય છે. તેવી જ રીતે મોક્ષ, નિર્વાણ, કયામતનો દિન, કર્મ અને પુનર્જન્મ જેવા ખ્યાલોમાં પણ જે તે ધર્મના અનુયાયીઓને અડગ શ્રદ્ધા હોય છે.

## 3.4 ધર્મના સામાજિક કાર્યો :

ધર્મને એ માનવીના સમગ્ર જીવનનું ચાલક, ધારક અને સંવર્ધક પરિબળ માનવામાં આવે છે. વ્યક્તિની લગભગ તમામ પ્રવૃત્તિઓ પર ધર્મની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર હોય છે. વ્યક્તિના જન્મથી શરૂ કરીને મૃત્યુ સુધી ધર્મ તેની સાથે સંકળાયેલ છે. ધર્મના કાર્યોની ચર્ચા કરવાનું કાર્ય મુશ્કેલભર્યું છે. આમ છતાં ધર્મના જે કેટલાક મુખ્ય અને સમાજશાસ્ત્રની રુષ્ટિએ મહત્ત્વના કહી શકાય તેવા કાર્યો નીચે મુજબ દર્શાવી શકાય.

### (1) માનવજન્મનો હેતુ અને તેની સાર્થકતાની સમજૂતી :

ધર્મ વ્યક્તિઓને આ દુનિયા પરના જીવનના જે ઉદ્દાત આદર્શો અને તેના પ્રયોજનોની સમજૂતી આપે છે અને આ આદર્શો મુજબ જીવનના સંબંધો અને વ્યવહારો રચાય તે માટે માર્ગદર્શન આપે છે. આમ, ધર્મ જીવનના ઉમદા ધ્યેયોનું મહત્વ સમજાવતો હોયઈ વ્યક્તિ પોતાની સમગ્ર પ્રવૃત્તિ અને ભૌતિક સાધ્યો તરફ ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે જે આધિભૌતિક અને પારમાર્થિક હિતો છે તેને સંતોષવા માટે પ્રયત્નશીલ રહે છે. આ ઉપરાંત જીવનમાં જે મુશ્કેલીઓ અને પડકારો આવે છે તેને સહન કરવાની ધર્મ તાકાત આપે છે. ધાર્મિક શ્રદ્ધા હતાશા અને નિરાશાને દૂર કરે છે અને એને પરિણામે વ્યક્તિ આનંદ, ઉલ્લાસ અને સલામતીની લાગણી અનુભવે છે.

### (2) આચાર-વિચારમાં શુદ્ધિની જાળવણી :

ધર્મ માનવીના મોટા ભાગના આચારો તથા વિચારોનું નિયમન કરે છે. વ્યક્તિએ કેવો વ્યવહાર કરવો જોઈએ તે અંગેના માપદંડો ધર્મ પૂરા પાડે છે. ધાર્મિક ખ્યાલોમાં વિશ્વાસને કારણે વ્યક્તિ જુઠું બોલવાનું ટાળે છે. ખોટું કરતા અચકાય છે અને સાધનશુદ્ધિનો આગ્રહ રાખે છે. આ ઉપરાંત નૈતિક અને ધાર્મિક ખ્યાલો અંગે લગભગ સમાન વિચારધારા પ્રવર્તતી હોઈ ધર્મ નૈતિક રીતે આદર્શ અને ઈચ્છનીય વર્તન માટે સહાયક બને છે. વળી, ધર્મ મન, વચન અને કર્મની શુદ્ધિનો આગ્રહ રાખતો હોવાથી સમાજમાં શુદ્ધ સંબંધો અને વ્યવહારની જાળવણીમાં મદદ કરે છે.

### (3) સાંસ્કૃતિક વારસાની જાળવણી :

ધર્મ માનવસમાજની સંસ્કૃતિનું અભૌતિક પાસું છે. ધર્મ દ્વાર જીવન અને સમાજ અંગે વ્યક્તિમાં ચોક્કસ ખ્યાલો, મૂલ્યો અને દર્શન ઉદ્‌ભવે છે. આ ખ્યાલો અને મૂલ્યોનું પેઢી દર પેઢી પ્રસરણ થાય છે અને એ રીતે સમાજનો જે નૈતિક અને સાંસ્કૃતિક વારસો છે તે જળવાઈ રહે છે. વ્યક્તિએ પરિવારમાં કેવું વર્તન કરવું, પડોશીઓ સાથે કેમ વર્તવું, વેપાર-ધંધામાં કેવી નીતિ અપનાવવી એ અંગે ધર્મ તેના અનુયાયીઓને માર્ગદર્શન આપતો હોય છે. આમ, ધર્મ નૈતિક નિયમો અને આચરણની જાળવણીની સાથે સાથે નવી પેઢીને સાંસ્કૃતિક વારસો પણ પ્રદાન કરે છે.

### (4) ધર્મ સામાજિક આંતરસંબંધો વિકસાવવા માટે ભૂમિકારૂપ :

ધર્મ એ જુદા જુદા વર્ગની અને જુદી જુદી જ્ઞાતિઓની વ્યક્તિઓ વચ્ચે સંબંધ સ્થાપવામાં

સેતુરૂપ બને છે. ધાર્મિક ઉત્સવો, સમૈયાઓ, વ્રતો અને સંમેલનો દ્વારા જુદી જુદી કોમ અને જાતિની વ્યક્તિઓ વચ્ચે તાદાત્મ્ય સધાય છે. આવા પ્રસંગોમાં વિચારોનું આદાનપ્રદાન શક્ય બને છે અને સંબંધોનું ક્ષેત્ર મોટું બને છે. આમ, જુદા જુદા હિતો, વ્યવસાયો, પ્રદેશો, દરજ્જાઓ અને ભાષાઓવાળી વ્યક્તિઓ વચ્ચે સંબંધ સ્થાપવામાં ધર્મ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દેવદર્શનની સાથે સાથે હવે સાંસ્કૃતિક દર્શન કરાવતા ધાર્મિક સ્થાનોમાં જુદા જુદા પ્રદેશો, દરજ્જાઓ, ભાષાઓવાળી વ્યક્તિઓ વચ્ચે આંતરક્રિયા શક્ય બની છે અને આ રીતે ધાર્મિક કેન્દ્રો માત્ર ધાર્મિક ન રહેતા ખરા અર્થમાં સાંસ્કૃતિક કેન્દ્રો બન્યાં છે.

**(5) સામાજિક નિયંત્રણનું પૂરક અને સહાયક કાર્ય :**

વ્યક્તિના સામાજિક વ્યવહારો અને સંબંધોને જે પરિબળો નિયમનમાં રાખે છે કે, તેનું નિયંત્રણ કરે છે તેમાં ધર્મનું પરિબળ સવિશેષ મહત્ત્વનું છે. સામાજિક ધોરણો કરતા ધાર્મિક ધોરણોનું નિયંત્રણ વધુ અસરકાર હોવાનું કારણ એ છે કે, સામાજિક નિયંત્રણનું સ્વરૂપ સામાજિક છે અને તેમાં ટીકા, નિંદા, બહિષ્કાર, પ્રસંશા, લોકમત જેવા પરિબળો મહત્ત્વના છે, જ્યારે ધાર્મિક ધોરણોમાં દૈવી શક્તિ પ્રત્યેનો પૂજ્યભાવ કે તેનો ભય વ્યક્તિના વર્તનને નિયંત્રિત કરે છે. આથી ધાર્મિક ધોરણો વ્યક્તિના વર્તનને નિયંત્રિત કરવામાં વધુ અસરકારક છે. આદિવાસી અને ગ્રામસમાજોમાં વ્યક્તિના લગભગ સમગ્ર જીવનવ્યહારો ધર્મ દ્વારા નિયંત્રિત થતા હોય છે. વ્યક્તિના રોજિંદા જીવનમાં ધાર્મિક માન્યતાઓ અને મૂલ્યો નિર્ણયાત્મક ભાગ ભજવે છે. વ્યક્તિના સામાજિક વ્યહારોમાં પણ જે શુદ્ધિ, પ્રામાણિક્તા, નીતિ, ઈમાનદારી અને સજ્જનતા જોવા મળે છે તેમાં ધાર્મિક શિક્ષણનું પ્રદાન વિશેષ છે.

## 3.5 રાજ્ય સંસ્થા :

રાજ્ય એટલે શું એ સમજવા માટે રાજ્યની રચનાના જે અનિવાર્ય અંગો છે તેની ચર્ચા વધુ ઉપયોગી અને આવશ્યક છે. એરિસ્ટોટલથી માંડીને લાસ્કી સુધીના વિદ્વાનોએ રાજ્યની સમજૂતી આપવાનો પ્રયત્ન કર્યો છે. ખાસ કરીને જ લક્ષણો રાજ્યની રચનામાં અતિ મહત્ત્વના છે તેને સાંકળીને ગાર્નરે રાજ્યની વ્યાખ્યા આપતા લખ્યું છે કે,, 'રાજ્ય એ એવી સંસ્થા છે કે, જેના ચોક્કસ પ્રદેશમાં ઠીક સંખ્યામાં લોકો રહેતા હોય છે. આ સંસ્થા બાહ્ય અંકુશથી મુક્ત હોય છે. લોકોનો મોટો ભાગ તેને સ્વભાવથી વફાદાર રહે છે અને તેમાં વ્યવસ્થિત સરકારી તંત્ર હોય છે.' આમ, ગાર્નરે રાજ્યનો અર્થ સમજાવવા માટે આ વ્યાખ્યામાં રાજ્યના ચાર મુખ્ય લક્ષણો દર્શાવ્યા છે. આ ચાર લક્ષણો એટલે..

1. જનસંખ્યા
2. નિશ્ચિત પ્રદેશ
3. સરકાર
4. સાર્વભૌમત્વ

રાજ્યની આ ચાર લાક્ષણિક્તાઓની આપણે વિસ્તૃત રીતે સમજૂતી મેળવીએ.

**(1) જનસંખ્યા :**

કોઈ પણ રાજ્યનો વસ્તી વિના વિચાર થઈ શકે નહીં. રાજ્ય માત્ર તેમાં આવેલ પહાડો,

પર્વતો, નદીઓ, જંગલો કે મેદાનોથી જ ખુશનુમા આબોહવાવાળા પર્વતો પર કે માનવવસ્તી વિનાના ફળદ્રુપ મેદાનોમાં રાજ્ય સંભવી શકતું નથી. જનસંખ્યા એ રાજયનું આવશ્યક અંગ છે. જો કે રાજ્યની આદર્શ વસ્તી કેટલી હોવી જોઈએ તે નિશ્ચિત નથી, કારણ કે વસ્તીનો આધાર રાજયના ક્ષેત્રફળ અને જન્મદર તથા મૃત્યદર પર આધારિત છે. વળી, રાજ્યમાં વસ્તીના સંખ્યાત્મક પાસાંની સાથે સાથે તેનું ગુણાત્મક પાસું પણ મહત્ત્વનું છે. રાજ્યની વસ્તી સંસ્કાર, બુદ્ધિ, કલા, સાહિત્ય, વિજ્ઞાન, શિક્ષણ, સ્વાસ્થ્ય વગેરેની રુષ્ટિએ સમૃદ્ધ હોય એ પણ એટલું જ જરૂરી છે. જો રાજ્યની વસ્તીમાં માત્ર ચોર, લુંટારાઓ, ખૂની, વ્યસની, રોગી અને મંદબુદ્ધિના નાગરિકોનું પ્રમાણ વધુ હશે તો એ રાજ્યની સ્થિરતા અને પ્રગતિ બંને જોખમાશે. આમ, જનસંખ્યા એ રાજયનું પ્રથમ અને મહત્ત્વનું લક્ષણ છે.

**(2) નિશ્ચિત પ્રદેશ :**

જેમ રાજ્ય એ એમાં વસતા નાગરિકો વિના રચાય નહીં તેમજ રાજ્ય નિર્ધારિત ભૌગોલિક સીમાઓ વિના પણ સંભવી શકે નહીં કે ટકી શકે નહીં. એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકતા ટોળાને આપણે રાજ્ય તરીકે ઓળખાવી શકીએ નહીં. રાજયને કેટલો નિશ્ચિત પ્રદેશ હોવો જોઈએ તે અંગે કોઈ ચોક્કસ માપદંડ નથી. વળી, યુદ્ધ, સંધિ કે ભૌગોલિક પરિવર્તનને લીધે રાજ્યના નિશ્ચિત પ્રદેશોમાં ફેરફારને પણ અવકાશ રહે છે. રાજ્યના વિસ્તારમાં આવેલા ભૌતિક સાધનો અને ભૌગોલિક પ્રદેશો રાજ્યની માલિકી ગણાય છે. કિનારાથી ત્રણ માઈલ સુધીનો દરિયો પણ રાજ્યની માલિકીનો ગણાય છે. વળી, જો રાજયની સીમાઓ સ્પષ્ટ રીતે નિર્ધારિત થયેલ ન હોય તો પડોશી રાજ્યો સાથે ઘર્ષણની શક્યતા પણ ઊભી થાય છે. દરેક રાજ્યને અન્ય રાજ્યથી અલગ કરતી એક નિશ્ચિત સીમારેખા હોય છે અને આ સીમારેખાનું ઉલ્લંઘન ન કરવું એવો આંતરરાષ્ટ્રીય શિષ્ટાચાર છે.

**(3) સરકાર :**

જો રાજ્યમાં જનસંખ્યા હોય, નિશ્ચિત પ્રાદેશિક સીમાઓ હોય પણ જો તેમાં સરકાર ન હોય તો તે રાજ્ય સુરક્ષિત રહી શકે નહીં. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીનું કાર્ય સરકાર કરતી હોય છે. સરકાર એ રાજ્યની ઇચ્છા, નીતિ અને કાનૂનને અમલમાં મૂકવા માટેનું સાધન છે. રાજ્ય પોતાના નાગરિકો પર સરકાર દ્વારા શાસન કરતું હોય છે. સમાજમાં જોવા મળતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું કારણ સરકાર છે. રાજ્યમાં સરકાર ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રો જેવા વિભાગો દ્વારા વહીવટ કરતી હોય છે. બધા જ રાજ્યોમાં સરકારનું સ્વરૂપ સમાન નથી હોતું, પણ દરેક રાજ્યમાં એક યા બીજા પ્રકારની સરકાર હોય છે.

**(4) સાર્વભૌમત્વ :**

સાર્વભૌમત્વ એટલે સર્વોપરી સત્તા. સાર્વભૌમત્વ રાજયનું આવશ્યક લક્ષણ છે. રાજ્ય પાસે સર્વોપરી સત્તા હોય છે, પણ વાસ્તવમાં રાજ્યે પોતાની સર્વોપરી સત્તાનો ઉપયોગ કરવાનું કામ સરકારને સોંપ્યું હોય છે. સર્વોપરી સત્તાને કારણે રાજ્ય પોતાના નાગરિકો અંગે કાનૂનો ઘડી શકે છે અને પગલાંઓ લઈ શકે છે. રાજ્ય પોતે લીધેલા પગલાં માટે કે ઘડેલા કાનૂન માટે કે કરેલા કાર્યો માટે અન્ય કોઈ પણ રાજ્યને જણાવવા માટે, ખુલાસો કરવા માટે કે સંમતિ મેળવવા માટે બંધાયેલ નથી. સાર્વભૌમત્વના આ સ્વરૂપને કેટલાક વિદ્વાનોએ બે વિભાગમાં વહેંચ્યું છે (1) આંતરિક સાર્વભૌમત્વ - એટલે કે પોતાના નાગરિકો પર સર્વપ્રકારે શાસન કરવાની સર્વોપરી સત્તા અને (2) બાહ્ય સાર્વભૌમત્વ

- એટલે કે બહારની કોઈ પણ સત્તાના આદેશ, હુકમ કે હસ્તક્ષેપથી મુક્ત એવી સર્વોપરી સત્તા. આમ, રાજ્ય પાસે જે સાર્વભૌમ સત્તા હોય છે તે અવિભાજ્ય, અંકુશરહિત અને અમર્યાદિત હોય છે.

આમ, જનસંખ્યા, નિશ્ચિત પ્રદેશ અને સરકાર - રાજ્યના આ ત્રણ લક્ષણો મૂર્ત સ્વરૂપના છે, જ્યારે સાર્વભૌમત્વનું લક્ષણ અમૂર્ત સ્વરૂપનું છે. આ ચારમાંથી કોઈ પણ એક લક્ષણની ગેરહાજરી હોય તો રાજ્ય બની શકે નહીં એટલે તમામ લક્ષણોનું સમાન મહત્ત્વ છે.

## 3.6 રાજ્યના કાર્યો :

સમાજશાસ્ત્રી મેકાઈવરે રાજ્યના કાર્યોનું મુખ્ય ચાર વિભાગોમાં વર્ગીકરણ કર્યું છે. આ સમગ્ર વર્ગીકરણ રાજ્યના કાર્યક્ષેત્ર અને કાર્યક્ષમતાની ભૂમિકાને અનુલક્ષીને થયું હોય તેમ લાગે છે. અહીં મેકાઈવરે દર્શાવેલા ચાર વિભાગોની સમજૂતી પ્રસ્તુત છે :

### (1) રાજ્ય જ કરી શકે એવાં કાર્યો :

આ પ્રકારના કાર્યો અબાધિત રીતે રાજ્યના કાર્યક્ષેત્રના જ કાર્યો છે. બીજા સામાજિક સમૂહો આ પ્રકારના કાર્યો કરી શકતા નથી. કાયદો અને વ્યવસ્થા જાળવવા, પરદેશ સાથેના સંબંધો નક્કી કરવા, યુદ્ધ અને શાંતિ અંગેની નીતિ ઘડવી, આંતરિક અશાંતિ અને બાહ્ય આક્રમણ સામે સંરક્ષણ મેળવવું - આ બધા કાર્યોનો રાજ્યના કાર્યક્ષેત્રમાં અનિવાર્ય રીતે સમાવેશ થતો હોઈ તે કાર્યો રાજ્ય જ કરી શકે છે.

### (2) રાજ્ય ન કરી શકે એવા કાર્યો :

કેટલાક કાર્યો એવા છે કે, જે રાજ્યથી થઈ શકે એવા હોતા નથી એટલે આ કાર્યોનો રાજ્યના કાર્યક્ષેત્રમાં સમાવેશ થતો નથી. સમાજના રીતિરિવાજોને તોડી નાંખવા, લોકોના પરંપરાગત મૂલ્યો અને શ્રદ્ધાને બદલાવવા, લોકઈચ્છા અને લોકમત વિરુદ્ધ કાયદા ઘડવા જેવાં કાર્યો રાજ્ય કરી શકતું નથી. રાજ્ય પાસે સત્તાનું પીઠબળ હોઈ તે નાગરિકોના બાહ્ય વર્તન અને વ્યવહારનું નિયમન કરે છે, પણ રાજ્ય વ્યક્તિઓના આંતરમનનું, તેમના વિચારો અને વલણોનું નિયંત્રણ કરી શકતું નથી.

### (3) રાજ્ય વધુ સારી રીતે કરી શકે એવા કાર્યો :

આ પ્રકારના કાર્યો રાજ્ય ઉપરાંત બીજા સામાજિક સમૂહો પણ કરી શકે પરંતુ, રાજ્ય પાસે જે સાધનસામગ્રી કે સગવડો છે એવી બીજા સમૂહો પાસે ન હોવાથી આ કાર્યો રાજ્ય વધુ સારી રીતે કરી શકે છે. આ પ્રકારના કાર્યોમાં ભૌતિક સંપત્તિ જેમ કે ખનીજ, વનસ્પતિ, તેલવગેરેની જાળવણી કરવી, શિક્ષણ, રસ્તાઓ, બગીચા, મનોરંજનના કાર્યોને પ્રોત્સાહન આપવું, ઐતિહાસિક રુષ્ટિએ મહત્ત્વના કેન્દ્રો, સંગ્રહસ્થાનો, જળાશયોનું રક્ષણ કરવું વગેરેનોસમાવેશ થાય છે. એ જ રીતે રાષ્ટ્રીય સંરક્ષણ, જાળવણી અને કલ્યાણના કાર્યો રાજ્ય વધુ સારી રીતે કરી શકે છે.

### (4) રાજ્ય વધુ સારી રીતે ન કરી શકે એવાં કાર્યો :

આ પ્રકારના કાર્યો અને અન્ સામાજિક સમૂહોની માફક રાજ્ય પણ કરી શકે; પરંતુ, આ કાર્યોનું સ્વરૂપ એવું છે કે, રાજ્ય કરતા બીજા સામાજિક સમૂહો તે વધુ સારી રીતે કરી શકે છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે, રાજ્યથી આ કાર્યો થઈ શકે તેમ હોવા છતાં તે કાર્યો બરાબર રીતે થઈ

શકે તેવા હોતા નથી કારણ કે રાજ્યને સામૂહિક હિતના અથવા જેનાથી વધુમાં વધુ વ્યક્તિઓને લાભ થતો હોય એવા કાર્યો કરવાના હોય છે. એટલે જે કાર્યો માત્ર અમુક વર્ગ, જાતિ, ભાષા, સમૂહ, વ્યવસાય, પ્રદેશ કે ધર્મને જ સ્પર્શતા હોય તેવા કાર્યો રાજ્ય કરતા સંબંધિત સમૂહો વધુ સારી રીતે કરી શકે. આવા કાર્યોના વિશિષ્ટ સ્વરૂપને લીધે રાજ્ય તેને વધુ અસરકારક રીતે કે સફળતાપૂર્વક કરી શકે નહીં.

રાજ્યના ઉપર દર્શાવેલા ચાર કાર્યોમાંથી પ્રથમ બે કાર્યોમાં રાજ્યના કાર્યક્ષેત્રની ભૂમિકાનો પરિચય મળે છે, જ્યારે છેલ્લા બે કાર્યોમાં રાજ્યની કાર્યક્ષમતાની ભૂમિકાનો પરિચય મળે છે.

## 3.7 ઉપસંહાર :

વિદ્યાર્થી મિત્રો, આ એકમમાં આપણે ધર્મ સંસ્થાનો અર્થ, તેની લાક્ષણિકતા અને તેના કર્યો જોયા. રાજ્ય સંસ્થા શું છે, તેના લક્ષણો અને કાર્યો વિષે સમાજ મેળવી. આ સામાજિક સંસ્થાઓ કેવી રીતે રચાય છે અને કોઈ પણ સમાજને ટકાવી રાખવામાં આ સંસ્થાનું કેટલું મહત્વ છે તે વિશે વિસ્તૃત સમજ મેળવી. આમ, માનવીના સામાજિક વિકાસ અને સમાજની યોગ્ય વ્યવસ્થામાં આ દરેક સંસ્થાઓનું ખુબ મહત્વ રહેલું છે તે આપણે અહી જોયું.

## 3.8 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. સામાજિક સંસ્થા કઈ છે ?

   (A) લગ્ન સંસ્થા (B) કુટુંબ સંસ્થા

   (C) ધર્મ સંસ્થા (D) ઉપરોક્ત તમામ

2. 'ધર્મ એક સામાજિક ઘટના છે' આ મત કયા સમાજશાસ્ત્રીએ રજૂ કરેલ છે ?

   (A) પિંગર (B) મેલિનોવસ્કી

   (C) જેમ્સ (D) લર્ગેસ

3. નીચેનામાંથી રાજ્યની લાક્ષણિકતા કઈ છે ?

   (A) જનસંખ્યા (B) નિશ્ચિત પ્રદેશ

   (C) સરકાર (D) ઉપરોક્ત તમામ

4. ધર્મ એક સામાજિક સંસ્થા છે.

   (A) સાચું (B) ખોટું

5. વ્યક્તિની લગભગ તમામ પ્રવૃત્તિઓ પર ધર્મની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર હોય છે.

   (A) સાચું (B) ખોટું

## 3.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (D) ઉપરોક્ત તમામ
2. (A) પિંગર
3. (D) ઉપરોક્ત તમામ
4. (A) સાચું

5. (A) સાચું

## 3.10 ચાવીરૂપ શબ્દો :

- **ધર્મ સંસ્થા :** તે એક સામાજિક સંસ્થા છે જેની અસર સામાજિક વ્યવસ્થા, સામાજિક સંરચના, સામાજિક સંબંધો, સામાજિક વ્યવહારો અને ક્રિયાઓ પર થાય છે.
- **રાજ્ય સંસ્થા :** જેના ચોક્કસ પ્રદેશમાં ઠીક સંસ્થામાં લોકો રહેતાં હોય છે.

## 3.11 સ્વાધ્યાય લેખન (Assignment)

1. ધર્મનો અર્થ સમજાવી ધર્મની લાક્ષણિકતાઓ સમજાવો.

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

2. ધર્મના સામાજિક કાર્યો અંગે નોંધ તૈયાર કરો.

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

3. રાજ્યનો અર્થ સ્પષ્ટ કરી તેના કાર્યોની ચર્ચા કરો.

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

## 3.12 પ્રવૃત્તિ (Activities)

1. ભારતીય સામાજિક સંસ્થાઓની સૂચિ તૈયાર કરો.

## 3.13 કેસસ્ટડી (Case Study)

1. તમારા વિસ્તારમાં ઉપલબ્ધ ધાર્મિક સંસ્થાઓ લોકો પર કેવી અસર ઉપજાવે છે તેનો અભ્યાસ કરી તેનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

## 3.14 સંદર્ભસૂચિ :

1. ડૉ. એ. આર. દેસાઈ, 'સમાજખંડ' ભાગ – 1 થી 4, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ.

2. ડૉ. તારાબેન પટેલ, 'સમાજશાસ્ત્રના મૂળતત્ત્વો' ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ, 1962

3. ડૉ. ધૈર્યબાળાબહેન પી. વોરા, 'સમાજશાસ્ત્ર શું છે ?' ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ, 1978

4. Bronislaw Malinowski 'Magic, Science and Religion and other Essays', By, Glencoe, 1948

5. Milton Yinger, 'Religion, Society and the Individual', Published by : Macmillan, 1957

6. Ogburn & Nimkoff, 'A Handbook of Sociology', Published by :Routledge & K. Paul, 1868

# એકમ–4 સામાજિક પરિવર્તન અને સામાજિક નિયંત્રણ

: એકમનું માળખું :


**4.0** **એકમના હેતુઓ**

**4.1** **પ્રસ્તાવના**

**4.2** **સામાજિક પરિવર્તન**

**4.3** **સામાજિક પરિવર્તનનો અર્થ અને લક્ષણો**

**4.4** **સામાજિક પરિવર્તન નિપજાવનારા પરિબળો**

**4.5** **સામાજિક નિયંત્રણ**

**4.6** **સામાજિક નિયંત્રણનો અર્થ**

**4.7** **સામાજિક નિયંત્રણના કાર્યો**

**4.8** **સામાજિક નિયંત્રણના સાધનો**

**4.9** **ઉપસંહાર**

**4.10** **તમારી પ્રગતિ ચકાસો (MCQs)**

**4.11** **તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**4.12** **ચાવીરૂપ શબ્દો :**

**4.13** **સ્વાધ્યાય લેખન (Assignment)**

**4.14** **પ્રવૃત્તિ (Activities)**

**4.15** **કેસસ્ટડી (Case Study)**

**4.16** **સંદર્ભસૂચિ**


## 4.0 એકમના હેતુઓ :

- સામાજિક સંરચનાના સંદર્ભમાં વિદ્યાર્થીઓ સામાજિક પરિવર્તનની સમજૂતી મેળવશે.
- સામાજિક પરિવર્તન લાવનારા પરિબળોથી માહિતગાર થશે.
- સામાજિક નિયંત્રણનો અર્થ સમજી તેની અનિવાર્યતાની સ્પષ્ટતા મેળવશે.

## 4.1 પ્રસ્તાવના :

સામાજિક સંરચનનાની લાક્ષણિક્તાઓમાં સ્થિરતા અને લાંબા સમય સુધી ટકી રહેવું એ લાક્ષણિક્તા વિશેષ મહત્ત્વની છે. જો સંરચનામાં લાંબા સમય સુધી સ્થિરતા અને ટકાઉપણું ન હોય તો તેના અસ્તિત્વ સામે પ્રશ્નો ઊભા થાય છે. પરંતુ, એનો અર્થ એવો નથી કે સંરચનામાં બદલાવ આવતો નથી. કોઈ પણ સામાજિક સંરચનામાં ધીમું છતાં નક્કર પરિવર્તન હંમેશાં આવતું હોય છે. આ પરિવર્તનની ગતિ ઘણીવાર એટલી ધીમી હોય છે કે, સમાજની સંરચના આપણને લગભગ સ્થાયી જ ભાસે.

વળી, સામાજિક પરિવર્તનની જેમ સામાજિક નિયંત્રણની વિભાવના પણ સામાજિક સંરચનાની સમજૂતી માટે આવશ્યક છે. જો સામાજમાં નિયંત્રણની વ્યવસ્થા જ ન હોય તો સમાજનું માળખું પડી ભાંગે છે અને સામાજિક વિઘટનની સ્થિતિ સર્જાય છે. આમ, સામાજિક સંરચનાને સમજવી હોય તો તેને ટકાવી રાખતા અને તેમાં પરિવર્તન નિપજાવતા પરિબળો અંગે સમજ કેળવવી અનિવાર્ય છે.

પુસ્તકના આ અંતિમ પ્રકરણમાં આપણે સામાજિક સંરચના સાથે સંકળાયેલી સામાજિક પરિવર્તન અને સામાજિક નિયંત્રણ—એમ બંને વિભાવનાઓનો અર્થ અને લાક્ષણિક્તાઓની વિસ્તૃત સમજૂતી મેળવીશું.

## 4.2 સામાજિક પરિવર્તન :

સામાજિક પરિવર્તનનો અર્થ અને લાક્ષણિક્તાઓની સમજૂતી મેળવતા પૂર્વે આપણે સૌ પ્રથમ પરિવર્તનના સામાન્ય અર્થને સમજીએ. પરિવર્તન એ વાસ્તવમાં બે સમયબિંદુઓ વચ્ચે પરિસ્થિતિમાં આવતો બદલાવ છે. આ વિધાન આપણને પરિવર્તનની પ્રક્રિયામાં સમયનું અનુસંધાન કરાવે છે. સમયના સંદર્ભ સિવાય પરિવર્તનની પ્રક્રિયાને સમજવી કઠિન છે. સામાન્ય માણસને જ્યારે પરિવર્તન અંગે પૂછવામાં આવે ત્યારે મોટેભાગે તે વર્ષો પૂર્વે જે સ્થિતિ હતી તે સ્થિતિની તુલનાએ હાલમાં કેવી સ્થિતિ પ્રવર્તે છે તેના સંદર્ભમાં પરિવર્તન વિશે વાત કરે છે. આમ, તે પરિવર્તનને સમજાવવા માટે સમયનો સંદર્ભ ટાંકે છે.

વિદ્વાન દાર્શનિક હેરક્લાઈટ્ઝના મતે સમાજ પ્રત્યેક પળે બદલાતો રહે છે. આ રીતે જોઈએ તો, પરિવર્તન એ સમાજની વાસ્તવિક્તા છે અને સામાજિક સંરચનામાં તેનું આગવું મહત્ત્વ છે. બોટામોર જણાવે છે કે, બધા સમાજો સ્થિરતા અને પરિવર્તનની લાક્ષણિક્તા ધરાવે છે.

સામાજિક પરિવર્તન એક નક્કર હકીકત છે. વ્યક્તિ, સમૂહ, સમાજ અને સમગ્ર વિશ્વ પરિવર્તન પામે છે. સામાજિક પરિવર્તન સમાજની કે સમૂહની જીવન તરાહમાં આવતા ફેરફારને સૂચવે છે. આ ફેરફાર માટે સામાજિક સંરચનાના જ પરિબળો જવાબદાર હોય છે. જહોન્સનના મતે સામાજિક પરિવર્તન એટલે સામાજિક માળખાંમાં આવતું પરિવર્તન. એ રુષ્ટિએ સામાજિક પરિવર્તન સાંસ્કૃતિક પરિવર્તનનો એક ભાગ જ છે. સાંસ્કૃતિક પરિવર્તનો વિશાળ છે. દા.ત. કળા, વિજ્ઞાન, યંત્રવિદ્યા, તત્ત્વજ્ઞાન વગેરે. સામાજિક વ્યવસ્થાના ધોરણો અને પ્રકારોમાં આવેલા પરિવર્તનો પણ સાંસ્કૃતિક પરિવર્તનોનો જ એક ભાગ છે. સાથે સાથે આપણે એ પણ ન ભૂલવું જોઈએ કે સામાજિક પરિવર્તન સામાજિક વિચલન સાથે પણ સંકળાયેલું છે. કોઈ પણ સમાજમાં તેની વ્યવસ્થાના પ્રસ્થાપિત ધોરણો હોય છે. સમાજના સભ્યો આ ધોરણોને અનુમતિ આપે છે એટલે સમાજવ્યવસ્થા જળવાઈ રહે છે; પરંતુ, સમાજની ગત્યાત્મક્તાને કારણે સમાજમાં પરિવર્તન થતું રહેતું હોય છે. એવા પરિવર્તનો કે જેને સમાજના સભ્યોની અનુમતિ મળતી નથી અને સમાજના સભ્યો દ્વારા જે તે સામાજિક ધોરણોની સ્વીકૃતિ થતી નથી ત્યારે તે સામાજિક વિચલન થયું કહેવાય. આ રીતે સામાજિક વિચલન સામાજિક પરિવર્તન સાથે સંકળાયેલું છે.

## 4.3 સામાજિક પરિવર્તનનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ :

**સામાજિક પરિવર્તનનો અર્થ :**

ડેવિસ સામાજિક પરિવર્તનનો અર્થ સ્પષ્ટ કરતા લખે છે કે, 'સામાજિક સંગઠનમાં એટલે કે સમાજની રચના અને કાર્યમાં થતા ફેરફારો એટલે સામાજિક પરિવર્તન.'

મેકઆઈવર અને પેજ સામાજિક પરિવર્તનની વ્યાખ્યા આપતા જણાવે છે કે, 'સામાજિક પરિવર્તન એટલે સામાજિક સંબંધોના ગુંફનમાં થતો ફેરફાર.

ગિલિન અને ગિલિન જણાવે છે કે, 'સ્વીકાર્ય જીવનપદ્ધતિમાં થતા ફેરફારો એટલે સામાજિક પરિવર્તન.'

આ ઉપરાંત એચ. એમ. જહોન્સને જુદા જુદા પાંચ મુદ્દાઓ દ્વારા સામાજિક પરિવર્તનને સમજાવવાનો પ્રયાસ કર્યો છે, જેને આપણે નીચે મુજબ દર્શાવી શકીએ :

1. સામાજિક મૂલ્યોમાં આવતું પરિવર્તન
2. સંસ્થાકીય પરિવર્તન
3. મિલકતની વહેંચણી અને બદલાનું સ્વરૂપ
4. વ્યક્તિઓમાં થતા ફેરફારો
5. વ્યક્તિઓના વલણ અને વિચારોમાં થતા ફેરફારો

**સામાજિક પરિવર્તનની લાક્ષણિક્તાઓ :-**

સામાજિક પરિવર્તનની ઉપર્યુક્ત વ્યાખ્યાઓના આધારે તેની લાક્ષણિક્તાઓને આપણે નીચે મુજબ દર્શાવી શકીએ.

### 1. સામાજિક પરિવર્તન એક પ્રક્રિયા છે :

પ્રક્રિયા શબ્દ જ આપણને નિરંતર કે સતત ચાલુ રહેતું હોવાનું સૂચવે છે. આ અર્થમાં સામાજિક પરિવર્તન પણ સતત ચાલું રહેતી પ્રક્રિયા છે. મેકઆઈવર કહે છે તેમ 'સમાજ સામાજિક સંબંધોની પ્રક્રિયા છે.' આ અર્થમાં જોઈએ તો સામાજિક સંબંધો સ્થિર નથી; પરંતુ, તે સતત પરિવર્તનશીલ હોવાથી સમાજ પણ સતત અને અવિરતપણે પરિવર્તન પામતો રહે છે.

### 2. સામાજિક પરિવર્તન સાર્વત્રિક પ્રક્રિયા છે :

સામાજિક પરિવર્તનથી વિશ્વનો કોઈ સમાજ બાકાત રહી શક્યો નથી. આ અર્થમાં સામાજિક પરિવર્તનને એક સાર્વત્રિક પ્રક્રિયા કહી શકાય. ધીમું કે ઝડપી એમ દરેક સ્તરનું સામાજિક પરિવર્તન દરેક સમાજમાં હોય જ છે. જેમ એક નવજાત શિશુના શરીરમાં જીવનપર્યંત શારીરિક-માનસિક પરિવર્તનો એક પ્રક્રિયાની જેમ જ થતા રહેતા હોય છે, એવી રીતે સામાજિક રચનાતંત્ર પણ સતત પરિવર્તન પામતું રહે છે.

### 3. સામાજિક પરિવર્તન સામાજિક રચનાતંત્રમાં ફેરફાર સૂચવે છે :

જેવી રીતે દરેક વયજૂથના શરીરમાં પરિવર્તન અને ફેરફાર જોવા મળે છે એવી જ રીતે શરીર જેવી જ જટિલ રચના ધરાવતા સમાજના રચનાતંત્રમાં પણ ફેરફાર જોવા મળે છે.

સામાજિક રચનાતંત્રના વિવિધ વિભાગો જેવા કે ધ્યેયો, સામાજિક ધોરણો, દરજ્જો અને

ભૂમિકા, સાંસ્કૃતિક મૂલ્યો વગેરેમાં થતા ફેરફારોને અહીં આપણે સામાજિક પરિવર્તન તરીકે ઓળખીએ છીએ.

**4. સામાજિક પરિવર્તન સામાજિક કાર્યોમાં ફેરફાર સૂચવે છે :**

કુટુંબ સંસ્થા દ્વારા પ્રજોત્પાદન, સામાજીકરણ, આર્થિક રચના, જીવનનિર્વાહ, સલામતી વગેરે જેવા સામાજિક કાર્યો થતા હોય છે. તે જ રીતે અન્ય સામાજિક સંસ્થાઓ થકી શિક્ષણ, ધર્મ વગેરે સામાજિક કાર્યો થાય છે. સામાજિક વ્યવસ્થાના ભાગ તરીકે સામાજિક પરિવર્તન એ સામાજિક કાર્યમાં થતા ફેરફારો સૂચવે છે. આ કાર્યોની પદ્ધતિ તથા તેના અમલીકરણમાં આપણે પરિવર્તન જોઈ શકીએ છીએ.

**5. સામાજિક પરિવર્તન સ્વયંજનિત અને આયોજિત પ્રક્રિયા તરીકે જોવા મળે છે :**

સમાજમાં સામાજિક પરિવર્તનને એક સહજ લક્ષણ તરીકે જોઈએ છીએ ત્યારે આ પ્રક્રિયા સ્વયંજનિત અને આયોજિત પણ હોઈ શકે છે. સામાજિક પરિવર્તન હરહંમેશ સ્વયંજનિત જ હોય એમ બનતું નથી; પરંતુ, કેટલાંક સંજોગોમાં તે આયોજિત પણ હોય છે. સામાજિક પરિવર્તન જે તે સમાજની સામાજિક પરિસ્થિતિના સંદર્ભમાં સ્વયંજનિત કે આયોજિત હોય છે. દા.ત. સમાજમાં વધતી જતી વસ્તીનું નિયંત્રણ કરવા માટે દાખલ કરવામાં આવેલી કુટુંબનિયોજનની પદ્ધતિને આપણે આયોજિત પરિવર્તનના ઉદાહરણ તરીકે ગણાવી શકીએ. આધુનિક ઝડપી પરિવર્તનના યુગમાં માનવીની જરૂરિયાત મુજબ બુદ્ધિપૂર્વક, હેતુપૂર્વક, આયોજન કરીને સમાજના રચનાતંત્ર અને કાર્યમાં ફેરફાર કે પરિવર્તન કરવામાં આવે છે.

## 4.4 સામાજિક પરિવર્તન નિપજાવનારા પરિબળો :

વિદ્યાર્થીમિત્રો, સામાજિક પરિવર્તનનો અર્થ અને લાક્ષણિક્તાઓ સમજ્યા બાદ સમાજમાં પરિવર્તન નિપજાવનારા પરિબળો ક્યા છે તે જાણવું પણ અત્યંત આવશ્યક છે. સમાજજીવનના વિવિધ પાસાંઓ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. એક પાસાંમાં આવતું પરિવર્તન અન્ય પાસાંઓને પણ પરિવર્તન માટે પ્રેરે છે. આથી એમ કહી શકાય કે સામાજિક પરિવર્તન માટે કોઈ એક જ પરિબળ નહીં; પરંતુ, અનેક પરિબળો જવાબદાર છે. અહીં આ પરિબળોની વિસ્તૃત સમજ મેળવીએ.

**1. ભૌગોલિક પરિબળો :**

ભૌગોલિક પરિબળ સામાજિક પરિવર્તન માટેનું એક મહત્ત્વનું પરિબળ છે. માનવજાતિના ઉદ્‌ભવથી માંડીને આજદિન સુધી માનવી હંમેશાં પ્રકૃતિનો દાસ રહ્યો છે. પ્રાકૃતિક કે ભૌગોલિક ફેરફારોએ હંમેશાં સમાજજીવનને પ્રભાવિત કર્યું છે. વળી, ભૌગોલિક કે પ્રાકૃતિક પરિબળો પર વ્યક્તિનું કોઈ નિયંત્રણ હોતું નથી અને એટલે તેને અનુકૂળ રહીને વર્તવા માટે માનવીએ પોતાના સામાજિક જીવનમાં ફેરફાર કરવા પડ્યા છે. ગરમી, ઠંડી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ જેવા કારણોની સમાજજીવનમાં બદલાવ માટે મહત્ત્વની ભૂમિકા રહી છે. સને 2001માં ગુજરાતના કચ્છમાં આવેલો ધરતીકંપ, સને 2015માં ઉત્તરાખંડ કે દક્ષિણ ભારતમાં અતિવૃષ્ટિને કારણે સર્જાયેલી તારાજી જેવા અનેક ઉદાહરણો તેની સાક્ષી પૂરે છે.

વળી, જે તે પ્રદેશની કુદરતી સમૃદ્ધિ કે કુદરતી વાતાવરણ પણ તે પ્રદેશમાં વસતા

માનવસમુદાયને અને તેની સંસ્કૃતિને અસર કરે છે; જેમ કે, રણપ્રદેશમાં કૃષિ આધારિત સંસ્કૃતિ વિકસાવવી મુશ્કેલ છે, તો પર્વતીય પ્રદેશમાં મેદાની સંસ્કૃતિ વિકસાવવાનું કાર્ય કઠિન છે. જો કે અહીં એક બાબત ઉલ્લેખનીય છે કે, આજે વિજ્ઞાન અને ટેક્નોલોજીની હરણફાળને કારણે ભૌગોલિક વાતાવરણ પણ કંઈક અંશે પ્રભુત્વ મેળવી શકાયું છે; પરંતુ, પ્રકૃતિના ભોગે થયેલો આવો વિકાસ પણ માનવજીવન માટે લાંબા ગાળેય નુકસાનકારક હોય છે. વળી, ઘણીવાર અનુકૂળ કે પ્રતિકૂળ ભૌગોલિક વાતાવરણ માનવવસ્તીના સ્થળાંતરની પ્રક્રિયાને પ્રોત્સાહન આપે છે. તો સાથે સાથે આવી અનુકૂળતા કે પ્રતિકૂળતા જ્ઞાતિ સંસ્થા, કુટુંબ સંસ્થા, લગ્ન સંસ્થા, સામાજિક નિયંત્રણ વગેરેમાં પણ પરિવર્તન નિપજાવે છે. સામાજિક પરિવર્તનના અભ્યાસીઓના મત મુજબ માનવી ભૌગોલિક પરિબળો સાથે સુયોજિત સંવાદિતાભર્યો સંબંધ સ્થાપવાનો પ્રયાસ કરે છે અને તેમાં જ માનવ અને સમાજના વિકાસની તકો રહેલી હોય છે. આવા પ્રયત્નોમાં જ માનવવિકાસ માટે નવી રુષ્ટિ અને નવી કેડી કંડારાવાની આશા છૂપાયેલી છે.

## 2. જૈવિક પરિબળો :

જૈવિક પરિબળોમાં માનવ વસ્તીનું સ્વરૂપ, પ્રજનન દર, જન્મ, મૃત્યુ, જાતિ, આનુવંશિક્તા વગરેને સમાવી શકાય. જૈવિક પરિબળો સમાજથી સ્વતંત્ર છે અને તેમાં થતા ફેરફારો સામાજિક પરિવર્તનો નિપજાવે છે. વસ્તીના કદ કે સંખ્યામાં થતો ફેરફાર સમાજમાં પરિવર્તન લાવે છે. દા.ત. જે પ્રદેશમાં અતિવસ્તી છે ત્યાં ગરીબી, બેકારી જેવી સમસ્યાઓની માત્રા વધુ જોવા મળે છે. આ વસ્તીને નિયંત્રિત કરતી તમામ યોજનાઓ નવી સામાજિક સંરચનાના વિકાસ માટેની તક પૂરી પાડે છે. વળી, જે તે પ્રદેશની ભૌગોલિક સીમારેખાને લંબાવી શકાતી ન હોવાથી આવા પ્રદેશમાં થતી વસ્તીવૃદ્ધિ પ્રદેશ માટે સમસ્યારૂપ બને છે. વસ્તી વિષયક આવી સમસ્યાઓ પણ સામાજિક પરિવર્તનના સ્ત્રોતમાં મહત્ત્વની બને છે. ભારતીય સંદર્ભમાં જોઈએ તો, અતિવસ્તીની અસર રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક પર થાય છે. વળી, વધતી વસ્તી સાથે માલનું ઉત્પાદન અને સેવાઓની સુવિધા સુસંગત ન બને ત્યારે તે સમાજજીવનને પ્રભાવિત કરે છે.

વસ્તીવૃદ્ધિની જેમ સામાજિક પરિવર્તન નિપજાવવામાં વસ્તીમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ પણ વિશેષ મહત્ત્વનો ભાગ ભજવે છે. વસ્તીમાં કન્યાઓનું અલ્પ પ્રમાણ કન્યાવિક્રય અને યુવકોનું અલ્પ પ્રમાણ વરવિક્રય જેવી પ્રથાઓને જન્મ આપે છે. વળી, કુટુંબના કદમાં થતા ફેરફારો પતિ-પત્નીના સંબંધોમાં પરિવર્તન આણે છે. 21મી સદીમાં આધુનિકતા, શિક્ષણ, રાજ્યની નીતિ વગેરેને કારણે વસ્તી નિયંત્રણ માટે જાગૃતિ સતેજ બની છે, પરંતુ, વસ્તીની ગુણવત્તા પર થયેલી અસરોને દૂર કરવાનું કાર્ય વધુ કપરુ છે.

ટૂંકમાં, જૈવિક પરિબળો એ સામાજિક પરિવર્તનને પ્રેરતું, પોષતું અને પરિવર્તનની પ્રક્રિયાને ઝડપી બનાવતું મહત્ત્વનું પરિબળ છે.

## 3. યંત્રવૈજ્ઞાનિક પરિબળો :

સંસ્કૃતિ એ માનવસર્જિત સામાજિક પરિવર્તનને પ્રેરતું પરિબળ છે. કોઈ પણ પ્રદેશની સંસ્કૃતિ જુદી જુદી બે વ્યવસ્થાઓ સાથે સંબંધિત છે – (1) સંસ્કૃતિની સાધનાત્મક વ્યવસ્થા અને (2) સંસ્કૃતિની સાધ્યાત્મક વ્યવસ્થા

સંસ્કૃતિના આ બંને પાસાંઓ સામાજિક પરિવર્તનને પ્રેરતા બળો છે. આ બંને પાસાંઓમાંથી પ્રથમ પાસું સામાજિક પરિવર્તનના યંત્રવૈજ્ઞાનિક પરિબળ સાથે સંકળાયેલું છે. સામાજિક પરિવર્તનમાં યંત્રવૈજ્ઞાનિક પરિબળોની અસર નરી આંખે દેખી શકાય તેવી સ્પષ્ટ છે. યંત્રવૈજ્ઞાનિક પરિબળો સામાજિક માળખાંને પ્રત્યક્ષ રીતે સ્પર્શે છે અને ખૂબ જ ઝડપી પરિવર્તનનો સ્ત્રોત બને છે.

ટેલિવિઝન, મોબાઈલ ફોન, સમાચાર માધ્યમો તથા રોજિંદા જીવનમાં વપરાશમાં આવતા નાનામાં નાના આધુનિક સાધનોએ માનવીના સામાજિક જીવનમાં વિશાળ પાયા પર પરિવર્તન નિપજાવ્યું છે. આધુનિક યુગમાં વધતા જતા વૈજ્ઞાનિક જ્ઞાનને લીધે અને નૂતન આવિષ્કારો પરત્વે કેળવાયેલી પરલક્ષી વૈજ્ઞાનિક રુષ્ટિને કારણે વૈજ્ઞાનિક અન્વેષણોની ગતિ ખૂબ જ ઝડપી બની ગઈ છે. નવી નવી યાંત્રિક શોધખોળો સાથે તાલમેલ સાધવા માટે પણ સામાજિક પરિવર્તનની ગતિ ઝડપી બની છે. યંત્રવિજ્ઞાનની શોધખોળ દ્વારા અર્થ ઉત્પાદનને લગતી અનેક શોધખોળો, ખેતી, રસાયણો, તબીબી જ્ઞાન અને જીવન જરૂરિયાતની ચીજો વગેરે માનવજાતિને પ્રાપ્ત થતાં સમગ્ર સમાજજીવનમાં ખૂબ જ ઝડપી તથા દૂરોગામી પરિવર્તનો શક્ય બન્યાં છે.

**4. સાંસ્કૃતિક પરિબળો :**

સંસ્કૃતિની સાધ્યાત્મક વ્યવસ્થા કે મૂલ્ય વ્યવસ્થા પણ સામાજિક પરિવર્તનનું મહત્ત્વનું પ્રેરક પરિબળ છે. સંસ્કૃતિનો મૂલ્યાત્મક વારસો સામાજિક પરિવર્તનને પ્રેરે છે. પ્રત્યેક સમાજરચના અમુક પ્રચલિત મૂલ્યોને સ્વીકારતી હોય છે; પરંતુ, તેમાં પેઢી દર પેઢી પરિવર્તન આવતું હોય છે. મૂલ્યોમાં પરિવર્તન આવવાને લીધે સામાજિક ધોરણો, વર્તનપદ્ધતિઓ અને સામાજિક સંબંધો પણ પરિવર્તન પામે છે.

આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીએ લોકોના મૂલ્યો,માન્યતાઓ અને વિચારોમાં પરિવર્તન આણવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસને કારણે વિશ્વના વિવિધ દેશો વચ્ચેનું અંતર ઘટ્યું છે. આજે એક દેશમાં ઘટતી ઘટના કે બનાવ અન્ય દેશના લોકોની વિચારસરણીને પ્રભાવિત કરી રહ્યાં છે. આધુનિક યુગમાં લોકશાહી, સમાનતા, સ્વતંત્રતા, વ્યક્તિવાદ જેવા મૂલ્યોને પ્રોત્સાહન મળ્યું છે. આ મૂલ્યોએ ભારતની કુટુંબ સંસ્થા, લગ્ન સંસ્થા, ધર્મ સંસ્થા, આર્થિક સંસ્થા, શિક્ષણ સંસ્થા જેવી પાયાની સંસ્થાઓમાં ધડમૂળથી પરિવર્તન આણ્યું છે. આ બધી સામાજિક સંસ્થાઓના પરંપરાગત મૂલ્યો બદલાતા સામાજિક સંરચનાનું સ્વરૂપ બદલાયું છે.

આ રીતે સામાજિક પરિવર્તન નિપજાવવામાં સાંસ્કૃતિક પરિબળો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

## 4.5 સામાજિક નિયંત્રણ :

સામાજિક પરિવર્તન એક સતત ચાલતી પ્રક્રિયા છે. કોઈ પણ સમાજે પ્રગતિ સાધવી હોય તો તે માટે સામાજિક પરિવર્તનની આ પ્રક્રિયા આવશ્યક છે; પરંતુ, સમાજમાં આવતા આ પરિવર્તનોથી સામાજિક વ્યવસ્થાના પાયા ડગમગી ન જાય તે જોવું પણ અત્યંત આવશ્યક છે. સામાજિક પરિવર્તનની સ્થિતિમાં પણ સમાજમાં સામાજિક વ્યવસ્થા જળવાય રહે તે માટે જે કેટલાક પરિબળો આવશ્યક છે તેમાંનું એક પરિબળ એટલે સામાજિક નિયંત્રણ. સામાજિક નિયંત્રણની વ્યવસ્થા સામાજિક સંબંધોમાં પરિવર્તન આવવા છતાં સામાજિક વ્યવસ્થાને ટકાવી રાખે છે. કિંગ્સલે ડેવિસ 'ઉૅદ્વક્રહ જીર્જીૈઅ'માં લખે છે કે,, 'સામાજિક નિયંત્રણ વિના સમાજનું અસ્તિત્વ સંભવી શકે નહીં. સમાજનું નિર્માણ

સામાજિક સંબંધો અને સામાજિક નિયંત્રણની વ્યવસ્થા દ્વારા જ થાય છે. આમાંથી એકનો પણ અભાવ હોય તો સમાજનું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય.'

આમ, કોઈ પણ સમાજ સામાજિક નિયંત્રણ વિનાનો હોઈ શકે નહીં. એટલું જ નહીં પરંતુ, સામાજિક નિયંત્રણ વિના સમાજ ઉદ્ભવી શકે નહીં એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. આ પ્રકરણમાં સામાજિક નિયંત્રણનો અર્થ અને તેના કાર્યોની વિસ્તૃત સમજૂતી પ્રાપ્ત કરી સામાજિક નિયંત્રણના સાધન તરીકે રિવાજ, સાંસ્કૃતિક મૂલ્યો અને કાયદાની ચર્ચા કરીએ.

## 4.6 સામાજિક નિયંત્રણનો અર્થ :

મેકઆઈવર અને પેજ 'Society'માં લખે છે કે,, 'સમગ્ર સમાજવ્યવસ્થાને સંગઠિત રાખતી અને તેને ટકાવી રાખતી રીત એટલે સામાજિક નિયંત્રણ.'

ઓગ્બર્ન અને નિમ્કોફ 'A Handbook of Sociology'માં સામાજિક નિયંત્રણનો અર્થ સમજાવતા લખે છે કે,, 'સામાજિક નિયંત્રણ એવી પ્રક્રિયાઓ અને સાધનો છે જેના દ્વારા સામાજિક ધોરણોનું ઉલ્લંઘન મર્યાદિત બનાવવામાં આવે છે.'

ઈ. એ. રોસના મતે સામાજિક નિયંત્રણનો અર્થ એ તમામ શક્તિઓ સાથે સંકળાયેલો છે કે, જેના દ્વારા સમુદાય વ્યક્તિને પોતાને અનુરૂપ બનાવે છે. તેનો હેતુ વ્યક્તિને જૈવિક પ્રાણીમાંથી સામાજિક પ્રાણી બનાવવાનો તથા સામાજિક જીવનને સંતુલિત કરવાનો છે. આ માટે સામાજિક નિયંત્રણના અનેક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. આવા સાધનોની સંતુલિત વ્યવસ્થા અને ક્રિયાશીલતાને જ સામાજિક નિયંત્રણ કહેવામાં આવે છે.

આમ, સામાજિક નિયંત્રણ સામાજિક આંતરક્રિયાના માધ્યમથી સામાજિક વ્યવસ્થાને જાળવી રાખે છે. સામાજિક જીવનમાં માનવીય વ્યવહારને નિયંત્રિત કરવામાં સૂચન, ટીકા, સ્વીકૃતિ, બહિષ્કાર જેવા અનેક અનૌપચારિક સાધનો ઉપયોગમાં લેવાય છે. જ્યારે સમાજમાં આવા અનૌપચારિક સાધનોની મર્યાદા આવે છે ત્યારે ઔપચારિક સાધનોની આવશ્યક્તા ઊભી થાય છે.

આ રીતે જોઈએ તો, સામાજિક નિયંત્રણ સામાજિક સંરચનાનું મહત્ત્વનું પાસું છે.

## 4.7 સામાજિક નિયંત્રણના કાર્યો :

સામાજિક નિયંત્રણનું મુખ્ય કાર્ય સમાજમાં જુદી જુદી પરિસ્થિતિ વચ્ચે પણ સામાજિક વ્યવસ્થાનું સંતુલન જાળવવાનું અને સભ્યો વચ્ચે પરસ્પર સહકારની ભાવનાનો વિકાસ કરવાનું છે. સમાજમાં જેટલી વિવિધતા વધારે તેટલી સામાજિક નિયંત્રણની આવશ્યક્તા વધારે. સમાજમાં જુદા જુદા અનેક સમૂહો, સમુદાયો તથા સમાજજીવનના વિવિધ પાસાંઓ ખૂબ ઝડપથી પરિવર્તન પામે છે. આવી પરિવર્તનશીલ પરિસ્થિતિ સાથે તાલમેલ સાધી વિકાસ કરવા માટે સામાજિક નિયંત્રણનું હોવું અનિવાર્ય છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે, સમાજની પ્રગતિ માટે વિપરીત પરિબળો પર નિયંત્રણ સાધીને પ્રગતિશીલ પરિબળોને પ્રોત્સાહન આપવા માટે સામાજિક નિયંત્રણ જરૂરી છે. સમાજના અસ્તિત્વ માટે સામાજિક એકતા જરૂરી છે અને આ એકતા ટકાવી રાખવાનું કાર્ય સામાજિક નિયંત્રણનું છે. અહીં સામાજિક નિયંત્રણના કાર્યોને નીચે મુજબ દર્શાવી શકાય.

### 1. સામાજિક નિયંત્રણ સામાજિક સુરક્ષાની જાળવણી કરે છે :

સામાજિક નિયંત્રણનું સૌ પ્રથમ કાર્ય છે સમાજમાં સામાજિક સુરક્ષાની જાળવણી કરવાનું.

જો સમાજમાં સામાજિક નિયંત્રણની કોઈ વ્યવસ્થા જ ન હોય તો સામાજિક સુરક્ષા સામે અનેક અવરોધો ઊભા થાય અને 'બળિયાના બે ભાગ'ની સ્થિતિ નિર્માણ પામે. સામાજિક નિયંત્રણની વિવિધ પદ્ધતિઓ સમાજવ્યવસ્થામાં અવરોધ પેદા કરનારા પરિબળો પર નિયંત્રણ સાધીને તેને પ્રમાણમાં વધુ સુરક્ષિત બનાવે છે. સમાજમાન્ય નિયંત્રણના સાધનો દ્વારા જ માનવીય વર્તન વ્યવહારોને વધુ સંતુલિત અને નિયંત્રિત કરી શકાય છે. વળી, સામાજિક નિયંત્રણની વ્યવસ્થા સમૂહમાં રહીને વ્યક્તિને પ્રગતિ કરવા માટે અનેક અવસર પણ પ્રદાન કરે છે.

**2. સામાજિક નિયંત્રણ સામાજિક સંગઠનમાં સ્થિરતા ટકાવી રાખે છે :**

સામાજિક નિયંત્રણ સામાજિક સંગઠનમાં લાંબા સમય સુધી સ્થિરતા ટકાવી રાખે છે. જો વ્યક્તિ મન ફાવે તે રીતે વર્તન કરવા લાગે તો તેનાથી સમાજમાં અવ્યવસ્થા ફેલાય છે. સામાજિક નિયંત્રણ વ્યક્તિના આવા સ્વચ્છંદી આચરણને અટકાવીને સામાજિક પ્રગતિને શક્ય બનાવે છે. સામાજિક નિયંત્રણને કારણે જ સમાજના સભ્યો વચ્ચે સદ્‌ભાવના ટકી રહે છે અને પ્રત્યેક વ્યક્તિને સામાજિક વિકાસમાં યોગદાન આપવાની સમાન તક પ્રાપ્ત થાય છે.

**3. સામાજિક નિયંત્રણ પરંપરાગત આદર્શો અને માન્યતાઓની રક્ષા કરે છે :**

સામાજિક નિયંત્રણ કોઈ પણ સમાજની માન્યતાઓ અને આદર્શોનું રક્ષણ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કોઈ પણ સમાજમાં પ્રવર્તતી પરંપરાઓ એ જે તે યુગના આદર્શો અને માન્યતાઓનું પ્રતિનિધિત્વ કરે છે અને એક પેઢી દ્વારા બીજી પેઢીને તે વારસામાં મળે છે. પરંપરાઓ અનુભવોના આધાર પર માનવીને પ્રગતિના માર્ગે જીવન જીવવા માટે તક પૂરી પાડે છે. આ રીતે સામાજિક નિયંત્રણ માનવીય વ્યવહારને અનુકૂળ થઈને સામાજિક વ્યવસ્થાને ટકાવી રાખવામાં મહત્ત્વનું યોગદાન આપે છે.

**4. સામાજિક નિયંત્રણ સમાજના સભ્યોમાં સહકારની ભાવનાને પ્રોત્સાહિત કરે છે :**

સામાજિક નિયંત્રણને કારણે વ્યક્તિમાં પોતાના દરજ્જા મુજબ પોતાની જવાબદારી સમજીને તે અનુસાર કામ કરવાની ભાવના ઉદ્‌ભવે છે. આ પરિસ્થિતિ જ સમાજના સભ્યોમાં પારસ્પરિક સહકારની લાગણી વિકસાવે છે. જો વ્યક્તિ મનફાવે તે રીતે વર્તન કરવા લાગે તો સમાજમાં અસમંજસતાની પરિસ્થિતિ નિર્માણ પામે અને સામાજિક વ્યવસ્થા પોતાના ધ્યેયો સુપેરે સંતોષી શકે નહીં. આ રીતે જોઈએ તો સામાજિક નિયંત્રણ સમાજના સભ્યો વચ્ચે સુમેળ સર્જવાનું અને પારસ્પરિક સહકારની ભાવના કેળવવાનું મહત્ત્વનું કાર્ય કરે છે.

**5. સામાજિક નિયંત્રણથી સામૂહિક નિર્ણયોના અમલને શક્ય બનાવે છે :**

સામાજિક વ્યવસ્થાની જાળવણીમાં વ્યક્તિગત હિત નહીં પરંતુ, સામૂહિક હિત કેન્દ્રસ્થાને હોય છે. વિશાળ સમાજવ્યવસ્થાની વિવિધ જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટે સમૂહના હિતને ધ્યાનમાં રાખીને લેવામાં આવતા નિર્ણયો અને તે નિર્ણયો મુજબની કામગીરી અનિવાર્ય બને છે. સામાજિક નિયંત્રણના વિવિધ સાધનો આવા સામૂહિક નિર્ણયોના અમલીકરણને શક્ય બનાવે છે. સામાજિક નિયંત્રણને કારણે લોકોના વ્યવહાર વિવિધ પ્રકારના નિયમોથી બંધાયેલા રહે છે અને આ નિયમો પર આધારિત લેવાયેલા નિર્ણયો મુજબની કામગીરીથી સામાજિક વ્યવસ્થાના ધ્યેયો સંતોષાય છે.

### 6. સામાજિક નિયંત્રણ સમાજમાં એકતા અને સમરૂપતાની જાળવણી કરે છે :

સમાજમાં સંગઠિત વ્યવસ્થા ટકાવી રાખવા માટે સભ્યો વચ્ચે એકતા અને સમરૂપતા હોવી અનિવાર્ય છે. સામાજિક નિયંત્રણ સમાજના સભ્યો વચ્ચે આ એકતા ટકાવી રાખવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જુદા જુદા આદર્શો, માન્યતાઓ અને નિયમોના પાલન દ્વારા માનવીનો અન્ય માનવી સાથેનો વ્યવહાર સંતુલિત અને નિયંત્રિત બને છે. વળી, સામાજિક નિયંત્રણ અંતર્ગત બદલો અને સજાપદ્ધતિની જોગવાઈ પણ એકતા અને સમરૂપતાની જાળવણીમાં મહત્ત્વના બને છે. ધોરણ અનુરૂપ વર્તન કરનારને કોઈને કોઈ સ્વરૂપે પુરસ્કાર અને ધોરણ વિરુદ્ધ વર્તન કરનારને દંડ કે સજાની જોગવાઈ સમાજવ્યવસ્થાને સંગઠિત રાખવા માટે આવશ્યક છે.

આમ, સામાજિક સંરચનાની જાળવણીમાં સામાજિક નિયંત્રણની ભૂમિકા પાયાની છે. સામાજિક નિયંત્રણના અભાવમાં કોઈ પણ સમાજની સંરચનાનું અસ્તિત્વ સંભવી શકે નહીં. સામાજિક નિયંત્રણનું કાર્યાત્મક સમજ્યા બાદ હવે આપણે ભારતીય સમાજના સંદર્ભમાં સામાજિક નિયંત્રણના સાધનો તરીકે પરંપરા, રિવાજ અને સાંસ્કૃતિક મૂલ્યોની સમજૂતી કેળવીએ.

## 4.8 સામાજિક નિયંત્રણના સાધનો :

### પરંપરા – સામાજિક નિયંત્રણનું અનૌપચારિક સાધન :

પરંપરા સામાજિક નિયંત્રણનું એક અનૌપચારિક પરિબળ છે. સામાન્ય બોલચાલની ભાષામાં આ શબ્દ વારંવાર પ્રયોજાય છે ત્યારે ભાગ્યે જ આપણે તેના અર્થને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ, બોગાર્ડસ નામના વિદ્વાન આ શબ્દનો સમાજશાસ્ત્રીય અર્થ સમજાવતા કહે છે કે, પરંપરા એ સામાજિક નિયંત્રણની સમૂહની સંમતિ દર્શાવતી એવી રીત છે કે, જે એક પેઢી દ્વારા બીજી પેઢીમાં હસ્તાંતરિત થાય છે. વળી, પેઢીઓથી આ રીત ચાલી આવતી હોવાથી સમાજનો પ્રત્યેક સભ્ય તેના પ્રત્યે અનોખી શ્રદ્ધા ધરાવે છે અને પરંપરા મુજબ વર્તન કરીને એક આદર્શ સામાજિક જીવનનું ઉદાહરણ પૂરું પાડે છે. ડૉ. વિદ્યુત જોષી 'પારિભાષિક કોશ – સમાજશાસ્ત્ર'માં પરંપરાનો અર્થ સ્પષ્ટ કરતા લખે છે કે,, 'પરંપરા એટલે એક જ સામાજિક એકમના વિચારો, વ્યવહારની આદતો તથા પ્રથાઓ, જે મૌખિક સ્વરૂપે એક પેઢીથી બીજી પેઢીમાં હસ્તાંતરિત થાય છે.'

જુદી જુદી પ્રથાઓ, લોકરીતિઓ, વિશ્વાસો વગેરે પરંપરાનો આધાર બને છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે, પરંપરાઓ પાછળ વિશાળ લોકમતની શક્તિ કામ કરતી હોય છે. આથી સમાજના સભ્યો કોઈ પણ પ્રકારના ડર કે ભીતિથી નહીં; પરંતુ, સહજતાથી એ પરંપરાનું અનુસરણ કરતા હોય છે. વળી, સામાજિક પરંપરાનું અન્ય એક મહત્ત્વનું પાસું એ છે કે, તેમાં બહુ ઝડપથી પરિવર્તન આવતું નથી. પરંપરાઓ બદલાતા સમય લાગે છે. સામાજિક નિયંત્રણમાં પરંપરા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પરંપરા સમાજના લોકોના વર્તન-વ્યવહારનું સંચાલન કરે છે. વધુમાં તે વ્યવહાર માટે એક એવો માપદંડ નક્કી કરી આપે છે કે, જેથી સમાજના વિવિધ સભ્યોના વ્યવહારમાં એકરૂપતા આવે છે. વળી, પરંપરા પરિવર્તનને નિયંત્રિત કરીને સામાજિક જીવનને પણ સુરક્ષિત રાખે છે. આ ઉપરાંત પરંપરાઓ સામાજિક મર્યાદા સાથે પણ સંકળાયેલી છે. તેથી તેનું ઉલ્લંઘન કરવું સરળ નથી. આમ, પરંપરાઓ દ્વારા થતું સામાજિક નિયંત્રણ દબાણમુક્ત અને મહત્ત્વનું પુરવાર થાય છે.

**રિવાજ– સામાજિક નિયંત્રણનું અનૌપચારિક સાધન :**

પરંપરાની જેમ રિવાજ શબ્દ પણ રોજબરોજની ભાષામાં રૂઢ બની ગયો છે. દીકરીના લગ્નમાં અમુક ભેટસોગાદો આપવી, પરિવારમાં કોઈ સ્વજનના મૃત્યુ બાદ બારમા કે તેરમાના દિવસે અમુક વિધિવિધાન કરાવવા, શ્રાદ્ધના દિવસે કાગને વાસ નાંખવી, નવરાત્રિમાં અનુષ્ઠાન કે ઉપવાસ કરવા જેવા અનેક રિવાજોનું પાલન કરતા લોકોને આપણે નિહાળીએ છીએ. આ રીતે જોઈએ તો, વ્યક્તિના જન્મથી માંડીને મૃત્યુ પર્યંત અનેકવિધ રિવાજો માનવીના સામાજિક જીવનનો પાયો બની રહે છે. કિંગ્સલે ડેવિસ રિવાજની વિભાવનાને સમજાવતા લખે છે કે, 'રિવાજ પ્રાથમિક રીતે અનેક પેઢીઓની વારંવારની પુનરાવર્તન પામતી કાર્યપદ્ધતિ સૂચવે છે. ભૂતકાળમાં તેનું પાલન થતું હોવાને કારણે તેનું અનુસરણ થતું હોય છે.' આ રીતે જોઈએ તો, રિવાજને ભૂતકાલીન કાર્યપદ્ધતિઓ સાથે ગાઢ સંબંધ છે કે, જે કાર્યપદ્ધતિઓ પેઢીઓથી ચાલી આવતી હોય છે. બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કે, સમાજમાં રૂઢ થઈ ગઈ આવેલી કાર્યપદ્ધતિઓ જ રિવાજમાં પરિણમતી હોય છે.

ગુજરાતના જાણીતા સમાજશાસ્ત્રી ડૉ. વિદ્યુત જોષી 'પારિભાષિક કોશ – સમાજશાસ્ત્ર'માં રિવાજનો અર્થ સ્પષ્ટ કરતા લખે છે કે,, 'રૂઢિઓનું વિશેષીકરણ એટલે રિવાજ. ભૂતકાળના અનુભવોમાંથી એ આપોઆપ ઉદ્ભવે છે. સમાજ તેનો સ્વાભાવિક રીતે સ્વીકાર કરે છે. રિવાજ હંમેશાં અલિખિત સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે. રિવાજના ભંગ બદલ અનૌપચારિક શિક્ષાની જોગવાઈ હોય છે. રિવાજમાં સરળતાથી પરિવર્તન આવતું નથી.' આ અર્થમાં રિવાજનું કોઈ મૂર્ત સ્વરૂપ નથી; પરંતુ, તે હંમેશાં અમૂર્ત સ્વરૂપના હોય છે.

ઉપરોક્ત બંને વિદ્વાનોના મતે રિવાજને ભૂતકાલીન પરંપરાઓ – અનુભવોનો ટેકો હોય છે. આ બંને વ્યાખ્યાઓ પરથી અન્ય એક બાબત એ પણ સ્પષ્ટ થાય છે કે, રિવાજો આપમેળે જ ઉદ્ભવે છે અને એક પેઢી દ્વારા બીજી પેઢીમાં હસ્તાંતરિત થાય છે. કાયદા- કાનૂનની જેમ તેને કાર્યાન્વિત કરવા માટે કોઈ વિશેષ ઔપચારિક તંત્ર વિકસ્યું હોતું નથી, પરંતુ, તે સામાજીકરણની પ્રક્રિયા દ્વારા વ્યક્તિમાં એવી રીતે આંતરીકરણ પામે છે કે, તે મુજબનું વર્તન વ્યક્તિના જીવનનો એક ભાગ બની જાય છે અને તેથી પેઢીઓથી રૂઢ થઈ ગયેલા રિવાજો બહુ ઝડપથી પરિવર્તન પામતાં નથી.

આમ, રિવાજ સામાજિક નિયંત્રણનું એક એવું અનૌપચારિક સાધન છે કે, જે સામાજિક સંરચનાની જાળવણીમાં મહત્ત્વનું બને છે. વળી, રિવાજ એ માત્ર વ્યક્તિને જ નહીં; પરંતુ, સમગ્ર સમૂહ કે સમુદાયને પ્રભાવિત કરે છે. તેથી સામાજિક સંરચનાની સમજૂતી મેળવવા માટે સામાજિક નિયંત્રણના આ સાધનને પણ ધ્યાનમાં લેવું આવશ્યક છે.

**મૂલ્યો– સામાજિક નિયંત્રણનું અનૌપચારિક સાધન :**

મૂલ્યો સામાજિક નિયંત્રણનું મહત્ત્વનું અનૌપચારિક સાધન છે. જર્મન સમાજશાસ્ત્રી મેક્સવેબરથી માંડીને ભારતીય સમાજશાસ્ત્રી ડૉ. રાધાકમલ મુકરજી જેવાં અનેક વિદ્વાનોએ મૂલ્યોના અભ્યાસમાં રસ દાખવીને તેની વૈજ્ઞાનિક સમજૂતી આપી છે. સરળ શબ્દોમાં એમ કહી શકાય કે, મૂલ્યો એટલે વ્યક્તિના વર્તનના માપદંડો. વ્યક્તિનું કયું વર્તન સારું અને કયું વર્તન ખરાબ, કયું વર્તન

ઉચિત છે અને કયું વર્તન અનુચિત – તે નક્કી કરનારા નિયમો એટલે મૂલ્યો. આ અર્થમાં મૂલ્યો સામાજિક નિયંત્રણનું અલિખિત એવું મહત્ત્વનું અનૌપચારિક સાધન છે.

વ્યક્તિનું સમગ્ર જીવન સમાજમાં જીવાય છે. જીવન દરમ્યાન તે અનેક જૂથો, ઉપજૂથોનું સભ્યપદ ધરાવે છે. આ જૂથો અને ઉપજૂથોમાં તે અનેક દરજ્જાઓ ધારણ કરે છે અને આ દરજ્જાઓના આધારે વિવિધ ભૂમિકાઓ ભજવે છે. સામાજીકરણની પ્રક્રિયા દ્વારા વ્યક્તિને દરજ્જા અનુસારની ભૂમિકા ભજવવા માટે તૈયાર કરવામાં આવે છે. અને આમ સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું તેનામાં સિંચન થાય છે.

જૂથ જીવનના જુદા જુદા તબક્કે પ્રસ્થાપિત મૂલ્યો વ્યક્તિને વર્તન અંગે માર્ગદર્શન આપે છે, તેના વર્તનનું મૂલ્યાંકન કરે છે. સત્ય, પ્રામાણિક્તા, અહિંસા, સદાચાર, ચોરી ન કરવી, જુઠ્ઠું ન બોલવું, માનવતા, રાષ્ટ્રભક્તિ જેવા અનેક મૂલ્યોને સમાજનું કે સમૂહનું પીઠબળ હોય છે અને તેનો વ્યાપક પ્રમાણમાં સ્વીકાર થયો હોય છે. આ મૂલ્યો સામાજિક વિકાસની સાથે સાથે વ્યક્તિગત વિકાસ સાધવામાં પણ પાયાની ભૂમિકા ભજવે છે.

ઉચ્ચ સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો સામાજિક સંરચનાની જાળવણીમાં વિશેષ યોગદાન આપે છે. સમાજમાં સંવાદિતા સધાય છે. ડૉ. મુખરજીના મત મુજબ સમાજે ટકી રહેવા માટે સભ્યોને નિયમિતપણે સર્વોચ્ચ મૂલ્યો પૂરાં પાડવાં જરૂરી છે. આમ ન થાય તો સભ્યતાની પડતી થાય છે. મૂલ્યો સમાજમાં હાનિકારક બને તેવાં વર્તનોને અટકાવે છે અને સમાજની એકતા તથા વ્યવસ્થા જળવાઈ રહે તેવાં વર્તનોને પ્રોત્સાહન આપે છે. આમ, મૂલ્યો સામાજિક નિયંત્રણનું મહત્ત્વનું અનૌપચારિક સાધન છે.

## 4.9 ઉપસંહાર :

વિદ્યાર્થી મિત્રો, આ એકમમાં આપણે સામાજિક પરિવર્તન અને સામાજિક નિયંત્રણ વિષે સમજ મેળવી. કોઈ પણ સમાજની સામાજિક સંરચનામાં સમયની સાથે જરૂરિયાતો અને અન્ય પરિબળોને કારણે ધીમા ગાળાનું પરિવર્તન આવતું જ હોય છે. તેને લીધે સામાજિક માળખામાં મોટેભાગે હકારાત્મક અને ક્યારેક નકારાત્મક બદલાવ જોવા મળે છે. માનવ સમાજ એ ગત્યાત્મક છે. તેથી સામાજિક પરિવર્તન એ સામાજિક સંરચનાની એક નક્કર વાસ્તવિકતા છે. આપણે આ એકમમાં સામાજિક પરિવર્તનોની લાક્ષણિકતા જોઈ, તેના કારણો અને પરિવર્તન નીપજાવનારા પરિબળો વિશે સમજ મેળવી. અને સામાજિક પરિવર્તનના પરિણામો વિશે માહિતી મેળવી. આ ઉપરાંત, સામાજિક નિયંત્રણ શું છે, તેનો અર્થ, તેના કાર્યો, સામાજિક નિયંત્રણના સાધનો તરીકે પરંપરાઓ, રીવાજો અને માનવીય મુલ્યો વિશે જાણકારી મેળવી. સમાજને ટકાવી રાખવા માટે સામાજિક નિયંત્રણનું મહત્વ ખુબ અગત્યનું છે તે વિશે વિસ્તૃત જાણકારી પ્રાપ્ત કરી.

## 4.10 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. 'સામાજિક પરિવર્તન એટલે સામાજિક માળખામાં આવતું પરિવર્તન' આ વિધાન કોનું છે ?
   (A) જ્હોન્સન (B) મેકાઈવર એને પેજ
   (C) ડેવિસ (D) હેરક્લાઈટ્ઝ

2. નીચેનામાંથી સામાજિક પરિવર્તનની લાક્ષણિકતા છે.

(A) સાર્વત્રિક પ્રક્રિયા છે. (B) સામાજિક પ્રક્રિયા છે.

(C) સામાજિક કાર્યોમાં ફેરફાર (D) ઉપરોક્ત તમામ

3. સામાજિક પરિવર્તનનું પરિબળ છે ?

(A) ભૌગોલિક પરિબળ (B) જૈવિક પરિબળ

(C) યંત્ર વૈજ્ઞાનિક પરિબળ (D) ઉપરોક્ત તમામ

4. સામાજિક નિયંત્રણ શું છે ?

(A) સમાજવ્યવસ્થાને સંગઠિત રાખતી રીત (B) સામાજિક પરિવર્તનની પદ્ધતિ

(C) સામાજિક ધોરણ (D) સામાજિક વ્યવસ્થાનું અંગ

5. 'પરંપરા અને રિવાજ' સામાજિક નિયંત્રણ માટે શું છે ?

(A) ઔપચારિક સાધન (B) અનૌપચારિક સાધન

(C) ભૌતિક સાધન (D) અભૌતિક સાધન

## 4.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) જહોન્સન
2. (D) ઉપરોક્ત તમામ
3. (D) ઉપરોક્ત તમામ
4. (A) સમાજવ્યવસ્થાને સંગઠિત રાખતી રીત
5. (A) ઔપચારિક સાધન

## 4.12 ચાવીરૂપ શબ્દો :

- **સામાજિક પરિવર્તન :** સામાજિક માળખામાં આવતું પરિવર્તન
- **સામાજિક નિયંત્રણ :** સમાજવ્યવસ્થાને સંગઠિત અને ટકાવી રાખવાની પદ્ધતિ

## 4.13 સ્વાધ્યાય લેખન (Assignment)

1. સામાજિક પરિવર્તન એટલે શું ? સામાજિક પરિવર્તનની લાક્ષણિકતાઓ સ્પષ્ટ કરો.

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

2. સામાજિક પરિવર્તન નિપજાવનારા પરિબળોનું વિસ્તૃત વર્ણન કરો.

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

3. સામાજિક નિયંત્રણનો અર્થ સ્પષ્ટ કરી તેના કાર્યોની ચર્ચા કરો.

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

4. સામાજિક નિયંત્રણના અનૌપચારિક સાધનો તરીકે પરંપરા, રિવાજ અને મૂલ્યો અંગે નોંધ તૈયાર કરો.

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

## 4.14 પ્રવૃત્તિ (Activities)

1. સામાજિક પરિવર્તનના ભાગરૂપે થયેલ કોઈપણ પાંચ સામાજિક આંદોલનની સૂચિ તૈયાર કરો.
2. કોઈપણ ચાર સામાજિક આંદોલનકારીઓ અને તેમણે કયા મુદ્દે આંદોલન કરેલ તેની એક યાદી તૈયાર કરો.

## 4.15 કેસસ્ટડી (Case Study)

1. સામાજિક પરિવર્તનની સમાજ પર થતી હકારાત્મક-નકારાત્મક અસર તમારા શબ્દોમાં વર્ણવો.
2. સામાજિક નિયંત્રણની સમાજ પર થતી હકારાત્મક અસર તમારા શબ્દોમાં વર્ણવો.

## 4.16 સંદર્ભસૂચિ :


1. ડૉ. એ. આર. દેસાઈ, 'સમાજખંડ' ભાગ – 1 થી 4, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ.
2. ડૉ. તારાબેન પટેલ, 'સમાજશાસ્ત્રના મૂળતત્ત્વો' ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ, 1962
3. ડૉ. વિદ્યુત જોષી 'પારિભાષિક કોશ – સમાજશાસ્ત્ર' યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, 1997
4. Ogburn & Nimkoff, 'A Handbook of Sociology', Published by :Routledge & K. Paul, 1868

**વિભાગ**

# 3

## ભારતની આર્થિક વ્યવસ્થા

**એકમ-1 આર્થિક પદ્ધતિઓ**

**એકમ-2 આર્થિક વિકાસ**

**એકમ-3 આર્થિક આયોજન**

ISBN : 978-81-946447-4-3


**લેખક**

| | |
|---|---|
| **ડૉ. ટેકપાલસિંહ પી. આનંદ** | આસિસ્ટન્ટ પ્રૉફેસર, ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ. |
| **પ્રા. જગદીશભાઈ એ. પરમાર** | આસિસ્ટન્ટ પ્રૉફેસર, સરકારી વિનયન કૉલેજ, શ્રી કે.કા શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ |
| **ડૉ. પૂર્વીબેન એચ. પરમાર** | આસિસ્ટન્ટ પ્રૉફેસર, સી.સી. શેઠ કોમર્સ કૉલેજ, નવગુજરાત કોલેજ, આશ્રમરોડ, અમદાવાદ. |

**પરામર્શક (વિષય)**

| | |
|---|---|
| **ડૉ. કાર્તિક એમ. ભટ્ટ** | એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**પરામર્શક (ભાષા)**

| | |
|---|---|
| **ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી** | રિટાયર્ડ પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management and Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

ભારતીય આર્થિક પદ્ધતિ વિશ્વમાં એક જુદાં જ પ્રકારની વિશિષ્ટતા ધરાવતી આર્થિક પદ્ધતિ છે. વિશ્વમાં મૂડીવાદી આર્થિક પદ્ધતિ, સમાજવાદી આર્થિક પદ્ધતિ અને મિશ્ર આર્થિક પદ્ધતિ એમ કુલ ત્રણ પ્રકારની આર્થિક પદ્ધતિઓ જોવાં મળે છે. જે પકીનીૌ મિશ્ર આર્થિક પદ્ધતિનો ઉપયોગ ભારતે કર્યો છે. જેને સમજવા માટે આપણે આ ઘટકમાં આર્થિક પદ્ધતિઓના પ્રકાર, તેમના લાભ-ગેરલાભો વગેરેની ચર્ચા કરીશું. આ ઉપરાંત આ આર્થિક પદ્ધતિ દ્વારા વિકાસ સાધવાની પ્રક્રિયાની સમજ પણ કેળવવાનઓપ્રયત્ન કરીશું. જે અંતર્ગત આપણે આર્થિક વિકાસનો અર્થ, આર્થિક વિકાસ નક્કી કરતાં પરિબળો અને તે અંગેની ભારતની સ્થિતિ જાણવાનો પ્રયત્ન કરીશું. વિશેષમાં આર્થિક પદ્ધતિની સફળતા મેળવવા આર્થિક આયોજનનો અભ્યાસ કરીશું; જેમાં આર્થિક આયોજનના એકમના એકમના હેતુઓ અને વર્તમાન ભારત સરકાર દ્વારા આર્થિક આયોજનના ઉપયોગની ચર્ચા કરીશું. તેમજ વિશ્વમાં જેની વિશેષ ચર્ચા છે, તેવાં ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણ વિશેની સ્પષ્ટતા મેળવીશું. આમ, આ ઘટક આપ સૌને આર્થિક પદ્ધતિ, આર્થિક વિકાસ અને આર્થિક આયોજનના બહોળા જ્ઞાન દ્વારા ભારતના વિકાસની યાત્રા સમજવામાં ખૂબ ઉપયોગી થશે.

**ઘટકના એકમના હેતુઓ :**

(1) આર્થિક પદ્ધતિઓના અર્થ, પ્રકારો અને કાર્યોની માહિતી મેળવી શકાશે.

(2) મૂડીવાદ, સમાજવાદ અને મિશ્રઅર્થતંત્રના લાભ-ગેરલાભની સમજ કેળવી શકાશે.

(3) આર્થિક વિકાસનો અર્થ અને આર્થિક વિકાસના નિર્ણાયકોની સમજૂતી મેળવી શકાશે.

(4) આર્થિક આયોજનનો અર્થ, હેતુઓ અને વર્તમાન ભારત સરકારની આર્થિક આયોજન વિશેની માહિતી મેળવીશકાશે.

(5) ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણ વિશે માહિતગાર થશે.

# એકમ–1 આર્થિક પદ્ધતિઓ

## : એકમનું માળખું :

1.0 એકમના હેતુઓ

1.1 એકમ પરિચય

1.2 આર્થિક પદ્ધતિનો અર્થ

1.3 આર્થિક પદ્ધતિની વ્યાખ્યાઓ

1.4 આર્થિક પદ્ધતિના લક્ષણો

1.5 આર્થિક પદ્ધતિના પ્રકારો

1.6 આર્થિક પદ્ધતિના કાર્યો

1.7 મૂડીવાદી આર્થિક પદ્ધતિ

1.8 સમાજવાદી આર્થિક પદ્ધતિ

1.9 મિશ્રઅર્થતંત્રવાળી આર્થિક પદ્ધતિ

1.10 ઉપસંહાર

1.11 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1.13 ચાવીરૂપ શબ્દો

1.14 સ્વાધ્યાય લેખન (Assignment)

1.15 પ્રવૃત્તિ (Activities)

1.16 કેસસ્ટડી (Case Study)

1.17 સંદર્ભ ગ્રંથ

## 1.0 એકમના હેતુઓ

વિશ્વમાં કોઈપણ દેશના અર્થતંત્રને સમજવા માટે આર્થિક પદ્ધતિઓ સમજવી જરૂરી છે. જેમાં ભારતીય અર્થવ્યવસ્થા મિશ્ર અર્થતંત્ર ધરાવતી વ્યવસ્થા છે જેમાં બજાર આધારિત અને કેન્દ્રીત આયોજન આધારીત અર્થતંત્ર જોવા મળે છે. વિદ્યાર્થીમિત્રો, આ એકમમાં તમે,

– આર્થિક પદ્ધતિનો અર્થ, પ્રકારો, લક્ષણોની સમજૂતી મેળવી શકશો.

– આર્થિક પદ્ધતિના કાર્યોની વિગતવાર સમજૂતી મેળવી શકશો.

## 1.1 એકમ પરિચય :

વિશ્વમાં એક તરફ બજાર આધારિત તથા બીજી તરફ કેન્દ્રીય આયોજન આધારિત એવી બે આર્થિક પદ્ધતિઓ મુખ્યત્વે જોવા મળે છે. પરંતુ, વિશ્વના દેશોમાં કોઇ એક શુદ્ધ સ્વરૂપની આર્થિક પદ્ધતિ જોવા મળતી નથી અને વાસ્તવમાં બે જુદી-જુદી આર્થિક પદ્ધતિઓનો સમન્વય જોવા મળે છે.

## 1.2 આર્થિક પદ્ધતિનો અર્થ :

આર્થિક પદ્ધતિઓનું સર્જન માનવીએ તેના દેશની વિચારસરણી, સમય, સંજોગો વગેરેને આધારે કર્યુ છે. જેનો મુખ્ય હેતુ મર્યાદિત સાધનો વડે પોતાની અમર્યાદિત જરૂરિયાતોને વિવિધ રીતે સંતોષવાનો છે. આમ, અંતે તેનો મુખ્ય હેતુ પોતાના સંતોષને મહત્તમ બનાવવાનો હોય છે.

આર્થિક પદ્ધતિઓ માનવીની જરૂરિયાતો સંતોષવાના સાધનો વિશે દેશમાં રચાયેલ કાયદાઓ, પ્રજાના ગમા-અણગમા, ટેવો, ફેશન, રીત-રિવાજો વગેરેમાંથી વ્યક્ત થાય છે. આમ, સરવાળે આર્થિક પદ્ધતિઓનાં સ્વરૂપમાં ફેરફારો માનવ પર આધારિત હોય છે; જેને નીચે મુજબના પરિબળો અસર કરે છે.

(1) દેશનો ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક વારસો

(2) ભૌગોલિક પરિસ્થિતિ અને આબોહવા

(3) લક્ષ્યાંકો અને તેના માટેની તૈયારી

(4) જીવન જીવવાનો અભિગમ

(5) ભૂતકાળના અનુભવો

(6) ભૌતિક સુખ અથવા સામાજિક સુખ અંગેનું આકર્ષણ

ઉપરોક્ત પરિબળો આર્થિક પદ્ધતિના ઘડતરમાં પાયાનો ભાગ ભજવે છે.

## 1.3 આર્થિકપદ્ધતિની વ્યાખ્યાઓ :

આર્થિક પદ્ધતિની પ્રચલિત વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

(1) વિલિયમ જે. લુક્સના મત મુજબ, ''આર્થિક પદ્ધતિ એટલે માનવીઓને ઉપલબ્ધ હોય તેવાં ઉત્પાદક સાધનો દ્વારા તેની જરૂરિયાતો સંતોષવાની વ્યવસ્થા.''

(2) જી.પી.એડમ્સના મતે, ''દેશોમાં પ્રવર્તતી વિવિધ આર્થિક સંસ્થાઓ કે જેનાં દ્વારા જરૂરિયાતો સંતોષવામાં આવે છે; તેને આર્થિક પદ્ધતિ કહે છે.''

(3) જે.એસ.પાબ્લાના મત મુજબ, ''આર્થિક પદ્ધતિએટલે એવા રીત-રિવાજોનો સમૂહ કે જે પોતાના આંતર સંબંધો દ્વારા કોઇ આર્થિક પસંદગીને અસરકારક બનાવે છે.''

આમ, ઉપરોક્ત વ્યાખ્યાઓ ઉપરથી એક સર્વ સામાન્ય વ્યાખ્યા બને છે કે, ''આર્થિક પદ્ધતિએ એક એવી વ્યવસ્થા છે કે જેમાં એક એવી આર્થિક સંસ્થા છે;જેનો મુખ્ય હેતુ માનવીની સમક્ષ પડેલાં મર્યાદિત સાધનોનાં ઉપયોગ વડે અમર્યાદિત જરૂરિયાતોને સંતોષવાનો છે.''

## 1.4 આર્થિક પદ્ધતિના લક્ષણો :

આર્થિક પદ્ધતિના વિવિધ લક્ષણો નીચે મુજબ છે.

### 1.4.1 માનવસર્જિત આર્થિક પદ્ધતિઓ :

આર્થિક પદ્ધતિનું સર્જન સ્વયંભૂ થતું નથી. એટલે કે કોઇ કુદરતી શક્તિ કે ઐશ્વર્ય સત્તા દ્વારા નહી પણ, માનવ દ્વારા થાય છે. જેમાં દેશના સરકારી અધિકારીઓ, નાગરિકો, શ્રમિકો, ઉત્પાદકો, મૂડીરોકાણ કરતાં લોકો, ગ્રાહકો વગેરે દ્વારા દર્શાવાતી લાગણીઓ અને પરિવર્તનોને ધ્યાનમાં રાખી દેશની ધારાસભાઓ, સંસદ અને ન્યાયાલયો આર્થિક પદ્ધતિનું સર્જન કરે છે.

### 1.4.2 પરિવર્તનશીલ :

આર્થિક પદ્ધતિઓ માનવ રચિત હોવા સાથે પરિવર્તનશીલ પણ હોય છે. અર્થતંત્રની આર્થિક પરિસ્થિતિ અનુસાર આર્થિક પદ્ધતિઓમાં પરિવર્તનો સજાગ પ્રયત્નોને કારણે થાય છે. ઘણીવાર

આવા પ્રયત્નો અનુભવ આધારિત પણ હોય છે. આમ, આર્થિક પદ્ધતિઓ જડ ન હોઇ પરિવર્તનશીલ હોય છે.

### 1.4.3 આર્થિક સ્થિતિની પારાશીશી :

દેશમાં લોકોની માનસિકતા, સરકારની દૂરદેશી, સાધનોની ઉપલબ્ધતા વગેરેની મદદ લઇ આર્થિક પદ્ધતિની રચના થાય છે. આર્થિક પદ્ધતિના પરિવર્તનો અર્થતંત્રના ફુગાવા, મંદી, ગરીબી, બેકારી, વસ્તુ કે સાધનોની અછત, ઉત્પાદનના સાધનોની અછત કે વિપલતા વગેરેને ધ્યાનમાં રાખી કરવામાંઆવે છે. આમ, આર્થિક પદ્ધતિ એ આર્થિક સ્થિતિનું પ્રતિબિંબ પૂરું પાડતી હોવાથી તેને આર્થિક સ્થિતિની પારાશીશી પણ કહે છે.

### 1.4.4 પાયાના પ્રશ્નોનો ઉકેલ :

આર્થિક પદ્ધતિ દ્વારા પાયાના પ્રશ્નોનો ઉકેલ મેળવી શકાય છે. આર્થિક પ્રશ્નોના મૂળમાં અછત કે જે માનવીની અમર્યાદિત જરૂરિયાતોની સામે મર્યાદિત સાધનોને કારણે ઉત્પન્ન થાય છે. તેનો ઉકેલ મેળવી શકાય છે. આ ઉકેલ ઉપલબ્ધ સાધનોના વૈકલ્પિક ઉપયોગ રૂપે આર્થિક પદ્ધતિ દ્વારા સૂચવવામાં આવે છે.

## 1.5 આર્થિક પદ્ધતિના પ્રકારો :

આર્થિક પદ્ધતિના મુખ્યત્વે ત્રણ પ્રકારો છે. : (1) મૂડીવાદ (2) સમાજવાદ (3) મિશ્ર અર્થતંત્ર. જેમાંમૂડીવાદી આર્થિક પદ્ધતિને બજાર આધારિત આર્થિક પદ્ધતિ પણ કહેવામાં આવે છે. જ્યારે સમાજવાદને કેન્દ્રીય આયોજનવાળી આર્થિક પદ્ધતિ પણ કહે છે અને મિશ્ર અર્થતંત્રને સમાજવાદ અને મૂડીવાદના સમન્વયની આર્થિક પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.

### 1.5.1 મૂડીવાદ :

મૂડીવાદમાં નફા માટે આર્થિક પ્રવૃત્તિઓ કરતી ખાનગી વ્યકિતઓનો મૂડી પર કાબૂ હોય છે; એટલે કે ખેતરો, કારખાના, ખાણો, ઉત્પાદનનાં સાધનો, ઉત્પાદકીય પ્રવૃત્તિઓ ઉપર ખાનગી વ્યક્તિઓ કે તેમના સમૂહનો કાબૂ હોય છે. મૂડીવાદવાળી આર્થિક પદ્ધતિમાં કેન્દ્ર સ્થાને ખાનગી આયોજન અને ખાનગી નફો હોય છે. આ આર્થિક પદ્ધતિમાં નફો જ બધી આર્થિક પ્રવૃત્તિઓ માટેનું માર્ગદર્શક અને કારણભૂત પરિબળ હોય છે. આમ, મૂડીવાદએ મુક્ત સાહસની પદ્ધતિ છે.

### 1.5.2 સમાજવાદ :

સમાજવાદનો મુખ્ય હેતુ સંપત્તિની ઉત્પાદનના અને વહેંચણીઓની પદ્ધતિઓની પુનઃરચના કરવાનો છે. તે ઉત્પાદનના સાધનો પર ખાનગી વ્યક્તિઓનો અંકુશ અને ખાનગી નફાનો હેતુ દૂર કરી અનિષ્ટો નાબૂદ કરવા માંગે છે. તેના મતે એક બાજુથી ઉત્પાદનના સાધનો ઉપર સમાજની માલિકી સ્થાપીને અને બીજી બાજુથી સંપત્તિનું ઉત્પાદન અને વહેંચણી લોકોના કલ્યાણને દૃષ્ટિમાં રાખી સમાજવાદનો હેતુ સિદ્ધ થઇ શકે છે. આમ, સમાજવાદ ખાનગી વ્યક્તિને મહત્ત્વ આપવાને બદલે સમાજને મહત્ત્વ આપે છે અને અંતે તમામ લોકોનું કલ્યાણ વધે તેવી બાબતોને સમર્થન આપવાનો હેતુ સમાજવાદ ધરાવે છે.

### 1.5.3 મિશ્ર અર્થતંત્ર :

મિશ્ર અર્થતંત્રવાળી આર્થિક પદ્ધતિએ બજાર હસ્તક્ષેપવાળા મૂડીવાદ અને રાજ્ય હસ્તક્ષેપવાળા સમાજવાદ એવી બે જુદી-જુદી આર્થિક પદ્ધતિઓના ગેરલાભો દૂર કરી માત્ર તેમના લાભ મેળવવાની આર્થિક પદ્ધતિ છે. મિશ્ર અર્થતંત્રમાં કેટલાંક ઉદ્યોગો સંપર્ણૂપણે રાજ્યની માલિકીના હોય છે. જ્યારે કેટલાંક ઉદ્યોગો રાજ્ય અને ખાનગીક્ષેત્રના સંયુક્ત સંચાલન અને માલિકીના હોય છે. સરવાળે એવું કહી શકાય કે અર્થતંત્રની જરૂરિયાત અનુસાર મૂડીવાદ અને સમાજવાદનો સમન્વય કરી દેશના વિકાસની ગતિને વેગ આપવા માટેની યોગ્ય આર્થિક પદ્ધતિએ મિશ્ર અર્થતંત્રવાળી આર્થિક પદ્ધતિ છે.

આમ, ઉપરોક્ત ત્રણે આર્થિક પદ્ધતિઓ વિવિધતા ધરાવે છે. તેમનાં લક્ષણો, તેમનાં લાભો અને ગેરલાભો વગેરે બાબતો દરેક આર્થિક પદ્ધતિમાં વણાયેલ છે. ત્યારે આર્થિક પદ્ધતિના અભ્યાસુએ આ બાબતોનો અભ્યાસ કરવો ખૂબ અગત્યનો બની રહે છે. જે તેમને આ આર્થિક પદ્ધતિઓની સરખામણી કરવાની તેમજ તેમના અર્થતંત્રની જરૂરિયાત મુજબની આર્થિક પદ્ધતિ પસંદ કરવા તેમજ મેળવવા અંગેની સમજ આપે છે.

## 1.6 આર્થિક પદ્ધતિના કાર્યો :

આર્થિક પદ્ધતિનું મુખ્ય કાર્ય લોકોની જરૂરિયાતો, ઉત્પાદન સાધનો અને યાંત્રિક જ્ઞાનનો સમન્વય કરવાનું છે; જેથી દેશમાં મહત્તમ સુખ અને સમૃદ્ધિ હાંસલ થાય.

### 1.6.1 જરૂરિયાત અનુસાર અગ્રતા ક્રમ આપવો :

વાસ્તવિક જગતમાં લોકોની જરૂરિયાતો અમર્યાદિત છે અને તે જરૂરિયાતો પરી્ કરવાના સાધનો ખૂબ મર્યાદિત છે. તેથી આવી જરૂરિયાતોનો પસંદગીનો ક્રમ નક્કી કરવો જરૂરી બને છે. દેશ દ્વારા જેતે આર્થિક પદ્ધતિની પસંદગી કરવામાં આવે છે અને આ આર્થિક પદ્ધતિ અનુસાર લોકોની અને દેશની વિચારસરણી અનુસાર જરૂરિયાતોનો અગ્રતાક્રમ નક્કી કરી શકાય છે.

### 1.6.2 ઉત્પાદનના સાધનોની ફાળવણી કરવી :

આર્થિક પદ્ધતિ ઉત્પાદનના સાધનોની ફાળવણી યોગ્ય રીતે કરવામાં પણ ઉપયોગી છે. અર્થતંત્રમાં ઉપલબ્ધ ઉત્પાદનના સાધનોની જરૂરિયાત અનુસાર ફાળવણી કરવાથી ઉત્પાદન મહત્તમ પ્રમાણમાં મેળવી શકાય છે. જેથી અર્થતંત્રમાં મહત્તમ સંતોષની પ્રાપ્તિ થાય છે. આમ, આર્થિક પદ્ધતિ અનુસાર ઉત્પાદનના સાધનો યોગ્ય રીતે ફાળવી અર્થતંત્રને મદદ પહોંચાડી શકાય છે.

### 1.6.3 ઉત્પાદનનું પ્રમાણ નક્કી કરવું :

આર્થિક પદ્ધતિની પસંદગી પર ઉત્પાદનના પ્રમાણના નિર્ણયો આધારિત હોય છે. ઉત્પાદનનું પ્રમાણ ઓછું રાખવું કે વધુ રાખવું તે આર્થિક પદ્ધતિના આધારે નક્કી થાય છે. અર્થતંત્ર ઉત્પાદકોના લાભ આધારિત કાર્ય કરે અથવા પ્રજાના કલ્યાણ આધારિત કાર્ય કરે તે બાબતને આધારે ઉત્પાદનનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે.

### 1.6.4 ઉત્પાદન પદ્ધતિની પસંદગી કરવી :

અર્થતંત્રમાં ઉત્પાદન કરવાની પદ્ધતિકયા પ્રકારની હશે તેનો આધાર આર્થિક પદ્ધતિ પર રહેલો છે. જો અર્થતંત્ર સ્પર્ધાને પ્રોત્સાહન આપી વસ્તુઓ કે સેવાઓના ઉત્પાદન પ્રમાણ અને તેની ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રીત કરતું હોય તો મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ અને જો અર્થતંત્ર વસ્તી, બેકારી, ગરીબી વગેરે પર ધ્યાન કેન્દ્રીત કરતું હોય તો શ્રમપ્રધાન પદ્ધતિની પસંદગી કરવામાં આવે છે. તેથી અર્થતંત્ર પોતાની વિચારસરણી અનુસાર મહત્તમ સંતોષ પ્રાપ્ત કરી શકે છે.

### 1.6.5 ઉત્પાદન પામેલ વસ્તુઓની વહેંચણી કરવી :

અર્થતંત્ર દ્વારા પસંદગી પામેલ આર્થિક પદ્ધતિ અનુસાર ઉત્પાદન પામેલ વસ્તુઓની વહેંચણી કરવામાં આવે છે. એટલ કે, વસ્તુઓની વહેંચણી વધુ પ્રમાણમાં કે ઓછા પ્રમાણમાં કરવી તે આર્થિક પદ્ધતિ અનુસાર નક્કી થાય છે. જો અર્થતંત્ર નફા આધારિત કાર્ય કરતું હોય તો વસ્તુઓની વહેંચણી ઓછી રાખી અછત પ્રવર્તતી રહે તેનું ધ્યાન રાખવામાં આવે છે. જેથી વસ્તુઓની કિંમતો ઊંચી મળી રહે; જ્યારે અર્થતંત્ર પ્રજાના કલ્યાણ આધારિત કામ કરતું હોય તો વસ્તુઓની વહેંચણી વધુ રાખવામાં આવે છે. જેથી પ્રજાના કલ્યાણને મહત્તમ બનાવી શકાય.

### 1.6.6 પરિવર્તન અને વિકાસની ક્ષમતા નક્કી કરવી :

આર્થિક પદ્ધતિમાં અર્થતંત્રના પરિવર્તન અને વિકાસ કરાવવાની ક્ષમતા હોય છે. અર્થતંત્રમાં વસતીનું પ્રમાણ, લોકોની વસ્તુઓની પસંદગી, ગમો-અણગમો, ફેશન વગેરે બાબતોના આધાર પર પરિવર્તન જરૂરી બને છે. આ ઉપરાંત આર્થિક પદ્ધતિ અનુસાર નવી શોધખોળો, નવા બજારો, વિદેશ વ્યાપાર સંબંધો, જોખમ ઉપાડવાની વૃત્તિ વગેરે પરિબળો અર્થતંત્રને વિકાસની ક્ષમતા પ્રદાન કરે છે. સરવાળે આર્થિક પદ્ધતિની પસંદગી અર્થતંત્રમાંપરિવર્તનો લાવવા તેમજ વિકાસની ક્ષમતા નક્કી કરવા ઉપયોગી બને છે.

## 1.7 મૂડીવાદી આર્થિક પદ્ધતિ :

મૂડીવાદમાં નફા માટે આર્થિક પ્રવૃત્તિઓ કરતી ખાનગી વ્યક્તિઓનો મૂડી પર કાબૂ હોય છે; એટલે કે ખેતરો, કારખાના, ખાણો, ઉત્પાદનનાંસાધનો, ઉત્પાદકીય-પ્રવૃત્તિઓ ઉપર ખાનગી વ્યક્તિઓ કે તેમના સમૂહનો કાબુ હોય છે. મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં કેન્દ્રસ્થાને ખાનગી આયોજન અને ખાનગી નફો હોય છે. આ આર્થિક પદ્ધતિમાંનફો જ બધી આર્થિક પ્રવૃત્તિઓ માટેનું માર્ગદર્શક અને કારણભૂત પરિબળ હોય છે. આમ, મૂડીવાદ એ મુક્ત સાહસની પદ્ધતિ છે.

### 1.7.1 વ્યાખ્યા :

"મૂડીવાદ એક એવી આર્થિક પદ્ધતિ છે; જેમાં તમામ ભૌતિક સાધનો ખાનગી માલિકી હેઠળ હોય છે અને મહત્તમ નફાના હેતુથી પ્રેરાઈને આ સાધનોનો ઉપયોગ કરવામાંઆવે છે."

મેક્સ વેબરના મતે, "બુદ્ધિપૂર્વક અને પદ્ધતિસર નફો મેળવવાની વૃત્તિ એટલે મૂડીવાદ."

જહોન સ્ટેશીના મતે, "મૂડીવાદ એ એવી આર્થિક પદ્ધતિ છે; જેમાં ખેતરો, કારખાના અને ખાણોની માલિકી વ્યક્તિઓની અથવા તેમના સમૂહોની હોય છે."

જી.ડી.એચ.કોલના મતે, "મૂડીવાદ એ એક પ્રકારનું વિશિષ્ટ વળતર પ્રાપ્ત કરવાની ઉત્પાદનની રીત છે. જેમાં ઉત્પાદનના બધા સાધનો ખાનગી માલિકીના હોય છે."

મોરીસ ડોબના મતે, "મૂડીવાદ એક એવી પદ્ધતિ છે કે, જેમાં મુખ્યત્વે મૂડી ખાનગી અથવા વ્યક્તિગત માલિકીની હોય છે અને તેને ખાનગી સાહસની પદ્ધતિ તરીકે પણ ઓળખવામાંઆવે છે."

### 1.7.2 મૂડીવાદી આર્થિક પદ્ધતિનાં લક્ષણો :

મૂડીવાદને સમજવા તેનાં લક્ષણો કે ઘટકોનો અભ્યાસ કરવો જરૂરી છે. જેને ઘણીવાર મૂડીવાદની સંસ્થાઓ તરીકે પણ ઓળખવામાં આવે છે. જો આ આધાર સ્તંભો તૂટે કે નબળા પડે તો તેટલા જ અંશે મૂડીવાદના અસ્તિત્વ પર ખતરો જન્મે છે.

#### 1.7.2.1 આર્થિક માનવી :

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં એક પાયાની માન્યતા એ છે કે, અર્થતંત્રનો દરેક વ્યક્તિ 'આર્થિક માનવી' છે. એનો અર્થ એ થાય કે મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં દરેક વ્યક્તિ માત્ર પોતાના નફા અથવા લાભના હેતુને પામવા આર્થિક પ્રવૃત્તિ કરે છે. તે માટેનું કારણ તેની મહત્તમ સંતોષ પ્રાપ્ત કરવાની ઇચ્છા છે. ચીજવસ્તુઓ અને સેવાઓની ખરીદી તેમજ તેમના ઉપયોગ કરતી વખતે આર્થિક માનવી ઓછામાં ઓછો ભાગ અથવા ખર્ચ થાય એવા પ્રયત્નો કરે છે. ઉત્પાદનના સાધનોમાં માલિક તરીકે વ્યક્તિઓ પોતાને વધુમાં વધુ વળતર(સાધન કિંમત) મળે તે રીતે સાધનોનો ઉપયોગ કરે છે. જમીનના માલિકને ભાડુ, શ્રમના માલિક(શ્રમિક)ને મળતું વેતન, મૂડીના માલિક(મૂડીપતિ)ને મળતું વ્યાજ અને ઉત્પાદકીય પ્રવૃત્તિનો માલિક(નિયોજક)ને મળતો નફો કેવી રીતે મહત્તમ બનાવી શકાય તે જ તેનો મુખ્ય હેતુ હોય છે. જેથી તે આર્થિક માનવી તરીકે ઓળખાય છે.

**1.7.2.2 નફાનો હેતુ :**

આર્થિક માનવી મૂડીવાદી અર્થતંત્રમાં સર્વવ્યાપી છે. જ્યારે નફાના હેતુનું કાર્યક્ષેત્ર ખૂબ જ સંકુચિત અને મર્યાદિત પ્રકારનું હોય છે. તેમ છતાં એ સમજવું જરૂરી છે કે, નફાના હેતુની અગત્યતા તે આર્થિક માનવીની અગત્યતા કરતાં ઓછી હોતી નથી. મૂડીવાદી અર્થતંત્રમાં આર્થિક પ્રવૃત્તિઓ માટેના નિયોજનના જે નિર્ણયો લેવાયછે; તેમાં નફાનો હેતુ ખૂબ અગત્યતા ધરાવે છે. નફાનો હેતુ એટલે કુલ આવક અને કુલ ખર્ચ વચ્ચેનો નાણાકીય તફાવત જે વ્યક્તિને મૂડીવાદમાં કાર્ય કરવા માટેનો હેતુ બને છે. સામ્યવાદી અર્થતંત્રમાં નિયોજક તરીકે સરકાર આર્થિક પ્રવૃત્તિ દ્વારા નફો કરે છે તેવું બની શકે. પણ, મોટાભાગે આર્થિક પ્રવૃત્તિનો હેતુ નફો ન હોઇ લોકોનું કલ્યાણ હોય છે. આમ, મૂડીવાદમાં જ નફાનો હેતુ મુખ્ય હોય છે.

**1.7.2.3 હરીફાઇ :**

મૂડીવાદનું મૂળભૂત લક્ષણ હરીફાઇનું અસ્તિત્વ છે. મૂડીવાદમાં આર્થિક માનવી નફાનો હેતુને પ્રાપ્ત કરવા વિભિન્ન પ્રકારની હરીફાઇ કરતો જોવા મળે છે. મૂડીવાદમાં દરેક માનવીને પોતાની પસંદગીની આર્થિક પ્રવૃત્તિ કરવાની સ્વતંત્રતા હોય છે; જેથી એક જ પ્રકારની પસંદગી હોવાથી વૈકલ્પિક સ્વરૂપની પ્રવૃત્તિઓ કરવામાં એકબીજા સાથે હરીફાઇ કરતાં હોય છે. મૂડીવાદમાં હરીફાઇ એટલે, 'આર્થિક સ્પર્ધા' આવી સ્પર્ધાઓ જુદાં-જુદાં નિયોજકો, મૂડીરોકાણકારો, બચતકારો, ગ્રાહકો, શ્રમિકો વચ્ચે જુદાં-જુદાં હેતુને અનુલક્ષીને રચાય છે.

**1.7.2.5 વ્યક્તિગત અને પેઢીગત સ્વતંત્રતા :**

મૂડીવાદનો એકઅગત્યનો સ્તંભ વ્યક્તિગત અને પેઢીગત સ્વતંત્રતાનો ઉપયોગ કરવાનો છે. આર્થિક માનવીનો નફાનો હેતુ પૂર્ણ અર્થમાં આ રીતે જ પ્રવર્તમાન બને છે. જ્યારે દરેક વ્યક્તિને પોતાની પસંદગી પ્રમાણે પોતાની મિલકતનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા અને પોતાને નફો મળી શકે તેવી આર્થિક પ્રવૃત્તિ કરવાની આર્થિક સ્વતંત્રતા હોય છે. દરેક વ્યક્તિ પોતાનું જીવન પોતાની આવક અને પોતાની પસંદગી પ્રમાણે વાપરવાની સ્વતંત્રતા ધરાવે છે. ગ્રાહક તરીકે પોતાને જે વસ્તુઓ કે સેવાઓની માંગ કરવી હોય તેની પાછળ પોતાની આવક ખર્ચ કરવાની અને પોતાને પસંદ હોય તે રીતે તેનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા હોય છે. ઉત્પાદકના સાથીદાર તરીકે પોતાને જ્યાં, જ્યારે અને જેવી રીતે જીવવું હોય ત્યાં, ત્યારે અને તેવી રીતે પોતે જીવન જીવવાની સ્વતંત્રતા હોય છે. તે પોતે એકલો પોતાની શક્તિ અનુસાર કામ કરે અથવા અન્ય કોઇની સાથે જોડાઇ શકે છે.

**1.7.2.5 ખાનગી સંપત્તિ :**

મૂડીવાદમાં સંપત્તિ ઉપર ખાનગી વ્યક્તિઓની માલિકી અને અંકુશ હોય છે. મૂડીવાદમાં દરેક વ્યકિતને ખાનગી સંપત્તિ પ્રાપ્ત કરવાનો, તેને જાળવવાનો અને યોગ્ય લાગે તે રીતે ઉપયોગમાં લેવાનો અધિકાર હોય છે. માલિકી અને અંકુશનો આવો અધિકાર એટલે વસ્તુઓ ખરીદવાનો, જાળવવાનો અને પોતાના માટે જ વાપરવાનો તેમજ તેને વેચવાનો અધિકાર વાસ્તવમાં ખાનગી સંપત્તિનો અધિકાર એ વિભિન્ન અધિકારોનો સમૂહ છે. ખાનગી સંપત્તિના અધિકારમાં સંપત્તિ એકઠી કરવાનો, વધારવાનો ગમે તે રીતે સંપત્તિનો ઉપયોગ કરવાનો તથા તેને ભાડે આપવાનો, વેચવાનો કે ગીરવે મૂકવાનો અધિકારોનો સમાવેશ થાય છે. વ્યક્તિ પોતાની સંપત્તિનું દાન પણ આપી શકે છે. આ ઉપરાંત તે પોતાના વારસદારોને વારસામાં પણ સંપત્તિ આપે છે. આ અધિકારમાં પોતાની સંપત્તિનો અન્યો દ્વારા કેવી રીતે ઉપયોગ કરી શકાય તેની શરતો નક્કી કરવાના અધિકારનો પણ સમાવેશ થાય છે.

**1.7.2.6 વારસાનો અધિકાર :**

ખાનગી સંપત્તિ પ્રાપ્ત કરવા ઉપરાંત સંપત્તિનો વારસો મેળવવાનો અધિકાર ખાનગી સંપત્તિના

અધિકારમાં વધુ ઉમેરો કરે છે. તેથી તેને ખાનગી સંપત્તિના અધિકારના એક પાસાં તરીકે પણ ઓળખવામાં આવે છે. જેમાં માલિકના પોતાના મૃત્યુ વખતે પોતાની સંપત્તિની માલિકી પોતાના વારસદારોને આપવાનો અધિકાર તરીકે ઓળખાય છે. જ્યારે પોતે મૃત્યુ પામેલ માલિકના અમુક સગપણમાં હોય તે આધારે તેની સંપત્તિ પર માલિકી મેળવવાનો વ્યક્તિનો અધિકારએ વારસો મેળવવાના અધિકાર તરીકે ઓળખાય છે અને આ બંને અધિકારો વારસ અધિકાર કહેવાય છે. કાનૂની રીતે વારસ હક્કની રચના કરી શકાય છે અને તેમાં સુધારા-વધારા થઇ શકે છે અથવા તો તેને સંપૂર્ણપણે નાબૂદ પણ કરી શકાય છે.

### 1.7.3 મૂડીવાદી આર્થિક પદ્ધતિના લાભ :

#### 1.7.3.1 સાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ :

મૂડીવાદમાં દરેક વ્યકિતને આર્થિક સ્વાતંત્ર્ય હોય છે. મૂડીવાદમાં જ્યારે વ્યક્તિ સ્વહિતને ધ્યાનમાં રાખી કાર્ય કરે છે. ત્યારે પોતાની પાસે રહેલ સાધનોના પ્રત્યેક એકમનો યોગ્ય ઉપયોગ કરે છે. જેથી તેનો નફો મહત્તમ થાય. નફાને મહત્તમ બનાવવા વ્યક્તિ સાધનોના શ્રેષ્ઠ ઉપયોગ, સંયોજન અને સંકલન જુદી-જુદી રીતે કરવા માટે તત્પર રહે છે અને ઉત્પાદન પ્રક્રિયામાં કોઇ પ્રકારનો બગાડ ન થાય તેની કાળજી રાખે છે. સમાજવાદી અર્થતંત્રમાં મૂડીવાદી અર્થતંત્રની માફક આ પ્રકારના બગાડ અટકાવવા માટે કોઇ પ્રકારની હરીફાઇ કે નફાના હેતુનું પ્રોત્સાહન હોતું નથી. આમ, મૂડીવાદમાં સાધનોનો વધુ નફાકારક, કાર્યક્ષમ અને અસરકારક ઉપયોગ આ આર્થિક પદ્ધતિને વધુ કારગર બનાવે છે.

#### 1.7.3.2 મહત્તમ કાર્યક્ષમતા :

મૂડીવાદમાં નફો કેન્દ્રસ્થાને હોઇ વ્યક્તિઓ એકબીજા સાથે ઉચ્ચ સ્તરની હરીફાઇ કરતાં જોવા મળે છે. આ હરીફાઇમાં દરેક વ્યક્તિને પોતાની ઉચ્ચ કક્ષાની કાર્યક્ષમતાને અનુરૂપ સફળતા પ્રાપ્ત થાય છે અથવા તો તેનેઆર્થિક નુકશાન થાય છે. સફળતા અને નિષ્ફળતા વચ્ચે એટલો મોટો તફાવત હોય છે કે, જેના કારણે દરેક વ્યક્તિને મહત્તમ કાર્યક્ષમતાએ કામ કરવાની ફરજ પડે છે. વ્યક્તિજો આળસ, અવગણના, બેદરકારી કરે તો આપો-આપ બજારના માધ્યમથી તેઓને શિક્ષા થાય છે. આમ, દરેક સ્પર્ધા કરનાર મૂડીવાદમાં પોતાની મહત્તમ કાર્યક્ષમતાએ કાર્ય કરી સફળતા પ્રાપ્ત કરવાની કોશિશ કરે છે.

#### 1.7.3.3 ટેક્નોલોજી પ્રગતિ :

વિશ્વની વર્તમાન ટેક્નોલોજી પ્રગતિ મૂડીવાદને આભારી છે. મૂડીવાદમાં યંત્રો અને ટેક્નોલોજીકલ જ્ઞાનમાં ખૂબ જ ઝડપથી વિકાસ થયો છે. મૂડીવાદમાં નવા પ્રકારના યંત્રો અને ઔદ્યોગિક પ્રક્રિયાઓના જ્ઞાનનું સર્જન થાય છે. હરીફ ઉત્પાદકો વચ્ચે હરીફાઇ પ્રવર્તતી હોવાથી તેઓને હરીફાઇમાં સફળતા મેળવવા અને વધુ નફો મેળવવા નવી ઉત્પાદન પદ્ધતિ શોધી પોતાને વધુ સક્ષમ બનાવવા વધુ નાણાં ખર્ચવા પડે છે. જેના દ્વારા ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરી તે વધુ નફો મેળવી શકે છે. જે પઢીઓ ઉત્પાદનમાં જૂની અને નકામી બનેલી ઉત્પાદન પદ્ધતિઓને સહારે રહે છે; તેના કરતાં વધુ નફો, ઉત્પાદનમાં પ્રગતિશીલ અને કાર્યક્ષમ પેઢીઓ મેળવે છે.

#### 1.7.3.4 વ્યૂહાત્મક નિયોજન શક્તિ :

ઉત્પાદનના સાધનોના એકમોમાં સંયોજન કરવાના કાર્યમાં નિયોજન શક્તિ વ્યૂહાત્મક રીતે સર્વોચ્ચ ભાગ ભજવે છે. સમગ્ર દેશનું ઉત્પાદન તંત્ર તેમના અંકુશ હેઠળ હોય છે. તેઓ ઉત્પાદનના સાધનોને ઉપયોગમાં લે છે. માંગ વિશેની આગાહી કરે છે. તેઓ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે. તેઓ નવીન પ્રકારની શોધ અને પરિવર્તનોની શરૂઆત કરે છે. જેના કારણે મૂડીવાદ

પરિવર્તનશીલ અર્થતંત્ર બને છે. બદલાતી પરિસ્થિતિ પ્રમાણે આર્થિક પ્રવૃત્તિની સતત દેખરેખ, વ્યવસ્થા અને સંકલનનો આધાર નિયોજન શક્તિની ગુણવત્તા અને પ્રમાણ ઉપર રહેલો છે. મૂડીવાદમાં સૌથી વધુ વળતર વ્યૂહાત્મક નિયોજકને તેની સાહસિક અને ગણતરી પૂર્વકની નિયોજન શક્તિને કારણે મળે છે. તે પોતાની વિશિષ્ટ બુદ્ધિ અને દૃષ્ટિને કારણે વધુ નફો પ્રાપ્ત કરે છે.

**1.7.3.5 વ્યક્તિગત સ્વતંત્રતા :**

વ્યક્તિગત સ્વતંત્રતાએ મૂડીવાદનું પાયાનું લક્ષણ છે અને મૂડીવાદની તાકાત માટેનું એક અગત્યનું પરિબળ છે. નફાનો હેતુ અને પોતાના હિતને પ્રાપ્ત કરવા માટેની સ્વતંત્રતાને કારણે કુદરતી સાધનો, શ્રમ અને મૂડી ભંડોળના ઉત્પાદકીય રોકાણ માટેના પ્રયાસો વધુ સફળ થાય છે. મૂડીવાદનો એક મહત્ત્વનો લાભ એ છે કે તેના કારણે વ્યકિતને માત્ર આર્થિક સ્વાતંત્ર્ય જ નહી પણ, રાજકીય સ્વાતંત્ર્ય પણ મળે છે. આ વ્યવસ્થામાં આર્થિક જીવનમાં સરકારનો હસ્તક્ષેપ અને અંકુશ ઓછામાં ઓછો રાખવામાં આવે છે. મૂડીવાદમાં વ્યક્તિને સામાજિક ન્યાય અને સલામતી મળે તે માટે તેના કાર્યમાં કોઇપણ પ્રકારની દખલગીરી કર્યા વિના તેને ફાળે તે કરવાની રાજ્ય છૂટ આપે છે. આથી જ સામાન્ય રીતે મૂડીવાદને લોકશાહીના સમાન શબ્દ તરીકે ઓળખવામાં આવે છે.

**1.7.4 મૂડીવાદી આર્થિક પદ્ધતિની મર્યાદા :**

મૂડીવાદી અર્થતંત્રની અને તેની સિદ્ધિઓની જેમ ઘણી મર્યાદાઓ પણ છે; જે નીચે મુજબ છે.

**1.7.4.1 હરીફાઇને કારણે સાધનોનો બગાડ :**

વાસ્તવમાં દરેક પ્રકારના અર્થતંત્રમાં અમુક પ્રમાણમાં બગાડ થતો જ હોય છે પરંતુ, મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં હરીફાઇને કારણે સાધનોનો વધુ પ્રમાણમાં બગાડ થાય છે. કોઇપણ અર્થતંત્રમાં દેશના બધા જ સાધનોનો સંપૂર્ણ ઉપયોગ શક્ય નથી પણ, મૂડીવાદમાં આવો બગાડ મોટા પ્રમાણમાં હરીફાઇના અસ્તિત્વને કારણે થાય છે. મૂડીવાદમાં ભાવતંત્ર ઉત્પાદન પ્રક્રિયાને પ્રોત્સાહિત કરે છે. તેથી ઉત્પાદકો વસ્તુઓનું વધુ ઉત્પાદન કરે છે. આમ, સાધનોનો યોગ્ય ઉપયોગ ન થતાં બગાડ થાય છે.મૂડીવાદમાં હરીફ ઉત્પાદકો પોતાના ગ્રાહકોને આકર્ષવા જાહેરાતો અને વિવિધ વેચાણ પદ્ધતિઓ પાછળ મોટા પ્રમાણમાં ખર્ચ કરે છે. જેમાંથી ઘણી જાહેરાતો ગ્રાહકોને ખોટી રીતે અને ગેરમાર્ગે દોરનારી હોય છે; જેથી તે ઉપયોગી નથી તેમ કહી શકાય. આવો ખર્ચ સામાજિક દુર્વ્યય બની રહે છે. જો ઉત્પાદકો વચ્ચે હરીફાઇ ન થતી હોય તો આ બધા ખર્ચા બચાવી બચત ઊભી કરી શકાઇ હોત. પરંતુ, મૂડીવાદમાં આમ હરીફાઇ થવી પણ અનિવાર્ય હોય છે.

**1.7.4.2 ઓછી કાર્યક્ષમતા :**

અર્થતંત્રમાં જ્યારે ઉત્પાદનના સાધનોનો મહત્તમ ઉપયોગ થતો હોય ત્યારે જ તે અર્થતંત્ર સંપૂર્ણ કાર્યક્ષમ છે તેમ કહેવાય. પરંતુ, મૂડીવાદી અર્થતંત્રમાં આવી કાર્યક્ષમતા શક્ય બનતી નથી. કારણ કે મૂડીવાદી અર્થતંત્રમાં દરેક ઉત્પાદક પોતાના ક્ષેત્રમાં સ્વતંત્ર હોવાથી વધુને વધુ નફો મેળવવા કોશિષ કરે છે. હજારો સ્વતંત્ર ઉત્પાદકો વચ્ચે કોઇપણ જાતના સંકલનના અભાવે ઉત્પાદન ઇષ્ટ(આદર્શ) કક્ષા કરતાં ઘણું વધી જાય છે. પરિણામે, દરેક ઉત્પાદક ઉત્પાદનનું વિપુલ પ્રમાણ સર્જે છે. જેનો ભરાવો બજારોમાં થાય છે અને છેવટે કિંમતો ઘટવા લાગે છે. ક્યારેક તો કિંમતો એટલા હદે ઘટી જાય છે કે, પેઢીઓને નુકસાનના કારણે ઉત્પાદનકાર્ય બંધ કરવું પડે છે. પરંતુ, જો આ પઢીઓ દ્વારા પહેલેથી જ આયોજન કરવામાં આવ્યું હોય તો આવી નિષ્ફળતાઓ ટાળી શકાય છે. મૂડીવાદીએ બિનઆયોજિત અર્થતંત્ર હોવાથી આવી સમસ્યા ટાળી શકાતી નથી.

**1.7.4.3 વ્યક્તિગત હિત :**

મૂડીવાદમાં દરેક વ્યકિત પોતાના વ્યક્તિગત હિતને ધ્યાનમાં રાખીને જ પ્રવૃત્તિ કરે છે. સામાજિક

કલ્યાણની કોઇ ચિંતા કરતું નથી. ઉત્પાદકો સામાજિક દૃષ્ટિએ ઇચ્છનીય હોય કે ન હોય પણ વ્યક્તિગત રીતે અમુક ધંધાકીય પ્રવૃત્તિઓ લાભકારક હોય તો તેવી અમુક પ્રવૃત્તિઓ કરે છે. અર્થતંત્રમાં બેકારીનું પ્રમાણ કેટલું છે; તેની દરકાર કર્યા વિના પોતાને ફાયદો થાય તેમ હોય તો તેવા યંત્રો કે ઉત્પાદન પદ્ધતિનો પેઢીઉપયોગ કરે છે; જેના કારણે બેકારીમાં વધારો થાય છે. વસ્તુની અછત ઊભી કરીને પણ જો પોતાનું હિત જળવાતું હોય તો તેમ કરવાની વ્યક્તિને મૂડીવાદ છૂટ આપે છે.

**1.7.4.4 માનવ કલ્યાણ વિરૂદ્ધ આર્થિક કલ્યાણ :**

આર્થિક પ્રવૃત્તિનો મુખ્ય હેતુ માનવ કલ્યાણનો હોય છે. પરંતુ, મૂડીવાદમાં નિયોજકો જે નિર્ણયો લે છે તે મુખ્યત્વે આર્થિક અંદાજો તેમજ વર્તમાન ગણતરીઓ પર આધાર રાખે છે. મૂડીવાદમાં દરેક વસ્તુનું અને વ્યક્તિનું મૂલ્ય નાણાના પ્રમાણથી જ માપવામાં આવે છે. દરેક ઉત્પાદન પ્રક્રિયા કિંમત, ખર્ચ, આવક, નફો વગેરે સ્વરૂપમાં માપવામાં આવે છે. આ બધી બાબતો નાણાકીય કે આર્થિક છે જેનો માનવ કલ્યાણ સાથે ખૂબ ઓછો સંબંધ હોય છે. મૂડીવાદી અર્થતંત્રમાં ઉત્પાદન નફાના હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવતું હોવાથી તમામ પ્રવૃત્તિઓ એવી કરવામાં આવે છે; જેમાં નફો મળે આ નફાની ગણતરીમાં માનવ હિત કે કલ્યાણને ધ્યાનમાં લેવામાં આવતું નથી. જો ઉત્પાદકોને એમ લાગે કે મોજશોખની વસ્તુઓનું ઉત્પાદન કરવું વધારે નફાકારક છે તો તેઓ એવી વસ્તુઓનું ઉત્પાદન કરશે, પછી ભલે જીવન-જરૂરિયાતની વસ્તુઓની તીવ્ર અછત પ્રવર્તતી હોય.

**1.7.4.5 આર્થિક અસમાનતા :**

મૂડીવાદમાં આર્થિક અસમાનતા સ્વાભાવિક છે. ખાનગી મિલકત, આર્થિક સ્વતંત્રતા, વારસાહક્ક મુક્ત હરીફાઇ અને બજારતંત્ર જેવી મૂડીવાદી સંરચનાઓને કારણે આવતી અસમાનતા આ પ્રકારની હોય છે. આવી સંરચનાઓથી ધનવાન વધુ ધનવાન બને છે અને ગરીબો વધુ ગરીબ બને છે. તેમની વચ્ચેનો ગાળો મોટો થયા કરે છે. મૂડીવાદ સંપત્તિની સમાન વહેંચણી કરવામાં નિષ્ફળ ગયેલ છે. પરિણામે સમાજમાં ધન કુબેરો અને ભૂખમરાની લાગણીથી જીવતા લોકો અસ્તિત્વ ધરાવે છે. બજારનું અસ્તિત્વ એ તો અસમાનતા માટે સીધું જવાબદાર પરિબળ છે. તેમાં વિવિધ વસ્તુઓ કે સાધનોના માલિક હોય તેમને પ્રમાણમાં વધુ આવક મળે છે અને આવા સાધનો બહુ ઓછા લોકો પાસે હોય છે. તેથી આર્થિક અસમાનતા પેદા થાય છે. આવી અસમાનતા નૈતિક, રાજકીય તથા આર્થિક દૃષ્ટિએ અનિચ્છનીય છે. કારણ કે, તેના ઘણા ભયંકર પરિણામો આવે છે.

**1.7.4.6 ઇજારાશાહી :**

મૂડીવાદની કાર્યક્ષમતાનો આધાર મુક્ત હરીફાઇ અને ઉત્પાદનના સાધનોની ગતિશીલતાના અસ્તિત્વ પર રહેલો છે. પરંતુ, વ્યવહારમાં ઇજારાશાહીનો વિકાસ થયો છે. પોતાનો નફો વધારવાની ઇચ્છાને લીધે હરીફાઇ કરતી આ પેઢીઓ હરીફાઇને નાબૂદ કરવા તનતોડ પ્રયાસ કરે છે. ઇજારો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એમ બે પ્રકારે પસંદગીના ક્ષેત્રોમાં સ્થપાય છે. મોટ એકમો દ્વારા નાના એકમોને ક્રમશઃ અને સતત રીતે હરાવવાનું વલણ એ આ આર્થિક પદ્ધતિનું એક વિશિષ્ટ લક્ષણ છે. ઇજારાશાહીને કારણે વ્યક્તિની સ્વતંત્રતાનો અંત આવે છે અને સમગ્ર અર્થતંત્ર પર ખૂબ ઓછા લોકોનો અંકુશ આવે છે. જેના કારણે આર્થિક અસમાનતામાં વધારો થાય છે, બેકારી વધે છે અને શ્રમિકો તથા ગ્રાહકોનું શોષણ થાય છે. ઇજારદાર મહત્તમ નફો મેળવવા પ્રયાસ કરે છે અને તે માટે તે પૂરવઠા ઉપર કૃત્રિમ અંકુશો લાવે છે. અને તે દ્વારા ભાવ વધારાના પ્રયાસો કરે છે. ઇજારાશાહીમાં નફાકારકતા અને ઉત્પાદકતા વચ્ચેનો સંબંધ જળવાતો નથી. આવી પદ્ધતિ ખૂબ જ ખર્ચાળ અને દેશના સાધનોનો શક્ય તેટલા પ્રમાણમાં ઉપયોગ કરવામાં નિષ્ફળ જાય છે.

## 1.8 સમાજવાદી આર્થિક પદ્ધતિ :

### 1.8.1 પ્રસ્તાવના :

સમાજવાદનો મુખ્ય હેતુ સંપત્તિની ઉત્પાદકતા અને વહેંચણીઓની પદ્ધતિઓની પુનઃરચના કરવાનો છે. તે ઉત્પાદનના સાધનો પર ખાનગી વ્યક્તિઓનો અંકુશ અને ખાનગી નફાનો હેતુ દૂર કરી અનિષ્ટો નાબૂદ કરવા માંગે છે. તેના મતે એક બાજુથી ઉત્પાદનના સાધનો ઉપર સમાજની માલિકી સ્થાપીને અને બીજી બાજુથી સંપત્તિનું ઉત્પાદન અને વહેંચણી લોકોના કલ્યાણને દૃષ્ટિમાં રાખી સમાજવાદનો હેતુ સિદ્ધ થઇ શકે છે. આમ, સમાજવાદ ખાનગી વ્યક્તિને મહત્ત્વ આપવાને બદલે સમાજને મહત્ત્વ આપે છે અને અંતે તમામ લોકોનું કલ્યાણ વધે તેવી બાબતોને સમર્થન આપવાનો હેતુ સમાજવાદ ધરાવે છે.

### 1.8.2 સમાજવાદની વ્યાખ્યા :

પ્રો.એચ.ડી. ડિકિન્સનના મતે, ''સમાજવાદએ સમાજની એવી આર્થિક વ્યવસ્થા છે કે, જેમાં એક સામાન્ય આર્થિક આયોજન મુજબ ઉત્પાદનના બધા ભૌતિક સાધનો સમગ્ર સમાજની માલિકીના હોય અને કરેલ આયોજિત ઉત્પાદન વ્યવસ્થામાંથી પરિણમતા લાભ મેળવવાનો બધા જ સભ્યોને સમાન ધોરણે અધિકાર હોય.''

પ્રો.મોરીસનના મતે, ''સમાજવાદ એ એક એવી આર્થિક વ્યવસ્થા છે કે, જેમાં તમામ ઉદ્યોગો અને જમીન પર સામૂહિક માલિકી હોય અને તેનો ઉપયોગ સામાજિક હિત માટે કરવામાં આવતો હોય.''

પ્રો. સીડની વેબના મતે, ''સમાજવાદનું મહત્ત્વનું લક્ષણ એ છે કે ઉદ્યોગો, સેવાઓ અને તેના ઉત્પાદનમાં જે ઉત્પાદનના સાધનોની જરૂર પડે છે; તે બધા ઉપર વ્યક્તિઓની માલિકી ન હોવી જોઇએ અને ઔદ્યોગિક તેમજ વહીવટી તંત્રનું સ્વરૂપ ખાનગી નફો પ્રાપ્ત કરવા માટે ચલાવવામાં આવતું ન હોવું જોઇએ.''

પ્રો.જે.એ. શુમ્પીટરના મતે, ''સમાજવાદી સમાજ એટલેએવી સંસ્થાકીય વ્યવસ્થા કે જેમાં ઉત્પાદનના સાધનો અને ઉત્પાદન પ્રક્રિયા પર મધ્યસ્થ સંસ્થાનો અંકુશ હોય.''

### 1.8.3 સમાજવાદનાં લક્ષણો :

#### 1.8.3.1 ઉત્પાદનના સાધનો પર સમાજની માલિકી :

સમાજવાદમાં ઉત્પાદનના સાધનો પર સામૂહિક કે સામાજિક માલિકી હોય છે. સમાજવાદ મૂડીવાદને દૂર કરી તેનું સ્થાન લેવા માંગે છે. કારણ કે, મૂડીવાદમાં ઉત્પાદનના સાધનો વ્યક્તિગત માલિકીના હોય છે. સમાજવાદમાં ઉત્પાદનના સાધનો પર સમાજની માલિકીનો હેતુ મૂડીવાદના નફાના હેતુને દૂર કરવો અને આર્થિક પ્રવૃત્તિ ખાનગી લાભની દૃષ્ટિથી આર્કષાઇને નહી પણ,સામાજિક લાભની દૃષ્ટિએ થાય એ છે. આ પદ્ધતિમાં સાધનોની વ્યવસ્થા સીધે સીધી સરકાર વડે કરવામાં આવે છે અથવા તો ખાસ ઊભા કરેલા બોર્ડ કે નિગમ દ્વારા કરવામાં આવે છે. આમ, સાધનોનો ઉપયોગ, ઉત્પાદન, વસ્તુઓની કિંમત વગેરે અંગે સરકાર નિર્ણયો લે છે. સમાજની માલિકી નીચે સાધનોને મૂકવાથી તેમનું શોષણ થતું નથી અને નફાનો હેતુ કે સ્વહિતની આર્થિક પ્રવૃત્તિઓવાળા માર્ગદર્શક પરિબળો રહેતા નથી અને આમ, સમાજના સાધનોનો ઉપયોગ અમુક નિશ્ચિત આર્થિક, સામાજિક ધ્યેયો પ્રાપ્ત કરવા માટે થાય છે.

#### 1.8.3.2 કેન્દ્રીય આર્થિક આયોજન :

આર્થિક આયોજન એટલે ઉપલબ્ધ સાધનોના ઉપયોગ વડે પૂર્વનિર્ણિત એકમના હેતુઓ સિદ્ધ

કરવાના સુસંકલિત અને હેતુપૂર્વકના કેન્દ્રીય પ્રયાસો;જેમાં સમાજવાદી અર્થતંત્રને કેન્દ્રીય આયોજિત અર્થતંત્ર બનવું જરૂરી હોય છે. કારણ કે, તેમાં નફાનો હેતુ અને સ્વયં સંચાલિત ભાવતંત્રની પ્રક્રિયા નાબૂદ કરવામાં આવે છે. આયોજિત અર્થતંત્ર એટલે સમગ્ર અર્થતંત્રની સર્વાંગી મોજણીના આધારે અમુક નિશ્ચિત અધિકારી કે આયોજન પંચ દ્વારા મહત્ત્વના આર્થિક નિર્ણયો લેવાનું કાર્ય અહી આયોજન પંચ ઉત્પાદન અંગેના નિર્ણયો જેવા કે કઇ વસ્તુ, કેવી રીતે, ક્યારે અને કયાં ઉત્પાદન કરવું અને તેની વહેંચણી કોને અને કેવી રીતે કરવી તે વિશેના બધા જ નિર્ણયો લે છે. સમાજવાદમાં એક કેન્દ્રીય આયોજન સત્તામાંથી ઉદ્ભવતી એક જ યોજના હોવી જોઇએ એટલે કે આયોજીત અર્થ વ્યવસ્થામાં આયોજન પંચ કેન્દ્ર સ્થાને હોય છે;તે દેશના સાધનોની ગણતરી કરે છે; તેમની ગુણવત્તા ચકાસે છે અને તેના આધારે લક્ષ્યાંકો નક્કી કરે છે અને તે લક્ષ્યાંકો સિદ્ધ કરવાની કાર્યપદ્ધતિ નક્કી કરે છે. સમાજવાદમાં મૂડીવાદની જેમ નફાની પ્રેરણા અને સ્વયં સંચાલિત મૂલ્ય પદ્ધતિ દ્વારા ચાલતા અર્થતંત્ર પર સંપૂર્ણ આધાર રાખવામાં આવતો નથી. જેથી અગાઉથી ચોક્કસ નિર્ણયો લેવા જરૂરી બને છે. આયોજન પંચ અર્થતંત્રના વિકાસનો સમગ્ર પણે ખ્યાલ રાખીને પુખ્ત વિચારણા બાદ યોગ્ય નિર્ણયો લે છે. ટૂંકમાં જ્યારે નફાના હેતુ પર આધારિત પ્રવૃત્તિઓની ગેરહાજરી હોય ત્યારે આર્થિક જીવનના સમગ્ર ક્ષેત્ર માટે આર્થિક આયોજન જરૂરી બને છે.

### 1.8.3.3 આર્થિક સમાનતા :

આર્થિક સમાનતા એટલે તકની સમાનતા. સમાજવાદમાં આર્થિક સમાનતાની સ્થાપના એટલે માત્ર આવક અને સંપત્તિની વધુ સમાન વહેંચણી તેટલો જ અર્થ થતો નથી; સમાન વહેંચણી એટલે માત્ર ઉત્પાદન અંગેના પ્રયાસો જ નહી પણ, જરૂરિયાત પ્રમાણે વહેંચણી કરવી તેવો અર્થ થાય છે. વાસ્તવમાં આવક અને સંપત્તિની સંપૂર્ણ સમાન વહેંચણી કરવી શક્ય પણ નથી અને ઇચ્છનીય પણ નથી. વર્તમાન મૂડીવાદી સમાજમાં ગરીબો અને ધનિકો વચ્ચે જે ભયંકર વિષમતા છે. તે ઘટાડવાનો સમાજવાદી અર્થતંત્રનો હેતુ છે. સમાજવાદી અર્થતંત્રમાં પણ અમુક પ્રમાણમાં અસમાનતા હોય છે અને તે જરૂરી પણ છે. સમાજવાદમાં પણ ઉદ્યમી, કાર્યદક્ષ શ્રમિકોને વધુ કાર્ય માટે પ્રોત્સાહન આપવા બોનસ કે ઇનામો આપવાની પ્રથા પણ હોય જ છે. સમાજવાદમાં કુટુંબોને વ્યવસાય પસંદગીનો હક્ક હોવાથી જુદાં-જુદાં વ્યવસાયોમાં શ્રમ શક્તિની વહેંચણી કરવા માટે વેતનદરોમાં તફાવત જાળવવો જરૂરી બને છે. આમ, સમાજવાદમાં અમુક પ્રમાણમાં તો આવકની અસમાનતા રહેવાની જ. પરંતુ, આર્થિક અસમાનતા ઘટાડવા રાજ્યએ આવક વેરો, સંપત્તિ વેરો, વારસા વેરો વગેરે જેવાં પ્રગતિશીલ કરવેરા નાંખીને સામાજિક સલામતીની યોજનાઓ, શિક્ષણની સગવડો, ઉત્પાદનના સાધનો પર રાજ્યની માલિકી સ્થાપે છે.

## 1.8.4 સમાજવાદના લાભો :

### 1.8.4.1 ગ્રાહકોની સાચી સ્વતંત્રતા :

સમાજવાદમાં ગ્રાહકોને વસ્તુઓની પસંદગી કરવાની અને વ્યવસાય પસંદગી કરવામાં સાચે સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે. મૂડીવાદમાં ગ્રાહકોને સર્વોપરી ગણી માત્ર વાસ્તવિક રીતે ધનિકો જ સ્વતંત્રતા પ્રાપ્ત કરે છે. સમાજવાદમાં રાજ્ય ગ્રાહકોની પસંદગી વિશેની સંપૂર્ણ માહિતી મેળવ્યા બાદ તે મુજબ ઉત્પાદન કરે છે. મૂડીવાદમાં ધનવાનો ઊંચા ભાવો અને નફાવૃત્તિ દ્વારા ગ્રાહકોનું શોષણ કરે છે. જ્યારે સમાજવાદમાં રાજ્ય લોકોની પ્રાથમિક અને મોજશોખની જરૂરિયાતો તરફ ધ્યાન આપે છે અને લોકોનું વધુમાં વધુ કલ્યાણ થાય તે માટે પ્રયાસો કરે છે. મૂડીવાદમાં જાહેરાતો અને વિવિધ વેચાણ માધ્યમો દ્વારા ગ્રાહકોને ગેરમાર્ગે દોરવામાં આવે છે; જ્યારે સમાજવાદમાં રાજ્ય ગ્રાહકોને ઉપયોગી માર્ગદર્શન દ્વારા સાચા માર્ગે દોરે છે. મૂડીવાદમાં ગ્રાહક સર્વોપરી છે અને ઉત્પાદનને દોરે છે; તેવો માત્ર દાવો બની રહે છે. વાસ્તવમાં રાજ્ય લોકોની જરૂરિયાતોને સમજીને તે પ્રમાણે ઉત્પાદન કરે છે

અને એ રીતે ગ્રાહકોની જરૂરિયાતો મોટા પ્રમાણમાં સંતોષાય છે. આમ, સમાજવાદમાં ખરેખર ગ્રાહકની સાચી સ્વતંત્રતા જોવા મળે છે.

### 1.8.4.2 આર્થિક સમાનતા :

મૂડીવાદમાં આર્થિક અસમાનતાને લીધે સમાજમાં અનેક સામાજિક અને રાજકીય અનિષ્ટો પેદા થાય છે. આ આર્થિક અસમાનતાને લીધે તકની અસમાનતા પણ સર્જાય છે. ગરીબોને તેમની શક્તિનો પૂરો વિકાસ કરવાની તક મળતી નથી; તેના કારણે ગરીબો વધુ ગરીબ અને ધનિકો વધુ ધનવાન બને છે. જ્યારે સમાજવાદ કુદરતી રીતે જ વર્ગ-વિહિન સમાજ છે. તેથી તેમાં ધનિક અને ગરીબ અથવા ઉચ્ચ અને નિમ્ન પ્રકારનો તફાવત પેદા થતો નથી. સમાજવાદ ખાનગી મિલકત અને વારસ હક્કની છૂટ આપતો નહી હોવાથી તેમાં ગરીબ અને ધનિક જેવાં ભેદભાવો હોતાં નથી. સમાજવાદમાં અર્થતંત્ર પરનો અંકુશ રાજ્યના હાથમાં હોય છે અને ઉપરાંત ખાનગી મિલકત, વારસા હક્ક અને નફાના હેતુની ગેરહાજરીને કારણે સમાજવાદમાં વધુ પ્રમાણમાં સમાનતા સ્થાપવાના પ્રયાસો કરાય છે. આર્થિક સમાનતાને લીધે સાચે સ્વતંત્રતા મળે છે.

### 1.8.4.3 શોષણનો અંત :

સમાજવાદમાં સમાજ ઉત્પાદનના સાધનોનું માલિક હોય છે અને સમાજ પોતે જ ઉત્પાદક હોય છે. તેથી શ્રમિકો કે ગ્રાહકોનું શોષણ થવાની કોઇ શક્યતા રહેતી નથી. સમાજવાદમાં નફાને બદલે સામાજિક કલ્યાણ આર્થિક પ્રવૃત્તિનું ધ્યેય હોવાથી એવી વસ્તુઓનું જ ઉત્પાદન થાય છે; જેની લોકોને ખૂબ જરૂરિયાત હોય છે. આ પ્રકારના અર્થતંત્રમાં દરેક નાગરિકનો તેની શક્તિ અને સ્થાન પ્રમાણે ઉપયોગ કરવામાં આવે છે. તેથી કોઇ સંજોગોમાં આળસુ અને બીજા પર આશ્રિત લોકોને નિભાવી લેવાતા નથી; તેનાથી વિરુદ્ધ મૂડીવાદમાં આર્થિક રીતે ધનિકો દ્વારા ગરીબોનું શોષણ કરવામાં આવે છે. મૂડીવાદ જમીનદારો, ભાડુ લેનારા અને મધ્યસ્થીઓ વગેરે જેવાં વર્ગને જન્મ આપે છે. જેઓ કોઇપણ પ્રકારનો શ્રમ કર્યા વગર બીજાની મહેનત ઉપર જીવે છે; જ્યારે સમાજવાદમાંઆવા કોઇપણ પ્રકારના શોષણને સ્થાન નથી.

### 1.8.4.4 બેકારી અવરોધક :

મૂડીવાદમાં ટેક્નોલોજીકલ પરિવર્તનોને કારણે આવતી બેકારી વ્યાપક પ્રમાણમાં હોય છે; જ્યારે આયોજીત અર્થતંત્રમાં ઉત્પાદનની પદ્ધતિમાં આવતા આવા પરિવર્તનો એવી રીતે ગોઠવવામાંઆવે છે કે, જેના કારણે આવી બેકારી ઘણી ઓછી થાય. વિશ્વ આજે સ્વતંત્રતા કરતાં રોજગારીને વધુ મહત્ત્વ આપે છે. આમ, સમાજવાદ દરેક વ્યક્તિને રોજગારીની ખાતરી આપે છે અને એ રીતે મોટાં પાયા પર બેકારી અટકાવે છે. સમાજવાદમાં સમગ્ર આર્થિક જીવન આયોજિત હોય છે. તેથી મૂડીવાદની જેમ આર્થિક સાધનોનો બગાડ અને અસંકલન થતું નથી. સમાજવાદની સૌથી મોટી મૂડીએ છે કે તે પૂર્ણ રોજગારી પૂરી પાડે છે.

### 1.8.4.5 સાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ :

સમાજવાદી અર્થતંત્રમાં મૂડીવાદી અર્થતંત્રની અનિશ્ચિતતા, સટ્ટાખોરી, આર્થિક બગાડ, વધુ પ્રમાણનું ઉત્પાદન કે અલ્પ ઉત્પાદન તથા ઈજારાયુક્ત જાહેરાતો જોવા મળતી નથી. તેમાં ઉત્પાદનનો મુખ્ય ઉદ્દેશ ગ્રાહકોનો સંતોષ મહત્તમ કરવાનો હોવાથી દેશના સાધનોનો સંતુલિત અને સંકલિત ઉપયોગ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. મૂડીવાદમાં લાખો ઉત્પાદકો એકબીજાથી સ્વતંત્ર રીતે નિર્ણયો લેતાં હોય છે. જેથી સાધનોનો દુર્વ્યય થવાની શક્યતા છે. જ્યારે સમાજવાદમાં સર્વશક્તિશાળી કેન્દ્રીય આયોજન કરનારી સત્તા હોય છે. તેની પાસે રાષ્ટ્રના આર્થિક જીવનના તમામ પાસાઓનું સંપૂર્ણ જ્ઞાન અને માહિતી હોય છે. અસંખ્ય સ્વતંત્ર વ્યક્તિગત નિયોજકો કરતાં આયોજન પંચને માંગ

અને પૂરવઠાનો વિશેષ ખ્યાલ હોય છે. આથી મૂડીવાદ હેઠળ લાખો ઉત્પાદકો આર્થિક વિકાસ સંકલિત રીતે કરી શકે તેના કરતાં આયોજન દ્વારા રાજ્ય વધુ સારી રીતે કરી શકે છે.

### 1.8.5 સમાજવાદની મર્યાદાઓ/ગેરલાભો :

#### 1.8.5.1 અમલદારશાહી :

સમાજવાદી અર્થતંત્રમાં યોજનાનાં ઘડતર અને અમલના કાર્યમાં સરકારી કર્મચારીઓને રોકવા પડે છે. આવા કર્મચારીઓના પગાર અને શક્તિનો મોટા પ્રમાણમાં દુર્વ્યય થાય છે. જ્યારે મૂડીવાદી અર્થતંત્રમાં આ બધું આપો આપ નફાના આશયથી થયા કરે છે. બીજી તરફ અમલદારો એવું માને છે કે, પોતાની પાસે બહુ શક્તિશાળી મગજ છે અને કલ્પના શક્તિ છે. તેથી તેઓ પોતાને બજાર અને લોકશાહીના અંકુશોથી મુક્ત ગણે છે. આ ઉપરાંત અમલદારશાહી હંમેશા સરમુખત્યારશાહી પ્રકારની હોય છે અને તે આર્થિક યોજનાઓના અમલમાં ઘણી શિથિલ હોય છે. સમાજવાદમાં બધા ઉદ્યોગો સરકારી હોય છે. તેથી તેના વ્યવસ્થાપકો અને સંચાલકો પણ સરકારી હોય છે. આ અર્થતંત્રમાં ઉદ્યોગોનો મુખ્ય ઉદ્દેશ નફો મેળવવાનો હોતો નથી; સમાજવાદમાં નફાનો હેતુ નહી હોવાથી કાર્યક્ષમતા સાથે તે સંકળાયેલ હોતું નથી. પરિણામે અમલદારો અને કર્મચારીઓને પોતાના વેતનો નિશ્ચિત અને નિયમિત પણે મળી રહે છે અને સમયાનુસાર તેમાં વધારો પણ થાય છે. ઉત્પાદન કાર્યમાં કાર્યક્ષમતા અને કુશળતા નહી પણ, સિનિયોરિટીને આધારે બઢતી થાય છે. જાહેરક્ષેત્રમાં કામ કરતાં કર્મચારીઓ અને અમલદારો જાહેર ટીકાઓથી બચવા કદી પણ હિંમતભર્યા અને સાહસિક પગલાં લેતા નથી. જેના પરિણામે જ્યાં ઝડપી નિર્ણયો લેવાની જરૂર પડે તેવાં વ્યવસાયોમાં તેઓ નિષ્ફળ જાય છે.

#### 1.8.5.2 ઉત્પાદનમાં નિરુત્સાહીપણું :

સમાજવાદમાં ખાનગી નફાનો આશય હોતો નથી અને ખાનગી મિલકતની સ્વતંત્રતા હોતી નથી. સરકારી ઉદ્યોગોનું સંચાલન કરનાર અધિકારીઓ પણ વેતનધારક હોય છે. તેથી વધુમાં વધુ નફો મળે એ માટે વધુ પ્રયત્ન કરવાનું ઉત્તેજન રહેતું નથી. પરિણામે સમાજવાદમાં રાષ્ટ્રીય ઉત્પાદન મહત્તમ કરવા માટે ન તો શ્રમિકોને કોઇ પ્રેરણા હોય છે કે ન તો કોઇ પ્રોત્સાહન. સરકારી એકમોમાં કાર્યક્ષમતા, પ્રારંભવૃત્તિ, સાધન સભરતા અને જોખમ ઉપાડવાની વૃત્તિનો અભાવ હોય છે. જ્યારે મૂડીવાદમાં મિલકતનો અધિકાર હોવાથી વ્યક્તિને આર્થિક બાબતોમાં પોતાની ઇચ્છા મુજબ નિર્ણયો લેવાની સ્વતંત્રતા મળે છે. પરિણામે તેને વ્યક્તિગત સાહસ અને મૌલિકતાના વિકાસ માટેની વધુ તક મળે છે. ટૂંકમાં, મૂડીવાદમાં માલિકો અને શ્રમિકોને વિવિધ પ્રકારના પ્રોત્સાહનો મળતા હોવાથી સમાજ પ્રગતિશીલ અને વિકાસશીલ બને છે. જ્યારે સમાજવાદમાં આ પ્રકારના પ્રોત્સાહનોનો અભાવ હોય છે. તેથી સમાજ સ્થગિત થઇ જાય છે અને મૌલિકતાનો અંત આવે છે.

#### 1.8.5.3 રાજકીય અને આર્થિક સત્તાનું કેન્દ્રીયકરણ :

સમાજવાદી અર્થતંત્ર આયોજિત હોવાથી તેમજ આર્થિક પ્રવૃત્તિઓ ઊપર રાજ્યનો અંકુશ અને માર્ગદર્શન હોવાથી સમાજવાદી અર્થતંત્રમાં રાજ્યના હાથમાં ઘણી સત્તા કેન્દ્રીત થાય છે. વ્યક્તિની પસંદગીની સ્વતંત્રતા નાશ પામે છે. ઉત્પાદનના સાધનો અને શ્રમિકોને માર્ગદર્શન આપવાનું અને ચોક્કસ કાર્યમાં વાળવાનું કામ રાજ્ય કરે છે. શ્રમિકોને આયોજન સત્તાવાળાઓએ સોંપેલ કાર્યમાં તેમની મંજૂરી વિના કોઇ ફેરફાર થઇ શકતો નથી.

સમાજવાદમાં રાજ્યનો વિરોધ અશક્ય હોય છે અને રાજ્ય સામે અસહકાર પણ કરી શકાતો નથી. કારણ કે તેમ કરવું એટલે સરકારને પડકારવું. પોતાના અસ્તિત્વ માટે રાજ્ય તરફની વફાદારી વ્યક્તિ માટે અગત્યની શરત છે. આમ, સમાજવાદનો સૌથી મોટો ગેરલાભ એ છે કે રાજ્યના હાથમાં

આર્થિક અને રાજકીય સત્તાઓના કેન્દ્રીયકરણને લીધે સ્વતંત્રતા અને આઝાદીનો નાશ થાય છે. માટે જ પ્રો.હાયેક કહે છે કે, ''સમાજવાદ એટલે ગુલામીનો માર્ગ.''

**1.8.5.4 ભાવતંત્રની ગેરહાજરી :**

સમાજવાદી અર્થતંત્રમાં ઉત્પાદનના સાધનો ઉપર સમાજની માલિકી હોવાથી તેમની ખરીદી અને વેચાણ માટેનું બજાર હોતું નથી. જેથી તેની કિંમત નક્કી થઇ શકતી નથી. મુક્ત અને સ્પર્ધાત્મક ભાવોની ગેરહાજરીમાં વસ્તુના ઉત્પાદન અને ખર્ચની ગેરહાજરીમાં વસ્તુના ઉત્પાદન અને ખર્ચની ગણતરી થઇ શકતી નથી. પરિણામે કઇ કઇ વસ્તુઅઓનું ઉત્પાદન કરવું અને કેટલાં પ્રમાણમાં ઉત્પાદન કરવું તે નક્કી કરવું મુશ્કેલ બને છે. સમાજવાદી અર્થતંત્રમાં ભાવતંત્રની ગેરહાજરીના કારણે આર્થિક ગણતરીઓ થઇ શકતી નથી અને ઉત્પાદનના સાધનોની બુદ્ધિયુક્ત ફાળવણી થઇ શકતી નથી; જેના પરિણામે સાધનોનો દુર્વ્યય થાય છે.

## 1.9 મિશ્ર અર્થતંત્રવાળી આર્થિક પદ્ધતિ :

**1.9.1 પ્રસ્તાવના :**

મિશ્ર અર્થતંત્રવાળી આર્થિક પદ્ધતિઓ બજાર હસ્તક્ષેપવાળા મૂડીવાદ અને રાજ્ય હસ્તક્ષેપવાળા સમાજવાદ એવી બે જુદી-જુદી આર્થિક પદ્ધતિઓના ગેરલાભો દૂર કરી માત્ર તેમના લાભ મેળવવાની આર્થિક પદ્ધતિ છે. મિશ્ર અર્થતંત્રમાં કેટલાંક ઉદ્યોગો સંપર્ણૂપણે રાજ્યની માલિકીના હોય છે. જ્યારે કેટલાંક ઉદ્યોગો રાજ્ય અને ખાનગીક્ષેત્રના સંયુક્ત સંચાલન અને માલિકીનાં હોય છે. સરવાળે એવું કહી શકાય કે અર્થતંત્રની જરૂરિયાત અનુસાર મૂડીવાદ અને સમાજવાદનો સમન્વય કરી દેશના વિકાસની ગતિને વેગ આપવા માટેની યોગ્ય આર્થિક પદ્ધતિએ મિશ્ર અર્થતંત્રવાળી આર્થિક પદ્ધતિ છે. જેને લર્નર અંકુશિત અર્થતંત્ર અને હેન્સન દ્વિલક્ષી અર્થતંત્ર તરીકે ઓળખાવે છે.

**1.9.2 વ્યાખ્યાઓ :**

જી.એન.દુભના મતે, ''આજે મૂડીવાદી અને સમાજવાદી અર્થતંત્રો પોતાનું વિશિષ્ટ સ્વરૂપ ગુમાવીને મિશ્રઅર્થતંત્રમાં ભળી ગયાં છે. આજે લગભગ બધા જ પ્રકારની પદ્ધતિઓ એક અથવા બીજી રીતે મિશ્ર પ્રકારની જોવાં મળે છે.''

એસ.એમ. મિશ્રાના મતે, ''મિશ્ર અર્થતંત્ર એવી આર્થિક વ્યવસ્થા છે કે જ્યાં ખાનગી અને જાહેરક્ષેત્રને એવી કામગીરી સોંપવામાં આવે છે; જેથી સમાજના બધાં જ વર્ગોનું આર્થિક હિત વધારી શકાય.''

એસ.એમ. ઈસરાનીના મતે, ''મિશ્ર અર્થતંત્ર એવી આર્થિક વ્યવસ્થા છે કે, જેમાં ખાનગી અને જાહેરક્ષેત્રને એવી કામગીરી સોંપવામાં આવે છે કે, જેથી સમાજના બધાં જ વર્ગોનાં આર્થિક હિતમાં વૃદ્ધિ કરી શકાય.''

**1.9.3 મિશ્ર અર્થતંત્રના લક્ષણો :**

**1.9.3.1 મૂડીવાદ અને સમાજવાદનું સહ અસ્તિત્વ :**

મિશ્ર અર્થતંત્રમાં મૂડીવાદ અને સમાજવાદનું મિશ્રણ ઉપયોગમાં લેવાય છે. જેથી આ આર્થિક પદ્ધતિ મિશ્ર આર્થિક પદ્ધતિના નામે ઓળખાય છે. આ આર્થિક પદ્ધતિમાં એક તરફ ખાનગી ક્ષેત્ર એટલે કે મૂડીવાદને સ્વીકારવામાં આવે છે. આ અર્થતંત્રમાં ખેતી, નાના ઉદ્યોગો, વેપાર વગેરેમાં ખાનગી ક્ષેત્રનો અંકુશ મુખ્યત્વે જોવાં મળે છે. ઘણીવાર રાજ્ય પણ તેમાં ભાગીદારી લે છે. પરંતુ, મોટા ભાગે ખાનગીક્ષેત્રના અંકુશ હેઠળ ઉત્પાદન અને વહેંચણીની પ્રક્રિયા હોય છે. જેમાં ખાનગી ક્ષેત્રને આવક અથવા નફો મેળવવાનો પૂરેપૂરો અધિકાર અપાય છે. છતાં રાજ્ય દ્વારા અમુક નિયંત્રણો અમલમાં મૂકાયેલ હોય છે. આમ, ખાનગીક્ષેત્રને સંપૂર્ણ સત્તા હોતી નથી.

જ્યારે બીજી તરફ જાહેર ક્ષેત્ર(સરકારી ક્ષેત્ર) ને પણ સ્વીકારવામાં આવે છે. આ ક્ષેત્રમાં રેલવે, સંરક્ષણ જેવાં ખૂબ અગત્યના તેમજ અન્ય ખૂબ મોટા અને ચાવીરૂપ ઉદ્યોગો પરનો અંકુશ રાજ્ય હસ્તક હોય છે. રાજ્યા આ ક્ષેત્રમાંથી આવક અને નફો મેળવે છે; જે સરકારની તિજોરીમાં જમા થાય છે. જેનો ઉપયોગ સામાન્ય રીતે પ્રજાના હિત માટે કરવામાં આવે છે.

**1.9.3.2 આર્થિક સ્વાતંત્ર્ય :**

આ અર્થતંત્રમાં મુક્ત અને બિનહસ્તક્ષેપવાળો મૂડીવાદ નથી. તે અંકુશીત મૂડીવાદ છે. મુક્ત સંચાલન અને સ્વહિત તેમજ નફાના હેતુના બળોનું અસ્તિત્વ તથા ખાનગી મિલકત અને આવકની પદ્ધતિ તથા ભાવ પદ્ધતિ સમાજના હિતને અનુલક્ષીને મર્યાદિત કરવામાં આવ્યા હોય છે. અહીઅધિકારો અપાય છે પણ, તે અબાધિત હોતા નથી. તેથી તેઓ એકબાજુથી સમાજવાદની મર્યાદાઓ દૂર કરે છે તો બીજી બાજુથી મૂડીવાદની સ્વતંત્રતાઓ મર્યાદિત રૂપે આપે છે. મિશ્ર અર્થતંત્રનું સમગ્ર માળખું લોકશાહીની પદ્ધતિથી ઉપયોગમાં લેવાય છે. ખાનગી ક્ષેત્રમાં ઉદ્યોગો સ્વહિત અને નફાના હેતુ પર આધારિત હોય છે. વ્યક્તિગત સ્વતંત્રતાને સંપૂર્ણ તક આપવામાં આવે છે. દરેક ગ્રાહક પોતાની આવક પોતાની ઇચ્છા મુજબ ખર્ચ કરી શકે છે અને વ્યક્તિ સ્વતંત્ર રીતે પોતાને મનગમતો વ્યવસાય પસંદ કરી શકે છે. ખાનગી મિલકત અને વ્યક્તિ સ્વાતંત્ર્યનો અધિકાર વ્યક્તિને આપવામાં આવે છે. અર્થતંત્રમાં ભાવતંત્ર અસ્તિત્વ ધરાવે છે. બજારમાં હરીફાઇની છૂટ આપવામાં આવે છે. ખાનગી ઉદ્યોગોનું ભાવતંત્ર મૂડીવાદ જેવું હોય છે પરંતુ, ભાવતંત્ર આયોજિત વિકાસને મદદરૂપ થાય તે પ્રકારનું હોય છે.

**1.9.3.3 આર્થિક આયોજન :**

મિશ્ર અર્થતંત્રએ આયોજિત અર્થતંત્ર હોય છે; જ્યારે મૂડીવાદી અર્થતંત્ર આયોજિત હોતું નથી. મિશ્ર અર્થતંત્રમાં સરકાર વ્યક્તિના આર્થિક જીવનમાં વ્યવસ્થિત, સ્પષ્ટ અને નિશ્ચિત યોજના અનુસરી હસ્તક્ષેપ કરે છે. મૂડીવાદમાં સરકાર આર્થિક જીવનના વિવિધ પાસાઓમાં ખૂબ નાના-નાના અસંકલિત પગલાં ભરે છે. મૂડીવાદમાં સમગ્ર અર્થતંત્રને આવરી લઇ શકાય તેવી કોઇ નિશ્ચિત યોજના ઉપયોગમાંલેવાતી નથી. આવા અર્થતંત્રમાં સરકારી માલિકીની કે ખાનગી માલિકીના તમામ ઉદ્યોગોનુંએક સંકલિત યોજનામાં નિશ્ચિત સ્થાન હોય છે. જાહેર ક્ષેત્રને પણ અમુક ચોક્કસ સામાજિક અને આર્થિક ધ્યેયો સિદ્ધ કરવાના હોય છે. તે ક્ષેત્રના વિકાસ પર દેશના અન્ય ક્ષેત્રોનો એક અથવા બીજી રીતે આધાર હોય છે. જેથી આયોજન અને અંકુશો અનિવાર્ય હોય છે. તેવી જ રીતે સરકાર ખાનગી ક્ષેત્રને પણ અવ્યવસ્થિત સ્વરૂપમાં વિકાસ કરવાની છૂટ આપી શકે નહી. તેથી એવી સંકલિત યોજના તૈયાર કરવી પડે છે કે, જેમાંખાનગી ક્ષેત્રનું પણ નિર્ધારિત સ્થાન હોય, આમ, અર્થતંત્રના બંને ક્ષેત્રો એવાં જાહેર અને ખાનગી ક્ષેત્ર ઉપર યોજના પ્રમાણે નિયમનો મૂકવામાં આવે છે.

**1.9.3.4 જાહેર ક્ષેત્ર અને ખાનગીક્ષેત્ર એકબીજાના પૂરક :**

મિશ્ર અર્થતંત્રમાં ખાનગી અને જાહેર એમ બંને ક્ષેત્રોના ઉદ્યોગો એકબીજાના પૂરક બની, એકબીજાને સહાય કરી દેશના આર્થિક વિકાસને મદદ કરે છે. ભારતની ઔદ્યોગિક નીતિમાં આ પ્રકારની પરિસ્થિતિ જોવા મળે છે. આ અર્થતંત્રમાં બંને ક્ષેત્રો એકબીજાના હરીફ નથી પણ, એકબીજાના પૂરક હોય છે. સરકાર સંચાલિત ઉદ્યોગો ખાનગીક્ષેત્રના ઉદ્યોગો સાથે હરીફાઇ કરતાં નથી પરંતુ, તેઓ ખાનગીક્ષેત્રના ઉદ્યોગોને મદદરૂપ બની; પૂરક બનવાનો પ્રયાસ કરે છે. તેવી જ રીતે ખાનગીક્ષેત્રના ઉદ્યોગો જાહેર ઉદ્યોગો માટે કાચો માલ, યંત્રના વિવિધ ભાગો, સાધનો વગેરે તૈયાર કરી તેમને સહાય કરે છે.

### 1.9.4 મિશ્ર અર્થતંત્રના લાભો :

મિશ્ર અર્થતંત્રએ મૂડીવાદ અને સમાજવાદનું મિશ્રણ છે અને બંને દ્વારા મળતા લાભ નીચે મુજબ છે.

#### 1.9.4.1 સમાજવાદી સમાજ રચના બનાવવા :

સમાજવાદી સમાજ રચવાની સ્થાપના માટે મિશ્ર અર્થતંત્ર જરૂરી છે. સામાજિક ન્યાય અને આર્થિક સમાનતાના આદર્શો સિદ્ધ કરવા માટે મિશ્ર અર્થતંત્ર ઈચ્છનીય છે. કારણ કે, આમાં ઉદ્યોગો ઓછો નફો અને વધુ સંતોષ આપે છે. મૂડીવાદી અર્થતંત્રમાં સમૃદ્ધિની સાથે ગરીબાઇ જોવા મળે છે. મૂડીની ખાનગી માલિકી તેના માલિકને વિશાળ પ્રમાણમાં સત્તા આપે છે. વળી, મૂડીવાદી અર્થતંત્રમાં સહકારને બદલે તીવ્ર હરીફાઈની સ્થિતિ હોય છે. આ અનિષ્ટોને માત્ર મિશ્ર અર્થતંત્ર દ્વારા દૂર કરી શકાય છે. વિત્તીય પગલાંઓ, સામાજિક સેવાઓ અને શ્રમિકોને સારા વેતનો દ્વારા વહેંચણીની સમાનતા સ્થાપી શકાય છે. આમ, ખાનગી ક્ષેત્ર અને રાજ્યના પ્રયાસો દ્વારા સમાજવાદી સમાજરચનાની સ્થાપના કરી શકાય છે.

#### 1.9.4.2 આર્થિક વિકાસની ઝડપ વધારવા :

અર્થતંત્રમાં આર્થિક વિકાસનો વેગ ઝડપી બનાવવા મિશ્ર અર્થતંત્ર જરૂરી છે. ભારત જેવા વિકાસમાન દેશમાં આર્થિક વિકાસની વૃદ્ધિને અવરોધતા પરિબળોને મિશ્રઅર્થતંત્ર દ્વારા જ દૂર કરી શકાય છે. દેશમાં ખાનગી ક્ષેત્રના ઉદ્યોગોની સાથે ખૂબ જ મહત્ત્વના એવા પાયાના અને ચાવીરૂપ ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરવાથી આર્થિક વિકાસને વેગ મળે છે. આમ, મિશ્ર

અર્થતંત્ર દ્વારા ખાનગીક્ષેત્ર સાથે જાહેરક્ષેત્રના યોગદાન દ્વારા દેશના આર્થિક વિકાસનાં કાર્યક્રમનો વૃદ્ધિદર ઊંચો લઇ જઇ શકાય છે. વિકસતા દેશોમાં સાહસિક નિયોજકોનો અભાવ હોય છે. તેથી અર્થતંત્રના જુદાં-જુદાં વિભાગોમાં થતી નવી શોધખોળોનો ઉપયોગ કરવા ખાનગીક્ષેત્ર નાના પાયે રોકાણ કરવા તૈયાર થાય છે. જ્યારે મોટા પાયે મૂડીરોકાણ રાજ્યના ભાગે આવે છે. આમ, મિશ્ર અર્થતંત્ર વિકાસમાં અચૂક ફાળો આપે છે. આ ઉપરાંત જ્યારે ખાનગી સાહસને નફો ન મળતો હોય અથવા ઓછો નફો મળતો હોય તેવા ઉદ્યોગોનો વિકાસ તેઓ કરતા નથી અથવા તો એવા ઉદ્યોગો કે જેમાં પ્રારંભથી જ મોટાં પ્રમાણમાં મૂડીરોકાણ કરવું પડે છે અને તેનું વળતર ઘણું મોડું મળે છે. ખાનગી નિયોજકો આવા સંજોગોમાં સાહસ શરૂ કરવા ખચકાતા હોય છે અને તેથી રાજ્યએ આ જવાબદારી લેવી પડે અને અર્થતંત્રના વિકાસ માટે આવા ઉદ્યોગો શરૂ કરવા પડે છે.

#### 1.9.4.3 સામૂહિક ચીજવસ્તુઓ પૂરી પાડવા :

કેટલાક ઉદ્યોગોની ચીજવસ્તુઓ અને સેવાઓ સામૂહિક જરૂરિયાતો પૂરી પાડે છે. એવી ચીજવસ્તુઓ કે સેવાઓ માટે વ્યક્તિએ નાણાં આપ્યા હોય કે ન આપ્યાં હોય તો પણ દરેકને તેમાંથી લાભ મળે છે. આ સેવાઓનું સ્વરૂપ જ એવા પ્રકારનું છે કે, તેના યોગ્ય એકમો પૂરા પાડી બજાર દ્વારા વ્યક્તિગત ગ્રાહકોને એમની જરૂરિયાત અનુસાર વેચવાનું શક્ય બનતું નથી. વળી, આવી ચીજવસ્તુઓ અને સેવાઓ ગરીબ અને ધનવાન દરેકને સમાન રીતે મળી રહે એ સામાજિક કલ્યાણની દૃષ્ટિએ ઇચ્છનીય છે. જેમ કે, રાષ્ટ્રિય સંરક્ષણ, કાયદો અને વ્યવસ્થા, તબીબી સેવાઓ, જાહેર સુખાકારી રોડરસ્તા અને વાહન વ્યવહારોની સેવાઓ આ પ્રકારની સેવાઓ છે કે જે પરી પાડનાર ઉદ્યોગો ખૂબ જ ઇચ્છનીય છે. આવી ચીજ-વસ્તુઓ અને સેવાઓ રાજ્ય પૂરી પાડે તો જ કલ્યાણકારી બની શકે તેથી આવા ઉદ્યોગો ખાનગી તેમજ જાહેર ક્ષેત્રમાં લોકોની સુખાકારી વધારવી જોઇએ.

#### 1.9.4.4 અર્થતંત્ર પર અંકુશ જાળવવા :

અર્થતંત્ર પર અસરકારક અંકુશો દ્વારા તેજી-મંદીના આરોહ-અવરોહ દૂર કરી શકાય છે.

કરવેરાની ઉઘરાણી અને આર્થિક પ્રશ્નો સરળ બને છે. અર્થતંત્ર પર અસરકારક અંકુશો દ્વારા કુલ ખર્ચ, મૂડીરોકાણ વગેરે પર રાજ્ય અસર કરે છે. જાહેર ઉદ્યોગોના મૂડીરોકાણમાં ફેરફાર કરી રાજ્ય સમગ્ર મૂડીરોકાણના માળખાનું નિયમન કરે છે. અર્થતંત્રમાં મંદી પ્રવર્તતી હોય ત્યારે ખાનગી નિયોજક મૂડીરોકાણ કરવાની અનિચ્છા ધરાવતો હોય છે. તેમને ઉત્તેજન આપવા અને પ્રોત્સાહિત કરવા વિત્તીય પગલાં પણ કેટલીક વખત નિષ્ફળ જાય છે. આવા સંજોગોમાં જાહેર ઉદ્યોગોમાં મૂડીરોકાણ વધારી સરકાર સહેલાઇથી મૂડીરોકાણના દરમાં વધારો કરી શકે છે. આ રીતે જાહેર ક્ષેત્ર દ્વારા રાજ્ય અર્થતંત્રના મુખ્ય પ્રવાહોને નિયંત્રિત કરી શકે છે અને સમગ્ર અર્થતંત્ર ઉપર મજબૂત પકડ મેળવી શકે છે.

**1.9.4.5 પ્રાદેશિક સમાનતા લાવવા :**

ખાનગીક્ષેત્રની એક મોટી મર્યાદા એ છે કે, જે પ્રદેશ આર્થિક રીતે વિકસીય હોય ત્યાં જ તે વધુ વિકસે છે. પરિણામે વિકસિત પ્રદેશ વધુ વિકાસ પામે છે; જ્યારે પછાત પ્રદેશ પછાત જ રહે છે. આવી પ્રાદેશિક અસમાનતા નિવારવા માટે રાજ્યએ ચાવીરૂપ ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરવું જોઇએ અને તેવા ઉદ્યોગોની સેવાઓનો વિકાસ પછાત પ્રદેશોમાં કરવો જોઇએ. આ ઉપરાંત વિભિન્ન કરવેરા નાંખી અથવા સબસીડીનો લાભ આપી રાજ્ય અતિ ગરીબ કે પછાત એવા વિસ્તારોમાં વિકસિત વિસ્તારો જેવી સગવડો અથવા લાભ પૂરા પાડી પ્રાદેશિક સમતુલા લાવી શકે છે.

**1.9.5 મિશ્ર અર્થતંત્રના ગેરલાભો (ખામીઓ) :**

મિશ્ર અર્થતંત્રના લાભની જેમ ગેરલાભો પણ છે; જે નીચે મુજબ છે.

**1.9.5.1 અમલદારશાહી :**

ઉદ્યોગોના સંચાલનની જવાબદારી વેતનધારી અમલદારોના હાથમાં આવે છે. આવા અમલદારો કોઇ સંચાલન શક્તિ કે તાલીમ પામેલા હોતા નથી. તેઓ કોઇ પ્રકારના ધંધાકીય સિદ્ધાંતો અગર જાણતા નથી કે પાળતા નથી. તેમને ઉદ્યોગના સંચાલન કરતાં પોતાના વેતન અને બઢતીમાં વધુ રસ હોય છે. ખાનગી નિયોજકોની જેમ ઉત્પાદન વધારવા કે દુર્વ્યય અટકાવવા તેઓ તત્પરતા દાખવતા નથી. તેનું કારણ એ છે કે, ઉદ્યોગ નફો કરેકે ખોટ કરે તેઓને તેમનું વેતન, ઇજાફો, બઢતી સમયાનુસાર મળ્યા કરે છે. આવા વલણને પરિણામે જાહેરક્ષેત્રના ઉદ્યોગો બિનકાર્યક્ષમ, લાગવગ ભર્યા અને માત્ર અમલદારશાહીને વરેલા જોવા મળે છે. જેથી સમાજને ખૂબ નુકશાન વેઠવું પડે છે.

**1.9.5.2 આર્થિક સત્તાનું કેન્દ્રીયકરણ :**

રાષ્ટ્રીયકરણ દ્વારા સર્જાતા જાહેરક્ષેત્રો રાજ્યની ઇજારાશાહી પેદા કરે છે. આવા રાષ્ટ્રીયકરણથી આર્થિક સત્તાનું કેન્દ્રીયકરણ થાય છે અને એક પકારન્રી સરમુખત્યારશાહી આકાર લે છે. અર્થતંત્રનો મોટોભાગ રાજ્યની માલિકી અને અંકુશ હેઠળ આવે ત્યારે ગ્રાહકને કોઇ સ્વતંત્રતા કે પસંદગી મળતી નથી. રાજ્ય જે પ્રકારની અને જેટલી વસ્તુઓનું ઉત્પાદન કરે છે તે પ્રકારની અને તેટલી જ વસ્તુઓ ગ્રાહકને ખરીદવી પડે છે. આમ, ગ્રાહકની સર્વોપરિતાનો અંત આવે છે.

**1.9.5.3 જાહેર ક્ષેત્રના એકમોનું સંચાલન :**

જાહેરક્ષેત્રના એકમોનું સંચાલન અને ભાવનીતિમાં ખાનગીક્ષેત્રની સરખામણીમાં મોટો તફાવત જોવામાં આવે છે. ઘણીવાર આવા ઉદ્યોગોનું સંચાલન રાજકીય મતોને આધારે ચૂંટાયેલા મંડળો દ્વારા થાય છે. આ ચૂંટણીના મતદારોમાં ઉદ્યોગના કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. જેનું પરિણામ એ આવે છે કે, સંચાલક મંડળને પોતાનું કાર્ય માત્ર ધંધાકીય ગણતરીઓ ઉપરાંત રાજકીય બાબતોન અનુલક્ષીને કરવું પડે છે. આવી કોઇ પરિસ્થિતિ ખાનગીક્ષેત્રના સંચાલનમાં જોવા મળતી નથી.

#### 1.9.5.4 નિર્ણયમાં વિલંબ :

કોઈપણ ઉદ્યોગની કાર્યક્ષમતાનો આધાર તેના ત્વરિત નિર્ણયો પર રહેલો છે. જાહેર ક્ષેત્રના અમલદારો ત્વરિત અને સ્વતંત્ર નિર્ણયો લઈ શકતા નથી; જેના પરિણામે ઉદ્યોગની કાર્યક્ષમતા જોખમાય છે. જાહેરક્ષેત્રના સંચાલનમાં અમલદારો કોઈ જોખમ ઉપાડવા તૈયાર હોતા નથી. કારણ કે જો જોખમ ઉપાડવામાં નિષ્ફળતા મળે તો ઘણા રાજકીય પ્રત્યાઘાતોનો સામનો કરવો પડે છે અને આવા ઉદ્યોગો રાજકીય પક્ષોની ટીકાના પાત્ર બને છે. આમ, જાહેરક્ષેત્રોમાં જરૂરી નિર્ણયો લેવામાં થતાં વિલંબને કારણે નીચી નફાકારકતા જોવા મળે છે.

#### 1.9.5.5 ઈજારાશાહીના કારણો :

જાહેરક્ષેત્રના ઉદ્યોગોમાં નફાનો હેતુ નહિ હોવાથી તેની કાર્યક્ષમતા મૂલવવી ઘણી મુશ્કેલ છે. રાષ્ટ્રીયકરણથી રાજ્યની ઈજારાશાહી અસ્તિત્વમાં આવે છે. પરિણામે તેને કોઈ ઉદ્યોગ સાથે હરીફાઈમાં ઉતરવું પડતું નથી. જેના કારણે તેને આધુનિક ઉત્પાદન પદ્ધતિઓ અમલમાં મૂકવાની જરૂર પડતી નથી. આ ઉપરાંત તે નવીન પ્રયોગો અને સંશોધનો પર ખાસ ધ્યાન આપતું નથી અને મોટા ભાગે જૂની પૂરાણી જડ પદ્ધતિ પ્રમાણે ઉત્પાદન થાય છે. એટલું જ નહીં; જે લાભ ખાનગી એકમોને નથી મળતા તેવા લાભ આ એકમો મેળવે છે. દા.ત. કેટલીક વખત તેઓને જમીન મફત કે ઓછા ભાવે મળે છે. સરકારનો સાથ હોવાથી તેઓ સારી શરતોએ બજારમાંથી નાણાં ઉપાડી શકે છે. જેથી તેઓનું મૂડીખર્ચ ઓછું આવે છે. આમ, આવા પ્રકારના દૂષણોને કારણે ખાનગીક્ષેત્ર નિરુત્સાહી બને છે.

## 1.10 ઉપસંહાર :

ઉપરોક્ત સમગ્ર ચર્ચા પરથી આર્થિક પદ્ધતિનો અર્થ, તેના પ્રકારો અને કાર્યો વિશેની ઊંડાણપૂર્વકની સમજ કેળવાશે. તદ્ઉપરાંત આર્થિક પદ્ધતિઓના પ્રકારો જેમ કે મૂડીવાદ, સમાજવાદ, મિશ્ર અર્થતંત્રના વિષયમાં તેમની વ્યાખ્યાઓ, લક્ષણો, લાભ-ગેરલાભ વગેરે બાબતો દ્વારા જે તે અર્થતંત્રની વિચારસરણી અનુસારની આદર્શ આર્થિક પદ્ધતિની પસંદગી વિશેની સમજ કેળવાશે. આ આર્થિક પદ્ધતિઓ અર્થતંત્રના વિકાસનો ચિતાર આપે છે માટે તેમને તો સમજવા જ રહ્યાં.

## 1.11 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. આર્થિક પદ્ધતિનું લક્ષણ કયું છે ?
   (A) પરિવર્તનશીલ (B) પાયાના પ્રશ્નોનો ઉકેલ
   (C) આર્થિક સ્થિતિની પારાશીશી (D) ઉપરોક્ત તમામ
2. મૂડીવાદ એ શું છે ?
   (A) આર્થિક પદ્ધતિનો પ્રકાર (B) આર્થિક પદ્ધતિનો સિદ્ધાંત
   (C) આર્થિક પદ્ધતિના મૂલ્યો (D) આર્થિક પદ્ધતિનું લક્ષણ
3. 'ખાનગી સાહસની પદ્ધતિ' તરીકે ઓળખવામાં આવે છે ?
   (A) સમાજવાદ (B) મૂડીવાદ
   (C) મિશ્ર અર્થતંત્ર (D) ઉપરોક્ત તમામ
4. સમાજવાદનું લક્ષણ કયું છે ?
   (A) ઉત્પાદનના સાધનો પર સમાજની માલિકી (B) આર્થિક સમાનતા
   (C) કેન્દ્રિય આર્થિક આયોજન (D) ઉપરોક્ત તમામ

5. કયા સમાજશાસ્ત્રીએ મિશ્ર અર્થતંત્રને 'સંકુચિત અર્થતંત્ર' કહ્યું છે ?

(A) લર્નર (B) હેન્સન

(C) મેક્સ વેલર (D) મોરીસ ડોલ

## 1.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (D) ઉપરોક્ત તમામ
2. (A) આર્થિક પદ્ધતિનો પ્રકાર
3. (B) મૂડીવાદ
4. (D) ઉપરોક્ત તમામ
5. (A) લર્નર

## 1.13 ચાવીરૂપ શબ્દો :

- **આર્થિક પદ્ધતિ :** માનવીને ઉપલબ્ધ ઉત્પાદક સાધનો દ્વારા જરૂરિયાતો સંતોષવાની વ્યવસ્થા
- **મૂડીવાદ :** બુદ્ધિપૂર્વક અને પદ્ધતિસરનો નફો મેળવવાની વૃત્તિ
- **સમાજવાદ :** એક એવી આર્થિક વ્યવસ્થા, જેમાં તમામ ઉદ્યોગો અને જમીન પર સામૂહિક માલિકી હોય, તેનો ઉપયોગ સામાજિક હિત માટે કરવામાં આવતો હોય.
- **મિશ્ર અર્થતંત્ર :** એક એવી આર્થિક પદ્ધતિ કે જેમાં મૂડીવાદ અને સમાજવાદનું મિશ્રણ જોવા મળે છે.

## 1.14 સ્વાધ્યાય લેખન (Assignment)

1. આર્થિક પદ્ધતિની વ્યાખ્યા આપી, તેના લક્ષણોની સમજૂતી આપો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. આર્થિક પદ્ધતિના કાર્યો ચર્ચો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. મૂડીવાદનો અર્થ આપી, મૂડીવાદના લક્ષણો સમજાવો.

..........................................................................

4. સમાજવાદનો ખ્યાલ સ્પષ્ટ કરી, સમાજવાદના લાભ-ગેરલાભની સમજૂતી આપો.

5. મિશ્ર અર્થતંત્રનો અર્થ આપી, તેના લક્ષણો સમજાવો.

6. મિશ્ર અર્થતંત્રના લાભાલાભની સમજૂતી આપો.

7. મૂડીવાદી આર્થિક પદ્ધતિઓની મર્યાદાઓ જણાવો.

## 1.15 પ્રવૃત્તિ (Activities)

1. મિશ્ર અર્થતંત્ર ધરાવતા ઉદ્યોગોની યાદી તૈયાર કરો.
2. સમાજવાદી અર્થતંત્ર ધરાવતા ઉદ્યોગોની સૂચિ તૈયાર કરો.

## 1.16 કેસસ્ટડી (Case Study)

1. સમાજવાદી આર્થિક વ્યવસ્થાની વ્યક્તિ વિશેષને શું ફાયદા થાય છે, તેની ચર્ચા કરો.
2. મૂડીવાદી અર્થતંત્રની વ્યક્તિ વિશેષ પર થતી નકારાત્મક-હકારાત્મક અસરની ચર્ચા કરો.

## 1.17 સંદર્ભ ગ્રંથ :


(1) Comparative conomic Systems, Ralph H. Blodgett

(2) Das Kapital, Karl Marx

(3) Capitalism and Freedom, Milton Friedman

(4) Dynamics of the mixed economy, Sanford Ikeda

# એકમ–2 આર્થિક વિકાસ

## : એકમનું માળખું :

2.1 એકમના હેતુઓ
2.2 આર્થિક વિકાસનો અર્થ
2.3 આર્થિક વિકાસની વ્યાખ્યાઓ
2.4 ભારતમાં આર્થિક વિકાસના નિર્દેશકો
2.5 ઉપસંહાર
2.6 તમારી પ્રગતિ ચકાસો (MCQs)
2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ
2.8 ચાવીરૂપ શબ્દો :
2.9 સ્વાધ્યાય લેખન (Assignment)
2.10 પ્રવૃત્તિ (Activities)
2.11 કેસસ્ટડી (Case Study)
2.12 સંદર્ભગ્રંથ

## 2.1 એકમના હેતુઓ :

આર્થિક વિકાસ અંગે એડમ્સ્મિથ, માર્કસ અને કેઈન્સ જેવાં આધુનિક અર્થશાસ્ત્રીઓએ રસ દર્શાવેલો છે. આર્થિક વિકાસની ચર્ચાએ વિકાસશીલ દેશોના સંદર્ભમાં કરવામાં આવી છે.જેમાં આર્થિક વિકાસ દરમિયાન કુલ રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વધારો થાય છે. જ્યારે સમગ્ર અર્થતંત્રમાં જે પરિવર્તનો આવે છે; તેનું કારણ આર્થિક વિકાસ ગણાવી શકાય જેમાં દેશ ઉત્પાદન પદ્ધતિઓ, ટેક્નિકલ ફેરફારો અને જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક મેળવી શકે છે.

## 2.2 આર્થિક વિકાસનો અર્થ :

વિકાસ એ એક પ્રકારનું સામાજિક પરિવર્તન છે. તેમાં આર્થિક પરિવર્તનોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સામાજિક, રાજકીય, સંસ્થાકીય, વહીવટી માળખામાં આવતા પરિવર્તનનો પણ તેમાં સમાવેશ થાય છે.

સામાન્ય રીતે આર્થિક વિકાસ એટલે વધુ ઉત્પાદન; તેમજ વધુ ઉત્પાદન કરવા માટેની ટેક્નિકલ અને સંસ્થાકીય ક્ષેત્રે પરિવર્તનો લાવવા. આર્થિક વિકાસએ અલ્પવિકસિત દેશો સાથેના પ્રશ્નો સાથે જોડાયેલો છે. રશિયા અને આળિકા જેવા ઘણાં દેશોમાં બીજા વિશ્વયુદ્ધ બાદ તેનું લક્ષ આર્થિક વિકાસ સાધી ગરીબીની સમસ્યા નાબૂદ કરવાનું હતું; તેમાં ચીન અને ભારત જેવાં વિકાસશીલ દેશોનો મોટો ફાળો રહ્યો હતો.

શ્રીમતી ઉર્સુલા હિક્સના મતે અલ્પવિકસિત દેશોની મુખ્ય સમસ્યા એ છે કે,"સાધનો વણવપરાયેલાં છે; જ્યારે વિકસિત દેશોની સમસ્યા મોટા પ્રમાણમાં પ્રાપ્ત અને વિકસિત સાધનોનો વધુ વિકાસ કરવો."

વિકાસ એટલે ઉત્પાદનનાં માળખા તથા દરેક ક્ષેત્રવાર નીપજ ઘટકોની વહેંચણીમાં ફેરફાર કરવો.

ઉ.દા. માનવીના શારીરિક અને બૌદ્ધિક કાર્યશક્તિમાં વધારો થાય ત્યારે તેને વિકાસ થયો કહેવાય.

વિકાસ એ વિકસિત અને અલ્પવિકસિત બન્ને પ્રકારના અર્થકારણમાં વિકાસ જરૂરી છે. જેમાં બન્નેની પરિસ્થિતિ જુદી જુદી છે. વિકસિત દેશો પાસે વધુ ટેક્નિક સાધનો છે અને વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગો છે. તેમની પાસે વિકસિત અંતરસ્તરીય માળખું છે; જ્યારે અલ્પવિકસિત દેશો જેવા કે ઈન્ડોનેશિયા, બ્રાઝિલ વગેરે દેશોના પ્રશ્નો તદ્દન ઊલટા છે.

વિકસિત દેશોની માથાદીઠ આવક વધુ હતી; જ્યારે વિકાસશીલ દેશોની માથાદીઠ આવક ઘણી ઓછી હતી. વિકસિત દેશોમાં બચત અને મૂડીરોકાણનું પ્રમાણ વધારે હતું; જ્યારે વિકાસશીલ દેશોમાં બચત અને મૂડીરોકાણનું પ્રમાણ ઓછું હતું.

ભારત જેવા વિકાસશીલ દેશોના લોકોની માથાદીઠ આવક નીચી હોય છે. નિકાસમાં 70 % ઔદ્યોગિક ચીજોનું પ્રમાણ છે. શ્રીલંકામાં સાક્ષરતાનું પ્રમાણ વધુ છે. આમ, વિકાસશીલ દેશો વચ્ચે અનેક બાબતોમાં અસમાનતા વધતી જતી જોવા મળે છે.

આર્થિક વિકાસમાં ફકત દેશની આવકમાં ઉતરોતર વધારો થવો એ જ વિકાસ નથી; પરંતુ રાષ્ટ્રીય ઉત્પાદનમાં વધારાની દૃષ્ટિએ આ દેશોમાં આર્થિક વિકાસ થતો હતો; પરંતુ ગરીબી, બેરોજગારી, આર્થિક અસમાનતા ઘટાડાની દૃષ્ટિએ કોઈ વિકાસ થતો ન હતો.

પ્રો. સીયર્સ ના મત પ્રમાણે,"વિકાસ એટલે, કોઈ રાષ્ટ્રનો વિકાસ થાય છે કે કેમ એ વિશે જાણવા માટે ગરીબી, બેરોજગારી, આર્થિક અસમાનતામાં ઉત્તરોત્તર ઘટાડો થતો હોય તો આર્થિક વિકાસ ગણાવી શકાય."

પ્રો. માઈકલ ટોડરોએ આર્થિક વિકાસના ખ્યાલને, 'બહુપરિમાણીય પ્રક્રિયા' તરીકે ઓળખાવે છે.

## 2.3 આર્થિક વિકાસની વ્યાખ્યાઓ :

આર્થિક વિકાસનો અર્થ સમય સાથે બદલાતો ગયો છે. તેની સાથે આર્થિક વિકાસની વ્યાખ્યાઓ પણ બદલાતી રહી છે.

1950-1960 ના દાયકામાં વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ એટલે આર્થિક વિકાસ.

**મેયર અને બાલ્ડવિનના** મતે,"જ્યારે અર્થતંત્રની વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં લાંબા સમયથી વધારો થતો હોય ત્યારે તેને આર્થિક વિકાસ કહી શકાય."

**પ્રો. મેચલયના** મતે, "ઉત્પાદનનાં સાધનો અને ઉત્પાદનની પદ્ધતિમાં એવા પરિવર્તનો લાવવા કે જેથી વધતી કે સ્થિર વસતીવાળા દેશોમાં માથાદીઠ વાસ્તવિક આવકમાં સતત વૃદ્ધિ થયા કરે."

**પ્રો. વિલિયમ્સનના** મતે, "આર્થિક વિકાસ એટલે એવી પ્રક્રિયા છે કે જેમાં કોઈ એક દેશ કે પ્રદેશના લોકો પ્રાપ્ત સાધનોનો એવી રીતે ઉપયોગ કરે છે કે જેનાં દ્વારા વસ્તુઓ અને સેવાઓના માથાદીઠ ઉત્પાદનમાં સતત વધારો થાય."

બીજી એક વ્યાખ્યા પ્રમાણે, "અર્થતંત્રમાં યાંત્રિક અને સંસ્થાકીય ગોઠવણમાં પરિવર્તન થવાથી માથાદીઠ ઉત્પાદનમાં સતત વધારો થાય તેને આર્થક વિકાસ કહેવામાં આવે છે."

## 2.4 ભારતમાં આર્થિક વિકાસના નિર્દેશકો :

કોઈપણ દેશનો આર્થિક વિકાસ કેટલો થયો છે ? કેટલી ઝડપથી થાય છે ? તે અંગે માપ કાઢવા માટે કેટલાક પરિબળોને ધ્યાનમાં લેવામાં આવે છે; તેમને આર્થિક વિકાસના નિર્દેશકો કહે છે. અહિ ભારતમાં આર્થિક વિકાસના નિર્દેશકોની ચર્ચા કરવામાં આવી છે.

### 2.4.1 રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ :

રાષ્ટ્રીય આવક અને આર્થિક વિકાસ વચ્ચે ગાઢ સંબંધ છે. દેશની કુલ રાષ્ટ્રીય આવક તે દેશની આર્થિક વિકાસની કક્ષાનો નિર્દેશક છે. જો દેશની રાષ્ટ્રીય આવકમાં વધારો થાય તો દેશનાં આર્થિક વિકાસમાં વધારો થાય છે. આયોજન કાળના પ્રથમ દાયકામાં (1950-1980)ભારતની રાષ્ટ્રીય આવકમાં સરેરાશ 3.6 ટકાના દરે વધારો થયો હતો. આર્થિક વિકાસના માપદંડ માટે માત્ર નાણાકીય આવક જ નહીં; પરંતુ વાસ્તવિક આવક ચીજવસ્તુઓ સેવાઓને પણ ધ્યાનમાં લેવી જોઈએ. સમય જતાં નાણાકીય આવકમાં વધારો થતા ભાવ સપાટીમાં પણ જો વધારો થાય તો આર્થિક વિકાસ મુશ્કેલીમાં મુકાય છે આથી જો દેશમાં વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં વધારો થાય તો આર્થિક વિકાસ થયો ગણાય.

### 2.4.2 માથાદીઠ આવકમાં વૃદ્ધિ :

આર્થિક વિકાસનો આધાર માત્ર રાષ્ટ્રીય આવક પૂરતો જ મર્યાદિત નથી; પરંતુ જો રાષ્ટ્રીય આવકમાં વધારો થાય તેની સાથે દેશની વસ્તીમાં ઉતરોતર વધારો થાય છે. પરંતુ માથાદીઠ આવકમાં વધારો થવાને બદલે ઘટાડો થાય છે. આથી આર્થિક વિકાસના નિર્દેશક તરીકે રાષ્ટ્રીય આવકની જ સરખામણી નહી પરંતુ માથાદીઠ આવકની સરખામણી વધુ વિશ્વસનીય છે. જે દેશની માથાદીઠ આવક વધુ એ દેશનો આર્થિક વિકાસ વધુ અને જે દેશની માથાદીઠ આવક ઓછી એ દેશનો આર્થિક વિકાસ ઓછો વિશ્વના વિવિધ દેશોમાં મોટાભાગે અનેક પરિવર્તનોને કારણે આર્થિક વિકાસ થયેલો છે અને જીવન ધોરણમાં પણ સુધારો થયો છે અને લોકોને પ્રાપ્ત થતા જીવનધોરણનો એક માપદંડ માથાદીઠ આવક છે.

વિકાસમાન દેશોમાં રાષ્ટ્રીય આવક અને વસ્તી ગણતરીના વૈજ્ઞાનિક ધોરણો ન અપનાવાતા હોવાથી સાચી માથાદીઠ આવક માપી શકાતી નથી. આ ઉપરાંત સરેરાશ માથાદીઠ આવક વધી હોય, પરંતુ કલ્યાણલક્ષી આવકની વહેંચણી ના થઈ હોય તો આર્થિક વિકાસ થયો ન ગણાય આ માપદંડમાં આર્થિક વિકાસનાં જથ્થાત્મક પાસાને ધ્યાનમાં લેવાય છે.

### 2.4.3 જીવનની ભૌતિક ગુણવત્તાનો સૂચક આંક (Physical Dvality of Life Index (P.Q.L.I.))

આર્થિક વિકાસનો હેતુ હંમેશા લોકોનાં જીવન ધોરણમાં ભૌતિક ગુણવત્તામાં સુધારો કરવાનો હોય છે. આર્થિક વિકાસ અપેક્ષિત આયુષ્ય, બાળમૃત્યુ પ્રમાણ અને શિક્ષણનું પ્રમાણ એ નિર્દેશકો દ્વારા એક જ સૂચક આંકમાં ભેગા કરી રજૂ કરવાથી ભૌતિક ગુણવત્તાનો સૂચકઆંક પ્રાપ્ત કરી શકાય. આ આંક તૈયાર કરવા પાછળ એવો તર્ક છે કે સમાજના નીચલા વર્ગની

પાયાની જરૂરિયાતો સંતોષાશે તો તેમનું જીવન ધોરણ સુધરતાં અપેક્ષિત આયુષ્યનું પ્રમાણ વધશે, બાળ મૃત્યુનું પ્રમાણ ઘટશે અને શિક્ષણનું પ્રમાણ વધે છે આથીં.ઊ.ને.'કોઈપણ દેશની આર્થિક વિકાસની કક્ષા અને પ્રગતિ જાણવાનો એક મહત્ત્વનો નિર્દેશાંક બને છે.

#### 2.4.3.1 સરેરાશ અપેક્ષિત આયુષ્ય :

1960ના વર્ષમાં સમગ્ર વિશ્વમાં સરેરાશ આયુષ્ય સૌથી વધુ સ્વીડનમાં 73 વર્ષનું હતું, તેથી 73 વર્ષનો 100 નો આંક આપવામાં આવે છે; જ્યારે આજ વર્ષમાં વિશ્વમાં સરેરાશ આયુષ્ય સૌથી

ઓછું અંગોલમાં 33 વર્ષનું હતું. આથી 33 વર્ષને 1 આંક આપવામાં આવે છે. આ બે મર્યાદા વચ્ચે આયુષ્ય ધરાવતા દેશોને પ્રમાણાનુસાર આંક આપવામાં આવે છે.

**2.4.3.2 બાળમૃત્યુ પ્રમાણ :**

1960ના વર્ષમાં સ્વીડનમાં બાળમરણનું પ્રમાણ સૌથી ઓછું 17વર્ષનું હતું. તેથી 17 ને 100 આંક આપવામાં આવે છે; જ્યારે બાળમરણનો સૌથી ઊંચો દર 263નો અપરવોલ્ટામાં હતો; તેથી તેને 1 આંક આપવામાં આવ્યો હતો આ બે મર્યાદા વચ્ચે જુદાં જુદાં બાળમરણના દર પ્રમાણનુસાર આંક આપવામાં આવે છે.

**2.4.3.3 શિક્ષણ :**

શિક્ષણની દષ્ટિએ સ્વીડનમાં સૌથી વધુ 100 ટકા શિક્ષિતોનું પ્રમાણ હતું. તેથી તેમાં તેને 100 ગુણ આપવામાં આવ્યા હતાં; જ્યારે નાઈજીરની 1 ટકો વસ્તી શિક્ષિત હતી; તેથી 1 આંક આપવામાં આવેલો.

આ ત્રણે ધોરણને એક સરખુ મહત્ત્વ આપી સરેરાશ એક સંયુક્ત નિર્દેશાંક બનાવવામાં આવ્યો છે. P.Q.L.I.ના માપદંડ અનુસાર દુનિયામાં સૌથી અગ્રગણ્ય સ્વીડન છે.

**2.4.4 આર્થિક વિકાસ આંક Economic Development Index (E.D.I.) :**

આર્થિક વિકાસ આંકમાં વ્યક્તિદીઠ આવકનો સમાવેશ કરવામાં આવતો હોવાથી આર્થિક વિકાસનો વધુ આધાર આંક મેળવી શકાય છે. ભારતમાં ‘નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક રિસર્ચ’ (NCAER) E.D.I.તરીકે ઓળખાતું એક નવું માપ રજૂ કર્યું છે ‘E.D.I.’નાં ત્રણ ઘટકો છે.

(1) સ્વાસ્થ્યના ક્ષેત્રમાં પ્રાપ્તિ આંક

(2) શિક્ષણના ક્ષેત્રમાં ઉપલબ્ધિનો આંક

(3) વ્યક્તિદીઠ આવક

આ ત્રણે ઘટકોનો સમાવેશ કરીને વાર્ષિક સરેરાશ વૃદ્ધિ દરની ગણતરી કરી શકાય. ભારતના આર્થિક વિકાસ દરની ગણતરી મુખ્ય 1970ના દાયકા દરમિયાન સરેરાશ વાર્ષિક વિકાસ દર સ્વાસ્થ્યક્ષેત્રે 2.74નો રહ્યો હતો. શિક્ષણક્ષેત્રે સરેરાશ વાર્ષિક વિકાસ દર 4.86 નો રહ્યો. વ્યક્તિદીઠ આવક આવકનું પ્રમાણ 3.56 હતું અને આર્થિક વિકાસ આંક 3. 79નો રહ્યો હતો. 1990માં ભારતનો વાર્ષિક વિકાસ દર સ્વાસ્થ્યક્ષેત્રે 2.47,શિક્ષણક્ષેત્રે 3.46, વ્યક્તિદીઠ આવક 3.24 રહી હતી અને આર્થિક વિકાસ આંક 3.24 નો રહ્યો હતો.

**2.4.5 માનવ વિકાસ આંકમાં વૃદ્ધિ (H.D.I.) :**

1990 થી ‘યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ’(U.N.D.P) દ્વારા આર્થિક વિકાસના નિર્દેશક તરીકે H.D.I. બહાર પાડવામાં આવે છે. આવકનો નિર્દેશાંક આર્થિક હતો;જ્યારે P.Q.L.Iનો નિર્દેશાંક સામાજિક હતો. H.D.I. માં આ બન્ને બાબતો ધ્યાનમાં લેવાઈ છે. માનવવિકાસ આંકના આધારે જુદાં જુદાં દેશોમાં થતાં વિકાસના પ્રયત્નોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

**(1)** **આયુષ્ય :** જન્મ સમયે વસતીનું અપેક્ષિત આયુષ્ય નક્કી કરવું. સામાન્ય રીતે 40 વર્ષથી ઓછું અપેક્ષિત આયુષ્ય હોય તો તંદુરસ્તીથી વંચિત ગણાય છે.

**(2)** **શિક્ષણ :** જ્ઞાનનું પ્રમાણ જાણવા પુખ્ત શિક્ષિતોની ટકાવારી કેવી છે તે ધ્યાનમાં લેવાય છે. 15 વર્ષ અને તેથી વધુ ઉંમરની વ્યક્તિઓના શિક્ષણને ધ્યાનમાં લેવાય છે.

**(3)** **સારું જીવન ધોરણ :** સારું જીવન ધોરણ એટલે શુદ્ધ પીવાના પાણીની સગવડ, આરોગ્ય વિષયક સેવાઓ, સેનિટેશનની સેવા વગેરે ગણાવી શકાય. સારા જીવન ધોરણનો આધાર

આવક ઉપર છે. આવકનો સૂચકઆંક માથાદીઠ G.N.I. (Gross National Income), P.P.P.ના ધોરણે માપવામાં આવે છે.

2011નો H.D.I.માં વિશ્વના 187 દેશોને આવરી લેવાયા છે.

| | | |
|---|---|---|
| સૌથી વધુ માનવ વિકાસ | - | 0.889 |
| વધુ માનવ વિકાસ | - | 0.741 |
| મધ્યમ માનવ વિકાસ | - | 0.630 |
| નીચો માનવ વિકાસ | - | 0.456 |

જ્યારે સમગ્ર વિશ્વના સરેરાશ H.D.I. નું મૂલ્ય 0.682 છે.

પ્રાદેશિક દષ્ટિએ H.D.I.નું મૂલ્ય 2011 માં

| | | |
|---|---|---|
| આરબ સ્ટેટસ્ | - | 0.641 |
| ઈસ્ટ એશિયા અને પેસિફિક | - | 0.671 |
| યુરોપ અને સેન્ટ્રલ એશિયા | - | 0.751 |
| લેટીન અમેરિકા અને કેરેબીયન | - | 0.731 |
| સાઉથ એશિયા | - | 0.548 |
| સબ-સહારન આફ્રિકા | - | 0.463 |

2011માં ભારતનો H.D.I 0.547 છે અને તેનો ક્રમાંક 134 મો છે. જન્મ સમયનું અપેક્ષિત 65.4 વર્ષનું છે. માથાદીઠ G.N.I./P.P.P. ધોરણે ગણતાં 3468 ડોલર છે.

**2.4.6 ઉત્પાદન પદ્ધતિમાં સુધારો :**

ઝડપી આર્થિક વિકાસ થતો હોય ત્યારે ઉત્પાદન પદ્ધતિમાં મોટા પ્રમાણમાં પરિવર્તનો થતાં જોવા મળે છે માથાદીઠ આવકનો વધારો, કૃષિ ઉત્પાદનમાં વધારો, ઉદ્યોગક્ષેત્રે નવી નવી ટેક્નોલોજી અને પદ્ધતિઓ અપનાવીને લાવવામાં આવ્યો હોય તો જ આર્થિક વિકાસ થયો છે તેમ કહી શકાય. આર્થિક વિકાસની સાબિતી તરીકે અર્થતંત્રના વિવિધ ક્ષેત્રે વપરાતી ઉત્પાદન પદ્ધતિઓ તપાસવી જોઈએ. આમ, આર્થિક વિકાસ દરમિયાન ઉત્પાદન પદ્ધતિમાં સુધારો થતો જોવાં મળે છે.

**2.4.7 ટેક્નોલોજીમાં પરિવર્તન :**

આર્થિક વિકાસનો મુખ્ય આધાર દેશની ટેક્નોલોજીમાં થયેલ ક્રાંતિકારી પરિવર્તન છે. દેશ જ્યારે પછાત હોય ત્યારે પરંપરાગત અને જૂની ટેક્નોલોજી દ્વારા ઉત્પાદન થતું હોય છે. આવા સમયમાં પાણી અને લાકડા પર આધારિત ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે.

આર્થિક વિકાસ થતાં કોલસા અને લોખંડ પર આધારિત ટેક્નોલોજી શરૂ થાય છે અને ધીમે ધીમે તેલ, વીજળી, અણુશક્તિ, ઇલેક્ટ્રોનિક પર આધારિત ટેક્નોલોજીનો ઉપયોગ થવા લાગ્યો છે. જેની સાથે દેશમાં ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન વધે છે પરિણામે આર્થિક વિકાસનો દર ઝડપથી ઊંચો જાય છે.

**2.4.8 શ્રમની ગતિશીલતામાં વધારો :**

આર્થિક સ્થગિતતાનું કારણ શ્રમની સ્થગિતતા ગણાવી શકાય. દેશનો આર્થિક વિકાસ થતા દેશની કેટલીક વસ્તુઓની માંગમાં પરિવર્તન થાય છે; જેથી શ્રમ ગતિશીલ બને છે જ્યાંથી માંગ ઘટે છે. ત્યાંથી, જ્યાં માંગ વધે છે તે પેઢીઓમાં શ્રમ જાય છે. શ્રમની માંગના પ્રકારમાં પર ફેરફારો થાય

છે. જેથી કેટલાક પ્રકારના શ્રમિકો બેકાર બને છે. આ બેકાર શ્રમિકોને સંપૂર્ણ તાલિમ આપી રોજગારી આપવામાં આવે છે. તેનાથી શ્રમ ગતિશીલ બને છે; આથી દેશનો આર્થિક વિકાસ થતા શ્રમની ગતિશીલતામાં પણ વધારો થાય છે.

### 2.4.9 પાયાની જરૂરિયાતોની પ્રાપ્તિ :

સમાજની દરેક વ્યક્તિને પાયાની જરૂરિયાતોની પ્રાપ્તિ થાય તો સાચો આર્થિક વિકાસ થયો કહેવાય. જેવી કે પીવાનું પાણી, ખોરાક, વસ્ત્રો, રહેઠાણ, શિક્ષણ, આરોગ્ય વગેરે પાયાની જરૂરિયાતો ગણાવી શકાય દરેક દેશમાં પાયાની જરૂરિયાતોની પ્રાપ્તિનાં કેટલાંક લઘુતમ ધોરણો (Minimum Standards) નક્કી કરવામાં આવે છે; જેને પરિમાણાત્મક રીતે રજૂ કરવામાં આવે છે. દેશની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક કેટલી છે અને તે કયા દરે વધે છે તે જાણી શકાય છે. જેમ જેમ વધુ ને વધુ લોકોને લઘુતમ જરૂરિયાતો મળતી રહે તેમ તેમ દેશનો આર્થિક વિકાસ થાય છે.

### 2.4.10 વિવિધ ક્ષેત્રોમાં ઉત્પાદનનાં વલણોમાં પરિવર્તન :

આર્થિક વિકાસ થતા દેશમાં ખેતી, ઉદ્યોગ વેપાર વગેરે ક્ષેત્રે પેઢીના કદમાં થતું પરિવર્તન આર્થિક વિકાસનો માપદંડ ગણાવી શકાય. દેશ જ્યારે અલ્પવિકસિત અને પછાત હોય છે; ત્યારે ઉત્પાદન નાના પાયે થતું હોય છે. અલ્પવિકસિત અર્થતંત્રની મુખ્ય પ્રવૃતિ ખેતી છે. ત્યારે નાના ખેતરો અને નાના ખેડૂતોનુ પ્રમાણ વધુ હોય છે. પરંતુ દેશમાં જેમ જેમ આર્થિક વિકાસ થતો જાય છે તેમ તેમ નાના ખેતરો અને નાની પેઢીઓની જગ્યાએ મોટા ખેતરો અને મોટી પેઢીઓનું પ્રમાણ વધે છે. આથી પેઢીઓના કદ અને સ્વરૂપમાં પરિવર્તન આવતા નવી ટેક્નોલોજીનો ઉપયોગ વધતો જાય છે; પરિણામે આર્થિક વિકાસને વેગ મળે છે.

## 2.5 ઉપસંહાર :

આર્થિક વિકાસના માપદંડ સમયાનુસાર બદલાયા છે. શરૂઆતમાં આવકનાં માપદંડનો વધુ ઉપયોગ થયો છે. ત્યાર બાદ P.Q.L.I.નોનિર્દેશક સામાજિક બાબતો ઉપર આધારિત હતો; ત્યાર બાદ આર્થિક વિકાસ થતા U.N.D.P. દ્વારા H.D.I. વિકસાવવામાં આવ્યો; જે સમગ્રસમાજના વિકાસનો ખ્યાલ આપે છે. આવા આર્થિક વિકાસ થતાં ઉત્પાદન પદ્ધતિમાં પરિવર્તનો આવ્યા છે. શ્રમની ગતિશીલતામાં વધારો થતો જોવા મળે છે અને આર્થિક વિકાસ થતા સમાજના દરેક લોકોની પાયાની જરૂરિયાતો પ્રાપ્ત થતી જોવામળે છે અને પેઢીનો વિકાસ થતો જોવા મળે છે.

**સ્રોત :**


(1) Economics of Growth & Development, Granth Nirman board.

(2) Economics Development, Stephen C smith

(3) Development Economics, Debraj Ray


## 2.6 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. આર્થિક દૃષ્ટિએ 'વિકાસ' એ શું છે ?

   (A) સામાજિક પરિવર્તન (B) રાજકીય પરિવર્તન

   (C) આર્થિક પરિવર્તન (D) સંસ્થાકીય પરિવર્તન

2. અલ્પવિકસિત દેશોની મુખ્ય સમસ્યા કઈ છે ?

   (A) વણ વપરાયેલ સાધનો (ઉત્પાદન) (B) વિકસિત સાધનનો વધુ વિકાસ

   (C) ગરીબીની સમસ્યા (D) ઉત્પાદન માળખામાં અવ્યવસ્થા

3. ભારત જેવા વિકાસશીલ દેશોના લોકોની માથાદીઠ આવક કેવી છે ?

(A) નીચી (B) વધુ

(C) મધ્યમ (D) ઉપરોક્ત એકપણ નહીં

4. કયા સમાજશાસ્ત્રીએ આર્થિક વિકાસને 'બહુપરિમાણીય પ્રક્રિયા' ઓળખાવી છે ?

(A) પ્રો. સીયર્સ (B) પ્રો. માઇકલ ટોડરો

(C) મેયર (D) પ્રો. વિલિયમ્સ

5. આર્થિક વિકાસ આંકમાં શેનો સમાવેશ થાય છે ?

(A) વ્યક્તિદીઠ આવક (B) દેશની વસ્તી

(C) GDP દર (D) સાક્ષરતા દર

## 2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (C) આર્થિક પરિવર્તન
2. (A) વણ વપરાયેલ સાધનો (ઉત્પાદન)
3. (A) નીચી
4. (B) પ્રો. માઇકલ ટોડરો
5. (A) વ્યક્તિદીઠ આવક

## 2.8 ચાવીરૂપ શબ્દો :

- **વિકાસ :** ઉત્પાદનના માળખા તથા દરેક ક્ષેત્રવાર નીપજ ઘટકોની વહેંચણીમાં ફેરફાર કરવો તે.
- **આર્થિક વિકાસ :** અર્થતંત્રની વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં લાંબા સમયથી વધારો થતો હોય તે.
- **આર્થિક વિકાસ આંક :** વ્યક્તિદીઠ ઉપલબ્ધ આવક, સ્વાસ્થ્ય ક્ષેત્રે પ્રાપ્તિ આંક અને શિક્ષણ ક્ષેત્રે ઉપલબ્ધિ આંકનો સરવાળો.

## 2.9 સ્વાધ્યાય લેખન (Assignment)

1. આર્થિક વિકાસનો અર્થ સ્પષ્ટ કરો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

2. આર્થિક વિકાસના નિર્દેશક તરીકે જીવનની ભૌતિક ગુણવત્તાનો સૂચકઆંક સમજાવો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

...................................................................................

...................................................................................

3. આર્થિક વિકાસના નિર્દેશક તરીકે આર્થિકવિકાસ આંક (H.D.I.) સમજાવો.

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

4. માનવવિકાસ આંકની સમજૂતી આપો.

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

5. સરેરાશ અપેક્ષિત આયુષ્યની સમજૂતી આપો.

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

## 2.10 પ્રવૃત્તિ (Activities)

1. આર્થિક વિકાસના સંદર્ભમાં ભારત જેવા વિકાસશીલ દેશની સરખામણીએ કોઈપણ બે વિકસિત દેશોના આર્થિક વિકાસના નિર્દેશકો વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
2. માનવવિકાસ આંકમાં વૃદ્ધિ ધરાવતા વર્ષ-2018માં પ્રથમ પાંચ નંબરમાં સ્થાન મેળવેલ દેશોની આંકડાકીય માહિતી સાથેની સૂચિ તૈયાર કરો.

## 2.11 કેસસ્ટડી (Case Study)

1. ભારત જેવા વિકાસશીલ દેશમાં આર્થિક વિકાસમાં અવરોધરૂપ સમસ્યાઓ સંદર્ભે તમારા મંતવ્યો રજૂ કરો.
2. માનવવિકાસ આંકમાં વૃદ્ધિ થવાથી દેશના નાગરિકો પર કેવી અસર થાય છે તેની ચર્ચા કરો.

## 2.12 સંદર્ભગ્રંથ :


(1) Economic of Development, Michel P. Todaro

(2) Introduction to Economic Growth, Charles Jones

(3) Development Economics, Bebraj Ray

(4) Development and Planning theory and Practice, Mishra and Puri

(5) Economics of Development and Planning, M.L.Jhingan

| એકમ–3 | આર્થિક આયોજન |
|---|---|

## : એકમનું માળખું :

3.0 એકમના હેતુઓ

3.1 આર્થિક આયોજનની વ્યાખ્યાઓ

3.2 પ્રવર્તમાન સરકાર અંતર્ગત ભારતીય આયોજનનાં હેતુઓ

3.3 ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણ

3.4 ઉપસંહાર

3.5 તમારી પ્રગતિ ચકાસો

3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

3.7 ચાવીરૂપ શબ્દો

3.8 સ્વાધ્યાય લેખન (Assignment)

3.9 પ્રવૃત્તિ (Activities)

3.10 કેસસ્ટડી (Case Study)

3.11 સંદર્ભ ગ્રંથ

### 3.0 એકમના હેતુઓ

આર્થિક આયોજનનો ખ્યાલ ભારત માટે નવો નથી; બ્રિટીશ શાસનનાં સમયગાળાથી આ આયોજનનો ઉપયોગ થઇ રહ્યો છે; જેમાં અહેવાલો પ્રાપ્ત થયા છે. ત્યારબાદ ભારતમાં સૌ પ્રથમ આર્થિક આયોજનનો વિચાર લાવનાર ઈજનેર શ્રી એમ.વિશ્વસરૈયા હતાં. જેમણે પોતાના પુસ્તક દ્વારા ભારતમાં આવનાર દસ વર્ષમાં આયોજન કઇ રીતે કરવું એ વિશેની માહિતી આપેલ હતી. ત્યારબાદ ભારતીય અર્થવ્યવસ્થા જળવાઇ રહે અને આર્થિક વિકાસના હેતુને ધ્યાનમાં રાખી આંતરરાષ્ટ્રીય ધોરણે વ્યાપાર સંબંધી ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણનો ખ્યાલ વિકસાવ્યો; જેના દ્વારા આર્થિક વિકાસને વેગ પ્રાપ્ત થઇ રહે.

(A) ‘આયોજન’ શબ્દ માત્ર સાધનો રહેવા માટેની બિલ્ડિંગો અને સિનેમાઘરો તથા એવા જ ભૌગોલિક પરિક્ષેત્ર અર્થાત્ ક્ષેત્ર રચના સાથે સંબંધિત છે. ક્યારેક ક્યારેક તેને નગર તથા ગ્રામ આયોજન અને કયારેક માત્ર આયોજન કહેવામાં આવે છે.

(B) ‘આયોજન’ નો અર્થ એ નક્કી કરવાનો છે કે, જો સરકાર પાસે ખર્ચ કરવા માટે નાણા હોય; તો તે ભવિષ્યમાં શું આ નાણાંનો વ્યય કરશે ?

(C) ‘યોજનાબદ્ધ અર્થવ્યવસ્થા’ એ હોય છે; જેમાં ઉત્પાદનનાં પ્રત્યેક એકમ (પેઢી) માત્ર મનુષ્યો, માલ તથા ઉપકરણોના સાધનોનો પ્રયોગ કરે છે. જે કવોટા દ્વારા એના માટે નિયત કરવામાં આવ્યા છે અને પોતાનું ઉત્પાદન માત્ર એ જ વ્યક્તિઓ અથવા પેઢીઓને આપે છે, જે કેન્દ્રિય આદેશ દ્વારા નિશ્ચિત કરેલ હોય.

(D) કયારેક ‘આયોજન’ નો અર્થ એવો થાય છે કે સરકારી, ખાનગી અથવા સાર્વજનિક ઉદ્યોગ માટે કોઈ ઉત્પાદન લક્ષ્યાંક નક્કી કરી દે છે. મોટા ભાગની સરકારો આ પ્રકારનું આયોજન

ક્યાંય-ક્યાંક અપનાવે છે અથવા માત્ર એક કે બે એવા ઉદ્યોગો અથવા સેવાઓ માટે જેને સરકાર ખૂબ જ મહત્ત્વ આપતી હોય.

(E) કેટલીક વખત સમગ્ર અર્થવ્યવસ્થા માટે લક્ષ્યાંક નક્કી કરી દેવામાં આવે છે જેનો ઉદ્દેશ્ય એ હોય છે કે અર્થવ્યવસ્થાની વિવિધ શાખાઓમાં સમગ્ર દેશનો શ્રમ, વિદેશી મુદ્રા, કાચોમાલ તથા અન્ય સાધનોનું વિભાજન કરી શકાય.

(F) ક્યારેક 'આયોજન' શબ્દનો ઉપયોગ એવા સાધનોનું વર્ણન કરવા માટે થાય છે; જેમને સરકાર જે તે હેતુ માટે કામમાં લાવે છે. સાથે જ તે લક્ષ્યાંકોને ખાનગી ઉદ્યોગો પર લાગુ કરવાનો પ્રયત્ન કરે છે, જે પહેલેથી જ નિર્ધારિત કરી દેવામાં આવ્યાં છે.

પરંતુ ફર્ડીનૅન્ડ જવેગનાં મત મુજબ, 'આયોજન'નો અર્થ "સમગ્ર અર્થવ્યવસ્થાનાં આયોજન સાથે છે, નહી કે અર્થવ્યવસ્થાની અંદર આયોજન માટે."આ માત્ર નગરો, સાર્વજનિક નિર્માણ-કાર્યો અથવા રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાનાં અલગ-અલગ વર્ગોના નહી પરંતુ, સમગ્ર અર્થવ્યવસ્થાનું આયોજન હોય છે. આ પ્રકારે આયોજનનો અર્થ વિભાગોમાં આયોજન નહી પરંતુ, અર્થવ્યવસ્થાનું સમગ્રલક્ષી આયોજન છે.

## 3.1 આર્થિક આયોજનની વ્યાખ્યાઓ :

- "આર્થિક આયોજન ઉત્પાદન તથા વિનિમયની વ્યક્તિગત ક્રિયાઓનું સામૂહિક નિયંત્રણ છે."
- "કેન્દ્રીય સત્તાધિકારી દ્વારા ઉત્પાદકીય ક્રિયાઓનું નિર્દેશન." *- હેક*
- "વ્યાપક અર્થમાં આયોજન એટલે મોટા-મોટા સાધનોના કાર્યભારીવ્યક્તિઓ દ્વારા આર્થિક ક્રિયાઓનો નિશ્ચિત કરેલ લક્ષ્યો તરફ આયોજિત નિર્દેશન." *- ડાલ્ટન*
- "આર્થિક આયોજન આર્થિક સંગઠનની એવી યોજના છે; જેમાં વ્યક્તિગત તથા અલગ-અલગ પ્લાન્ટ, ઉદ્યોગનાં સમન્વિત એકમો છેતેથી એક નિશ્ચિત સમયની અંદર લોકોની જરૂરિયાતોની વધુમાં વધુ સંતુષ્ટિ માટે ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરવામાં આવે."

  ***- લૂઈસ લાર્ડવીન***
- "આર્થિક સાધનોનું સંગઠન તથા ઉપયોગ કરવા માટે લોક સત્તાધિકારીઓનાં કાર્યોનો વિસ્તાર કરવામાં જ આર્થિક આયોજનનું હિત છે. આર્થિક આયોજનોનું તાત્પર્ય તથા પરિણામ રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાનું કેન્દ્રીયકરણ હોય છે."

  ***- જવેગ***
- "આયોજનમાં પ્રમુખ આર્થિક નિર્ણય કરવો કે કઈ વસ્તુનું તથા કેટલી માત્રામાં ઉત્પાદન કરવામાં આવે, કયારે અને કયાં ઉત્પાદન થાય અને સમગ્ર અર્થવ્યવસ્થાનાં વ્યાપક સર્વેક્ષણનાં આધારે નિર્ણાયક સત્તાધિકારીનાં સાવચેતીપૂર્વકનાં નિર્ણય અનુસાર તે ઉત્પાદનને કેવી રીતે વિભાજિત કરી શકાય."
- આયોજનનાં અર્થ સંદર્ભે અર્થશાસ્ત્રીઓમાં મતભેદ હોવા છતાં પણ અર્થશાસ્ત્રીઓ સમજે છે તે પ્રમાણે આર્થિક આયોજન એટલે, "નિશ્ચિત સમયમાં નક્કી કરેલા લક્ષ્યાંકોની પ્રાપ્તિનાં હેતુથી કેન્દ્રીય સત્તાધિકારી દ્વારા અર્થવ્યવસ્થાનું આયોજીત નિયંત્રણ તથા નિયમન."

## 3.2 પ્રવર્તમાન સરકાર અંતર્ગત ભારતીય આયોજનનાં હેતુઓ :

આર્થિક આયોજનનો ખ્યાલ ભારત માટે સાવ નવો નથી. બ્રિટીશ શાસન દરમિયાનથી જ ભારતમાં આર્થિક આયોજન માટેનો વિચાર અને તે દિશામાં નોંધપાત્ર કાર્ય શરૂ થયુ હોવાનાં અહેવાલ

છે. ભારતમાં આયોજનનો સૌ-પ્રથમ વિચાર વિખ્યાત ઈજનેર શ્રી એમ. વિશ્વેસરૈયાએ કર્યો હતો. 1934માં પ્રગટ થયેલા તેમનાં પુસ્તક "Planned Economy For India" માં તેમણે ભારતનાં આર્થિક વિકાસ માટેની એક દસ વર્ષની યોજનાની રૂપરેખા આપી હતી. ત્યારબાદ 1937 માં રાષ્ટ્રીય કોંગ્રેસ પંડિત નેહરુનાં અધ્યક્ષપદ હેઠળ એક રાષ્ટ્રીય આયોજન સમિતિની રચના કરી હતી. આ સમિતિનાં મંત્રી તે વખતના વિખ્યાત અર્થશાસ્ત્રી પ્રો. કે.ટી.શાહ હતા. ઓક્ટોબર 1946 માં આયોજનનાં પ્રશ્નની સર્વગ્રાહી સમીક્ષા કરવા માટે તથા સરકારને તે અંગે યોગ્ય ભલામણો કરવા માટે કે.સી. નિયોગીનાં અધ્યપક્ષ પદ હેઠળ એક સલાહકાર આયોજન બોર્ડની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ ડિસેમ્બર, 1946 માં સુપરત કરેલા તેનાં અહેવાલમાં કાયમી ધોરણે એક આયોજન પંચની નિમણૂક કરવા માટેની ભલામણ કરી હતી. જે અન્વયે માર્ચ, 1950 માં 'આયોજન પંચ'ની રચના કરવામાં આવી.

આયોજનનાં હેતુઓ સામાજિક અને આર્થિક હોય છે. જેનાં દ્વારા મુક્ત બજારની સમસ્યાઓ તથા નિષ્ફળતાઓને દૂર કરી શકાય. જેમ કે બેરોજગારી, વ્યાપાર-ચક્ર , ગરીબી, શોષણ, અસમાનતા વગેરે. આપણી બધી જ પંચવર્ષીય યોજનાના એકમના હેતુઓ મૂળભૂત રીતે જોતા લગભગ એક સરખા જ રહ્યાં છે. જો કે આ એકમના હેતુઓ પર મૂકવામાં આવેલો ભાર વખતો વખત બદલાતો રહ્યો છે. ઉદાહર તરીકે પ્રત્યેક યોજનાનો હેતુ રાષ્ટ્રીય આવકમાં લગભગ 5 %જેટલો વાર્ષિક વધારો મેળવવો, સ્થિરતાપૂર્વક અને સામાજિક ન્યાય સાથેનો આર્થિક વિકાસ સાધવો વગેરે. અલબત, કેટલાંક અર્થશાસ્ત્રીઓનાં અભિપ્રાય મુજબ આપણા આયોજનમાં હેતુઓનો અગ્રતાક્રમ બદલાતો રહ્યો છે. શરૂઆતમાં આપણે આર્થિક વિકાસને વધુ અગ્રિમતા આપી હતી; પરંતુ ત્યારબાદ સામાજિક ન્યાય, એટલે કે વહેંચણીનાં પાસા પરત્વે વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ અને તાજેતરમાં ફરી એકવાર આર્થિક વિકાસને વધુ અગ્રિમતા આપવાની જરૂરિયાત સ્વીકારાઈ છે. ભારતીય આયોજનનાં મહત્ત્વપૂર્ણ હેતુઓ નીચે પ્રમાણે છે.

**(1) પૂર્ણ રોજગારી :**

આર્થિક આયોજનનો એક મુખ્ય હેતુ બેરોજગારીને સમાપ્ત કરવી તથા અર્થવસ્થામાં પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવાનો હોય છે. દરેક દેશ પછી તે મૂડીવાદી હોય કે સમાજવાદી, પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવા માટે પ્રતિબદ્ધ, કટિબદ્ધ તથા અગ્રેસર હોય છે. ભારત જેવાં વિકાસશીલ દેશોની યોજનાઓમાં રોજગારીનાં સાધનોમાં વૃદ્ધિ કરીને બેરોજગારી દૂર કરવી તથા પૂર્ણ રોજગારીનાં સ્તર સુધી પહોંચવાનો એક મહત્ત્વપૂર્ણ હેતુ હોય છે. જ્યાં માનવશ્રમ વિપુલ પ્રમાણમાં છે; ત્યાં રોજગારીની તકોમાં વધારો કરીને માનવશક્તિનો શકય હોય તેટલો પૂર્ણ ઉપયોગ કરવો જોઈએ.

**(2) અસમાનતાઓ દૂર કરવી :**

મૂડીવાદી અર્થવ્યવસ્થામાં વિકાસની સાથે-સાથે આવક માત્ર થોડાંક વ્યક્તિઓનાં હાથમાં કેન્દ્રીત થતી હોય છે; જેને દૂર કરવી એ યોજનાબદ્ધ અર્થવ્યવસ્થાનો હેતુ હોય છે. જેના માટે રાજ્ય એવા પગલાં લે છે કે જેથી આવકનું વિભાજન સમાન રૂપથી થાય. આ અંતર્ગત સામાજિક સેવાઓનો વિકાસ તથા વિસ્તાર કરવામાં આવે છે તથા વધુ કર અને ઈજારા વિરૂદ્ધ કાયદા દ્વારા નિયંત્રણ લગાવવામાં આવે છે.

**(3) ગરીબી નિવારણ :**

મૂડીવાદી અર્થવ્યવસ્થામાં ગરીબી સૌથી મોટો દોષ છે જેને માત્ર લાંબા સમયે યોજનાઓ દ્વારા જ સમાપ્ત કરી શકાય છે. મોટાભાગે વિકાસશીલ અર્થવ્યવસ્થાઓમાં ગરીબીનું દુશ્ચક્ર, બેરોજગારી તથા અસમાનતાઓ સાથે સંબંધિત હોય છે. માટે યોજનાઓનાં હેતુઓમાં ગરીબી નિવારણ પણ

અગત્યતા ધરાવે છે. ભારતીય યોજનાઓના આ ત્રણેય મુખ્ય હેતુઓ છે.

**(4) સાધનોનો ઈષ્ટ ઉપયોગ :**

યોજના અંતર્ગત દેશનાં સાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરવો અનિવાર્ય છે. સાધનોનો ઉપયોગ સુવ્યવસ્થિત તથા નિયંત્રિત રીતે કરવામાં આવે તો તેનો બગાડ ન થાય તથા ઉત્પાદનમાં વધારો થઈ શકે; માટે યોજનાઓમાં લક્ષ્યાંકોને પૂર્વ નિર્ધારીત કરી તેના અનુસાર સાધનોનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે છે.જેમ કે, ખનીજ, વન, પાણી, વીજળી તથા માનવીય સાધનો વગેરે.

**(5) સંતુલિત પ્રાદેશિક વિકાસ :**

યોજનાનો એક મુખ્ય હેતુ સમતોલ પ્રાદેશિક વિકાસ સાધવાનો હોય છે. રશિયા તથા અમેરિકાએ પ્રાદેશિક અસમાનતાઓને દૂર કરવાના હેતુથી યોજનાઓ બનાવી હતી. ભારતની પંચવર્ષીય યોજનાઓમાં પણ સમતોલ પ્રાદેશિક વિકાસનો હેતુ જોવા મળે છે. દરેક દેશમાં કેટલાંક પ્રદેશ વિકસિત હોય છે અને કેટલાંક અવિકસિત આવી અસમતુલાને સમાપ્ત કરવા માટે ઔદ્યોગિક તથા ખેતી વિકાસ પર વધારે ભાર આપવામાં આવે છે. સાથે જ પરિવહનનાં સાધનો અને વીજળીનો વિકાસ પણ આવા પ્રદેશોમાં કરવામાં આવે છે.

**(6) ઝડપી આર્થિક વિકાસ :**

એ તો દેખીતું છે કે ભારત જેવા અલ્પવિકસિત દેશોમાં આયોજનનો હેતુ દેશનો ઝડપી આર્થિક વિકાસ સાધી રાષ્ટ્રીય આવક તથા માથાદીઠ આવકમાં વધારો કરવાનો હોવો જોઈએ કારણ કે, ઝડપી આર્થિક વિકાસ સાધીને જ દેશનું આર્થિક પછાતપણું અને બેરોજગારી વગેરે દૂર કરી શકાય છે. આ માટે અર્થતંત્રમાં મૂડીરોકાણનો દર ઉત્તરોત્તર વધારવો અતિ આવશ્યક છે.

**(7) સ્વ-નિર્ભરતા/સ્વાવલંબન :**

સ્વાવલંબનનો હેતુ સર્વ પ્રથમ ત્રીજી પંચવર્ષીય યોજના(1961-66)માં સામેલ કરવામાં આવ્યો હતો; જે અન્વયે દેશનાં અર્થતંત્રને આગામી લગભગ એક દસકામાં આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાનો નિર્દેશ કરાયો હતો. વિકાસશીલ દેશો શરૂઆતમાં બધી જ વપરાશી તથા મૂડીગત વસ્તુઓ માટે વિકસિત દેશો પર આધાર રાખતા હોય છે. ત્રીજી પંચવર્ષીય યોજના દરમ્યાન આત્મનિર્ભરતાનાં ખ્યાલનું સંકુચિત અર્થઘટન કરીને તે વખતે અમેરિકાથી ँ .ન.480 અન્વયે થતી અનાજની આયાત ઘટાડવાનો તથા વિદેશી સહાય પરનો આધાર ઓછો કરવાનો હેતુ હતો. અત્રે નોંધનીય છે કે સ્વ. નિર્ભરતા એટલે શૂન્ય આયાત કે શૂન્ય વિદેશી સહાય એમ નહિ; એ જ રીતે સ્વાવલંબનનો ખ્યાલ નીચા વિકાસ દર સાથે પણ સંકળાયેલ નથી. સ્વાવલંબન એટલે,''એકધારા ઊંચા વિકાસના દર સાથે ગતિશીલ અને સંચારમુક્ત આત્મનિર્ભરતા અને તે આત્મનિર્ભરતાને આપણા પોતાનાં જ સાધનો દ્વારા ટકાવી રાખવાની ક્ષમતા.''

**(8) સામાજિક સુરક્ષા :**

આયોજનનો હેતુ સમાજમાં પ્રવર્તતી આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડો લાવી સામાજિક સુરક્ષાના આદર્શને મૂર્તિમંત કરવાનો છે. અહિં મહત્ત્વની બાબત એ જોવાની છે કે આર્થિક વિકાસનાં લાભની વહેંચણી સમાજનાં જુદાં-જુદાં વર્ગો વચ્ચે સમાન અને ન્યાયી ધોરણે થાય તથા આવક અને સંપત્તિની અસમાનતામાં ઉત્તરોત્તર ઘટાડો થતો રહે. તદ્ઉપરાંત સામાજિક સુરક્ષા અંતર્ગત આરોગ્ય, વિમા, આવાસ, મનોરંજન, યોગ્ય મજૂરી વગેરે પણ સમાવિષ્ટ હોય છે.

**(9) આર્થિક સ્થિરતા :**

દરેક અર્થવ્યવસ્થામાં આર્થિક ઉતાર- ચઢાવ થતા રહેતાં હોય છે. જેનુ મુખ્ય કારણ ઓછું કે

વધુ ઉત્પાદન હોય છે; આનાથી કયારેક કિંમતો વધવા લાગે છે અને કયારેક ઘટવા પામે છે. તેજી અને મંદીની અવસ્થા મુક્ત બજાર અર્થવ્યવસ્થાની વિશેષતા હોય છે, જેને આયોજન દ્વારા જ નિયંત્રિત કરી શકાય છે. વિશ્વનાં અનેક વિકાસમાન દેશોનો એવો અનુભવ રહ્યો છે કે આર્થિક વિકાસની પ્રક્રિયા દરમિયાન ફુગાવાજન્ય પરિબળો સર્જાય છે અને તે ઉત્તરોત્તર પ્રબળ બનવાનું વલણ ધરાવે છે. ફુગાવાકારી આ પરિબળોને જો સમયસર અંકુશિત કરવામાં ન આવે તો વિકાસની પ્રક્રિયા માટે તે અવરોધક સાબિત થાય છે.

**(10) આધુનિકીકરણ :**

સામાન્ય રીતે કહીએ તો આધુનિકીકરણ એટલે અદ્યતન, સુધારેલી અને છેલ્લામાં છેલ્લી શોધાયેલી ટેક્નોલોજીનો સ્વીકાર. વ્યવહારમાં તેનો અમલ કોઈપણ ક્ષેત્રની ઉત્પાદન પ્રવૃત્તિમાં વિજ્ઞાન અને યંત્ર વિદ્યાનો ઉપયોગ ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો લાવી ઊંચો આર્થિક વિકાસદર સાધવામાં સહાયભૂત થાય છે. ભારતની શરૂઆતની યોજનાઓમાં આયોજકોએ વિકાસની પ્રક્રિયામાં વિજ્ઞાન અને ટેક્નોલોજીની ભૂમિકાનું મહત્ત્વ સ્વીકાર્યુ હતુ; પરંતુ તેમ છતાં આધુનિકીકરણ અંગે સ્પષ્ટ અભિગમ અને તેનો નિર્દેશ તો છઠ્ઠી યોજના (1980-85)માં કરવામાં આવ્યો હતો. આયોજન પંચે જણાવ્યું હતું કે આધુનિકીકરણ એટલે આર્થિક પ્રવૃત્તિઓનાં માળખામાં અનેક પ્રકારનાં સંસ્થાકીય તથા માળખાગત ફેરફારો, ઉત્પાદનની તરાહ અને સ્વરૂપમાં ફેરફારો, ઉત્પાદકીય પ્રવૃત્તિઓમાં વિવિધતા, ટેક્નોલોજીકલ અને સંસ્થાકીય નવ પ્રવર્તનો કે જે અર્થતંત્રને સ્વતંત્રતા બક્ષવામાં સહાયભૂત નીવડે છે.

## 3.3 ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણ :

આર્થિક સુધારણાની પ્રક્રિયા હેઠળ ત્રણ શબ્દો આજે ખૂબ જ ગાઢ રીતે વણાઈ ગયેલા છે અને આ શબ્દો છે. ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણ. ભારતમાં 1951 થી 1991 નાં આયોજનનાં ચાર દાયકા દરમ્યાન અંકુશો અને નિયમનો દ્વારા અર્થકરણનું સંચાલન કરવામાં આવ્યું હતું. સરકારનાં વધુ પડતાં અંકુશો અને રાજ્યનાં હસ્તક્ષેપને કારણે ઔદ્યોગિક વિકાસ અને ઉત્પાદનવૃદ્ધિમાં અનેક અવરોધો ઊભા થયા હતાં. ઉદ્યોગો સ્થાપવા માટે સરકાર પાસે પરવાના મેળવવા પડતા હતાં; પરિણામે ઔદ્યોગિક વિકાસ અવરોધાયો અને અમલદારશાહી તથા લાંચ રુશ્વત જેવી અનીતિ વધવા પામી હતી. સરકાર દ્વારા આયાત, નિકાસ અને વિદેશી હૂડિયામણ પર અંકુશો અને નિયંત્રણો લાદવામાં આવ્યા હતાં. ઔદ્યોગિક પરવાના નીતિને કારણે નવી પેઢીઓને મુક્ત રીતે પ્રવેશ મળતો ન હતો; તેમજ ચાલુ પેઢીઓને પણ વિસ્તરણ કરવાની છૂટ ન હતી. આવી સ્થિતિમાં ઔદ્યોગિક ક્ષેત્રો પેદાશનું એકમદીઠ ઉત્પાદન ખર્ચ ઘટાડવાનાં પ્રોત્સાહનો નાબૂદ થયા હતાં. પરિણામ સ્વરૂપ ભારતનાં લોકોને ઊંચી કિંમતે હલકી ગુણવત્તાવાળી વસ્તુઓ ખરીદવાની ફરજ પડતી હતી. વિદેશી ચીજવસ્તુઓ પર આયાત-જકાત નાંખીને આંતરિક પેદાશોને સંરક્ષિત બજાર પ્રાપ્ત થતાં ચીજવસ્તુઓની ગુણવત્તા ઘટી અને ઉત્પાદકતામાં ઘટાડો થયો હતો. આમ, આયોજનનાં ચાલીસ વર્ષો બાદ પણ ભારતે નોંધપાત્ર રીતે આર્થિક વિકાસ સાધ્યો ન હતો.

### 3.3.1 ઉદારીકરણનો ખ્યાલ :

ઉદારીકરણ એ આર્થિક સુધારણા કાર્યક્રમનો સંકલિત ભાગ છે અને તેનાં અમલનો આરંભ તો વડાપ્રધાન સ્વ. રાજીવગાંધીનાં કાર્યકાળ 1984-85દરમિયાન થયો હતો; પરંતુ તેને અસરકારક વેગ મળ્યો નહોતો. તે સમયે અર્થકરણની પરિસ્થિતિ સુધરવાને બદલે વધુ બગડી હતી. ફુગાવાનેલીધે અનામતમાં ઘટાડો થયો હતો. વિદેશી દેવાનું ભારણ વધ્યું હતું. એટલું જ નહી વિદેશી દેવાનાં વ્યાજની ચૂકવણી કરવાનું પણ મુશ્કેલ બન્યું હતું. 1991માં આ સ્થિતિ સર્જાઈ હતી. આવા વિપરીત સંજોગોમાં જુલાઈ 1991 થી નાણાં પ્રધાન મનમોહન સિંહનાં સહયોગ વડે આર્થિક સુધારાની શરૂઆત કરવામાં આવી હતી અને એકસાથે અનેક ક્ષેત્રે આર્થિક સુધારાઓ દાખલ કરાયા જેમાં આર્થિક સ્થિરતા

અને આર્થિક ઉદારીકરણની નીતિ અપનાવી હતી.

આર્થિક ઉદારીકરણ એટલે આર્થિક નીતિઓ અને તેની કાર્ય પદ્ધતિમાં એવા ફેરફારો કે જે અન્વયે દેશની લગભગ તમામ આર્થિક પ્રવૃત્તિઓમાં રાજ્યની સાપેક્ષ ભૂમિકામાં ઘટાડો લાવી ખાનગીક્ષેત્રની સાપેક્ષભૂમિકામાં વધારો કરે છે. એટલે કે, આર્થિક બાબતોમાં રાજ્યની ઘટતી જતી સાપેક્ષ ભૂમિકા અને ખાનગીક્ષેત્રની વધતી જતી સાપેક્ષ ભૂમિકાને ઉદારીકરણ કહેવાય. રાજ્યની ઘટતી જતી ભૂમિકા રાજ્યનાં નિયંત્રણો, અંકુશો અને નિયમોમાં ઘટાડો લાવે છે. ઉદારીકરણનો હેતુ ઝડપી આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનો તથા સમાજમાં આવક અને સંપત્તિની વધુ સમાન અને ન્યાયી વહેંચણી કરવાનો છે. ટૂંકમાં, આર્થિક ઉદારીકરણની નીતિ એ મુક્ત બજારની નીતિ છે. બીજી રીતે કહીએ તો ઉદારીકરણ એટલે સરકારી અંકુશો અને નિયમનો ક્રમશઃ ઓછા કરીને બજારતંત્ર દ્વારા આર્થિક નિર્ણયો લેવાય તેથી વ્યવસ્થાનું સર્જન કરવું.

### 3.3.2 ખાનગીકરણ :

સામાન્ય અર્થમાં કહીએ તો ખાનગીકરણ એક એવી પ્રક્રિયા છે કે જે અન્વયે સરકાર દેશની આર્થિક પ્રવૃત્તિઓ જાહેરક્ષેત્રમાંથી ખાનગીક્ષેત્રને તબદીલ કરે છે. સંકુચિત અર્થમાં ખાનગીકરણ એટલે જાહેરક્ષેત્રની માલિકીનીએકમોમાં ખાનગી સાહસનું સંચાલન અને અંકુશ બીજી તરફ ખાનગીકરણનાં વ્યાપક અર્થઘટનમાં જાહેરક્ષેત્રનાં એકમોની ખાનગી માલિકી ઉપરાંત ખાનગી સંચાલન અને અંકુશનો પણ સમાવેશ થાય છે.

ખાનગીકરણ સંપૂર્ણ કે આંશિક હોઈ શકે છે. જ્યારે સરકાર ઔદ્યોગિક એકમની સંપૂર્ણ માલિકી ખાનગી વ્યક્તિઓ કે સંસ્થાઓને સોંપે તો તે સંપૂર્ણ ખાનગીકરણ છે. ખાનગીકરણ આંશિક પણ હોઈ શકે; જ્યારે સરકાર ઔદ્યોગિક એકમની આંશિક માલિકી ખાનગી વ્યક્તિઓ કે સંસ્થાઓને સોંપે છે ત્યારે તે આંશિક ખાનગીકરણ કહેવાય છે.

ઉપરોક્ત ખાનગીકરણની સમજૂતીના આધારે નીચેના તારણો મેળવી શકાય.

1. રાજ્ય સરકારનાં ઔદ્યોગિક સાહસની માલિકી ખાનગી ક્ષેત્રને સોંપવી.
2. રાજ્ય હસ્તક કંપનીનું કાર્ય સંચાલન ખાનગી કંપનીને સોંપી દેવું.
3. ખાનગીક્ષેત્રની કંપની દ્વારા જાહેર ક્ષેત્રની કંપનીની સમગ્રપણે ખરીદી કરવી.
4. ખાનગીક્ષેત્રની કંપની દ્વારા જાહેર ક્ષેત્રની અમુક લાગની ખરીદી કરવી.
5. જાહેરક્ષેત્રની કંપનીના મેનેજમેન્ટનો ખાનગી ક્ષેત્રની કંપનીને કોન્ટ્રાકટ આપવો.

### 3.3.3 વૈશ્વિકીકરણ :

વૈશ્વિકીકરણ એ ભારત માટે નવો શબ્દ નથી. ભારતીય સંસ્કૃતિ તો પહેલેથી જ એમ માને છે કે સમગ્ર વિશ્વ એક કુટુંબ છે. વસુધૈવ કુટુંમ્બકમ આ ધરતી પર બધા જ જીવોનો સમાન અધિકાર છે. મનુષ્યની જેમ અન્ય પ્રાણીઓ અને જીવોનો પણ એટલો જ અધિકાર છે. સામાન્ય રીતે કહીએ તો વૈશ્વિકીકરણ એટલે કોઈ એક દેશનાં અર્થકરણને વિશ્વનાં અન્ય દેશોનાં અર્થકરણ સાથે સાંકળી લેવાની પ્રક્રિયા. વૈશ્વિકીકરણ અન્વયે વિશ્વનાં વિવિધ દેશો વચ્ચેનાં પરસ્પર વેપાર ઉપરનાં નિયમનો અને પ્રતિબંધો દૂર કરવામાં આવે છે કે જેથી ચીજવસ્તુઓની હેરફેર મુક્ત રીતે થતી રહે તેમજ આ દેશો વચ્ચે શ્રમ, મૂડી અને ટેક્નોલોજીની પણ મુક્ત અવર-જવર થાય તે માટેનું સાનુકૂળ વાતાવરણ સર્જવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, વૈશ્વિકીકરણ એટલે ચીજવસ્તુઓ, સેવાઓ, શ્રમ અને મૂડી જેવાં ઉત્પાદનનાં સાધનોની મુક્ત અને નિરંકુશ હેરફેર. જેનાં પરિણામે વિશ્વભાવો સમાન થવાનું વલણ ધરાવે છે. આ પ્રક્રિયા શકય બને તે માટે વૈશ્વિક હેરફેર પરનાં જે કોઈપણ અંકુશો,

નિયંત્રણો, કરવેરા વગેરે હોય તે ક્રમશઃ ઘટાડીને તેને નાબૂદ કરવાનો ખ્યાલ છે. ટૂંકમાં, વૈશ્વિકીકરણનું અંતિમ ધ્યેય સમગ્ર ભૂમંડળને એક વૈશ્વિક ગામડા તરીકે નિહાળવાનું છે.

આમ, વૈશ્વિકીકરણ એક એવી પ્રક્રિયા છે જે સ્પર્ધાત્મક વાતાવરણનું સર્જન કરી ઉત્પાદન ક્ષમતાને પ્રોત્સાહન આપે છે તથા સાધનોની ઇષ્ટતમ ફાળવણી કરે છે. કેટલાંક અન્ય વિચારકોએ વૈશ્વિકીકરણનું વિવિધ દ્રષ્ટિબિંદુઓથી વિશ્લેષણ કરી તેની હરીફાઈ પ્રત્યેની પ્રતિબદ્ધતા તથા નાણા બજારોનું વૈશ્વિકીકરણ તેમજ વૈશ્વિકીસાશનના નિયમોમાં સરકારની ઘટતી જતી ભૂમિકા વગેરે બાબતોનો સમાવેશ કર્યો છે. વળી, એક ત્રીજા મત મુજબ વિકાસમાન રાષ્ટ્રો માટે વૈશ્વિકીકરણ એક એવી પ્રક્રિયા છે જે અન્વયે આ રાષ્ટ્રોમાં પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણમાં વધારો થાય છે. વૈશ્વિકીકરણમાં નીચેની બાબતો સંકળાયેલી છે.

1. વિશ્વનાં વિભિન્ન દેશો વચ્ચે વેપાર મુક્ત બને તે માટે આયાત-નિકાસોનો અવરોધક પરિબળો દૂર કરવા.
2. જુદાં-જુદાં દેશો વચ્ચે મૂડીની હેરફેરનાં નિયંત્રણો દૂર કરવા.
3. જુદાં-જુદાં દેશો વચ્ચેની ટેક્નોલોજીની હેરફેરનાં અંકુશો-નિયંત્રણો દૂર કરવા.
4. વિશ્વનાં દેશો વચ્ચે શ્રમિકોની મુક્ત હેરફેર મંજૂર રાખવી.
5. દેશનાં વિવિધ આર્થિક ક્ષેત્રોમાં વિદેશી કંપનીઓને સવલતો આપી પ્રત્યક્ષ મૂડીરોકાણ માટે અર્થતંત્રને ખુલ્લું કરવું.
6. બહુરાષ્ટ્રીય કંપનીઓને ભારતમાં પ્રવેશ માટેનાં અવરોધો અને અંતરાયો દૂર કરવા.

## 3.4 ઉપસંહાર :

આયોજનનો સામાન્ય અર્થ નિશ્ચિત સમયમાં નક્કી કરેલ લક્ષ્યાંકોની પ્રાપ્તિ કરવી એ ગણાવી શકાય. જેમાં કેન્દ્રીય સત્તાધિકારી દ્વારા અર્થ વ્યવસ્થાનું આયોજીત નિયંત્રણ તથા નિયમન કઇ રીતે કરવું તે દર્શાવવામાં આવે છે. જેમાં આયોજનના હેતુઓ જેમ કે, પૂર્ણ રોજગારી, ગરીબી નિવારણ, ઝડપી આર્થિક વિકાસ, સ્વાવલંબન, સામાજિક સુરક્ષા, આધુનિકીકરણ વગેરે આયોજનના હેતુઓની સિદ્ધિ દ્વારા લક્ષ્યાંકો પ્રાપ્ત કરી શકાય છે. આ ઉપરાંત ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણ દ્વારા આયોજનમાં ઝડપી વિકાસ પ્રાપ્ત થયો છે. આંતરરાષ્ટ્રીય ધોરણે વિકાસ સિદ્ધ કરી શક્યા છીએ. આમ, આર્થિક આયોજન દ્વારા વિકાસ પ્રાપ્ત કરી શકાય છે.

## 3.5 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. ભારતમાં સૌ પ્રથમ આર્થિક આયોજનનો વિચાર કોણે પ્રસ્તુત કર્યો હતો ?
   (A) શ્રી એમ. વિશ્વસરૈયા　　(B) મજૂમદાર
   (C) બી. કુપ્પુસ્વામી　　(D) જવાહરલાલ નહેરૂ
2. કેન્દ્રીય સત્તાધિકારી દ્વારા ઉત્પાદકીય ક્રિયાઓનું નિર્દેશન એ શું છે ?
   (A) આર્થિક આયોજન　　(B) આર્થિક વિકાસ
   (C) મૂડીવાદી સમાજવ્યવસ્થા　　(D) એકપણ નહીં
3. ભારતમાં રાષ્ટ્રીય આર્થિક આયોજન સમિતિની રચના ક્યારે થઈ ?
   (A) ઈ.સ. 1936　　(B) ઈ.સ. 1937
   (C) ઈ.સ. 1938　　(D) ઈ.સ. 1939
4. રાષ્ટ્રીય આયોજન સમિતિના અધ્યક્ષ કોણ હતા ?

(A) પંડિત જવાહરલાલ નહેરૂ (B) પ્રો. કે. ટી. શાહ

(C) કે. સી. નિયોગી (D) શ્રી એમ. વિશ્વસરૈયા

5. આર્થિક સુધારણાની પ્રક્રિયામાં કોનો સમાવેશ થાય છે ?

(A) ઉદારીકરણ (B) ખાનગીકરણ

(C) વૈશ્વિકીકરણ (D) ઉપરોક્ત તમામ

## 3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) શ્રી એમ. વિશ્વસરૈયા
2. (A) આર્થિક આયોજન
3. (B) ઈ.સ. 1937
4. (A) પંડિત જવાહરલાલ નહેરૂ
5. (D) ઉપરોક્ત તમામ

## 3.7 ચાવીરૂપ શબ્દો :

- **આર્થિક આયોજન :** ઉત્પાદન તથા વિનિમયની વ્યક્તિગત ક્રિયાઓનું સામૂહિક નિયંત્રણ
- **ઉદારીકરણ :** આર્થિક બાબતોમાં રાજ્યની ઘટતી જતી ભૂમિકા અને ખાનગીક્ષેત્રમાં વધતી જતી સાપેક્ષ ભૂમિકા
- **ખાનગીકરણ :** જાહેરક્ષેત્રની માલિકીની એકમોમાં ખાનગી સાહસનું સંચાલન અને અંકુશ
- **વૈશ્વિકીકરણ :** 'કોઈ એક દેશનાં અર્થકરણને વિશ્વનાં અન્ય દેશોનાં અર્થકરણ સાથે સાંકળી લેવાની પ્રક્રિયા'

## 3.8 સ્વાધ્યાય લેખન (Assignment)

1. આર્થિક આયોજનની વિભાવના આપો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

2. ભારતીય આયોજનના હેતુઓ સમજાવો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

3. ઉદારીકરણનો ખ્યાલ સ્પષ્ટ કરો.

4. ખાનગીકરણ એટલે શું ? સમજાવો.

5. વૈશ્વિકીકરણની સમજૂતિ આપો.

.........................................................................

.........................................................................

.........................................................................

## 3.9 પ્રવૃત્તિ (Activities)

1. આર્થિક આયોજનના ભાગરૂપે પંચવર્ષીય યોજનાઓની યાદી તૈયાર કરો.
2. આર્થિક સુધારાની પ્રક્રિયામાં ઉદારીકરણ, ખાનગીકરણ, વૈશ્વિકીકરણને ચાર્ટ પેપરમાં રજૂ કરો.

## 3.10 કેસસ્ટડી (Case Study)

1. ભારતમાં આર્થિક કટોકટી ક્યારે લાગું થઈ હતા તે કોઈ પ્રસંગ તમારા શબ્દોમાં વર્ણવો.
2. મોંઘવારીની જનજીવન પર થતી અસર કોઈ બે ઉદાહરણ દ્વારા વર્ણવો.

## 3.11 સંદર્ભ ગ્રંથ :


(1) International Economics, Francis Cherunilam

(2) Lectures on International Trade, Jagdish Bhagwati

(3) International Economics, Kindibergen C.P.

(4) Industrial Economics, Fergusen and Fergusen

(5) આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર, હેમંત શાહ, આત્મન શાહ

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# BSWR-203
# સામાજિક વિજ્ઞાનનો પરિચય

વિભાગ

# 4

## ભારતીય રાજકીય વ્યવસ્થા


એકમ-1 રાજકીય અને પ્રથાઓ અને પ્રક્રિયાઓની સમજણની પ્રસ્તુતા

એકમ-2 ભારતીય રાજ્યનો બંધારણીય આધાર

એકમ-3 લોકશાહીનો ખ્યાલ

ISBN : 978-81-946447-4-3

| લેખક | |
|---|---|
| પ્રા. મુકેશ ખટીક | આસિસ્ટન્ટ પ્રૉફેસર અને વિભાગીય વડા, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| પ્રા. આનંદભાઈ પી. શાહ | મદદનીશ અધ્યાપક, રાજ્યશાસ્ત્ર, એમ. એન. કૉલેજ, વિસનગર. |
| **પરામર્શક (ભાષા)** | |
| ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી | રિટાયર્ડ પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણા |

**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management and Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર બંને અતિ પ્રાચીન શાસ્ત્રો છે. આ ઘટકમાં અભ્યાસથી આપ રાજકીય અને આર્થિક પ્રથાઓ અને પ્રક્રિયાઓની સમજણની પ્રસ્તુતતા વિશેની સમજ કેળવી શકશો તથા ભારતીય રાજ્યનો બંધારણીય આધાર અને લોકશાહીનાં ખ્યાલોની સમજ મેળવી શકશો.

પ્રસ્તુત ઘટકમાં આપ રાજકીય અર્થશાસ્ત્રનું ક્ષેત્ર અને મહત્ત્વ નવી આર્થિકનીતિ, અસરો અને તેના ગેરલાભ વિશે માહિતી મેળવી શકશો. આ ઉપરાંત ભારતીય રાજ્યનો બંધારણીય આધારની માહિતી એકમ-૨ માં મેળવી શકાશે. જેમાં બંધારણનું સ્વરૂપ, તેનાં લક્ષણો, ભારત-સરકારની રચના, સત્તાઓ અને કાર્યોની સમજ મેળવી શકાશે તથા એકમ-૩માં લોકશાહીનાં ખ્યાલ વિશે માહિતી મેળવી શકાશે જેમાં લોકશાહીનો અર્થ, વ્યાખ્યા, લોકશાહીનાં લક્ષણો અને પ્રકારો, તથા લોકશાહીની સફળતા/નિષ્ફળતા વિશે માહિતી મેળવી શકાશે.

## ઘટકના એકમના હેતુઓ :

(1) આ ઘટકના અભ્યાસથી રાજકીય અને આર્થિક પ્રથાઓ અને પ્રક્રિયાઓની સમજણ મેળવી શકાશે.

(2) નવી આર્થિક નીતિઓ તથા તેના ઉદ્દેશ્યો વિશે સમજ મેળવી શકીશું.

(3) બંધારણનું સ્વરૂપ તેના લક્ષણો, એકતંત્ર અને સમવાયતંત્રનાં લક્ષણો તથા ભાવી સરકારની રચના, સત્તા અને કાર્યો વિશે માહિતી મેળવી શકાશે.

(4) લોકશાહીનાં ખ્યાલોની સમજ મેળવી શકાશે.

# એકમ–1 રાજકીય અને આર્થિક પ્રથાઓ અને પ્રક્રિયાઓની સમજણની પ્રસ્તુતતા

## : એકમનું માળખું :

**1.0 એકમના હેતુઓ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 રાજકીય અર્થશાસ્ત્ર ક્ષેત્ર અને મહત્ત્વ**

**1.3 મિશ્ર અર્થતંત્ર અને નવી આર્થિકનીતિ**

**1.4 નવી આર્થિકનીતિની અસરો અને ગેરલાભ**

**1.5 ઉપસંહાર**

**1.6 તમારી પ્રગતિ ચકાસો**

**1.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**1.8 ચાવીરૂપ શબ્દો**

**1.9 સ્વાધ્યાય લેખન**

**1.10 પ્રવૃત્તિ**

**1.11 કેસસ્ટડી (Case Study)**

**1.12 સંદર્ભગ્રંથ**

## 1.0 એકમના હેતુઓ :

આ એકમના અભ્યાસ બાદ આપણે રાજકારણ અને અર્થકારણની સમજણ પ્રાપ્ત કરીશું અને એના દ્વારા સમગ્ર પ્રથાને સમજવાનો પ્રયત્ન કરીશું.

- રાજકીય અર્થશાસ્ત્રનું ક્ષેત્ર અને મહત્ત્વ
- મિશ્ર અર્થતંત્ર
- નવી આર્થિકનીતિ : અસર અને પરિણામ

## 1.1 પ્રસ્તાવના :

રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર બન્ને અતિ પ્રાચીન શાસ્ત્રો છે. રાજ્યશાસ્ત્ર રાજ્ય સરકાર અને નાગરિકોના હકો અને ફરજો સહિતના સુખદ મનુષ્ય જીવનની વિચારણ કરે છે. જ્યારે અર્થશાસ્ત્ર કોઈપણ દેશના નાગરિકનું જીવન તેની આર્થિક જરૂરિયાતો, સુવિધાઓ અને સમસ્યાઓ સાથે સંકળાયેલું છે તે જણાવે છે. આમ, રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્રના અભ્યાસ ક્ષેત્રો નજીક છે.

## 1.2 રાજકીય અર્થશાસ્ત્ર-ક્ષેત્ર અને મહત્ત્વ :

રાજકીય અર્થશાસ્ત્ર મૂળતો આપણને આજથી અઢી હજાર કરતાં વધુ વર્ષ પહેલાં લખાયેલા કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ જોવા મળે છે; પરંતુ, આ ગ્રંથમાં અર્થશાસ્ત્ર કે રાજ્યશાસ્ત્ર કરતાં જાહેર વહીવટનું ચિંતન વધુ થયેલું જણાય છે.

અર્થશાસ્ત્રી એડમ સ્મીથે રાજકીય અર્થશાસ્ત્રને લોકો અને સાર્વભૌમને સમૃદ્ધ કરનારું વર્ણવ્યું છે. આમ, તેને વાસ્તવિક ઉદ્દેશ્ય સિદ્ધ કરનારું શાસ્ત્ર ગણાવ્યું છે.

- **અભ્યાસક્ષેત્ર :**

રાજકીય અર્થશાસ્ત્રમાં માત્ર રાજ્યની એજ પ્રવૃત્તિઓનો અભ્યાસ નથી થતો જેનો સંબંધ ઉત્પાદનના સાધનો અને વિતરણ સાથે છે; પરંતુ, તે સાથે તેમાં રાજ્યની એ તમામ પ્રવૃત્તિઓનો પણ સમાવેશ કરીએછીએ જેને પૂર્ણ કરવા માટે રાજ્ય પોતાના સાધનોને જે માર્ગે એકત્ર કરે છે. આપણે માત્ર પ્રથમ પ્રકારની પ્રવૃત્તિઓનો જ વિચાર કરીએ તો રાજકીય અર્થશાસ્ત્રએ મહેસૂલના અભ્યાસનું જ બીજું નામ બની જાય છે અને બંન્નેમાં કોઇ અંતર રહેતું નથી; પરંતુ, મહેસૂલ તો રાજકીય અર્થશાસ્ત્રનો એક ભાગ છે. તેથી, મહેસૂલમાં આપણે કેવલ રાજ્ય દ્વારા એકત્રિત કરાયેલ નાણાંકીય સાધનોના એકત્રીકરણ અને તેના ઉપયોગની બાબતોનો અભ્યાસ કરીએ છીએ જ્યારે રાજકીય અર્થશાસ્ત્રમાં તે ઉપરાંત રાજ્યના બીજા નાણાંકીય સાધનોનાં એકત્રીકરણ અને તેનાં ઉપયોગ સંબંધી પ્રવૃત્તિઓનો પણ અભ્યાસ કરીએ છીએ આમ, રાજકીય અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર વ્યાપક છે.

રાજકીય અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રની વધુ સ્પષ્ટ સમજ મેળવવા માટે આપણે તેને બે ભાગમાં વહેંચી શકીએ (અ) મહેસૂલ (બ) રાજ્યની આર્થિક કલ્યાણની બાબતો. જેમાં પ્રથમ(અ) ભાગમાં કર નાંખવા, કરભારણ, કર વિવર્તન, રાજ્યનો ખર્ચ, રાજ્યનું દેવું, અંદાજપત્ર નીતિ તથા નાણાંકીય વહીવટ સંબંધી સમસ્યાઓનો અભ્યાસ થાય છે. (બ) બીજા ભાગમાં રાજ્ય દ્વારા આર્થિક કલ્યાણ માટે કરાયેલાં કાર્યો એટલે કે રાજ્ય દ્વારા ઉદ્યોગોની સ્થાપના અને સંચાલન તથા તેનું નિયંત્રણ, મૂલ્ય નિયંત્રણ તથા વસ્તુઓની પૂર્તિ અને ગુણવત્તાનું નિયમન, સામાજિક સુરક્ષા, બેકારી નિવારણ તથા આર્થિક આયોજન સાથે સંકળાયેલા કાર્યોના અભ્યાસનો સમાવેશ થાય છે. ટૂંકમાં, રાજકીય અર્થશાસ્ત્રમાં રાજ્યની આર્થિક પ્રવૃત્તિઓનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ થાય છે.

**મહત્ત્વ :**

રાજ્યે શાંતિ અને સલામતીના કાર્યથી આગળ વધીને મનુષ્ય જીવનનાં અનેક પાસાંઓને સ્પર્શતી અને કલ્યાણકારી પ્રવૃત્તિઓ શરૂ કરી તેથી રાજ્યના વધેલાં કાર્યો અને કલ્યાણકારી પ્રવૃત્તિઓ એ રાજકીય અર્થશાસ્ત્રના અભ્યાસ ક્ષેત્રમાં વધારો કર્યો.રાજ્યના અનેકવિધ કાર્યોને પાર પાડવા માટે રાજ્યને વધુ આવકની જરૂર પડી.તેથી તેણે વધુ સાધનો ઊભા કરવા પડે છે.રાજકીય અર્થશાસ્ત્રનો અભ્યાસ નાણાંપ્રધાનને ખર્ચ કરવો જરૂરી છે તેની લોકો શું પ્રતિક્રિયા કરશે તે સમજવામાં ઉપયોગી છે.

આમ, કરવેરા નાખવા અને રાજકીય ખર્ચ માટે રાજકીય અર્થશાસ્ત્રનો અભ્યાસ મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન આપે છે. તે દેશની જરૂરિયાત પ્રમાણે ઔદ્યોગિક સંગઠનનું નિર્માણ કરવામાં અને અર્થવ્યવસ્થામાં ફેલાયેલા દૂષણોને દૂર કરવામાં માર્ગદર્શન આપે છે. શુદ્ધ સરકારની સ્થાપના માટે શુદ્ધ અર્થ વ્યવસ્થા જરૂરી છે. તેથી રાજકીય અર્થશાસ્ત્રનું જ્ઞાન નાણાંકીય વ્યવસ્થાની યોગ્ય જાળવણીમાં ઉપયોગી જ્ઞાન આપે છે. માનવસમાજના પ્રત્યેક પાસાંમાં રાજ્યે પ્રવેશ કર્યો હોવાથી સમાજજીવનમાં રાજકીય અર્થશાસ્ત્રનું મહત્ત્વ વધ્યું છે. તે અનેકવિધ રાજકીય, સામાજિક તથા આર્થિક સમસ્યાઓના ઉકેલમાં સહાયભૂત બને છે.

નવી આર્થિક નીતિમાં રાજ્યની ભૂમિકા બદલાઈ છે. રાજ્ય હવે વહીવટ કરવામાંથી સંચાલકની ભૂમિકા ભજવતું થયું. રાજ્યે કેટલાંક આર્થિક કાર્યો બજારને સોંપ્યાં છે. આમ, રાજ્યની અર્થતંત્રમાં ભૂમિકા બદલાઈ છે. આમ છતાં રાજ્યની આ નવી ભૂમિકાને સમજવા માટે પણ રાજકીય અર્થશાસ્ત્રનું જ્ઞાન ઉપયોગી છે.હવે તે સમજાવે છે કે રાજ્યે બજાર ઉપરનાં નિયંત્રણો દૂર કરવાનાં છે કે તેમાં ઉચિત ફેરફારો કરવાના છે. હવે રાજ્યનું સાર્વભૌમત્વ ચુસ્ત રહેતું નથી. બહુરાષ્ટ્રીય કંપનીઓએ રાજ્યની ભૌગોલિક સરહદો ઓળંગીને વિશ્વને આર્થિક એકતા આપવા માંડી છે. આમ છતાં નવી અર્થનીતિથી પણ કેટલાંક પ્રશ્નો જરૂર ઉદ્ભવ્યાં છે.

## 1.3 મિશ્ર અર્થતંત્ર અને નવી આર્થિકનીતિ :

પશ્ચિમી ચિંતક પ્રો.હેન્સ આ પ્રકારને ડયુઅલ ઇકોનોમી અને પ્રા.લર્નરે તેને નિયંત્રિત અર્થવ્યવસ્થા કહી છે. મિશ્ર અર્થતંત્રના આ તત્ત્વો 1930ની મંદી પછી યુરોપનાં દેશો એ પણ કેટલાંક પ્રમાણમાં સ્વીકારેલા.

ભારતમાં સ્વાતંત્ર્ય સંગ્રામના નેતાઓ ઉપર આ વિચારોની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર હોય તે સ્વાભાવિક છે. ઉપરાંત, સ્વાતંત્રતાના પ્રારંભિક વર્ષોમાં દેશની આર્થિક પરિસ્થિતિ જ એવી હતી કે કોઇ એક જ આર્થિક વિચારધારાને આધારે દેશ વિકાસ તો ન જ કરી શકે; પરંતુ, તેનું અસ્તિત્વ ટકાવવાનું પણ મુશ્કેલ બને. વડાપ્રધાન જવાહરલાલ વિચક્ષણ રાજપુરૂષ હતાં. તેમની પ્રેરણાથી 6 એપ્રિલ, 1948ના રોજ ઉદ્યોગપ્રધાન ડૉ. શ્યામાપ્રસાદ મુર્ખજીએ સંસદમાં ઉદ્યોગનીતિની જાહેરાત કરી જે મિશ્ર અર્થકારણનું સમર્થન કરનારી તથા તેને પ્રોત્સાહન આપનારી હતી. તેના ઉદ્દેશ્યો જોઇએ તો...

(1) એવી સામાજિક પરિસ્થિતિનું નિર્માણ કરવું, જેમાં તમામ વ્યક્તિઓને સમાન તક મળે.

(2) રાષ્ટ્રીય સંસાધનોનો યોગ્ય ઉપયોગ થાય

(3) કૃષિ તથા ઉદ્યોગ બંને ક્ષેત્રોમાં ઉત્પાદન વધારવામાં આવે

(4) ખાનગીક્ષેત્રના ઉદ્યોગોને તક છતાં તેના પર નિયંત્રણ

(5) સમન્વિત આર્થિક આયોજન

1950માં આપણે આયોજન પંચની રચના કરીને પંચવર્ષીય યોજનાનું ઘડતર કર્યુ અને આપણાં અર્થતંત્રનો આયોજનબદ્ધ વિકાસ શરૂ થયો.

**નવી આર્થિક નીતિ :**

(1) 1991માં નરસિંહરાવની સરકારે વિદેશોના દેવા નીચે હોમાતા જતા દેશને બચાવવા સમયની માંગ જોઈને ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણના પ્રવાહોને આત્મસાત કરતી નવી અર્થનીતિનો સ્વીકાર કર્યો. નરસિંહરાવની સરકારનું આ પગલું ખરેખર ઉચિત પુરવાર થયું. દેશ ઝડપથી વિદેશી લોકોનાં દેવામાંથી બહાર આવ્યો એટલું જ નહી, આર્થિક ક્ષેત્રે હરણફાળ ભરતો થયો.

(2) ભારતીય રાજયપ્રથાએ અર્થકારણમાં સ્વીકારેલાં આ નવા આર્થિક પ્રવાહો વિશ્વનાં અન્ય ઘણા દેશોએ દોઢ દાયકા પહેલાં સ્વીકારી લીધાં હતાં.

(3) ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણે સિંગાપોર, દક્ષિણ કોરિયા અને તાઇવાનને એશિયન વાઘ બનાવ્યાં. હવે ચીને પણ આ ઉદાહરણોજોઇને ઝડપી આર્થિક વિકાસ માટે બજાર ઉપરનાં ઘણાં આર્થિક નિયંત્રણો હળવાં બનાવ્યાં.

**નવી આર્થિક નીતિના ઉદ્દેશ્યો.**

(1) અર્થવ્યવસ્થામાં ખુલ્લાપણું.

(2) અર્થવ્યવસ્થા ખાતે નિયંત્રણોની જાળમાંથી મુક્ત કરવું?

(3) વિદેશી સહકાર અને ભાગીદારીને વધારવી.

(4) રોજગારીની તકો વધારવી.

(5) જાહેરક્ષેત્રને સ્પર્ધાપૂર્ણ બનાવવું.

(6) ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા પ્રોત્સાહન આપવું.

(7) પાછળ રહી ગયેલાં ક્ષેત્રોનો ઔદ્યોગિક વિકાસ કરવો.

(8) ખાનગી ક્ષેત્રોને કામ કરવાની સ્વતંત્રતા આપવી.

(9) આધુનિક સ્પર્ધાપૂર્ણ અર્થવ્યવસ્થાનો વિકાસ કરવો.

(10) ઉત્પાદન ક્ષમતાનો વિકાસ કરવો.

(11) નિકાસ વધારવા માટે આયાતોને પણ ઉદાર બનાવવી.

## 1.4 નવી આર્થિકનીતિની અસરો અને ગેરલાભ :

નવી આર્થિકનીતિની અસર અભ્યાસીઓના મતે ભારતીય રાજકારણ, અર્થકારણ અને સમાજજીવન પર નીચે પ્રમાણે પડી છે.

**(1) સમાજવાદ :**

બંધારણના આમુખમાં સમાજવાદનો આદર્શ મૂકનારી કોંગ્રેસે તો નવી આર્થિકનીતિ ચૂપચાપ શરૂ કરી જ છે; પરંતુ, સમાજવાદનો આદર્શ વત્તે-ઓછે અંશે સ્વીકારનારા મોટાભાગનાં રાજકીય પક્ષોએ પણ નવી આર્થિકનીતિની વાસ્તવિકતાને સ્વીકારી છે.

**(2) સમૃદ્ધ અર્થતંત્ર :**

વિદેશી મૂડીરોકાણ ક્રમશઃ વધતુ જવાથી ભારતીય અર્થતંત્ર સમૃદ્ધ બન્યું છે. 1980થી 1990 સુધી જ્યારે વિદેશી મૂડીરોકાણ માત્ર 1274 કરોડ હતું તે 1999 કરોડ રૂપિયા સુધી પહોંચેલું તે પછી આ દિશામાં પ્રગતિ ચાલુ છે.

**(3) વિકાસદરમાં વૃદ્ધિ :**

રાષ્ટ્રીય વિકાસદર કોઇ પણ દેશની આર્થિક પ્રગતિનો માપદંડ છે. 1970 થી 1980ના દાયકામાં વિકાસદર 3.2% હતો તે 1990-91ના એક જ વર્ષમાં વધીને 5.8% થયો. જેમાં ઉત્તરોત્તર પ્રગતિ જળવાઇ છે.

**(4) નવા ઉદ્યોગોનો વિકાસ :**

ઉદારીકરણ અને ખાનગીકરણને લીધે ભારતીય ખાનગી ઉદ્યોગોને પ્રોત્સાહન મળતા નવા ઉદ્યોગો સ્થપાયા અને તેમાં પ્રગતિ નોંધાઇ છે. વિદેશોના નવા ઉદ્યોગો ભારતમાં સ્થાપિત છે. આમ, ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન અપાયું છે.

દા.ત. સસ્તી અને ગુણવત્તાવાળી વસ્તુઓ ગ્રાહકોને મળી છે.

**(5) સુશાસનનો પ્રારંભ :**

નવી આર્થિકનીતિના પગલે આવેલી સામૂહિક ઇન્ફર્મેશન ટૅક્નૉલૉજીની શોધોને વધુ સસ્તી અને લોકભોગ્ય બનાવી છે. એટલું જ નહી તેનાથી સુશાસન માટે સરકારની મદદ મળી છે. આઇ.ટી. એ સરકારને તથા તેની સેવાઓને ઓનલાઇન બનાવી છે. નાગરિકોને વિવિધ સેવાઓ હવે માત્ર એક જ બારીથી પ્રાપ્ત થાય છે. સેવાઓ ત્વરિત બની છે. તેથી લોકોનું જીવન સુવિધાપર્ણૂ બન્યું છે અને તેમનાં સમયની બચત થઈ છે. પ્રધાનો વેબસાઇટ દ્વારા લોકોની ઇચ્છાઓને જાણી શકે છે. નવી આર્થિકનીતિને પગલે આવેલી સમૃદ્ધિની પરોક્ષ અસરોને આભારી છે.

**(6) સરકારની પુનઃશોધ :**

નવી અર્થનીતિથી બજાર કેન્દ્રમાં આવે છે અને રાજ્યની ભૂમિકા બદલાય છે. સરકારની પુનઃશોધ ઉપર ભાર આપતાં દશ સિદ્ધાંતો પર ભાર આપ્યો.

1. સરકાર પ્રેરક-પ્રોત્સાહક અને દોરવણી આપતી હોય, નહીં કે ઠપકો આપતી હોય.
2. સરકાર સામુદાયિક ભાવનાને દઢ બનાવતી હોય સમુદાયતેનાં પોતાનાં પ્રશ્નો ઉકેલવા જાતે આગળ આવે.
3. સરકાર સેવાઓમાં હરીફાઈને ઉત્તેજન આપે. તેમને કાર્યક્ષમ અને કસરમુક્ત બનાવે.
4. સરકાર ચોક્કસ ધ્યેયપ્રમાણે કામ કરે.
5. સરકાર પરિણામલક્ષી રહે.
6. સરકાર ગ્રાહકલક્ષી હોય.
7. સરકાર સાહસિક બને.
8. પર્વાનુમાનિતૃ સરકાર એટલે કે સમાજમાં સમસ્યાઓ ઉદ્ભવે તે પહેલાં તેને ઓળખીને અટકાવતી હોય.
9. વિકેન્દ્રિત સરકાર.
10. બજારલક્ષી સરકાર.

**(8) વિશ્વ નાગરિકત્વ :**

નવી આર્થિકનીતિને પગલે ઉદારીકરણ, ખાનગીકરણ અને પશ્ચિમીકરણના પ્રવાહોએ વિશ્વને જાણે નાનકડું ગામ બનાવી દીધું છે. નવી શોધોની જાણકારી પણ લોકોને મળી રહે છે. આમ, ખરેખર વિશ્વ નાગરિકત્વનો અહેસાસ લોકોને થાય છે.

**નવી આર્થિકનીતિના ગેરલાભ :**

**(1) આર્થિક અસમાનતામાં વધારો :**

નવી આર્થિકનીતિથી આર્થિક સમૃદ્ધિમાં વધારો થયો. બીજી તરફ છેલ્લાં પાંચ વર્ષમાં દેશમાં ગરીબીનું પ્રમાણ ઘટવાને બદલે વધ્યું છે અને આર્થિક અસમાનતાને પોષણ આપ્યું છે.

**(2) બેરોજગારીનું વધતું પ્રમાણ :**

નવી આર્થિકનીતિના બજારલક્ષી અર્થકારણે રોજગારીની તકો વધારી.તેમ છતાં આયાતની નીતિની ઉદારતાને લીધે વિદેશી વસ્તુઓથી બજારો ઉભરાતાં સ્વદેશી ઉદ્યોગોને ફટકો પડયો છે, તેથી બેરોજગારીનું પ્રમાણ વધ્યું છે.

**(3) ભ્રષ્ટાચાર ઘટ્યો નથી :**

મનુષ્યની આર્થિક લાલસા પર નિયંત્રણ ન હોય તો ગમે તેટલી સમૃદ્ધિ પણ મનુષ્યને વધુ ધનવાન બનવા માટે ભ્રષ્ટાચારી બનાવી શકે છે.

**(4) રાષ્ટ્રીય સલામતી જોખમાઈ શકે છે :**

બહુરાષ્ટ્રીય કંપનીઓને ખુલ્લા દરવાજા આપનાર દેશોએ એ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ કે ઇ.સ.1600ની એક જ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ કેવી ગુલામી આપી. આમ, આર્થિકનીતિના લાભ લેતી વખતે રાષ્ટ્રીય સુરક્ષા માટે રાજ્યે જ નહીં; પરંતુ, નાગરિકોએ પણ સતત જાગૃત રહેવું જોઇએ.

**(5) આર્થિકશોષણનું સ્વરૂપ બદલાયું છે :**

નવી આર્થિક નીતિના કારણે મૂડીપતિઓના હિતોનું રક્ષણ કરવાનું કાર્ય વધુ થયું છે. જેના કારણે શોષણ થાય છે, પણતેનું સ્વરૂપ બદલાયું છે.

**(6) ખેતી પાયમાલ થઈ રહી છે :**

નવી આર્થિકનીતિ ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન આપનારી છે. તેના કારણે ખેતીની જમીન ઉદ્યોગોના વિકાસ માટે વધારે વપરાશે અને અનાજનું ઉત્પાદન ક્રમશઃ ઘટી જશે.

**(7) પર્યાવરણની સમતુલા જોખમાઇ રહી છે :**

નવી આર્થિકનીતિની સમૃદ્ધિની આંધળી દોટમાં પર્યાવરણના સ્ત્રોતોની માવજત ભૂલાતી જાય છે. જંગલોનો વિસ્તાર ઘટતો જાય છે. તેથી વરસાદ પણ અનિયમિત બન્યો છે.

## 1.5 ઉપસંહાર :

**(8) શહેરીકરણની સમસ્યાઓ વિકરાળ બનશે :**

નવી આર્થિકનીતિએ ઉદ્યોગીકરણને વધુ પ્રોત્સાહન આવ્યું છે. આ ઉદ્યોગીકરણે શહેરીકરણની પ્રક્રિયાને વેગવાન બનાવી છે.

**(9) મોંઘવારી :**

નવી આર્થિકનીતિના કારણે આવશ્યક ચીજવસ્તુઓનાં ભાવ વધી રહ્યાં છે. જેનાં કારણે નિમ્ન મધ્યમવર્ગ કે ગરીબ વર્ગને તકલીફ પડે છે.

આમ, ભારતે 1991 પછી નવી આર્થિકનીતિનો સ્વીકાર કર્યો; જેના કારણે, ભૌતિક વિકાસ થયો છે તેમ કહી શકાય; પરંતુ, સામાજિક કે અન્ય પ્રકારના વિકાસની શક્યતા સામે પ્રશ્નો ઊભા થાય છે.

## 1.6 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. રાજકીય અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રની વધુ સ્પષ્ટ સમજ મેળવવા કેટલાં ભાગમાં વિભાજિત કરવામાં આવે છે ?

   (A) બે (B) ચાર

   (C) ત્રણ (D) પાંચ

2. ક્યારે ઉદ્યોગપ્રધાન ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ સંસદમાં ઉદ્યોગનિતીની જાહેરાત કરી ?

   (A) 6 એપ્રિલ 1947 (B) 6 માર્ચ 1947

   (C) 6 એપ્રિલ 1948 (D) 6 માર્ચ 1948

3. કઈ સાલમાં આયોજન પંચની રચના કરીને પંચવર્ષીય યોજનાનું ઘડતર કર્યું ?

   (A) ઈ.સ. 1947 (B) ઈ.સ. 1949

   (C) ઈ.સ. 1948 (D) ઈ.સ. 1950

4. ભારતે ક્યારે નવી આર્થિક નીતિનો સ્વીકાર કર્યો ?

   (A) 1990 (B) 1949

   (C) 1991 (D) 1993

5. નવી આર્થિક નીતિમાં કેટલાં ઉદ્દેશ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છ ?

   (A) 10 (B) 12

   (C) 11 (D) 13

## 1.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) બે
2. (A) 6 એપ્રિલ 1948
3. (B) ઈ.સ. 1950
4. (A) ઈ.સ. 1991
5. (D) 11

## 1.8 ચાવીરૂપ શબ્દો :

- **બહુરાષ્ટ્રીય :** એક રાષ્ટ્ર નહિ પરંતુ બે કે તેથી વધુ રાષ્ટ્ર ભેગા મળીને કાર્યકરે તેને બહુરાષ્ટ્રીય કહેવાય.
- **મિશ્ર અર્થતંત્ર :** જે અર્થતંત્રમાં જાહેર તેમજ ખાનગી એમ બન્ને ક્ષેત્રોને વિશિષ્ટ જવાબદારી સોંપવામાં આવી હોય અને જેનો ઉદ્દેશ ઝડપી વિકાસ સાથે સમાન વહેંચણીનો હોય તે અર્થતંત્રને 'મિશ્ર અર્થતંત્ર' કહેવાય છે.

## 1.9 સ્વાધ્યાય લેખન (Assignment)

1. અર્થશાસ્ત્રનું મહત્ત્વ સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. રાજકીય અર્થશાસ્ત્રનો અર્થ સ્પષ્ટ કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. રાજકીય અર્થશાસ્ત્રના અભ્યાસનું ક્ષેત્ર વર્ણવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

4. રાજકીય અર્થશાસ્ત્રનુંમહત્ત્વ સમજાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

2. નવી આર્થિકનીતિના ઉદ્દેશ્યો વર્ણવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

3. મિશ્રઅર્થતંત્રનો ખ્યાલ સમજાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

4. નવી આર્થિકનીતિની જરૂરિયાતો ચર્ચો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 1.10 પ્રવૃત્તિ (Activities)

1. મિશ્ર અર્થતંત્રના કોઈપણ બે ઉદાહરણ તમારા વિચારો અનુસાર વર્ણવો.
2. રાજ્યશાસ્ત્ર એટલે શું ? તે વિસ્તૃતમાં સમજાવો.

## 1.11 કેસસ્ટડી (Case Study)

1. રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્રનો તફાવત જણાવો.
2. રાજ્યની શાંતિ અને સલામતી કેવી રીતે જળવાઈ રહે તે તમારા વિચારો અનુસાર વર્ણવો.

## 1.12 સંદર્ભ ગ્રંથ :


(1) રાજ્યશાસ્ત્ર પરિચય, ભાગ-1,2, હસમુખ પંડયા, અનડા પ્રકાશન, અમદાવાદ.

(2) લોકશાહી રાજયવ્યવસ્થા તત્વ અને વ્યવહાર, લેખક હસમુખ પંડયા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

(3) ભારતીય લોકશાહી, ડૉ. ગજેન્દ્ર શુક્લ, પોપ્યુલર પ્રકાશન, સુરત.

(4) રાજકીય અર્થશાસ્ત્ર અને ભારતીય રાજ્ય વ્યવસ્થા, ડૉ. ગજેન્દ્ર બી. શુક્લ, પોપ્યુલર પ્રકાશન, સુરત

(5) પક્ષપ્રથા, ડૉ. ગજેન્દ્ર શુક્લ, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ.

# એકમ–2 ભારતીય રાજ્યનો બંધારણીય આધાર

## : એકમનું માળખું :


**2.0 એકમના હેતુઓ**

**2.1 પ્રસ્તાવના**

**2.2 બંધારણનું સ્વરૂપ અને તેના મુખ્ય લક્ષણો**

**2.3 એકતંત્રી અને સમવાયતંત્રનાં લક્ષણો**

**2.4 ભારતીય સરકારની રચના, સત્તાઓ અને કાર્યો : ધારાસભા, કારોબારી, ન્યાયતંત્ર**

**2.5 ઉપસંહાર**

**2.6 તમારી પ્રગતિ ચકાસો**

**2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**2.8 સ્વાધ્યાય લેખન**

**2.9 ચાવીરૂપ શબ્દો**

**2.10 પ્રવૃત્તિ**

**1.11 કેસસ્ટડી (Case Study)**

**2.12 સંદર્ભગ્રંથ**


### 2.0 એકમના હેતુઓ :

આ એકમના અભ્યાસ બાદ તમે ભારતીય બંધારણતેમજ ભારતીય રાજ્ય-વ્યવસ્થાનેલગતી નીચેનીબાબતોનો વિગતે ખ્યાલ મેળવી શકશો.

(1) બંધારણનું સ્વરૂપ અને તેનાં મુખ્ય લક્ષણો

(2) એકતંત્ર અને સમવાયતંત્રના લક્ષણો

(3) ભારતીય સરકારની રચના, સત્તાઓ અને કાર્યો.

### 2.1 પ્રસ્તાવના :

લોકશાહી શાસન વ્યવસ્થામાં નાગરિક સ્વતંત્રતાનું રક્ષણ કરવા અને સરકારની ત્રણ મુખ્ય શાખાઓ- ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રની જવાબદારી સ્પષ્ટ કરવા બંધારણનું ઘડતર આવશ્યક માનવામાં આવે છે. બંધારણ દ્વારા સરકારી વ્યવસ્થાતંત્રનું માળખું બંધાય છે અને તેની વિવિધ શાખાઓની રચના, સત્તાઓ, કાર્યો અને સંબંધો સ્પષ્ટ થાય છે. આ ઉપરાંત, નાગરિકોના વિવિધ અધિકારો અને લઘુમતિઓની સલામતી તેના દ્વારા પ્રાપ્ત થતી જોવા મળે છે. ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર રાષ્ટ્રના બંધારણનું ઘડતરએ ભારતનો સ્વાતંત્ર્ય પછીનો સૌથી મોટો અને અગત્યનો પ્રશ્ન રહ્યો છે.

**બંધારણીય કાયદાનું માળખું :**

સરકારની ત્રણ મુખ્ય શાખાઓ એટલે કે ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રની રચના કેવી હોય છે ? આ દરેક તંત્રમાં જવાબદારી સંભાળનારા વ્યક્તિ માટે કેવી લાયકાતો હોવી જરૂરી છે ? એ

સ્થાન કે હોદ્દા માટેના વ્યક્તિઓની નિયુક્તિ કે વરણી કોણ અને કેવી રીતે કરે છે ? એમની સત્તા અને ફરજો કેટલી વિસ્તરેલી છે ? આ તમામ બાબતો નિશ્ચિત કરતા નિયમોનો સમૂહ બંધારણીય કાયદો કહેવાય છે. મોટાભાગે એ લેખિત દસ્તાવેજોના સ્વરૂપમાં હોય છે; પરંતુ; ક્યારેક અલિખિત પરંપરાઓ, રૂઢિઓ, પ્રણાલિકાઓ તથા અદાલતી ચુકાદાઓનાં સ્વરૂપમાં પણ હોય છે.

ટૂંકમાં, કોઈપણ રાષ્ટ્રના બંધારણીય કાયદાનો અભ્યાસ એટલે શાસનનાં આ ત્રણ તંત્રો કે અંગોની રચના, સત્તાઓ અને ફરજો તથા મર્યાદા નિશ્ચિત કરતાં પાયાનાં નિયમોનો અભ્યાસ.

## 2.2 બંધારણનું સ્વરૂપ અને તેનાં મુખ્ય લક્ષણો :

દરેક દેશનાં બંધારણોમાં આ ચાર બાબતો અંગેનાં જ નિયમોનો સમાવેશ થતો હોય તો એક દેશનું બંધારણ અન્ય દેશનાં બંધારણથી કઈ રીતે જુદું કરી શકાય ? દરેક રાષ્ટ્રની આર્થિક, સામાજિક તેમજ ઐતિહાસિક અને ભૌગોલિક સ્થિતિ ભિન્ન પ્રકારની હોય છે. એ ઉપરાંત દરેક પ્રજાઓ પોતાને માટે ભિન્ન પ્રકારનાં ભાવિ લક્ષ્યાંકો નક્કી કરી શકે છે.

બ્રિટનમાં કાયદાના ઘડતરનું વિધાનમંડળ એટલે કે પાર્લામેન્ટ સર્વોપરી છે. વહીવટતંત્ર સંપર્ણૂ રીતે તેને જવાબદાર અને આધીન છે, અને પાર્લામેન્ટે ઘડેલાં કાયદાને અદાલત પણ પાછો ફેરવી શકે નહી. ત્યાંના અલેખિત બંધારણ પ્રમાણે કેવળ વિધાન મંડળને એટલે કે પાર્લામેન્ટને અમર્યાદિત સત્તાઓ મળેલી છે.

**રાષ્ટ્ર માટે નવા બંધારણની આવશ્યકતા :**

દરેક રાષ્ટ્રના ઈતિહાસનાકોઇક તબક્કે એની શાસન વ્યવસ્થાની મૂળભૂત બા બતોને નિશ્ચિત કરવાની જરૂર ઊભી થાય છે. ક્યારેક બળપૂર્વકથી સત્તા પરિવર્તન કે ક્રાંતિને કારણે ફેલાયેલી અરાજકતામાંથી વ્યવસ્થા ઊભી કરવા માટે, ક્યારેક રાષ્ટ્ર તેનાં વિદેશી શાસકોનાં બંધનમાંથી મુક્ત થાય ત્યારે, તો ક્યારેક એકથી વધુ સાર્વભૌમ રાષ્ટ્રો ભેગાં મળીને સંયોજીત રીતે નવાં રાષ્ટ્રનું સર્જન કરે ત્યારે, નવસર્જન કરવાના કે જૂની વ્યવસ્થાને સ્થાને નવી વ્યવસ્થા ઊભી કરવાના અનેક માર્ગો હોય છે; પરંતુ; એ તમામ પરિસ્થિતિમાં નવું બંધારણ ઘડવાની જરૂર પડે છે. આઝાદીની લડતને અંતે 15 મી ઑગસ્ટ, 1947નાં દિવસે ભારત સ્વતંત્ર થયું. ભારતમાં લોકોએ પોતાનું શાસન સ્થાપ્યું. ભારતને સંપૂર્ણ રાજકીય સ્વતંત્રતા મળી, એટલે કે સાર્વભૌમ સત્તા મળી.

એકતંત્રી વ્યવસ્થામાં રાષ્ટ્ર અને તેની પ્રજાને સ્પર્શતા તમામ વિષયો અંગે કાયદા ઘડવાની, તેનો અમલ કરવાની તથા તે અંગેનાં વિવાદોમાં ન્યાય કરવાની તમામ સત્તા એક જ કેન્દ્ર સરકારમાં સ્થાપિત થયેલી જોવા મળે છે. અન્ય કોઇ સ્તરની સમાંતર સરકાર એમાં હોતી નથી. સ્થાનિક સમાંતર સરકાર એમાં હોતી નથી. સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ પેટા કાયદા કે નિયમો ઘડવાની સત્તા નીચેના અધિકાર મંડળો કે અધિકારીઓને આપવામાં આવી હોય છે.

**ભારતમાં બંધારણનું સ્વરૂપ :**

ભારત એ વિશાળ દેશ છે. તેની જનસંખ્યા પણ એટલી જ વિશાળ છે અને તે ભિન્ન-ભિન્ન ધર્મો, ભાષાઓ, પહેરવેશ અને સંસ્કારોમાં વહેંચાયેલો જોવા મળે છે. આ બધી વિશિષ્ટતા જાળવવાની હોય તો એકતંત્રી વ્યવસ્થા ઉપયોગી નથી. બીજી તરફ વહીવટી સરળતા માટે એક ભાષાનો પ્રયોગ અનિવાર્ય છે. ભાષાના ધોરણે દેશનાં વિભાગો પાડી તેની લાક્ષણિકતા જાળવી રાખવા તેનાં લોકોને સ્વાયતતા આપવાની જરૂરિયાત આઝાદીની લડત દરમ્યાન ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે સ્વીકારેલી છે. એ માટે સમવાયતંત્રની વ્યવસ્થા જ ઉપયોગી છે. બીજી બાજુ,જ્યારે-જ્યારે ભારતમાં કેન્દ્રિય શાસન નબળું પડયું છે ત્યારે વિદેશી સત્તાઓએ તેનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો છે. આ બંને પરસ્પર વિરોધી પરિબળો વચ્ચેથી બંધારણ સભાએ બધી રીતે અનુકૂળ વિકલ્પ શોધવાનો હતો. પરિણામે મજબૂત કેન્દ્રવાળી વિશિષ્ટ પ્રકારની સમવાયતંત્રરાજ્ય વ્યવસ્થા આપણે સ્થાપી છે.

**બંધારણ સભા : ઘડતર અને કામગીરી :**

બંધારણ ઘડતરનાં કાર્ય માટે આપણી બંધારણ સભા સૌથી પ્રથમ 9મી ડિસેમ્બર 1946નાં દિવસે સચ્ચિદાનંદ સિંહાનાં પ્રમુખ સ્થાને મળી હતી. પાછળથી કોંગ્રેસના પીઠ નેતા ડૉ.રાજેન્દ્ર પ્રસાદને બંધારણ સભાના પ્રમુખ તરીકે સર્વાનુમતે ચૂંટી કાઢવામાં આવ્યા હતાં. અત્યંત નિરાશાજનક પરિસ્થિતિ પ્રવર્તતી હોવાં છતાં બંધારણ સભાએ બંધારણ ઘડતરનું મુશ્કેલ કાર્ય લગભગ ત્રણ વર્ષ જેટલા સમયમાં પૂરું કર્યું હતું .

9મી ડિસેમ્બર, 1946 એ જ્યારે તેની પ્રથમ બેઠક મળી ત્યારે બંધારણ સભા સાર્વભૌમત્વ ધરાવતી ન હતી. તે સમયે બંધારણસભા બ્રિટિશ સંસદને અને કેબિનેટ મિશન યોજનાને આધીન રહી હતી. 1947માં ભારતીય સ્વાતંત્ર્ય ધારો પસાર થતાં તેને સાર્વભૌમત્વ પ્રાપ્ત થયું હતું. આ ઉપરાંત બંધારણસભા તેની નક્કી કરવામાં આવેલી સભ્ય સંખ્યા સાથે મળી શકી નહીં. જો કે પાછળથી દેશી રાજ્યોનાં પ્રતિનિધિઓ તેમાં જોડાઈ ગયા હતાં. બ્રિટિશ ભારતને ફાળવેલ 296 બેઠકોમાંથી કોંગ્રેસને 212 બેઠકો પ્રાપ્ત થયેલી હતી અને 73 બેઠકો મુસ્લિમ લીગને ફાળે ગઈ હતી.11 બેઠકો અન્ય સભ્યોને પ્રાપ્ત થઈ હતી.

13 ડિસેમ્બરના દિવસે જવાહરલાલ નેહરુ એ ધ્યેયોનો પ્રસ્તાવ રજૂ કર્યો ત્યાર પછી બંધારણ ઘડતરનું કાર્ય શરૂ કરવામાં આવ્યું. આ માટે ઘણી સમિતિઓની નિમણૂંક કરવામાં આવી હતી, જેમાં ઘણું કરીને નહેરુ અથવા સરદાર પટેલ અધ્યક્ષ પદે રહ્યાં હતાં. આ સમિતિઓમાં જુદાં-જુદાં હિતોનું પ્રતિનિધિત્વ રાખવામાં આવ્યું હતું. તેમણે આપેલા અહેવાલોના આધારે બંધારણીય સલાહકાર બી.એન.રાવે બંધારણનો પ્રાથમિક મુસદ્દો તૈયાર કર્યો. ત્યારબાદ બંધારણ સભાએ ડૉ.આંબેડકરનાં અધ્યક્ષ પદે 7 સભ્યોની ખરડા સમિતિની રચના કરી. આ સમિતિએ બંધારણનો વિસ્તૃત ખરડો તૈયાર કર્યો.

**ભારતીય બંધારણનાં લક્ષણો :**

ભારતનાં બંધારણનાં લક્ષણો ઉપર દૃષ્ટિપાત કરતાં જ એમ લાગે છે કે, બંધારણનાં ઘડતરમાં વિશ્વના મુખ્ય લોકશાહી દેશોનાં બંધારણની અસર પડેલી છે. તે સાથે સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું તે સમયની પરિસ્થિતિ, 1935નો ધારો, તેમજ આપણાં દેશની વિવિધતા અને પ્રણાલિકાઓનો પડઘો તેમાં પડેલો છે. આ બાબત બંધારણનાં લક્ષણો જોતાં જ સ્વષ્ટ થઈ રહ્યું છે. બંધારણીય કાયદો સામાન્ય રીતે જે-તે દેશનાં શાસનતંત્રમાં ત્રણેય અંગોની રચના, તેની સત્તા, ફરજો અને મર્યાદાઓ સુનિશ્ચિત કરતો મજબૂત કાયદો છે. એ રીતે કોઇપણ એક દેશનું બંધારણ અન્ય દેશોનાં બંધારણોથી સામાન્ય રીતે ભિન્ન ન થવું જોઇએ; પરંતુ, દરેક દેશની ઐતિહાસિક, સામાજિક તથા સાંસ્કૃતિક અને ક્યારેક ભૌગોલિક ભિન્ન પરિસ્થિતિને કારણે શાસનતંત્રમાં આ ત્રણે અંગો પૈકીના એક અથવા બીજાને વધુ મહત્ત્વ અને સત્તા મળેલાં હોય છે.

**(1) લિખિત બંધારણ :**

ભારતનું બંધારણ લિખિત છે.આપણી બંધારણ સભાએ તેને લોકશાહી પદ્ધતિથી ઘડયું છે. બ્રિટનમાં બંધારણ અલિખિત છે. આપણાં દેશનાં વૈવિધ્યને ધ્યાનમાં લઈ સમવાયી પ્રથા અપનાવી હોવાથી કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કાર્યોનું વિભાજન સ્પષ્ટ રીતે આલેખવા લિખિત બંધારણ અપનાવ્યું છે.

**(2) અતિવિસ્તૃત બંધારણ :**

ડૉ. જેનિંગ્ઝના મત મુજબ ભારતનું બંધારણ વિશ્વમાં સૌથી લાંબામાં લાંબુ બંધારણ છે. અમેરિકાનાં બંધારણની સરખામણીમાં આપણું બંધારણ પાંચ ઘણું મોટું છે. આમ થવાનું કારણ એ છે

કે તેમાં માત્ર સરકારી પ્રથાનું માળખું જ નહી પણ ઘણી વહીવટી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અમેરિકામાં એકમ રાજ્યોમાં બંધારણો અલગ-અલગ હોય છે. આપણે કેન્દ્ર અને એકમ રાજ્ય સરકારોનું બંધારણીય સ્વરૂપ આ એક જ દસ્તાવેજમાં સમાવિષ્ટ કરેલો છે. આથી બંધારણ ઘણું લાંબુ અને વિસ્તૃત બન્યું છે.

**(3) સાર્વભૌમ, લોકશાહી અને પ્રજાસત્તાક રાજ્ય :**

બંધારણ ભારતને સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક જાહેર કરે છે. બહારનાં તેમજ અંદરના કોઈપણ પ્રકારના અંકુશોથી તે મુક્ત છે. પ્રજાની સર્વોપરીતાના આધારે દેશની શાસનવ્યવસ્થા સ્થાપવામાં આવી છે. રાષ્ટ્ર કુટુંબના સભ્ય હોવાને કારણે પણ તેની સર્વોપરીતા ઓછી થતી નથી. તે ઈચ્છે ત્યારે તેનો ત્યાગ કરી શકે છે. આ ઉપરાંત 18 વર્ષની ઉંમરના દરેક નાગરિકને મતાધિકાર આપી બંધારણે લોકશાહીતંત્રની સ્થાપના કરી છે. કોઈપણ જાતની લાયકાતો વિના આપવામાં આવેલા પુખ્તવય મતાધિકાર એ ભારતે અપનાવેલ હિમ્મત ભર્યું પગલું તો છે જ, પણ તે સાથે દેશના લોકોમાં કેવો વિશ્વાસ ધરાવે છે તેની પણ ખાતરી કરાવે છે.

**(4) એક જ નાગરિકતા :**

સામાન્ય રીતે સમવાયી પ્રથા અપનાવતા દેશમાં દરેક પ્રજાજનને બે નાગરિકત્વ આપવામાં આવે છે. એક સમવાયતંત્રનું નાગરિકત્વ અને બીજું એકમ રાજ્યનું નાગરિકત્વ. અમેરિકાએ આવા બેવડા નાગરિકત્વની પ્રથા સ્વીકારેલી છે. જ્યારે ભારતમાં એક જ નાગરિકત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને તે છે સમગ્ર ભારતનું નાગરિકત્વ. એકમ રાજ્યોનું અલગ નાગરિકત્વ આપવામાં આવ્યું નથી.

**(5) સંસદીય લોકશાહી વ્યવસ્થા :**

ભારતે બ્રિટનમાં જેવી સંસદીય પ્રણાલીની સરકાર અપનાવી છે. આપ્રણાલીમાં સરકાર એટલે કે પ્રધાનમંડળ પ્રજા દ્વારા ચૂંટાયેલી ધારાસભાને જવાબદાર હોય છે અને ગૃહનો વિશ્વાસ ધરાવે ત્યાં સુધી હોદ્દા ઉપર રહે છે. કેન્દ્ર સરકારનાં બંધારણીય વડા રાષ્ટ્રપતિ અને રાજ્ય સરકારનાં વડા રાજ્યપાલ છે. જો કે વાસ્તવામાં સત્તા કેબિનેટ ધરાવે છે અને દર પાંચ વર્ષે ચૂંટવામાં આવતાં ધારાગૃહોમાં જે પક્ષને બહુમતી પ્રાપ્ત થાય તે પક્ષની સરકાર રચાય છે. જોકોઈ પક્ષ ચોખ્ખી બહુમતી પ્રાપ્ત ન કરે તો એક કરતાં વધુ પક્ષો સમજૂતી ઉપર આવીને મિશ્ર સરકાર રચી શકે છે.

**(6) સમવાયી પ્રથા :**

ભારતના હજારો વર્ષના ઇતિહાસમાં સૌથી નોંધપાત્ર બાબત એ છે કે, જ્યારે-જ્યારે એનું કેન્દ્રીય શાસન નબળું પડયું છે, ત્યારે-ત્યારે વિદેશી શાસકોએ તેનો પૂરો લાભ ઉઠાવ્યો છે. કેન્દ્રીય શાસનએ કારણે મજબૂત રાખવાની આવશ્યકતા ઘણી હતી. એ સાથે ભાષા, ધર્મ, જાતિ, સંસ્કૃતિ વગેરેની પ્રાદેશિક લાક્ષણિકતાઓને પણ જાળવવાની જરૂર હતી. પરસ્પર વિરોધી આવી અનિવાર્યતાઓને ધ્યાનમાં રાખી બંધારણનાં ઘડવૈયાઓએ એક વિશિષ્ટ પ્રકારના સમવાયતંત્રી માળખાનો સ્વીકાર કર્યો છે.

**(7) દ્વિગૃહી પ્રથા :**

બંધારણે કેન્દ્રમાં દ્વિગૃહી પ્રથાનો સ્વીકાર કર્યો છે. લોકસભા જે નીચલું ગૃહ છે, તેમાં પ્રજાનાં ચૂંટાયેલાં પ્રતિનિધિઓ બેસે છે.રાજ્ય સભા જે ઉપલું ગૃહ છે તેમાં રાજ્યની વિધાન સભાઓ દ્વારા ચૂંટાઇ આવેલાં સભ્યો બેસે છે. રાજ્યસભાની સત્ત ા ઘણી ઓછી છે.એકમ રાજ્યોમાં દ્વિગૃહી પ્રથા રાખવી કે એકગૃહી એનો નિર્ણય જે તે રાજ્યો ઉપર છોડવામાં આવ્યો છે.

**(8) બિનસાંપ્રદાયિક રાજ્ય :**

બંધારણ ભારતને બિનસાંપ્રદાયિક રાજ્ય જાહેર કરે છે. આનો અર્થ એ થાય છે કે રાજ્ય ધર્મ નિરપેક્ષ છે. તો કોઇ ધર્મને ઊંચો કે નીચો ગણતું નથી. બધાં જ ધર્મોને સમાન માને છે. રાજ્ય કોઇ ધર્મ પ્રત્યે પક્ષપાતી નથી. દેશમાં ઘણી ધાર્મિક લઘુમતીઓ હોવાથી બંધારણમાં તેને સમાન તક આપવા માટેની જોગવાઇઓ કરવામાં આવી છે.

**(9) મૂળભૂત અધિકારો :**

લોકશાહીની સફળતા માટે વ્યકિતનું વ્યકિતત્વ અને ગૌરવ વધે અને નાગરિકતાનો વિકાસ થાય તે આવશ્યક છે. આ માટે બંધારણમાં મૂળભૂત અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એટલું ન નહી પણ અધિકારોના યોગ્ય ભોગવટા માટે સલામતીની જોગવાઇ કરવામાં આવી છે. ભારતમાં લોકો એક સ્વતંત્ર રાષ્ટ્રના નાગરિકો તરીકે ગૌરવભર્યુ જીવન જીવી શકે તે માટે સાત(હવે છ) જેટલાં પાયાનાં અધિકારો સ્વીકારવામાં આવ્યાં છે. બંધારણમાં જણાવેલા કારણો વિના સંસદ પણ તેમાં ઘટાડો કે નાબૂદ કરી શકે નહી.

**(10) રાજનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો :**

મૂળભૂત હકોની સાથે બંધારણમાં રાજનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બહુ જ ઓછાં દેશોનાં બંધારણમાં રાજ્યનીતિના આવા માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેના અમલ માટે જો કે રાજ્યની મૂળભૂત હકોના અમલ જેવી કાનૂની જવાબદારી નથી, છતાંયે નૈતિક જવાબદારી છે. ભારત નૈતિક બાબતોને વધારે મહત્ત્વ આપતો લોકશાહી દેશ હોવાથી રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોનું મૂલ્ય વધારે છે.

**(11) વિશિષ્ટ આમુખ :**

આપણાં બંધારણનું આમુખ વિશિષ્ટ છે. અમેરિકાનાં બંધારણની માફક ભારતમાં બંધારણનું આમુખ પ્રજાનાં નામ સાથે શરૂ થાય છે અને તેમાં ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃભાવના આદર્શો વ્યક્ત થાય છે. માત્ર રાજકીય જ નહી પણ આર્થિક અને સામાજિક દૃષ્ટિએ લોકશાહીને મૂર્તિમંત કરવાનું ધ્યેય આ આદર્શો પાછળ રાખવામાં આવ્યું છે.

**(12) એકીકૃત ન્યાયતંત્ર :**

બંધારણે અલગ ન્યાયતંત્રની રચના કરી છે. સૌથી ઉપરના સ્થાને સર્વોપરી અદાલત અને ત્યારબાદ વડી અદાલતો, જિલ્લા અદાલતો તાલુકા અદાલતો ગોઠવાયેલા છે.આમ,સૌપાનિક માળખું રચવામાં આવ્યું છે. અમેરિકા કે જ્યાં ભારતનાં જેવી સમવાયી પ્રથા છે ત્યાં કેન્દ્ર અને રાજ્ય સરકારોની અદાલત પ્રથા અલગ-અલગ છે.

**(13) પછાત અને વર્ગીકૃત જાતિઓ માટે ખાસ જોગવાઇ :**

આપણાં બંધારણમાં પછાત અને વર્ગીકૃત જાતિઓ માટે ખાસ જોગવાઇ કરવામાં આવી છે. ધારાગૃહોમાં અનામત બેઠકો, સરકારી હોદ્દાઓમાં અનામત બેઠકો અને તેમને શિક્ષણની સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે શિષ્યવૃત્તિઓ અને માફીની સગવડ વગેરે ખાસ લાભ અપાતી જોગવાઇઓ કરવામાં આવી છે.

**(14) હિંદીને રાષ્ટ્રભાષા તરીકે સ્થાન :**

ભારતમાં વિવિધ ભાષાઓનો ઉપયોગ થાય છે. આથી જુદાં-જુદાં વિભાગો વચ્ચે વિચાર વિનિમય શક્ય બને તે માટે એક રાષ્ટ્રભાષા હોવી આવશ્યક છે. બંધારણ દેવનાગરી લીપીવાળી હિંદીને રાષ્ટ્ર ભાષાનું સ્થાન આપે છે. આ ભાષાને દેશની વસ્તીનો મોટો ભાગ સમજે છે. આ સાથે

પ્રાદેશિક ભાષાઓનો પણ વિકાસ થાય તે દષ્ટિએ અત્યારે બીજી 22(બાવીસ) ભાષાઓનો બંધારણમાં સ્વીકાર કરવામાં આવ્યો છે.

**(15) દુષ્પરિવર્તનશીલતા અને સુપરિવર્તનશીલતાનો સુમેળ :**

આપણાં બંધારણને સમયની જરૂરિયાત પ્રમાણે સુધારવાની જરૂર પડતી હોય છે. સર્વોચ્ચ વિધાનમંડળની સાદી બહુમતીથી સુધારી શકાતું બંધારણ સુપરિવર્તનશીલ છે. ખાસ બહુમતીથી કે પ્રજામાંથી જ સુધારી શકાતું બંધારણ દુષ્પરિવર્તનશીલ છે. અને કોઇપણ રીતે સુધારી ન શકાતું બંધારણ અપરિવર્તનશીલ છે. આપણાં બંધારણમાં પરિસ્થિતિ પ્રમાણે ફેરફાર કરવાની દષ્ટિએ સુપરિવર્તનશીલતા અને દુષ્પરિવર્તનશીલતા એમ બંને તત્ત્વો જાળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**(16) અદાલતી સમીક્ષા :**

અદાલતી સમીક્ષા એટલે જો સંસદનાં કોઇ કાયદા દ્વારા બંધારણે મુકેલી મર્યાદાનું ઉલ્લંઘન થતું હોય તો અદાલત તેવાં કાયદાને ગેરબંધારણીય જાહેર કરવાની સત્તા ધરાવે છે. આવી સત્તા અમેરિકામાં આપવામાં આવી છે. આપણાં બંધારણની 13મી કલમ મુજબ ધારાસભાનો કોઈ કાયદો અથવા કારોબારીનો કોઈ ઠરાવ મૂળભૂત અધિકારોની જોગવાઈઓની વિરૂદ્ધ હોય, તો તે નકામો ગણવામાં આવશે. આ દષ્ટિએ ન્યાયતંત્ર કેન્દ્ર અને રાજ્ય સરકારનાં પગલાની સમીક્ષા કરી શકે છે અને આમ પ્રજાનાં અધિકારોનું રક્ષણ કરી શકે છે.

**તમારી પ્રગતિ ચકાસો.**

1. બંધારણના સ્વરૂપની ચર્ચા કરો.
2. ભારતના બંધારણનાં મુખ્ય લક્ષણો વર્ણવો.
3. બંધારણની આવશ્યકતા વર્ણવો.

## 2.3 એકતંત્રી અને સમવાય તંત્રનાં લક્ષણો :

આ પ્રકારનું વર્ગીકરણ સત્તાઓનાં વિભાજનને ધ્યાનમાં લઈને રજૂ કરવામાં આવે છે. પ્રા. વ્હિયર સરકારી સત્તાઓનું વિભાજન કઈ રીતે કરવામાં આવ્યું છે તે સિદ્ધાંતને ધ્યાનમાં લઈને સરકારનું એકતંત્રી અને સમવાયતંત્રી એમ બે પ્રકારમાં વર્ગીકરણ કરે છે.

એકતંત્રી સરકારમાં તમામ સત્તાઓ કેન્દ્ર સરકાર પાસે હોય છે. સૈદ્ધાંતિક રીતે સ્થાનિક સંસ્થાઓનું અસ્તિત્વ મધ્યસ્થ(કેન્દ્ર) સરકાર ઉપર આધાર રાખે છે. તે પોતાની ઇચ્છામાં આવે ત્યારે તેમાં ફેરફાર કરી શકે છે અથવા તો તેમના અસ્તિત્વને દૂર પણ કરી શકે છે.

જ્યારે સમવાયતંત્રમાં સમવાય સરકાર અને એકમ સરકારો વચ્ચે સત્તા અને કાર્યોનું વિભાજન કરવામાં આવે છે એકમ સરકારોને પોતાનાં કાર્યો કરવા માટે સમવાય સરકાર ઉપર આધાર રાખવો પડતો નથી. બંને એકબીજાનાં ક્ષેત્રમાં દરમ્યાનગીરી કરી શકતા નથી. ટૂંકમાં, બન્ને સરકારો સમાન હોય છે.

**એકતંત્રી સરકારનો અર્થ અને વ્યાખ્યા :**

જ્યારે રાજ્યમાં સત્તાનું કેન્દ્રીકરણ કરવામાં આવ્યું હોય છે ત્યારે તે એકતંત્રી કે એકકેન્દ્રી સરકાર ગણાય છે. (1) એક જ સરકાર હોય છે. જેને મધ્યસ્થ સરકાર તરીકે ઓળખવામાં આવે છે અને તેની પાસે તમામ સત્તાઓ હોય છે. (2) વહીવટી સરળતા ખાતર સ્થાનિક પ્રશ્નો અને કાર્યો માટે તે સ્થાનિક સંસ્થાઓ(પંચાયત, નગરપાલિકા, મહાનગર પાલિકા)ની રચના કરે છે. (3) સૈદ્ધાંતિક રીતે આ સંસ્થાઓનું અસ્તિત્વ કેન્દ્ર સરકારની મરજી ઉપર અવલંબિત છે. (4) તેમનાં કાર્યો તથા

સત્તામાં વધારો કે ઘટાડો કેન્દ્ર સરકાર કરી શકે છે. જો કે વાસ્તવમાં કેન્દ્ર સરકાર સ્થાનિક સરકારની સંસ્થાઓ સાથે ફાવે તેમ વર્તી શકતી નથી.

દા.ત. બ્રિટન, ળાંસ, ન્યુઝીલેન્ડ, સ્વીડન, નોર્વે, ડેનમાર્ક વગેરેમાં એકતંત્રી-એક કેન્દ્રી સરકાર એકતંત્રી સરકારની વ્યાખ્યા :અસ્તિત્વમાંછે.

ડૉ. હર્મન ફાઈનર : ''એકતંત્રી રાજ્યમાં તમામ શક્તિ અને સત્તા એક જ કેન્દ્રને સોંપવામાં આવે છે, તેની ઈચ્છા અને તેના અધિકારીઓ(એજન્ટો ) કાનૂની રીતે તમામ વિસ્તાર ઉપર સર્વશક્તિમાન હોય છે.''આ વ્યાખ્યા પ્રમાણે (1) તમામ સત્તા એક જ કેન્દ્ર ધરાવે છે. આમ, સત્તાનું કેન્દ્રીકરણ કરવામાં આવે છે. (2) કેન્દ્ર સરકારની ઈચ્છા અને તેનાં અમલદારો સમગ્ર વિસ્તાર પર શાસન કરે છે.

પ્રા. સ્ટ્રાકંગ : ''એકતંત્રી રાજ્યની રચના એક મધ્યસ્થ સરકાર નીચે કરવામાં આવે છે, એટલે કે જે વિસ્તારનો વહીવટી કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે, તેની અંદર આવેલ વિવિધ પ્રાંતો તે સરકારની મરજીના આધારે સત્તાઓ ધરાવે છે અને મધ્યસ્થ સરકારસમગ્ર વિસ્તારમાં સર્વોપરી હોય છે તથા કાયદા દ્વારા પ્રાંતોને ખાસ સત્તાઓ આપે છે. તેનાં પર કોઈપણ પ્રકારનું નિયંત્રણ મૂકી શકાતું નથી.''

**એકતંત્રી સરકારનાં મુખ્ય લક્ષણો :**

એકતંત્રી સરકારની વિવિધ વ્યાખ્યાઓ ઉપરથી તેનાં મુખ્ય લક્ષણો આ પ્રમાણે તારવવામાં આવેલાં છે.

**(1) એક જ સરકાર (કેન્દ્ર સરકાર) અને કેન્દ્ર સરકારમાં જ સત્તાનું કેન્દ્રીકરણ**

એક જ પ્રકારની સરકારમાં એક જ સરકાર હોય છે, જેને મધ્યસ્થ કે કેન્દ્ર સરકાર તરીકે ઓળખવામાં આવે છે અને તેની પાસે તમામ સત્તા હોય છે. ટૂંકમાં બધી જ સત્તા એક જ કેન્દ્રને આધીન હોય છે અને આમ, સત્તાનું કેન્દ્રીકરણ કરવામાં આવ્યું હોય છે.

**(2) સ્થાનિક કાર્યો માટે સ્થાનિક સંસ્થાઓની રચના**

રાજ્યનું કાર્યક્ષેત્ર વિશાળ હોવાથી વહીવટી સરળતા માટે મધ્યસ્થ સરકાર સ્થાનિક સંસ્થાઓ (પંચાયતો, મ્યુનિસિપાલિટીઝ, મ્યુનિસિપલ કોર્પોરેશન વગેરે)ની રચના કરે છે અને સ્થાનિક કાર્યો અને સત્તા તેમને સોંપે છે.

**(3) કેન્દ્ર સરકાર સ્થાનિક સંસ્થાઓ પર પ્રભુત્વ ધરાવે છે.**

આ સંસ્થાઓનું અસ્તિત્વ મધ્યસ્થ સરકારની મરજી ઉપર આધાર રાખે છે. તે જરૂર પ્રમાણે તેમની સંખ્યા, કાર્યો અને સત્તાઓમાં વધઘટ કરી શકે છે. અહી એ સ્પષ્ટતા કરવી જરૂરી છે કે, સિદ્ધાંતમાં આવું ચિત્ર રજૂ થતું હોવાં છતાં પણ વાસ્તવમાં આ સંસ્થાઓ સારાં પ્રમાણમાં સ્વાયત્તતા ભોગવતી હોય છે અને કેન્દ્ર સરકાર મનસ્વી રીતે તેમની સાથે વર્તી નથી શકતી.

**(4) બંધારણની સર્વોપરિતા અસ્તિત્વ ધરાવે છે.**

એકતંત્રી સરકારમાં બંધારણ સર્વોપરી હોય છે અને તે કેન્દ્ર સરકારને તમામ સત્તાઓ આપે છે. અપવાદરૂપે બ્રિટનમાં દસ્તાવેજી બંધારણ અસ્તિત્વમાં નહી હોવાથી ત્યાં ધારાસભાની સર્વોપરિતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

**(5) મધ્યસ્થ સરકાર પાસે તમામ સત્તા હોવાથી બંધારણ ગતિશીલ રહે છે.**

સત્તાનું કેન્દ્રીકરણ થયું હોવાથી જરૂર જણાય ત્યારે મધ્યસ્થ સરકાર તેમાં તરત જ ફેરફાર કરી શકે છે. અલબત્ત, બ્રિટનને અનુલક્ષીને આ લક્ષણ રજૂ કરવામાં આવ્યું છે; પરંતુ, જ્યાં લેખિત બંધારણ અમલમાં છે ત્યાં, સરકારે બંધારણને આધિન રહીને જ વર્તવું પડે છે.

**(6) મધ્યસ્થ ધારાસભા સર્વોપરી હોય છે.**

પ્રા. સ્ટ્રોંગ જણાવે છે તેમ જ્યાં-જ્યાં એકતંત્રી સરકાર અમલમાં હોય છે, ત્યાં-ત્યાં મધ્યસ્થ ધારાસભા સર્વોપરી હોય છે અને તે રાજ્યના સમગ્રવિસ્તાર માટે કાયદા ઘડવાની સત્તા ધરાવે છે.

**સમવાયતંત્રી સરકારનો અર્થ :**

સમવાયતંત્રનો સામાન્ય અર્થ એ છે કે,સમવાયતંત્રની રચનામાં બે કે તેથી વધારે રાજ્યો અમુક કારણોસર એકત્ર થઇ પોતાની સાર્વભૌમ સત્તાનો ત્યાગ કરીને કાયમી જોડાણ દ્વારા નવા જ રાજ્યની કાયમી રચના કરે છે.

**સમવાયતંત્રનાં મુખ્ય લક્ષણો :**

મુખ્યત્વે કરીને સમવાયતંત્ર ત્રણ અગત્યનાં લક્ષણો ધરાવે છે, જે આ પ્રમાણે છે.

1. દસ્તાવેજી અને સર્વોપરી બંધારણ
2. સત્તાનું સ્પષ્ટ વિભાજન
3. તટસ્થ અને સર્વોપરી ન્યાયતંત્ર

**(1) દસ્તાવેજી અને સર્વોપરી બંધારણ :**

સમવાયતંત્રનું બંધારણ અનિવાર્યપણે દસ્તાવેજી હોવું જ જોઇએ. કારણ કે સમવાયતંત્રની રચના અનેક રાજ્યો એકત્ર થઇને કરી રહ્યા છે અને તેની રચના થતાં જ તેઓ પોતપોતાની સાર્વભૌમ સત્તાનો ત્યાગ કરે છે. દરેક રાજ્ય માટે સાર્વભૌમ સત્તા અનિવાર્ય હોવાથી તેનો ત્યાગ ન છૂટકે જ કરવામાં આવે છે; પરંતુ, તેના બદલામાં રાજ્યો સ્વાયતતા ભોગવે છે. ટૂંકમાં, (1) સમવાયતંત્રમાં પોતાના વિશિષ્ટ સ્થાનને જાળવી રાખવા માટે (2) સમવાયતંત્રની રચના પાછળનાં હેતુઓ કયા છે તે નક્કી કરવા માટે, અને (3) તેનો વહીવટ કેવી રીતે ચાલશે, પોતાને કયાં કાર્યો તથા કેટલી સત્તા આપવામાં આવશે વગેરે બાબતોને સ્પષ્ટ કરવા માટે તમામ રાજ્યો એકત્ર થઇને સમજૂતી સાધે છે. આ પ્રમાણે નક્કી થયેલી વ્યવસ્થા મૌખિક સ્વરૂપે રહે તેમ તેઓ ઇચ્છતાં નથી, કેમ કે, તે મૌખિક સમજૂતીનો ક્યારે ભંગ થાય તે કહી શકાય નહી. આ માટે રાજ્યો વચ્ચેની સમજૂતી કરારને બંધારણરૂપે તૈયાર કરવામાં આવે છે. તેને દસ્તાવેજી સ્વરૂપ આપવું જ પડે છે. જેથી ભવિષ્યમાં સમવાય સરકાર મનસ્વી રીતે વર્તીને એકમ સરકારોને ગૌણ બનાવી સમવાયતંત્રને એકતંત્રીમાં ફેરવી શકે નહી.

સાથો-સાથ બંધારણની સર્વોપરીતાનો પણ સ્વીકાર કરવામાં આવે છે. તેની પાછળનું કારણ એ છે કે, સમવાયતંત્રની રચના સમાનતાના સિદ્ધાંત ઉપર થઇ હોવાથી સમવાય સરકાર અને એકમ સરકારો સમાન ગણાય છે. સમવાય કે એકમ સરકારોમાંથી જો કોઇ એકને સર્વોપરીતા સોંપવામાં આવે તો આ સરકારો વચ્ચે સમાનતાના બદલે અસમાનતા ઊભી થાય છે. જો સમવાય સરકારને સર્વોપરી સત્તા સોંપાય તો તે સર્વોપરી બને અને જો એકમ સરકારોને સાર્વભૌમ સત્તા સોંપાય તો તે સર્વોપરી બને. એટલું જ નહી; પણ, સમવાયતંત્ર સમવાયતંત્ર ન રહેતાં પ્રથમ વિકલ્પમાં તે એકતંત્રી બની જાય અને જો બીજો વિકલ્પ સ્વીકારાય તો તે સમૂહતંત્રમાં ફેરવાઈ જાય.

બંધારણની સર્વોપરીતાના બે અર્થ કરવામાં આવે છે.

1. બંધારણે નક્કી કરેલ કાર્યક્ષેત્રમાં રહીને જ બન્ને સરકારોને પોતાપોતાના કાર્યો કરવાનાં હોય છે. જ્યારે કોઇપણ સરકારનો કોઇપણ કાયદો કે કાર્ય બંધારણે નક્કે કરેલી મર્યાદા ઓળંગે છે, ત્યારે તેને અદાલતમાં પડકારવામાં આવે છે અને અદાલત તેને ગેરબંધારણીય અને રદબાતલ જાહેર કરે છે. સામાન્યતઃ સર્વોપરી અદાલત આ કામગીરી બજાવે છે.

2. જ્યારે બંધારણમાં ફેરફાર કરવો હોય ત્યારે બંધારણમાં જણાવેલી પધ્ધતિ પ્રમાણે જ ફેરફાર થઇ શકે છે. મોટા ભાગે તો ફેરફાર કરતી વખતે બન્ને સરકારો તેમાં ભાગ લે તેવી પદ્ધતિ અપનાવવામાં આવે છે. સમવાયતંત્રનું બંધારણ સભ્યરાજ્યો વચ્ચેનો કરારપત્ર હોવાથી તેમાં સરળતાથી ફેરફાર થાય તેવી પધ્ધતિ અપનાવવામાં આવતી નથી. કેમ કે જો તેમાં સરળતાથી ફેરફાર થઇ શકતો હોય તો (1) એકમ સરકારોને હંમેશા પોતાના વિશિષ્ટ સ્થાનના અસ્તિત્વ પરત્વે શંકા રહે (2) સમવાય સરકાર સત્તાનો દુરુપયોગ કરવા પ્રેરાય (3) સમવાયતંત્રનું અસ્તિત્વ પણ ભયમાં મુકાઇ જાય અને (4) તે એકતંત્રી સરકારમાં પણ ફેરવાઇ જાય. આ માટે જ સમવાયી બંધારણ દુષ્પરિવર્તનશીલ રહે તેમ રાજ્યો ઇચ્છતાં હોય છે અને વાસ્તવમાં સમવાયી બંધારણો દુષ્પરિવર્તનશીલ જ હોય છે.

**(2) સત્તાનું સ્પષ્ટ વિભાજન :**

સમવાયતંત્રમાં બે સરકાર હોય છે : (1) સમવાય સરકાર (2) એકમ સરકારો.

અમેરિકા તથા ભારતમાં એકમ સરકારોને રાજ્ય તરીકે, સ્વિટ્ઝર્લેન્ડમાં કેન્ટન તરીકે, જ્યારે કેનેડામાં પ્રોવિન્સ તરીકે ઓળખવામાં આવે છે.

સમવાય સરકાર અને એકમ સરકારો બન્ને સરકારો સમાન હોવાથી પ્રથમ લક્ષણમાં જોયું તે પ્રમાણે બંધારણ બંને સરકારો વચ્ચે કાર્યોની વહેંચણી કરે છે. અને તે કાર્યોનો અમલ કરવાની સત્તા તેમને સોંપે છે. આમ, સમવાય સરકાર અને એકમ સરકારો વચ્ચે કાર્યો અને સત્તાઓનું સ્પષ્ટ વિભાજન કરવું આવશ્યક ગણાય છે. જો સત્તા વિભાજનમાં અસ્પષ્ટતા રહી જાય તો કેન્દ્ર અને રાજ્યો વચ્ચે મતભેદ વારંવાર ઉદ્ભવે અને સમવાયતંત્ર દીર્ઘજીવી બની શકે નહી, એટલે કે લાંબો સમય ટકી શકે નહીં.

આ કાર્ય એટલું બધુ અગત્યનું છે કે તેનાં માટે ખાસ સિદ્ધાંતો તારવવામાં આવ્યાં છે. તેમને ધ્યાનમાં રાખીને બન્ને સરકારો વચ્ચે કાર્યો અને સત્તાઓની વહેંચણી કરવામાં આવે છે.

## 2.4 ભારતીય સરકારની રચના, સત્તાઓ અને કાર્યો : ધારાસભા, કારોબારી, ન્યાયતંત્ર :

હવે આપણે કેન્દ્ર સરકારના ત્રણ અંગો ધારાસભા(સંસદ), કારોબારી(રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને પ્રધાનમંડળ) અને ન્યાયતંત્ર વિશે જાણકારી પ્રાપ્ત કરીશું.

**ધારાસભા (સંસદ) :**

ભારતનાં બંધારણમાં કલમ 79થી કલમ 123 અનુસાર સંસદ અંગેની જોગવાઈઓ કરવામાં આવી છે. ભારતીય ધારાસભાને સંસદ તરીકે ઓળખવામાં આવે છે. ભારતીય સંસદ દ્વિગૃહી છે. ભારતીય બંધારણની કલમ 79 મુજબ રાષ્ટ્રપતિ ભારતીય સંસદનું અભિન્ન અંગ છે. ભારતીય સંસદ (અ) રાષ્ટ્રપતિ (બ) રાજ્ય સભા અને (ક) લોકસભાની બનેલી છે. ભારતમાં સંસદ સર્વોપરી નથી, પરંતુ બંધારણ સર્વોપરી છે.

**રાજ્યસભા :**

બંધારણની જોગવાઈ અનુસાર રાજ્યસભાનાં 238 સભ્યોની ચૂંટણી પરોક્ષ પદ્ધતિએ કરવામાં આવે છે. તેમાં રાજ્યોની વિધાનસભાઓ અને કેન્દ્રશાસિત વિસ્તારોની પ્રતિનિધિસભાઓમાં ચૂંટાયેલા સભ્યો મતદાન કરે છે.રાજ્ય દીઠ વસ્તીના આધારે રાજ્યસભાના સભ્યોની સંખ્યા નક્કી કરવામાં આવી છે. રાજ્યસભા ઉપલું ગૃહ તરીકે ઓળખાય છે.તેની કુલ સંખ્યા 250 નિર્ધારિત થયેલી છે.જેમાં ફેરફાર કરવો હોય તો બંધારણમાં સુધારો કરવો પડે (238 ચૂંટાયેલ સભ્યો, 12 નિયુક્ત સભ્યો). રાજ્યસભાના સભ્યો 6 વર્ષ માટે ચૂંટાય છે.

**લોકસભા :**

સંસદનું નીચલા ગૃહને લોકસભા કહે છે. લોકસભા દેશની ચાવીરૂપ પ્રજાકીય સંસ્થા છે. લોકમતનું પ્રત્યક્ષ પ્રતિબિંબ તેમાં જોવા મળે છે. લોકસભા ભારતીય સંસદનું નીચલું ગૃહ અને પ્રથમ ગૃહ છે. બંધારણની કલમ 81 મુજબ લોકસભાની મહત્તમ સભ્ય સંખ્યા 545 નિર્ધારિત થયેલી છે. જેમાં 525 સભ્યો એકમ રાજ્યોમાંથી પુખ્તવય મતાધિકારને ધોરણે પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા ચૂંટાય છે. બાકીનાં 20 સભ્યો કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ચૂંટાય છે.

**સંસદની સત્તાઓ :**

ભારતનાં બંધારણની કલમ 79 અનુસાર ભારતની સંસદ રાષ્ટ્રપતિ, લોકસભા અને રાજ્યસભાની બનેલી છે. નાણાંકીય સત્તાઓ સિવાય ભારતીય સંસદના બંને ગૃહોની સત્તાઓ લગભગ સમાન છે.

ભારતની સંસદ નીચે મુજબ સત્તાઓ ધરાવે છે.

**(1) ધારાકીય સત્તાઓ :**

1. સંઘયાદીના 97 અને સંયુક્તયાદીના 47 વિષય પર કાયદા ઘડવાની સત્તાછે.
2. કેટલાક વિશિષ્ટ સંજોગોમાં બંધારણીય કલમ 249 અનુસાર રાજ્યયાદીના વિષય પર પણ કાયદા ઘડવાની સત્તા છે.
3. કટોકટીના સમયમાં રાજ્યયાદી સહિત બધા વિષયો પર કાયદાઓ ઘડી શકે છે.
4. બે કે તેથી વધુ રાજ્યોની ધારાસભાઓ ઠરાવ પસાર કરીને વિનંતી કરે તો તે રાજ્યયાદીના જે તે વિષય પર પણ કાયદા ઘડી શકે છે.
5. રાષ્ટ્રપતિ થકી બહાર પાડવામાં આવેલ વટહૂકમને મંજૂર કે ના મંજૂર કરવાની તે સત્તા ધરાવે છે.

**(2) કારોબારી સત્તાઓ :**

1. સમગ્ર પ્રધાનમંડળ તેના બધા નીતિવિષયક નિર્ણયો માટે સંસદને સંયુક્ત રીતે જવાબદાર છે.
2. સંસદનાં બંને ગૃહો પ્રધાનોને પ્રશ્નો, પેટા પ્રશ્નો પૂછીને અંકુશમાં રાખે છે. સરકારની નિષ્ફળતાઓને પ્રકાશમાં લાવીને નિયંત્રણમાં રાખે છે.
3. લોકસભામાં ઠપકાની દરખાસત, અવિશ્વાસની દરખાસ્ત, બજેટ કાપ દરખાસ્ત વગેરે બાબતો જો પસાર ન થાય તો સરકારને રાજીનામું આપવાની ફરજ પાડે છે.
3. કોઇ ખરડો નાણાંકીય છે કે બિનનાણાંકીય તે અંગે લોકસભાના અધ્યક્ષનું પ્રમાણપત્ર આખરી છે.

**(3) નાણાંકીય સત્તાઓ :**

1. સંસદને સોંપાયેલી નાણાંકીય સત્તાઓ વાસ્તવમાં લોકસભા જ ધરાવે છે.
2. રાજ્યસભાએ નાણાંકીય ખરડા અંગે 14 દિવસમાં નિર્ણય લેવો પડે છે, નહી તો તે
3. ગૃહમાં પસાર થયેલો માનવામાં આવે છે.

**(4) ન્યાય વિષયક સત્તાઓ :**

1. ભારતની સંસદ,ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ સર્વોચ્ચ કે વડી અદાલતના ન્યાયધીશો, મહાલેખા પરીક્ષક, મુખ્ય કે અન્ય ચૂંટણી કમિશ્નર વગેરે ઉચ્ચ પદાધિકારીઓ ઉપર બંધારણમાં

થયેલી જોગવાઈ અનુસાર મહાભિયોગની કાર્યવાહી કરીને તેમને હોદ્દા પરથી દૂર કરવાની સત્તા ધરાવે છે.

**(5) અન્ય સત્તાઓ :**

1. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીના મતદાર મંડળ તરીકે કાર્ય કરે છે.
2. રાષ્ટ્રપતિની કટોકટી વિષયક જાહેરાતોને મંજૂરી કે નામંજૂરી આપે છે.
3. સંસદના વિશેષાધિકારોનું ઉલ્લંઘન કરનારને શિક્ષા કે સજા કરે છે.
4. કોઈપણ એકમ રાજ્ય માટે વડી અદાલત કે તેની બેન્ચની રચના કરી શકે છે.

**કારોબારી :**

કારોબારીનું મુખ્ય કાર્ય નીતિવિષયક નિર્ણયો લેવાનું અને ધારાસભાએ પસાર કરેલ કાયદાઓનો અમલ કરવાનું છે. કેન્દ્ર કક્ષાએ કારોબારીમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન, પ્રધાનમંડળનો સમાવેશ થાય છે.

**રાષ્ટ્રપતિ :**

ભારત લોકશાહી પ્રજાસત્તાક રાજ્ય છે.ભારતીય રાજ્યનાં બંધારણીય વડા રાષ્ટ્રપતિ છે. ભારત પ્રજાસત્તાક હોવાથી રાષ્ટ્રપતિનો હોદ્દો વંશપરંપરાગત નથી, પણ પરોક્ષ પધ્ધતિથી તેમની ચૂંટણી કરવામાં આવે છે. બંધારણની કલમ 52 અનુસાર સંઘની કારોબારીની સત્તાઓ રાષ્ટ્રપતિને હસ્તક રહેશે જેનો અમલ તેઓ સીધે સીધો કરશે અથવા તો એમના હાથ નીચેના અધિકારીઓ મારફતે કરાવશે.

**રાષ્ટ્રપતિની સત્તાઓ :**

1. ધારાકીય સત્તાઓ
2. કારોબારી સત્તાઓ
3. નાણાંકીય સત્તાઓ
4. ન્યાયકીય સત્તાઓ
5. કટોકટી સમયની સત્તાઓ

**ઉપરાષ્ટ્રપતિ :**

ભારતીય બંધારણની કલમ 63માં જણાવ્યા મૂજબ ઉપરાષ્ટ્રપતિની જોગવાઇ કરવામાં આવી છે; પરંતુ,ભારતીય શાસન પ્રથામાં તેમની કોઈ ખાસ ઉલ્લેખનીય ભૂમિકા નથી તેનો અર્થ એવો ન થઇ શકે કે તેમનું કોઈ સ્થાન કે મોભો નથી. તેઓ તેમના હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ છે.

**ઉપરાષ્ટ્રપતિની સત્તાઓ-ફરજો :**

1. ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્ય સભાના સભાપતિ છે.
2. રાષ્ટ્રપતિની ગેરહાજરીમાં ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિની તમામ ફરજો બજાવે છે અને સત્તાઓ ભોગવે છે.

**વડાપ્રધાન અને પ્રધાનમંડળ :**

સંસદીય સરકારમાં વડાપ્રધાન અને પ્રધાનમંડળની ભૂમિકા અને મહત્ત્વ અનેરાં છે. કારોબારીની તમામ વાસ્તવિક સત્તાઓ વડાપ્રધાન અને પ્રધાનમંડળના હાથમા રહેલી છે. વડાપ્રધાન અને પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી ગણાય છે. બંધારણની કલમ 74માં જણાવ્યા અનુસાર રાષ્ટ્રપતિને તેમનાં કાર્યોમાં

સલાહ અને મદદ કરવા વડાપ્રધાનની આગેવાની નીચે એક પ્રધાનમંડળ રહેશે. રાષ્ટ્રપતિ તેમની સલાહ માનવા બંધાયેલા છે.

**વડાપ્રધાનના કાર્યો :**

1. મંત્રીમંડળની રચના કરવી, સંચાલન કરવું તેમજ તેનો અંત લાવવો.
2. વડાપધાન્ર ધારાકીય કાર્યોમાં સંસદનું સત્ર બોલાવવું, સત્રના સમય તારીખ નિર્ધારિત કરવા, સત્રાવસાનની પ્રક્રિયા રાષ્ટ્રપતિ તેમની સલાહ અનુસાર ગોઠવે છે.
3. વડાપ્રધાન નાણાંકીય કાર્યોમાં દેશની આર્થિક નીતિની સાથે ભારતનાં વડાપ્રધાન આયોજન પંચના અધ્યક્ષ ગણાય છે.
4. વહીવટી કાર્યો :- વડાપ્રધાન સમગ્ર વહીવટીતંત્ર પર વર્ચસ્વ ધરાવે છે. તેઓ દ્વારા ઘડાયેલી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નીતિઓને કાર્યાન્વિત કરવા વહીવટીતંત્રને તે દિશામાં વાળી તે વહીવટીતંત્રને ગતિશીલ કરે છે.

**ન્યાયતંત્ર :**

સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્ર એ સાચી લોકશાહીની કસોટીના પથ્થરની ગરજ સારે છે. નાગરિકોના અધિકારોનું જતન કરવા, તેમજ સમવાયતંત્રમાં કેન્દ્ર-રાજ્ય વચ્ચેના કાર્ય વિભાજનનાં સંદર્ભમાં સમવાયતંત્રના રક્ષક તરીકે નિષ્પક્ષ અને તટસ્થ ન્યાયતંત્રની આવશ્યકતા છે. બંધારણની સર્વોચ્ચતા જાળવી રાખવા તેની કોઈ કલમ અને કાયદાની બંધારણીયતા સંબંધે અર્થઘટન કરવા ઉપરાંત કારોબારી તેમજ સંસદ દ્વારા વખતો વખત ઓળંગાતી બંધારણીય મર્યાદાઓને કાબૂમાં રાખવા તટસ્થ ન્યાયતંત્રની આવશ્યકતા છે.

**ન્યાયતંત્રનું કાર્ય :**

1. ન્યાયતંત્રનું મુખ્યકાર્ય ન્યાય કરવાનું છે.
2. ધારાસભાએ ઘડેલા કાયદા અને કારોબારી દ્વારા તેના અમલ વખતે જો કાયદાનો ભંગ થાય તો ભંગ કરનારને સજા કે દંડ કરવાનું તેનું કાર્ય છે.
3. કાયદાનું અર્થઘટન કરવાનું કાર્ય કરે છે.

ભારતમાં ન્યાયતંત્રનું માળખું સુગ્રથિત સંળગ અને પિરામિડ આકારનું છે. જેમાં સર્વોચ્ચ અદાલત, વડીઅદાલત, જિલ્લા અદાલત, તાલુકા અદાલત, ટ્રાયલ અદાલતો વગેરેનો સમાવેશ થાય છે.

## 2.5 ઉપસંહાર :

ભારતીય બંધારણનો અને રાજકીય પ્રથાના માળખાનો અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે ભારત વિશ્વનું સૌથી મોટું લોકશાહી વ્યવસ્થાતંત્ર ધરાવે છે. તેમજ ભારતમાં આભાસી સમવાયતંત્ર જોવા મળે છે. આમ, ભારતીય રાજકીય વ્યવસ્થાના માળખાની વિશિષ્ટતાઓ સમજાય છે.

## 2.6 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. ભારત સ્વતંત્ર ક્યારે થયું ?

   (A) 15 મી ઓગસ્ટ 1947 (B) 15 મી ઓગસ્ટ 1949

   (C) 15 મી ઓગસ્ટ 1948 (D) 15 મી ઓગસ્ટ 1950

2. સૌ પ્રથમ બંધારણ બેઠક ક્યારે ભરાઈ હતી ?

   (A) 9 ડિસેમ્બર 1945 (B) 9 ડિસેમ્બર 1947

   (C) 9 ડિસેમ્બર 1946 (D) 9 ડિસેમ્બર 1950

3. જવાહરલાલ નેહરુ એ ધ્યેયોનો પ્રસ્તાવ ક્યારે રજૂ કર્યો ?

(A) 12 ડિસેમ્બર (B) 14 ડિસેમ્બર

(C) 13 ડિસેમ્બર (D) 15 ડિસેમ્બર

4. રાષ્ટ્રપતિની કુલ કેટલી સત્તાઓનો સમાવેશ થાય છે ?

(A) 5 (B) 9

(C) 7 (D) 12

5. કેન્દ્ર સરકારના કેટલા અંગો હોય છે ?

(A) 3 (B) 9

(C) 6 (D) 12

## 2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) 15 મી ઓગસ્ટ 1947
2. (B) 9 ડિસેમ્બર 1946
3. (B) 13 ડિસેમ્બર
4. (A) 5
5. (A) 3

## 2.8 સ્વાધ્યાય લેખન :

1. રાષ્ટ્રપતિની સત્તાઓ વિસ્તૃતમાં સમજાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

2. ભારતીય સરકારની રચના વિસ્તૃતમાં સમજાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

3. એકતંત્રી સરકારનાં લક્ષણો સમજાવો.

..........................................................................
..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

4. સમવાયતંત્રના લક્ષણો વર્ણવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 2.9 ચાવીરૂપ શબ્દો :

- **લોકશાહી :** 'લોકોનું લોકો માટે અને લોકો દ્વારા ચાલતું શાસન'
- **પ્રજાસત્તાક લોકશાહી :** લોકોએ આપેલા મતને આધારે ચૂંટાયેલી સરકાર

## 2.10 પ્રવૃત્તિ

1. હિન્દીને રાષ્ટ્રભાષા તરીકે સ્થાન એ તમારા વિચારો અનુસાર સમજાવો.
2. અદાલતી સમીક્ષા સમજાવો.

## 2.11 કેસસ્ટડી (Case Study)

1. એકતંત્રી સરકારનો ખ્યાલ વર્ણવો.
2. પ્રજાસત્તાક રાજ્યનો અર્થ તમારા વિચારો અનુસાર વર્ણવો.
3. લોકશાહીનો અર્થ તમારા વિચારો અનુસાર વર્ણવો.

## 2.12 સંદર્ભગ્રંથ :

(1) ભારતીય રાજકારણની રૂપરેખા- હસમુખ અમીન, દિનેશ શુક્લ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

(2) ભારતીય રાજકારણ- ડૉ. ગજેન્દ્ર શુક્લ, પોપ્યુલર પ્રકાશન, સુરત.

(3) ભારતીય બંધારણ- હેમંત શાહ, નીરવ પ્રકાશન, અમદાવાદ.

# એકમ–3 લોકશાહીનો ખ્યાલ

## : એકમનું માળખું :


3.0 એકમના હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 લોકશાહીનો અર્થ અને વ્યાખ્યા

3.3 લોકશાહીનાં લક્ષણો અને પ્રકારો

3.4 લોકશાહીના ગુણદોષો

3.5 રાજકીય પક્ષોની ભૂમિકા અને કાર્યો, દાબજૂથો અને લોકમત

3.6 ઉપસંહાર

3.7 તમારી પ્રગતિ ચકાસો

3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

3.9 ચાવીરૂપ શબ્દો

3.10 સ્વાધ્યાય લેખન

3.11 પ્રવૃત્તિ

3.12 કેસસ્ટડી

3.13 સંદર્ભગ્રંથ


### 3.0 એકમના હેતુઓ :

આ એકમનાં અભ્યાસ બાદ આપ વર્તમાન સમયમાં વિશ્વમાં સૌથી વધુ સ્વીકાર્ય એવી લોકશાહી રાજ્ય-વ્યવસ્થા અને તેની સાથે સંકળાયેલી અગત્યની બાબતોને સારી રીતે સમજી શકશો.

- લોકશાહીનો અર્થ અને વ્યાખ્યા
- લોકશાહીના લક્ષણો અને પ્રકારો
- લોકશાહીની સફળતા-નિષ્ફળતા
- લોકશાહીની અગત્યતા

### 3.1 પ્રસ્તાવના :

વીસમી સદીને લોકશાહીની સદી તેમજ આજના આધુનિક યુગને લોકશાહી યુગ તરીકે ઓળખવામાં આવે છે. આધુનિક લોકશાહીનાં મૂળ પશ્ચિમનાં ગ્રીસમાં પડેલા છે. ભારતે પણ સરકારના પ્રકાર તરીકે લોકશાહીનો સ્વીકાર કરેલો છે. તેથી આપણાં માટે આ લોકશાહીનાં ખ્યાલને સમજવો જરૂરી બની જાય છે.

લોકશાહી વ્યવસ્થામાં અંતિમ સત્તા પ્રજા પાસે હોય છે. મહાન ગ્રીક ચિંતક ઍરિસ્ટોટલ રાજ્યશાસ્ત્રના પિતા ગણાય છે. તેમણે સરકારના વિવિધ પ્રકારો પૈકી એક પ્રકાર તરીકે લોકશાહીની પણ વાત કરી છે.

## 3 2 લોકશાહીનો અર્થ અને વ્યાખ્યા :

**અર્થ :**

લોકશાહી માટે અંગ્રેજી ભાષામાં ડેમોક્રેસી શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આડેમોક્રેસી શબ્દ ગ્રીક ભાષાનાં બે શબ્દો ડિમોસ અને ક્રેટિઆ પરથી તૈયાર થયો છે. જેમાં ડિમોસનો અર્થ પ્રજા અને ક્રેટિઆનો અર્થ શાસન થાય છે. આમ, ડેમોક્રેસી એટલે પ્રજાનું શાસન આ અર્થમાં લોકશાહી એટલે પ્રજાનું શાસન અથવા લોકોની સત્તા.

**વ્યાખ્યા :**

**પ્લેટો અને ઍરિસ્ટોટલ :** જે તંત્રમાં ઘણા લોકો ભાગ લે તે લોકશાહી.

**જેમ્સ રસેલ લોવેલ :** લોકશાહી એ સમાજનો એવો પ્રકાર છે જેમાં દરેક જણને તક મળે છે અને દરેક જણને તેનો ખ્યાલ હોય છે.

**સીલી :** લોકશાહી એવી સરકાર છે, જેમાં દરેકનો ફાળો હોય છે, જેમાં દરેક ભાગ લે છે.

**અબ્રાહમ લિંકન :** લોકશાહી એટલે લોકોની સરકાર, લોકો દ્વારા ચાલતી સરકાર અને લોકો માટેની સરકાર.

**પ્રા.ડાઈસી :** લોકશાહી એટલે એવી સરકાર કે જેની સત્તા પ્રજાની બહુ મોટી સંખ્યાના હાથમાં હોય.

**લોકશાહીના મૂળભૂત સિદ્ધાંતો :**

જે રાજ્ય લોકશાહી સરકારને સ્વીકારે છે તેણે કેટલાક મૂળભૂત/પાયાના સિદ્ધાંતોસ્વીકારવા પડે છે. જે નીચે મુજબ છે.

**(1) વ્યક્તિનું ગૌરવ :**

લોકશાહીમાં વ્યક્તિના ગૌરવ અને સન્માનનો સ્વીકાર કરવામાં આવે છે.વ્યક્તિનું કલ્યાણ થાય તેનો સર્વાંગી વિકાસ થાય તે માટે સરકારે સતત પ્રયત્નો કરવાના હોય છે. માનવમાત્ર સમાન છે. લોકશાહીમાં આ ખ્યાલ કેન્દ્ર સ્થાને રહેલો છે. તમામ મનુષ્યો સમાન છેતેથી તમામ મનુષ્યોને વિકાસ માટે સમાન તક મળવી જોઈએ. દરેક નાગરિક પોતાની શક્તિ પ્રમાણે પોતાનો વિકાસ સાધી શકે તેવી તક તેને મળવી જોઈએ. મનુષ્યો વચ્ચે અન્ય અસમાનતા કુદરતી હોવા છતાં મૂળભૂત સમાનતા અસ્તિત્વ ધરાવે છે.સમાનતાના ખ્યાલમાં બંધુત્વની ભાવના રહેલી છે.

**(2) સ્વતંત્રતા :**

લોકશાહી માટે સ્વતંત્રતા હોવી જરૂરી છે, તેમજ અનિવાર્ય છે. વ્યક્તિએ પોતાની સ્વતંત્રતાનો ઉપયોગ કરતી વખતે માનવસમાજના કલ્યાણને ધ્યાનમાં રાખવું જોઈએ. લોકશાહીમાં સ્વતંત્રતા સંપૂર્ણ હોતી નથી. માનવસમાજના કલ્યાણની મર્યાદાઓની અંદર રહીને જ વ્યક્તિએ પોતાની સ્વતંત્રતાનો ઉપયોગ કરવાનો હોય છે. આમ, સ્વતંત્રતા કેટલાક અંશે નિયંત્રિત હોય છે, જેમાં જવાબદારીની ભાવના રહેલી છે.

**(3) બંધુત્વ-ભ્રાતૃભાવ :**

બંધુત્વએ લોકશાહીનો પાયાનો ખ્યાલ છે. બંધુત્વની ભાવનાના કારણે લોકોમાં પોતે એક જ કુટુંબના સભ્યો છે એવી લાગણી પ્રવર્તે છે, જેથી સાથે મળીને કુટુંબનો વિકાસ કરવાની લાગણી જન્મે છે. જેના કારણે તેમનામાં પરસ્પર પોતાના હિતોનો ત્યાગ કરવાની વૃત્તિ ઊભી થાય છે. જો બંધુત્વની ભાવના ન હોય તો પ્રજામાં એકતાની ભાવના આવી શકે નહી.

### (4) કાયદાનું શાસન :

કાયદાના શાસનનો ખ્યાલ લોકશાહી સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. કાયદાનું શાસન એટલે કાયદા સમક્ષ સૌને સમાન ગણવા. કાયદાના શાસનમાં સમાન કાયદાના ભંગ માટે સમાન શિક્ષા કરવામાં આવે છે. કાયદાના શાસનનો અમલ હોવાથી નાગરિકો પોતાના જીવન સ્વાતંત્ર્ય તેમ જ મૂળભૂત અધિકારો યોગ્ય રીતે ભોગવી શકે છે. લોકશાહી શાસનમાં અમુક જ વ્યક્તિઓ દ્વારા શાસન ચાલતું નથી; પરંતુ, પ્રજાએ પોતે જ ચૂંટેલા પોતાના પ્રતિનિધિઓ દ્વારા ઘડેલા કાયદાઓ પ્રમાણે શાસન ચાલે છે.

### (5) પ્રજામાં જવાબદારી અને ફરજની ભાવના :

લોકશાહીમાં પ્રજાએ પોતાની જવાબદારી અને ફરજ બજાવવાની હોય છે. લોકશાહીએ માત્ર યાંત્રિક રચના નથી; પરંતુ માનવસંબંધો પર રચાયેલી સમાજવ્યવસ્થા છે. પરિણામે તેમાં રહેલી દરેક વ્યક્તિ પોતાની જવાબદારીઓ સમજતી હોવી જોઇએ, તેમજ પોતાની ફરજો માટે જાગૃત હોવી જોઈએ. આવી ભાવના ધરાવતી વ્યક્તિઓ જ લોકશાહીમાં જરૂરી ગણાતી બાબતો જેમ કે વિચારોની મુક્ત આપલે, સરકારનાં કાર્યો તથા નીતિની ટીકા તેમજ મતાધિકારનો ઉપયોગ યોગ્ય રીતે કરી શકે છે.

## 3.3 લોકશાહીનાં લક્ષણો અને પ્રકારો :

લોકશાહીને વિશિષ્ટ રીતે સમજવા માટે તેમજ તેનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરવા માટે તેની લાક્ષણિકતાઓ સમજવી જરૂરી છે.

### (1) બંધારણીય સરકાર :

લોકશાહીમાં વ્યક્તિઓની ઇચ્છા પ્રમાણે નહી; પરંતુ, કાયદા પ્રમાણે શાસન ચાલે છે. લોકશાહીમાં લિખિત બંધારણનો સ્વીકાર કરવામાં આવે છે. બ્રિટનમાં અલિખિત બંધારણ છે જે એક અપવાદ છે. બંધારણમાં જણાવેલી જોગવાઈઓ મુજબ શાસન કરવાનું હોય છે. બંધારણએ રાજ્યનો મૂળભૂત કાયદો ગણાય છે. બંધારણીય સરકારના કારણે સત્તાનો દુરુપયોગ કરી શકાતો નથી. ધારાસભાએ પણ બંધારણ દ્વારા નક્કી કરેલા કાર્યક્ષેત્રમાં રહીને જ કાર્ય કરવું પડે છે. આના કારણે બંધારણે નક્કી કરેલ મર્યાદાને સરકાર ઓળંગી શકતી નથી. આ પગલાંના કારણે બંધારણ દ્વારા પ્રજાના હકોનો સ્વીકાર કરવામાં આવ્યો હોવાથી પ્રજાના સર્વાંગી વિકાસની ખાત્રી આપવામાં આવે છે. આ પ્રમાણે લોકશાહી તંત્રમાં બંધારણનો સ્વીકાર અનિવાર્યપણે કરવામાં આવે છે.આ લાક્ષણિકતા લોકશાહી સાથે એટલી બધી ગાઢ રીતે સંકળાયેલી છે કે બંધારણ વગર લોકશાહીની કલ્પના કરવી મુશ્કેલ છે.

### (2) ચર્ચા વિચારણા દ્વારા ચાલતી સરકાર :

લોકશાહીમાં ચર્ચાને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે. સરકારની કોઇપણ નીતિ કે કાર્યક્રમ કે યોજના અંગે લોકો પ્રત્યેક તબક્કે-સ્તરે મુક્ત ચર્ચા કરે એ ખૂબ જ જરૂરી છે.આ માટે અખબારો, ટી.વી., રેડિયો જેવા પ્રસાર-પસારનાં માધ્યમો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેના કારણે સરકાર લોકોની લાગણી, મત, અભિપ્રાયથી પરિચિત થાય છે અને જરૂર જણાય ત્યાં લોકમતનો સ્વીકાર કરીને સરકારી નીતિમાં પરિવર્તન કરે છે. તેમજ, લોકો ચૂંટણીનાં માધ્યમથી સરકારમાં પણ પરિવર્તન કરે છે.દા.ત. 1975ની કટોકટી પછી 1977ની સામાન્ય ચૂંટણીમાં શ્રીમતી ઇન્દિરા ગાંધી સરકારની હાર થઈ હતી.

**(3) મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ :**

ચૂંટણીએ લોકશાહીનું રાષ્ટ્રીય ઉત્સવ ગણવામાં આવે છે. ચૂંટણી લોકશાહીનો આત્મા છે. લોકોને કદાચ શાસકની નીતિઓ અથવા વહીવટ ન ગમ્યો હોય તો ચૂંટણી જેવા અહિંસક શસ્ત્રથી તેમને દૂર કરી શકે છે. માટે લોકશાહીમાં ચૂંટણીને શાંતક્રાંતિ કહેવામાં આવે છે. ચૂંટણી લોકોના મતને વ્યક્ત કરવાનું અસરકારક માધ્યમ છે, માટે લોકશાહીમાં ચૂંટણીને સેફ્ટી વાલ્વ તરીકે જોવામાં આવે છે. ચૂંટણી મુક્ત અને સ્વાયત્ત હોવી જોઈએ એટલે કે કોઈ જૂથ કે સરકારી તંત્રના અંકુશથી મુક્ત અને કોઈપણ પ્રકારનાં પ્રલોભનો કે લાલચથી દૂર હોવી જોઈએ.

**(4) સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર :**

આધુનિક સમયમાં સાર્વત્રિક પુખ્તવય મતાધિકારનો સ્વીકાર કરવામાં આવ્યો છે. મતાધિકારનો ઈતિહાસ જોતા જણાય છે કે, કેટલાંક રાષ્ટ્રોમાં મતાધિકાર માટે ક્રાંતિઓ કરવી પડી હતી; પરંતુ, આજે સાર્વત્રિક એટલે કે જાતિ, જ્ઞાતિ, ધર્મ, કોમ, સંપ્રદાય, ભાષા, લિંગ, જન્મસ્થળ કે અન્ય કોઈપણ પ્રકારનો આધાર લીધા વિના પુખ્તવય એટલે કે જે તે રાજ્ય મત આપવા નક્કી કરેલી વયમર્યાદા કે તેથી ઉપરની વય ધરાવતા હોય તે તમામ નાગરિકોને મતાધિકાર મળે છે.દા.ત. ભારતમાં મતાધિકાર માટેની વય 18 વર્ષ છે.

**(5) રાજકીય-પક્ષો અને દાબજૂથો :**

રાજકીય પક્ષો લોકશાહીના ચાલક બળ છે. લોકશાહી ચર્ચાવિચારણાથી ચાલતી સરકાર છે. તેથી,તેમાં રાજકીય પક્ષો જરૂરી છે. તેઓ લોકમત ઘડવાનું તેમજ તેને વ્યક્ત કરવાનું કામ કરે છે. સાથે-સાથે સરકારને તે પ્રમાણે વર્તવાની ફરજ પાડે છે. આધુનિક લોકશાહી પ્રતિનિધિક લોકશાહી હોવાથી લોકોને પોતાના પ્રતિનિધિને ચૂંટવાની સત્તા હોય છે. તેમજ તેઓ પોતાના પ્રતિનિધિને શાસનની દોર આપતા હોય છે. આ સંદર્ભમાં રાજકીયપક્ષો અનિવાર્ય છે. રાજકીયપક્ષો વિરોધપક્ષની ભૂમિકા અદા કરીને પણ લોકશાહીને સતત ધબકતી અને ચેતનવંતી રાખે છે.

**(6) લઘુમતીના હકોનો સ્વીકાર :**

લોકશાહીમાં બહુમતીનું શાસન હોય છે, અને ત્યાં જાત-જાતની લઘુમતીઓ પણ હોય છે. જેમ કે ધાર્મિક, સાંસ્કૃતિક, ભાષાકીય, આર્થિક, નાણાંકીય વગેરે. બહુમતી શાસનની સામે તેમનો અવાજ દબાઈ ન જાય તે માટે લઘુમતીઓને કેટલાંક અધિકાર બંધારણ દ્વારા આપવામાં આવેલા છે. જેનાથી લઘુમતીઓને પોતાના હિતો અને વિકાસની બાંહેધરી મળે છે. લઘુમતી બહુમતીએતો લોકશાહીમાં પરિચાલકો છે. તેમજ લોકશાહીના સાતત્ય માટે અત્યંત જરૂરી છે.

**(7) મુક્ત અને જવાબદાર અખબારો-પ્રચારક સાધનો :**

મુક્ત અને જવાબદાર અખબારો લોકશાહીના ચોથા સ્તંભ તેમજ ચોકીદાર તરીકે ઓળખાય છે. લોકશાહી લોકમત દ્વારા ચાલતી સરકાર છે. લોકમતએ લોકશાહીનો પ્રાણવાયુ છે. લોવેલના મતે લોકશાહીમાં યોગ્ય બળ ગણાવવા માટે લોકમત ખરેખર લોકોનો અને બધાનો મત હોવો જોઇએ. સંગીન અને અસરકારક લોકમત ઘડતરમાં અખબારો, રેડિયો, ટી.વી. વગેરે પ્રચાર માધ્યમો સરકારના અંકુશથી મુક્ત હોવા જોઈએ.

**(8) સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્ર :**

લોકશાહી સરકારનું ત્રીજું અંગ ન્યાયતંત્ર છે જે લોકશાહીમાં રખેવાળની ભૂમિકા ભજવે છે; પરંતુ, તે ધારાસભા અને કારોબારીથી સ્વતંત્ર હોવું જોઈએ. ન્યાયતંત્રની સ્વતંત્રતા અને નિષ્પક્ષતા લોકશાહી તંત્રમાં કસોટીના પથ્થરની ગરજ સારે છે. ન્યાયતંત્રની સ્વતંત્રતા માટેની જોગવાઈઓ જે તે

બંધારણમાં સામેલ કરવામાં આવે છે. અદાલતી સમીક્ષા વડે ન્યાયતંત્ર લોકશાહીમાં ખૂબ જ મહત્ત્વનું કાર્ય કરે છે. ભારતમાં પણ અદાલતી સમીક્ષાની જોગવાઈઓ છે.

**લોકશાહીના પ્રકારો :**

લોકશાહીના બે પ્રકાર પાડવામાં આવ્યાં છે.

1. પ્રત્યક્ષ લોકશાહી

2. પરોક્ષ લોકશાહી

**(1) પ્રત્યક્ષ લોકશાહી :**

જ્યારે રાજ્યના કાર્યોમાં પ્રજા પ્રત્યક્ષ રીતે ભાગ લેતી હોય ત્યારે તેને પ્રત્યક્ષ લોકશાહી કહેવામાં આવે છે. ગ્રીસના નગર રાજ્યોમાં પ્રત્યક્ષ લોકશાહી પ્રવર્તતી હતી; કારણ કે, નગર રાજ્યોનો વિસ્તાર ઘણો જ ઓછો હતો, વસ્તી ઓછી હતી, તેમજ નગર રાજ્યોના કાર્યો પણ ઓછા હતાં. પ્રત્યક્ષ લોકશાહીના અમલની રીતિઓ નીચે મુજબ છેઃ

(અ) પહેલ અધિકાર

(બ) લોકપૃચ્છા

(ક) પ્રજામત/લોકમત

(ડ) પ્રતિનિધિને પાછો બોલાવવાનો અધિકાર

આ ચાર પ્રત્યક્ષ લોકશાહીની રીતિઓનો સમાવેશ થાય છે. તેમના ઉપયોગ દ્વારા પ્રજા રાજ્યના કાર્યોમાં પ્રત્યક્ષ ભાગ લઈ શકે છે.

**પ્રત્યક્ષ લોકશાહીની પદ્ધતિઓ :**

**(અ) પહેલ અધિકાર :**

પહેલ અધિકાર એટલે લોકોને ધારાકીય કાર્યોમાં પહેલ કરવાનો અધિકાર. મોટાભાગે ધારાસભા ધારાકીય કાર્યો કરતી હોય છે; પરંતુ, આ રીત પાછળ એવી ભાવના રહેલી છે કે લોકોને જરૂરી લાગતા હોય તેવાકાયદાઓ જો ધારાસભામાં રજૂ ન થાય, તો તેવા કાયદાના ખરડાને રજૂ કરવાની પહેલ લોકો/નાગરિકો કરે તેને પહેલ અધિકાર કહેવાય છે.

દા.ત. સ્વિટ્ઝર્લેન્ડમાં સમવાય સરકારના બંધારણમાં ફેરફાર કરવા માટે 50,000 મતદારોની સહીની જરૂર હોય છે. આ રીતે બંધારણમાં સુધારા વધારા કરવા નાગરિકો પોતે પહેલ કરે છે. અમેરિકામાં તેના અમુક રાજ્યોમાં બંધારણમાં ફેરફાર કરવા માટે તેમજ અમુક ઘટક રાજ્યોમાં સામાન્ય કાયદાઓ માટે આવા પહેલ અધિકારની જોગવાઈ છે. આ પદ્ધતિ દ્વારા લોકશાહીમાં લોકોની સર્વોપરિતા છે, તેના પુરાવા મળી રહે છે. લોકો થકી કાયદાનું ઘડતર થાય તો પરિણામે કાયદાનું પાલન સારી રીતે થઈ શકે.

**(બ) લોકપૃચ્છા :**

ધારાસભાએ ઘડેલા કાયદા અંગે લોકોની સંમતિ કે અસંમતિ જાણવાની પ્રક્રિયાથી નિર્ણય લેવો તેને લોકપૃચ્છા કહેવાય છે.

લોકપૃચ્છાનાં પણ બે પેટા પ્રકાર છે.

1. ફરજિયાત લોકપૃચ્છા

2. મરજિયાત લોકપૃચ્છા

**ફરજીયાત લોકપૃચ્છા :**

જ્યારે તમામ પ્રકારનાં સામાન્ય અને બંધારણીય કાયદાઓ લોકોની સંમતિ માટે રજૂ કરવા જ પડે છે, ત્યારે તેને ફરજીયાત લોકપચ્છૃ કહે છે. સ્વિટ્ઝર્લેન્ડમાં સામાન્ય રીતે તમામ પરગણામાં દરેક અગત્યના કાયદાઓ વિશે અંતિમ નિર્ણયો લેવા માટે લોકો સમક્ષ રજૂ કરવા તેવી જોગવાઈ કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય કરારો તેમજ સંધિઓને લોકપૃચ્છા માટે રજૂ કરવી જ પડે છે.

**મરજિયાત લોકપચ્છા :**

જ્યારે નિર્ધારિત કરેલી સંખ્યાના મતદારો અરજી કરે ત્યારે ધારાસભા દ્વારા પસાર થયેલાં કાયદાને લોકોની વિચારણા માટે-સંમતિ કે અસંમતિ જાણવા માટે રજૂ કરવામાં આવે તેને ફરજિયાત લોકાપૃચ્છા કહે છે. આમાં, તમામ કાયદાઓને ફરજિયાત પણે લોકો સમક્ષ રજૂ કરવાના હોતા નથી. સ્વિટ્ઝર્લેન્ડમાં સમવાય સરકારના કાયદાને લોકપૃચ્છા માટે રજૂ કરવા અંગે 30,000 મતદારો અરજી કરે અને આઠ કેન્ટોન તેને ટેકો આપે તો જ તેને લોકપૃચ્છા માટે રજૂ કરવામાં આવે છે. અમેરિકામાં કેટલાંક ઘટક રાજ્યોમાં તેનો અમલ થયો છે; પરંતુ, સમવાયી બાબતોમાં લોકપૃચ્છાનો ઉપયોગ કરાતો નથી. મરજિયાત લોકપૃચ્છામાં લોકતંત્રના હાર્દનો પડઘો પડે છે. કાયદાપાલન સારી રીતે થાય છે. નાગરિકોની રાજકીય ભાગીદારી વધે છે. ધારાસભાની માનસિકતા પર લોકપૃચ્છા અંકુશ મૂકે છે.

**(ક) લોકમત-પ્રજામત :**

લોકમત/પ્રજામત એટલે મત દ્વારા લોકોની વ્યક્ત થયેલી ઇચ્છા.સામાન્ય રીતે જે બાબતો લોકોને અસર કરે છે અથવા તો જેમાં તેમને રસ પડે છે તેમના વિશે જ્યારે લોકો સમાન વિચારો ધરાવે છે, ત્યારે તેને લોકમત કહે છે. લોકમત લોકશાહીમાં ખૂબ જ મહત્ત્વની અને પાયાની ભૂમિકા ભજવે છે.

**(ડ) પ્રતિનિધિને પાછો બોલાવવાનો હક :**

લોકશાહીમાં પ્રતિનિધિઓ થકી વહીવટ ચાલે છે તે સર્વસામાન્ય છે. પ્રતિનિધિઓને નાગરિકો નિયત સમય મર્યાદા માટે ચૂંટે છે. તેઓ પ્રજાને જવાબદાર હોય છે જ્યારે પ્રજાને એવું લાગે કે પોતે ચૂંટેલો પ્રતિનિધિ મતદારોની ઇચ્છા મુજબ વર્તતો નથી, તો તેમને ધારાસભામાંથી પરત બોલાવવાનો હક છે. આમ કરવાથી તે બેઠક ખાલી પડે છે અને ત્યાં પુનઃચુંટણી થાય છે અને બેઠક ફરીથી ભરાય છે. આ રીતિનો ખાસ સ્વીકાર થયો નથી; પણ, આ હક દ્વારા રાજ્યમાં લોકો સાર્વભૌમ સત્તા ધરાવે છે તે સ્થાપિત થાય છે.

**(2) પરોક્ષ લોકશાહી :**

સાંપ્રતકાળમાં રાજ્યના વિસ્તારમાં, કાર્યોમાં તથા વસ્તીમાં વ્યાપક પ્રમાણમાં વધારો થયો છે પરિણામે રાજ્યનાં કાર્યમાં તમામ નાગરિકો દ્વારા પ્રત્યક્ષ રીતે ભાગ લઈ શકાય નહી. તેથી તેમને પોતાના પ્રતિનિધિઓને ચૂંટવા પડે છે, અને આ રીતે તેમના દ્વારા પરોક્ષ રીતે રાજ્યના કાર્યોમાં પ્રજા ભાગ લઈ શકે છે. આ માટે આધુનિક લોકશાહીને પરોક્ષ લોકશાહી અથવા તો પ્રતિનિધિત્વયુક્ત લોકશાહી તરીકે ઓળખવામાં આવે છે. પરોક્ષ લોકશાહીમાં પણ છેવટની સત્તાતો પ્રજા પાસે જ હોય છે, કેમ કે સત્તા પરના પક્ષે ફરીથી ચૂંટાવા પ્રજા સમક્ષ જવું જ પડે છે અને આ પ્રસંગે જો પ્રજાને યોગ્ય લાગે તો જ તે સરકારને ફરીથી ચૂંટે છે.જો તેને બીજા પક્ષને સત્તા સોપવાનું વ્યાજબી લાગે તો તેમ પણ કરી શકે છે.

## 3.4 લોકશાહીના ગુણ-દોષો :

લોકશાહી રાજ્ય-વ્યવસ્થામાં ઘણી સારી બાબતો અથવા ગુણો છે; પરંતુ, તેમાં કેટલીક મર્યાદાઓ અથવા ખામીઓ પણ છે. તેથી હવે આપણે લોકશાહીના ગુણ-દોષોનું મૂલ્યાંકન કરીશું.

**ગુણ :**

**(1) મનુષ્યને પોતાના જીવન અને સ્વાતંત્ર્ય માટે નિશ્ચિત બનાવે છે.**

લોકશાહીમાં કાયદાનું શાસન અમલમાં હોવાથી દરેકને એક બાબતમાં તો સંપૂર્ણ ખાત્રી હોય છે કે પોતાના જીવનમાં તેમજ પોતાની સ્વતંત્રતામાં રાજ્ય-બિનજરૂરી દરમ્યાનગીરી કરવાની હિમ્મત દાખવી શકશે કે નહી. કેમ કે, જ્યારે સરકાર મનુષ્યનાં જીવનને તે અથવા તેની સ્વતંત્રતાને અયોગ્ય રીતે મર્યાદિત કરે છે, ત્યારે વ્યક્તિ ન્યાયતંત્રનો આશરો લે છે અને ન્યાયતંત્ર વ્યક્તિને રક્ષણ પૂરૂં પાડે છે.

**(2) ક્રાંતિની શક્યતા રહેતી નથી.**

લોકશાહીમાં પ્રજા પાસે છેવટની સત્તા હોવાથી તેમજ પ્રજાની સંમતિને ધ્યાનમાં રાખીને રાજકર્તાઓ મોટાભાગે વર્તતા હોવાથી ક્રાંતિ દ્વારા રાજકીય ફેરફારોની શક્યતા નહિવત્ જ હોય છે. આપણે જાણીએ છીએ કે જ્યારે પ્રજાને તેની ઈચ્છા વ્યક્ત કરવા દેવામાં આવતી નથી ત્યારે રૂંધાયેલી લાગણીઓને તે ક્રાંતિ દ્વારા વ્યક્ત કરે છે.

**(3) સરકાર સત્તાનો દુરુપયોગ કરી શકતી નથી.**

સરકાર પાસે સત્તાનું પ્રમાણ ઘણું હોવા છતાં પણ તેને તેનો દુરૂપયોગ કરતા વિચારવું પડે છે, કારણ કે તે પ્રજાને જવાબદાર હોય છે. તેણે કરેલા કાર્યો માટે પ્રજા તેની પાસેથી જવાબ માંગે છે. પ્રજાની જવાબદાર સરકાર હોય છે. આમ, લોકશાહીમાં સરકાર પ્રજાને જવાબદાર હોવાથી સત્તાનો દુરુપયોગ કરતા વિચારે છે.

**(4) વ્યક્તિના વિકાસ માટે સમાન તક :**

મનુષ્ય પોતાનો સર્વાંગી વિકાસ કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. લોકશાહી સરકાર જ એકમાત્ર એવી સરકાર છે જેમાં તમામને કોઈપણ પ્રકારનાં ભેદભાવ કે મર્યાદા વગર સમાન તક આપવામાં આવે છે. કેમ કે, સમાનતા એ લોકશાહીનો અગત્યનો સિદ્ધાંત છે. પરિણામે દરેક મનુષ્યે પોતાની ક્ષમતા પ્રમાણે પોતાનો વિકાસ કરવાનો હોય છે.

**(5) રાષ્ટ્રપ્રેમ મજબૂત કરે છે.**

લોકશાહીમાં પ્રજા સત્તા ધરાવતી હોવાથી તે રાજ્યની તમામ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. જેનાં કારણે રાષ્ટ્રપ્રત્યે એકતાની લાગણી પ્રજા અનુભવે છે અને આના કારણે આ લાગણી રાષ્ટ્રપ્રેમને વધુ મજબૂત કરે છે.

**(6) રાજકીય શિક્ષણ પૂરું પાડે છે.**

લોકશાહીમાં ચૂંટણી અનિવાર્ય છે તેમજ તે દ્વારા જ પ્રજામહત્ત્વના નિર્ણયો લે છે. આ પ્રમાણે નિર્ણયો લેવાના હોવાથી પ્રજા દરેક બાબતમાં રસ લે છે અને દરેક પ્રશ્નને સમજવાનો પ્રયત્ન કરે છે. આ પ્રકારની ક્રિયાઓ તેમજ રાજકીય પક્ષોની કાર્યવાહી પ્રજાને રાજકીય શિક્ષણ પુરૂં પાડે છે.

**દોષો :**

**(1) એક વ્યક્તિ એક મતનો સિદ્ધાંત યોગ્ય નથી.**

લોકશાહીમાં એક વ્યક્તિ એક મતના સિદ્ધાંત પ્રમાણે તમામને સમાન ગણીને મતાધિકાર આપવામાં આવે છે. જેનો ઉપયોગ ચૂંટણીમાં મતદારો કરી સરકારની રચના કરે છે; પરંતુ, આ સિદ્ધાંતના કારણે કોઈપણ બે વ્યક્તિમાં મતદાન અંગેનો તફાવત જોઈ શકાતો નથી.

**(2) સારી સરકારની સ્થાપના થતી નથી.**

લોકશાહીમાં ખાસ કરીને ચૂંટણીમાં જે રીતે પ્રચાર થાય છે જે રીતે ભાષાનો પ્રયોગ થાય છે તેના કારણે સારા લોકો તેમાં જોડાતા નથી.જેના કારણે સારા લોકોની સેવાનો લાભ દેશને મળતો નથી. આ કારણોસર સારી સરકારની રચના થઈ શકતી નથી. સંસદીય પ્રકારની સરકારમાં વિપક્ષમાં નિષ્ણાંત તેમજ કુશળ વ્યક્તિઓ હોવા છતાં તેમનો લાભ સરકારને મળતો નથી. પરિણામે ધારાસભાના પ્રથમગૃહમાં બહુમતી મેળવેલ પક્ષમાં જેવા સભ્યો હોય તેવા સભ્યોમાંથી જ સરકારની રચના કરવી પડે છે. આમ, એ રીતે સરકાર સારી બનાવી શકતી નથી.

**(3) બહુમતી સાચા અર્થમાં બહુમતી હોતી નથી.**

લોકશાહીમાં બહુમતી દ્વારા નિર્ણયો લેવામાં આવે છે. પરંતુ ઘણી વખત રજુ થયેલ બાબત પર બહુમતીનું પ્રમાણ ખૂબ જ ઓછું હોય છે. ઘણી વખતતો ફક્ત એક જ મતનો તફાવત હોય તો પણ તેને બહુમતી ગણીને નિર્ણય લેવાય છે. આ ઉપરાંત બહુમતી મેળવવામાં લાગવગ, લાંચ, દબાણ વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. આમ, આ રીતે મેળવેલ બહુમતી સાચા અર્થમાં બહુમતી ગણાય નહી.

**(4) બિન-કાર્યદક્ષતા વધવાની શક્યતા.**

લોકશાહીમાં બહુમતી મેળવનાર પક્ષ સરકારની રચના કરે છે. પરિણામે પ્રજા દ્વારા ચૂંટાયેલ પ્રતિનિધિઓ સરકારી તંત્રને સંભાળ છે. જેમને રાજ્યના કાર્યનો ખાસ અનુભવ હોતો નથી. તેથી સરકારી કાર્યો યોગ્ય રીતે થઈ શકતા નથી.બહુમતીનો ટેકો મેળવનાર પક્ષ સરકાર રચે છે; પરંતુ બહુમતી લઘુમતીમાં ફેરવાતા તેને સત્તા ત્યાગ કરવો પડે છે. જ્યારે આ રીતે વારંવાર સરકારની ફેરબદલી થાય છે, ત્યારે કાર્યદક્ષતામાં ઘડાડો થાય છે.

**(5) રાજકીય પક્ષો દ્વારા ઉદ્‌ભવતી મુશ્કેલીઓ.**

પરોક્ષ લોકશાહીમાં રાજકીય પક્ષો અનિવાર્ય બની ગયા છે. તેમની સેવાઓ અગત્યની હોવા છતાં પણ તેઓ જ મુશ્કેલીઓ ઊભી કરે છે, તે ચિંતાજનક હોય છે. રાજકીય પક્ષો અપ્રમાણિકતાને ઉત્તેજન આપે છે. ધારાસભા જ નહી, પરંતુ રાષ્ટ્રને પણ પ્રતિપક્ષી જૂથોમાં વહેંચી નાંખે છે. નૈતિક ધોરણોને નીચા લાવે છે. આ ઉપરાંત રાજકીય પક્ષોનું વર્ચસ્વ ખૂબ જ વધી જાય છે. તેમજ તેના કારણે પ્રતિનિધિઓ પોતાનું વ્યક્તિત્વ ગુમાવે છે. સાથો સાથ નૈતિકતા, પ્રમાણિકતા અને સ્વતંત્રતા ગુમાવે છે.

**(6) લોકશાહી ભયકારક છે.**

લોકશાહી ભયકારક છે કારણ કે, સર્વોપરિતા થોડા વ્યક્તિઓ પાસે જ હોય છે, ઘણાં વ્યક્તિઓ પાસે નહી.કુદરતના કાયદાના આ વિચારની તે અવગણના કરે છે. આ અંગે આપણે એમ પણ કહી શકીએ કે, જ્યાં અશિક્ષિત પ્રજાનું પ્રમાણ વધુ હોય ત્યાં આવા મતદારો મતનો ઉપયોગ વિચારપૂર્વક ન કરે તેવી પૂરેપૂરી શક્યતા રહેલી છે.

## 3.5 રાજકીય પક્ષો :ભૂમિકા અને કાર્યો, દાબજૂથ અને લોકમત :

**રાજકીય પક્ષોની ભૂમિકા અને કાર્યો**

- રાજકીય પક્ષ આધુનિક રાજકીય વ્યવસ્થામાં કેન્દ્રસ્થાને છે. આજે લગભગ દરેક વ્યક્તિ જાણે અજાણે કોઇને કોઇ રાજકીય પક્ષ સાથે વૈચારિક સંબંધ ધરાવતી હોય છે.
- રાજકીય પક્ષનો અર્થ સમજતાં જણાય છે કે, પક્ષ માટે અંગ્રેજીમાં શબ્દ પાર્ટી લેટિન ભાષાના પાર્ટીયર પરથી ઉતરી આવ્યો છે. તેનો અર્થ ભાગલા પાડવા તેવો થતો હતો.
- એડમંડ બર્ક : પક્ષએ એવો માનવસમૂહ છે જે સ્વીકારેલાં સર્વમાન્ય સિદ્ધાંત પ્રમાણે સંગઠિત થઈને સામૂહિક પ્રયત્નો દ્વારા રાષ્ટ્રીય હિતમાં વધારો કરવા ઈચ્છે છે. રાજકીય પક્ષો મુખ્ય રીતે નીચે મુજબનાં કાર્યો કરે છે, જે તેની ભૂમિકા પણ સ્પષ્ટ કરે છે.

**(1) લોકોની ઈચ્છાને ચોક્કસ અને સ્પષ્ટ સ્વરૂપ આપીને તેને વ્યક્ત કરવાનું કાર્ય :**

અલગ-અલગ વિચારો ધરાવતા લોકોમાંથી સમાન વિચારો ધરાવતાં લોકોને એકત્ર થવાની વ્યવસ્થા રાજકીય પક્ષ પૂરી પાડે છે. સમાન વિચારો ધરાવતા લોકો એકત્ર થાય છે, ત્યારે તેમના વિચારોમાં રહેલી અચોક્કસતા અને અસ્પષ્ટતાને રાજકીય પક્ષો દૂર કરીને લોકોની ઈચ્છાને વ્યક્ત કરે છે.

**(2) લોકમત ઘડવાનું અને પોતાની તરફ વાળવાનું કાર્ય :**

રાજકીય પક્ષનું મુખ્ય ધ્યેય સત્તા પ્રાપ્ત કરવાનું હોય છે. તે માટે બહુમતી મતદારોનો ટેકો અનિવાર્ય હોય છે. પરિણામે દરેક પક્ષને લોકમત ઘડવાનું કાર્ય કરવું પડે છે. લોકમતનેપોતાની તરફ વાળવા માટે સભા, સરઘસો, ભાષણો, ચલચિત્રો, આકાશવાણી, ભીતપત્રો, ચોપાનિયો, પુસ્તકો અને ટેલિવિઝન તેમજ આધુનિક સમયમાં સામાજિક સંચારમાધ્યમો જેમ કે ઇન્ટરનેટ, વોટ્સઍપ, ફેસબુક વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે.

**(3) ચૂંટણી ઢંઢેરો તૈયાર કરવાનું કાર્ય :**

ચૂંટણી સમયે પક્ષ પોતાનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડે છે. તે પક્ષ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બાબતો અંગે, વિવિધ પ્રશ્નો અંગેની પોતાની નીતિને વ્યક્ત કરે છે. આ ઢંઢેરામાં લોકોને પક્ષ સત્તા પર આવશે તો કયા કયા કામો કરશે ? તે માટેનાં વચનો આપે છે. આ ચૂંટણી ઢંઢેરાથી લોકમતનું ઘડતર થાય છે.

**(4) પક્ષના સભ્યોમાં શિસ્ત અને એકતા રાખવાનું કાર્ય :**

રાજકીય પક્ષના સંગઠનની મજબૂતી અને તેના પ્રભાવ વિસ્તારનો મહત્ત્વનો આધાર તેની શિસ્ત પર છે. તેથી લોકશાહીમાં રાજકીય પક્ષો શિસ્તનો સંસ્કાર કાર્યકરોને અભ્યાસવર્ગો દ્વારા અને જે તે કાર્યક્રમોમાં જવાબદારી સોપીને કેળવે છે. આ સભ્યો જ્યારે ધારાસભામાં જાય ત્યારે ધારાસભાની કામગીરી માટે કે સત્તાધારી પક્ષની બહુમતી જાળવવા દંડકનું સ્થાન મહત્ત્વનું હોય છે. ખૂબમહત્ત્વના વિધેયકની તરફેણમાં કે વિરુદ્ધમાં મતદાન સમયે પક્ષના દંડક દ્વારા સતર્કતા રાખવામાં આવે છે. પક્ષની શિસ્તનો પ્રભાવ આમ જનતા પર પડતો હોય છે.

**(5) સરકારી તંત્રને ચાલુ રાખવાનું કાર્ય :**

સંસદીય સરકારમાં ચૂંટણીમાં જે પક્ષ ધારાસભામાં પ્રથમગૃહમાં બહુમતી બેઠકો મેળવે છે, તે સરકાર રચે છે, અને લઘુમતી પક્ષ વિપક્ષ તરીકે ઓળખાય છે. જો સરકારને નિયત સમય પહેલાં કોઇ કારણસર રાજીનામું આપવું પડે તો વિપક્ષને સત્તાના સૂત્રો સોંપવામાં આવે છે. આ રીતે સરકારી તંત્ર અટક્યા વગર ચાલુ જ રહે છે.

**(6) વિકલ્પ સરકાર રચવાની તક પૂરી પાડે છે :**

પક્ષ પદ્ધતિને કારણે એક જ પક્ષકાયમ માટે સત્તા પર રહેતો નથી. પ્રજા પણ એક જ રાજકીય પક્ષના શાસનથી કંટાળે છે.અને હંમેશા ફેરફારને આવકારે છે. સંસદીય લોકશાહીમાં ચૂંટણીઓ પહેલાં પણ ધારાસભામાં સરકાર બહુમતી ગુમાવેતો વિરોધ પક્ષને સરકાર રચવા રાજ્યના વડા આમંત્રણ આપે છે.

– બ્રિટનમાં રૂઢિચુસ્ત અને મજૂર પક્ષ
– અમેરિકામાં રિપબ્લીકન પક્ષ અને ડેમોક્રેટિક પક્ષ

**(7) ઉમેદાવારોની પસંદગી :**

લોકશાહીના આદર્શ પ્રમાણે ઉમેદવારો લોકોના હોવા જોઈએ જયપ્રકાશનારાયણ અને

વિનોબાભાવે આજ મતના હતા. આધુનિક લોકશાહી એ પરોક્ષ લોકશાહી છે, જે રાજકીય પક્ષો પર આધારિત છે. તેથી ઉમેદવારે ઊભા રાખવાનું કામ રાજકીય પક્ષો કરે છે. સામાન્ય રીતે પક્ષો પોતાની વિચારસરણીમાં ઘડાયેલાં અને શિસ્તબદ્ધ તેમજ જે તે વિસ્તારમાં લોકપ્રિય હોય તેવા ઉમેદવારની પસંદગી કરે છે. ક્યારેક પક્ષ જીતી શકે તેવા ઉમેદવારોની પસંદગી કરતી વખતે કલાકારો, રમતવીરો વગેરેની પસંદગી કરે છે.

**(8) સરકારની ટીકા કરવી :**

જે પક્ષ સરકારની રચના કરે તે સત્તા પક્ષ અને લઘુમતી પક્ષ વિપક્ષનું કાર્ય સંભાળે છે. આમ, વિપક્ષનું મુખ્ય કાર્ય સરકારની ખામીઓને ખુલ્લી કરવાનું અને નીતિઓની ટીકા કરવાનું હોય છે. તેથી સરકાર નિર્ણય લેતા પહેલાં ખૂબ જ વિચારે છે, જેથી વિપક્ષને ટિકા કરવાની તક મળે નહી.

**(9) મતદારોને રાજકીય શિક્ષણ આપે છે.**

રાજકીય પક્ષો ચૂંટણીઓ દરમ્યાન પક્ષની નીતિ, વિચારસરણી અને પક્ષનાં ઉમેદવારોનો પ્રચાર કરે છે. પક્ષ સત્તા પર હોય ત્યારે કરેલા કામોની જાણકારી લોકોને આપે છે. આ માટે સંસદીય લોકશાહીમાં સરકારના વડા ધારાસભામાં પ્રવચન આપે છે. રાષ્ટ્રપતિના પ્રવચનમાં પણ સરકારની નીતિ વ્યક્ત થાય છે. આમ, ધારાસભાની સમગ્ર કામગીરી દ્વારા રાજકીય શિક્ષણ આપવામાં આવે છે.

**(10) સરકાર અને પ્રજા વચ્ચે કડીરૂપ બને છે.**

લોકશાહીમાં સત્તાધારી પક્ષ પોતાની કામગીરીથી લોકોને માહિતગાર બનાવે છે. આ સાથે વિરોધપક્ષો સરકારની ખામીઓથી લોકોને માહિતગાર બનાવે છે. વિરોધપક્ષો લોકોનાં પ્રશ્નોને ઉકેલવા સરકાર સમક્ષ રજૂઆત કરે છે. તે સાથે લોકમતનું દબાણ ઊભું કરીને આ પ્રશ્નોનો ઉકેલ લાવવા પ્રયત્ન કરે છે.

આમ, રાજકીય પક્ષો આજની પરોક્ષ લોકશાહી માટે ઘણાંમહત્ત્વના કાર્યો કરે છે. તે લોકશાહીનો ચોકીદાર છે અને લોકોને સંગઠિત બળ પૂરું પાડે છે.

**દાબજૂથો :**

લોકશાહીમાં જે અનેક પરિબળો રાજકારણમાં ભાગ ભજવે છે. તેમાં દાબજૂથોનો પણ સમાવેશ થાય છે. જ્યારે અમુક લોકોનો સમૂહ સમાન હેતુ સિદ્ધ કરવા માટે રાજકીય કાર્યક્રમ કે પ્રવૃત્તિ દ્વારા સરકારી નીતિ પર પ્રભાવ પાડવા પ્રયત્ન કરે છે ત્યારે તે સમૂહને દાબજૂથ તરીકે ઓળખવામાં આવે છે. આવા જૂથને હિતજૂથ તરીકે પણ ઓળખવામાં આવે છે.

સમાજમાં અનેક હિત-જૂથો અસ્તિત્વ ધરાવે છે અને તેઓ પોતાના હિતો ક્યાં રહેલાં છે તે જાણતા હોવાથી રાજકારણના ક્ષેત્રે પોતાના હિતો જળવાઈ રહે તે માટે મથામણ કરતાં હોય છે. દાબજૂથો પ્રભાવ પાડી શકે છે. કેમ કે, રાજકારણીઓ પણ વિવિધ હિતોનો ટેકો મળે તેટલાનો ટેકો મેળવવા માટે તેમની વચ્ચે સતત હરીફાઈ ચાલતી હોય છે. ખાસ કરીને લોકશાહી પ્રથામાં આ બાબત ઘણી જ મહત્ત્વની ગણાય છે.

**દાબજૂથોના પ્રકાર :**

(અ) આર્થિક હિત અંગેના દાબજૂથો

દા.ત. મજૂરમહાજન, ભારતમાં વ્યાપારી મહામંડળ

(બ) જાહેરહિતો સાથે સંકળાયેલા દાબજૂથો

દા.ત. નૌકાઉદ્યોગ સાથે સંકળાયેલા નૌકાદળ

(ક) ખાનગી હિતો સાથે સંકળાયેલા દાબજૂથો

દા.ત. ગૃહઉદ્યોગને લગતું દાબજૂથ, ખેડૂતમંડળ, ગુમાસ્તામંડળ વગેરે (ડ) ધંધાકીયકે વ્યવસાયી હિતોને લગતાં દાબજૂથો

દા.ત. અમેરિકન મેડિકલ એસોસીએશન, બાર કાઉન્સીલ વગેરે રાજકીય પક્ષો અને દાબજૂથો વચ્ચેનો તફાવત :

રાજકીય પક્ષોનું મુખ્ય ધ્યેય સત્તા પ્રાપ્તિ હોય છે. દાબજૂથોનું મુખ્ય ધ્યેય દબાણ લાવી હિતોનું રક્ષણ કરવાનું હોય છે.

રાજકીય પક્ષો જાહેરનીતિ વ્યક્ત કરે છે જ્યારે દાબજૂથો હિતને સ્પર્શતી નીતિ અનુસરે છે.

રાજકીય પક્ષો જેટલાં બને તેટલાં હિતોને આવરી લે છે. દાબજૂથો સામાન્યતઃ એક જ હિતને આવરતા હોય છે.

રાજકીય પક્ષો રાજ્યના સમગ્ર વિસ્તારને આવરી લેતા હોય છે. જ્યારે દાબજૂથો અમુક વિસ્તારને જ આવરે છે.

રાજકીય પક્ષોના સભ્યોમાં સમાજના વિવિધ ક્ષેત્રોના લોકોનો સમાવેશ થાય છે. જ્યારે દાબજૂથમાં જે હિત સાથે દાબજૂથ સંકળાયેલું હોય તે હિતમાં રસ ધરાવતાં લોકો જ તેના સભ્ય બને છે.

રાજકીય પક્ષોએ નિયત સમયે તેમજ વારંવાર ચૂંટણીઓ દ્વારા મતદારોની કસોટીમાંથી પસાર થવું પડે છે. જ્યારે દાબજૂથો એ આવી કોઇ પ્રક્રિયામાંથી પસાર થવાનું હોતું નથી.

આ તફાવતોથી સ્પષ્ટ થાય છે કે રાજકીય પક્ષો અને દાબજૂથો વચ્ચે સારા પ્રમાણમાં તફાવત રહેલો છે.

**લોકમત અથવા જાહેરમત :**

લોકમત રાજકીયપક્ષોનો ઑક્સિજન ગણાય છે. આજે સરકારની ગણના રાજ્યના સાધન તરીકે થાય છે. જેના દ્વારા પ્રજાના હિતોનું રક્ષણ તથા સંવર્ધન કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં લોકમતે ઘણો જ અગત્યનો ભાગ ભજવ્યો છે. કેમ કે લોકશાહીમાં પ્રજા સર્વોપરિ સત્તા ધરાવતી હોવાથી તે ઈચ્છે તે પક્ષને સત્તાનાં સૂત્રો સોંપી શકે છે. આમ, સાંપ્રત સમયમાં લોકમતની અગત્ય જેટલી આંકીએ તેટલી ઓછી છે. લોકમત સરકારની તરફેણમાં છે કે સરકારની વિરુદ્ધમાં અથવાતો અમુક પ્રશ્ન પર લોકમત ઉગ્ર છે વગેરે મહત્ત્વની બાબતો છે.

લોર્ડ બ્રાઇસઃ સામાન્ય રીતે જે બાબતો પ્રજાને અસર કરે છે,અથવા તો જેમાં પ્રજાને રસ પડે છે, તેમના વિશે જ્યારે લોકો સમાન વિચારો ધરાવે ત્યારે તેને લોકમત કહેવામાં આવે છે.

**લોકમતની અગત્ય :**

લોકશાહી તંત્રમાં લોકમત રાજકીય પક્ષો માટે પ્રાણવાયુ સમાન છે.

**(1) સત્તા પ્રાપ્ત કરવા માટે અનિવાર્ય :**

રાજકીય પક્ષો વચ્ચે સત્તા મેળવવા માટે હરીફાઇ થાય છે અને જે પક્ષના ઉમેદવારો મોટી સંખ્યામાં ચૂંટાય છે તે સત્તાના સૂત્રો સંભાળે છે. આમ, લોકશાહીમાં લોકમત જે રાજકીય પક્ષની તરફેણમાં હોય છે તેને સત્તાના સ્વયંવરમાં વરમાળા પહેરાવવામાં આવે છે. આ દષ્ટિએ લોકમતએ સત્તા પ્રાપ્ત કરવા માટે ખૂબ જ જરૂરી છે.

**(2) સરકાર પર અંકુશ રાખવા માટે :**

વિપક્ષ મુખ્યત્વે કરીને સરકારને પોતાનું લક્ષ્ય બનાવે છે. સરકારે રજૂ કરેલ કાર્યક્રમ, નીતિમાં રહેલી ખામીઓને મતદાર સામે લાવે છે અને સરકાર નિષ્ફળ ગઇ છે અને પોતે તેના કરતાં વધુ સારી રીતે કામ કરશે તેવો ખ્યાલ પ્રજાને આપે છે. આવી પ્રવૃત્તિ દ્વારા વિપક્ષ એક કાંકરે બે પક્ષી મારે છે.

(અ) લોકમતને સરકારની વિરુદ્ધ લાવે છે.

(બ) સરકારને સત્તાનો દુરુપયોગ કરતા રોકે છે.

તેથી સરકાર સત્તાનો દુરુપયોગ કરતી નથી અને આ રીતે સરકાર પર અંકુશ મૂકાય છે.

**(3) સ્વચ્છ અને કાર્યદક્ષ વહીવટ માટે :**

સરકાર પોતાનો વહીવટ સ્વચ્છ અને કાર્યદક્ષ રીતે ચલાવે તે દિશામાં પણ લોકમત અસરકારક રીતે ફાળો આપે છે. સત્તાધારી પક્ષ પણ જાણતો હોય છે કે જો પોતાનો વહીવટ સ્વચ્છ કે કાર્યદક્ષ નહી હોય તો વિપક્ષો તેનો પૂરેપૂરો લાભ ઉઠાવી લોકમતને પોતાની વિરુદ્ધમાં લાવશે. આવું ન બને તેટલાં માટે સરકાર પોતાનો વહીવટ બને તેટલો સ્વચ્છ અને કાર્યદક્ષ રાખવાનો પ્રયત્ન કરે છે.

**(4) પ્રજાના હાથમાં અસરકારક સાધન મૂકે છે.**

લોકમત દ્વારા પ્રજા અસરકારક પણે પોતાને જે જોઈતું હોય તેની માંગણી કરી શકે છે અથવા પોતાને યોગ્ય લાગે તેનો વિરોધ કરી શકે છે. આ પ્રમાણે લોકમત એવું અસરકારક સાધન ગણાય છે જેના દ્વારા પ્રજા રાજકારણમાં પોતાનો પ્રભાવ પાડી શકે છે. તે પોતાને જોઈતા કાયદાઓ પસાર કરવાની ફરજ સરકારને પાડી શકે છે.અમુક સુધારા કરવા સંબંધે પણ સરકાર પર દબાણ લાવી શકે છે. તેમજ અમુક પ્રધાનને દૂર કરવાનો નિર્ણય પણ લેવડાવી શકે છે.

આમ, લોકશાહીએ લોકમત દ્વારા ચાલતી સરકાર છે અને રાજકારણ એ છેવટે સરકાર અને પ્રજા વચ્ચેનો સંબંધ છે, અને લોકમત આ સંબંધમાં નિર્ણાયક ભાગ ભજવે છે.

**લોકમતને ઘડનારા સાધનો :**

**(1) રાજકીય પક્ષો :**

લોકમત ઘડતરમાં દરેક રાજકીય પક્ષ અગત્યનો ભાગ ભજવે છે. પ્રજાને સ્પર્શતો કોઈપણ પ્રશ્ન ઉદ્ભવે છે કે તરત જ રાજકીય પક્ષો કુદી પડે છે અને તે આ રીતે લોકમત ઘડતરનું કામ કરે છે. ટૂંકમાં, આધુનિક સમયમાં જે લોકમત વ્યક્ત થતો હોય છે તે મોટાભાગે તો રાજકીય પક્ષો દ્વારા જ તૈયાર થતો હોય છે.

**(2) અખબારો :**

લોકમત ઘડતરમાં સમાચાર પત્રોનો ફાળો પણ ઘણો જ છે. અખબારોનો ફેલાવો તથા તેની સાથે જ દૈનિક ક્રિયાઓની શરૂઆત થતી હોવાથી વાચકો અખબારો વાંચીને અભિપ્રાય તૈયાર કરતા હોય છે. આજે પરિસ્થિતિએ કક્ષાએ પહોંચી છે કે દરેક આગળ પડતો રાજકીયપક્ષ પોતાનું અખબાર પણ ચલાવતો હોય છે. રાજકીયપક્ષને સત્તા પર લાવવામાં અને દૂર કરવામાં અખબારપત્રો અસરકારક ભાગ ભજવે છે.

અખબારોમાં રજૂ થતાં તંત્રી લેખો, તંત્રીના પત્રો, અગ્રલેખ તેમજ વિવિધ કોલમો દ્વારા વાંચકો સમક્ષ વિવિધ વિચારો રજૂ થતા હોય છે. આ વાંચીને વાંચકો પોતાનો અભિપ્રાય તૈયાર કરે છે.

**(3) ચિત્રપટ :**

પ્રજા સમક્ષ પોતાનાં કાર્યો ચિત્રપટ દ્વારા રજૂ કરીને તેને પોતાની અસર નીચે લાવવાના પ્રયત્નો કરવામાં આવે છે. ચિત્રપટનો લોકમતનાં સાધન તરીકે સારી રીતે ઉપયોગ કરવામાં આવે છે. આ સાધનનો ઉપયોગ દરેક ચૂંટણીમાં કરવામાં આવી રહ્યો છે.

**(4) ભીંતપત્રો, ચોપાનિયાં, સામાયિકો તથા પુસ્તકો :**

લોકમત તૈયાર કરવા માટે માહિતીની જરૂર પડે છે. લોકમત ઘડવા માટે ચોપાનિયાઓ,

ભીતપત્રો તેમજ સામાયિકો અને પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવે છે. રાજકારણને લગતા સામાયિકો અને પસ્તકોનુ ઉપયોગ કરવામાં આવે છે. ચૂંટણી સમયે ચોપાનિયાઓ તેમજ ભીતપત્રોનો ઉપયોગ રાજકીયપક્ષો લોકમત ઘડવા અને પોતાની તરફેણમાં કરવા માટે કરતા હોય છે.

**(5) શિક્ષણ સંસ્થાઓ :**

શિક્ષણસંસ્થાઓ લોકમતના ઘડતર માટેનું અત્યંત અગત્યનું સાધન છે. લોકશાહી રાજ્યોમાં લોકમત ઘડવા માટે આ સાધનનો ખાસ ઉપયોગ થવો જોઇએ. જો મતદારો અશિક્ષિત હોય તો મતદારો અવળા રસ્તે દોરવાય અને તેથી લોકશાહી ભયમાં મૂકાય છે; પરંતુ, જો મતદારો શિક્ષિત હોય તો વિચાર કર્યા પછી જ મતનો ઉપયોગ કરશે અને યોગ્ય રાજકીય પક્ષને સત્તાનાં સૂત્રો સોંપશે. તેથી દરેક લોકશાહી રાજ્ય શિક્ષણને ખૂબજ પ્રાધાન્ય આપે છે.

**(6) દેવળો-મંદિરો :**

જ્યારે રાજ્યમાં ધાર્મિક વાતાવરણ સારી રીતે અસ્તિત્વ ધરાવતું હોય ત્યારે દેવળો અને મંદિરો લોકમતનાં ઘડતર માટે અગત્યનું સાધન બની જાય છે. ભારત જેવા દેશમાં ધાર્મિક શ્રદ્ધાનો લાભ ચૂંટણી વખતે લેવાય છે અને તેનાં કારણે લોકમત ઘડવામાં આવે છે.

**(7) સભાઓ અને સરઘસો :**

લોકમતને કેળવવા માટે તેમજ તેને પોતાની તરફ વાળવા માટે સભાઓ અને સરઘસોનો છૂટથી ઉપયોગ થાય છે. દરેક રાજકીય પક્ષ સભાઓ અને સરઘસો દ્વારાં પોતા-પોતાના વિચારો પ્રજા સમક્ષ મૂકે છે. જાહેરસભા યોજવામાં આવે છે. જેમાં પોતાની નીતિ-કાર્યક્રમો અને ધ્યેયોને ભાષણો દ્વારા રજૂ કરવામાં આવે છે. આ પ્રમાણે દરેક રાજકીય પક્ષની સભાઓમાં થયેલા ભાષણો સાંભળીને પ્રજા પોતાનો અભિપ્રાય ઘડે છે અને લોકમત તૈયાર થાય છે.

**(8) આકાશવાણી અને ટેલિવિઝન :**

રાજકીય પક્ષો પોતાના કાર્યક્રમો અને નીતિઓ સમજાવવા માટે આકાશવાણી અને ટેલિવિઝનનો ઉપયોગ કરતા આવ્યાં છે. ભારતમાં પણ આ સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે અને આ સાધનોથી લોકમત ઘડવામાં આવે છે; પરંતુ, આ સાધનોનો ઉપયોગ બિનપક્ષપાતપણે થવો જોઇએ. ભારતમાં વિપક્ષોની આ માટેની ફરિયાદ છે કે, આકાશવાણીનો ઉપયોગ સરકારના પ્રચાર માટે થાય છે. પશ્ચિમમાં આ સાધનોનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં થાય છે.

આમ, લોકશાહી રાજ્ય-વ્યવસ્થામાં રાજકીય પક્ષો અને લોકમત ઘણું જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આજે લોકશાહીની જાળવણીની જવાબદારી વધી રહી છે ત્યારે રાજકીય પક્ષોએ પોતાની ફરજો યોગ્ય રીતે બજાવવી જોઈએ.

## 3.6 ઉપસંહાર :

લોકશાહી એ આધુનિક સમયમાં સૌથી વધુ સ્વીકાર્ય શાસન પ્રણાલી છે; પરંતુ, તે સંપૂર્ણ સફળ થઈ શકી નથી કારણ કે હજી ઘણાં રાજ્યોમાં લોકશાહીનાં પાયાનાં મૂલ્યોનું યોગ્ય પાલન થતું નથી. આ ઉપરાંત રાજકીય પક્ષો અને દાબજૂથો દ્વારા અસરકારક લોકમતનું સર્જન પણ કરી શકાયું નથી. લોકશાહીની સફળતા માટે લોકશાહીના પાયાના મૂલ્યોનું જતન-સંવર્ધન થાય અને રાજકીય પક્ષો તથા દાબજૂથો દ્વારા લોકશાહીના મૂલ્યોનાં પાલન માટે અસરકારક લોકમત ઊભો કરાય તે જરૂરી છે.

## 3.7 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. લોકશાહીના પ્રકારો કેટલા છે ?

(A) 2 (B) 6

(C) 4 (D) 8

2. લોકશાહીના લક્ષણોમાં શેનો સમાવેશ થતો નથી ?

(A) બંધારણીય સરકાર (B) સ્વતંત્ર

(C) લોકપૃચ્છા (D) મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ

3. લોકમતને ઘડનારા સાધનો કેટલા છે ?

(A) 6 (B) 8

(C) 7 (D) 9

4. દાબજૂથોના પ્રકાર કેટલા છે ?

(A) 4 (B) 8

(C) 6 (D) 10

5. લોકપૃચ્છાના કેટલા પ્રકારો છે ?

(A) 2 (B) 4

(C) 3 (D) 5

## 3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) 2
2. (B) લોકપૃચ્છા
3. (C) 8
4. (A) 4
5. (A) 2

## 3.9 ચાવીરૂપ શબ્દો :

- **પ્રત્યક્ષ સ્પર્ધા :** હરીફો મોઢામોઢનો સંપર્ક ધરાવતા હોય અને ભૌતિક રીતે નિકટ હોય, તેઓ એકબીજાના હરીફથી સભાન હોય અને નિયમોને આધીન રહી પરસ્પર એકબીજા પહેલા ધ્યેય પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે તેને 'પ્રત્યક્ષ સ્પર્ધા' કહેવાય.
- **રાષ્ટ્ર પ્રેમ :** રાષ્ટ્ર કે દેશ માટે પ્રેમ

## 3.10 સ્વાધ્યાય લેખન (Assignment)

1. લોકપૃચ્છાના પેટા પ્રકારો વિસ્તૃતમાં સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

....................................................................

....................................................................

2. લોકશાહીના પ્રકારો વિસ્તૃત સમજાવો.

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

3. લોકશાહી વિશેના આપના મંતવ્યો જણાવો.

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

4. સ્વતંત્રતાનોઅર્થ સમજાવો.

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

5. વ્યક્તિનું ગૌરવ એટલે શું ?

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

6. લોકશાહીનાં લક્ષણો સમજાવો.

....................................................................

....................................................................

....................................................................

...................................................................

...................................................................

...................................................................

7. લોકશાહીના પ્રકારો વર્ણવો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

8. પહેલ અધિકાર વિશે આપના મંતવ્યો જણાવો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

9. લોકશાહીનાં ગુણદોષ વર્ણવો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

10. બહુમતી શાસન વ્યવસ્થા સમજાવો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

## 3.11 પ્રવૃત્તિ

1. પ્રત્યક્ષ લોકશાહીના ઉદાહરણ આપો.
2. લોકશાહીના ગુણો તમારા વિચારો અનુસાર જણાવો.
3. રાજકીય પક્ષોના કાર્યો તમારા વિચારો અનુસાર વર્ણવો.

## 3.12 કેસસ્ટડી (Case Study)

1. લોકમતને ઘડનારા સાધનો ઉદાહરણ સહિત સમજાવો.
2. લોકશાહીને લગતા પુસ્તકો જણાવો.
3. બંધુત્વ - ભ્રાતૃભાવના વિચારો તમારા અનુસાર વર્ણવો.

## 3.13 સંદર્ભ ગ્રંથ :


(1) રાજ્યશાસ્ત્ર પરિચય, ભાગ-1,2, હસમુખ પંડયા, અનડા પ્રકાશન, અમદાવાદ.

(2) લોકશાહી તત્વ વ્યવહાર અને સિદ્ધાંત, હસમુખ પંડયા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

(3) ભારતીય લોકશાહી ડૉ. ગજેન્દ્ર શુક્લ, પોપ્યુલર પ્રકાશન, સુરત.

(4) પક્ષપ્રથા, ડૉ. ગજેન્દ્ર શુક્લ, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ.